પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ



ઑગસ્ટ ૨૦૦૪
અંક ક્રમાંક : ૮

તંત્રી
ધીરુ પરીખ

વર્ષ ૭૭મું
સળંગ અંક : ૯૨૦



નૃસિંહ વિભાકર
(૧૮૮૭–૧૯૨૫)



બંકિમચંદ્ર
(૧૮૩૮–૧૮૯૪)



રવીન્દ્રનાથ ટાગોર
(૧૮૬૧–૧૯૪૧)



वन्दे मातरम् ॥
सुजलां सुफलां मलयज-शीतलां शस्य-श्यामलां मातरम् ।
शुभ्र-ज्योत्स्ना-पुलकित-यामिनी फुल्ल- कुसुमित-द्रुम-दल
शोभिनीम् ।
सुहासिनीं सुमधुर-भाषिणी सुखदां वरदां मातरम् - वन्दे ०



ચિત્રકાર] એક ભાવમુદ્રામાં નર્તકી [કનુ પટેલ

કોઈ રાજસ્થાની નર્તકીની અહીં વિશિષ્ટ ભાવમુદ્રા ઉપસાવવામાં આવી છે. જેમ કોઈ તસવીરકાર કોઈ પાત્રના એક વિશેષ કોણને પ્રાધાન્ય આપી તેની લાક્ષણિકતા પ્રકટ કરે છે તેમ કલાકારે અહીં એક્રિલિક અને તૈલરંગ દ્વારા ૧૨૨×૯૨ સેમીના કદમાં રંગોના લસરકા અને રેખાઓથી નૃત્ય-તલ્લીન મુખમુદ્રા અને નમેલી અંગભંગિના આ ચિત્રમાં એમની કલાનો અચ્છો કસબ દાખવ્યો છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૭મું | અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ટ્રસ્ટીઓ
બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર ર. શાહ, કુમારપાળ દેસાઈ, અંજનાબહેન ભગવતી
ધીરુ પરીખ
(મૅનેજિંગ ટ્રસ્ટી)

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑગસ્ટ ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૮

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૨૦

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
ખડિયાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કાંટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦: પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

'કુમાર'માં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપિરાઈટથી સુરક્ષિત છે.

વાચકો લખે છે

જૂન ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં 'સાહિત્યસંપર્ક' વિભાગમાં ફ્રાન્ઝ કાફ્કાની ૧૨૦મી જન્મજયંતી નિમિત્તે શ્રી મહેન્દ્ર પંડ્યાના લેખમાં લેખકે કાફ્કાની ત્રણ નવલકથાઓ વિષે વાત કરી હોય એ રીતે 'આ ત્રણ નવલકથા...' શબ્દોનો પ્રયોગ કર્યો છે. એમણે બે નવલકથાઓ વિશે વાત કરી છે, પણ ત્રીજી 'America' વિશે નામનિર્દેશ પણ કર્યો નથી.

એમણે કાફ્કાના અંગત જીવન અને ઘરના વાતાવરણ વિશે ઘેરા રંગ પૂરીને જે વિગતો આપી છે તેમાંના રંગોનું ઘેરાપણું કદાચ કાફ્કાએ પોતે જ તા. ૧૧ ઑગસ્ટ, ૧૯૧૩ની ડાયરીમાં કરેલી નોંધથી આછું થશે. કાફ્કાએ એ દિવસની નોંધમાં આ પ્રમાણે લખ્યું છે :

'Well, I live in my family, among the best and most lovable people, more strange than a stranger. I have not spoken an average of twenty words a day to my mother these last years, hardly ever said more than hello to my father. I do not speak at all to my married sisters and my brothers-in-law, and not because I have anything against them. The reason for it is simply this, that I have not the slightest thing to talk to them about. Everything that is not literature bores me and I hate it, for it disturbs me or delays me, if only because I think it does I lack all aptitude for family life except, at least, as an observer. I have no family feeling and visitors make me almost feel as though I were maliciously being attacked. A marriage could not change me just as my job cannot change me.' - *મોહનલાલ પટેલ (૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫)*

*

'કુમાર' સળંગ અંક ૯૧૭ના માધુકરી વિભાગમાં 'રસી મૂકવાનાં ભયસ્થાનો : જેટલા રોગો મટે છે તેના કરતાં વધુ નવા પેદા થાય છે.' લેખ વાંચ્યા પછી, મારા મનમાં થોડા મુદ્દાઓ ઊપસ્યા છે. સંક્ષેપમાં નીચે મુજબ રજૂ કરવાની રજા લઉં છું.

હું એમ.બી.બી.એસ. લાયકાત ધરાવતો વરિષ્ઠ તબીબ છું. મુંબઈમાં છેલ્લાં ૪૦ વર્ષથી પ્રૅક્ટિસ કરું છું.

સૌપ્રથમ લેખનું શીર્ષક યોગ્ય નથી. રસી આપવાથી રોગો મટતા નથી. રસી આપવાથી રોગો થતા અટકાવી શકાય છે. એટલે જ એને રોગપ્રતિરોધક રસી કહેવામાં આવે છે.

લેખમાં લખવામાં આવ્યું છે કે બાળક છ વર્ષનું થાય ત્યાં સુધીમાં અલગ અલગ ૨૨ પ્રકારની રસીઓ આપવામાં આવે છે. ૨૨ પ્રકારની કઈ રસીઓ અપાય છે એની સૂચી વિદ્વાન લેખિકાબહેન પાસેથી મેળવશો.

રસી આપ્યા બાદ ક્ષુલ્લક આડઅસર ટૂંકા ગાળા માટે થઈ શકે છે - ક્યારેક જેમ કે તાવ, દુઃખાવો, ઈંજેક્શનનો સોજો વગેરે. એ થોડા સમયમાં મટી જાય છે. પરંતુ, રસી આપવાથી અસંખ્ય રોગો સામે રક્ષણ મળે છે એ મોટો લાભ છે. એવા નક્કર (પ્રત્યક્ષ) દાખલા બતાવે કે જેમાં રસી આપ્યા બાદ કાયમી ખોડ કે તકલીફ પેદા થઈ હોય, કે નવા રોગો પેદા થયા હોય.

રસીની અંદર જીવતા વાઈરસ હોય છે એ બરાબર છે, પરંતુ એ attenuated હોય છે, જે શરીરમાં antibodies રોગ પ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરે છે.

મેં જ્યારે ૪૦ વર્ષ ઉપર તબીબી વ્યવસાય શરૂ કર્યો ત્યારે અસંખ્ય, ભયાનક અને ક્યારેક જીવલેણ એવા રોગો દા.ત. પોલિયો, મોટી માતા (small pox) ડિપ્થેરિયા, મોટી ઉધરસ (ઉટાંટિયું), ઓરી (measles) ધનુર્વા વગેરે હાહાકાર મચાવતાં હતાં. આજની તારીખમાં આ રોગો ખૂબ જ પ્રમાણમાં ઓછા થઈ ગયા છે.

લેખમાં 'વર્જિનિયાની નૅશનલ ઈન્ફર્મેશન સેન્ટર'નામની સંસ્થા અને એનાં અધ્યક્ષા બાર્બરા ફિશરનો સંદર્ભ આપવામાં આવ્યો છે. આ સંસ્થા શું છે? એની authenticity શું છે? હું તો કહીશ કે લેખિકા માનસી મહેતાનું પોતાનું આ બાબતમાં શું સંશોધન છે? - *ડૉ. ડી. જી. ઠક્કર, (એ-૨૪, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુંડ (પ), મુંબઈ - ૮૦)*

*

'કુમાર' માસિકનો ૯૧૬મો અંક વાંચી ગયો. 'કુમાર' 'પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક' જાણે... એનસાઈક્લોપીડિઆ જોઈ લો! જ્ઞાનનો-માહિતીનો ભંડાર.

'કુમાર' આવે એટલે દૂરદૂરનાં ગામડાંમાં બેઠેલાં વાચકવર્ગની રસરુચિ પ્રમાણેની વાર્તા, કવિતા, નાટક, નિબંધ, તસવીરકળા-ચિત્રકળા, શિલ્પકળા,-સ્થાપત્યકળા, નૃત્યકળા, સંગીત, ઇતિહાસ, ભૂગોળ, જીવનચરિત્રો, વિજ્ઞાન જેવા પારવાર વિષયોના માતબર લેખો નૂતન સામગ્રી સાથે જ્ઞાનનો ભંડાર લઈ નિયમિત મળે. દિલ-દિમાગને પોષણ આપે. સમજણનાં સેતુ વિસ્તારે. નૂતન સામ્પ્રત પ્રવાહોથી ભીંજાવે. પણ ક્યારે? જ્યારે 'કુમાર'મય બની જાઓ ત્યારે! - *અશ્વિન મો. પટેલ (મોટી તુંબડી પે. પ્રા. શાળા, તા. સુંદરી, જિ. કચ્છ)*

*

ફેબ્રુઆરી ૨૦૦૪નો અંક મળ્યો. દર વખતે તેની પ્રતીક્ષા રહે છે અને આવ્યા પછી વાંચીને આનંદ અને સંતોષ થાય છે. આ અંકમાં 'સોનલ મહેતા' વિશેનો ડૉ. કેશુભાઈનો લેખ બહુ જ ગમ્યો. કાળા માથાનો માનવી નિયતિને પણ ધારે તો કેવી લપડાકો મારી શકે તેની કલ્પિત નહિ પણ સાચી કથા. 'કુમાર'ને અને લેખકને અભિનંદન.

પંદર વર્ષની ઉંમરે પ્રજ્ઞાચક્ષુ અને ત્યાર બાદ આટલું ભણતર અને સિદ્ધિઓ તે બધું ચમત્કાર જેવું જ લાગે. વ્યક્તિની સુષુપ્ત શક્તિઓ જો પ્રજ્જ્વલિત કરવામાં આવે તો માનવી શું ન કરી શકે તેનું સોનલ જ્વલંત ઉદાહરણ છે.

ખંત, મહેનત અને પડકાર કેવાં પરિણામ આપી શકે તેના અભ્યાસ અને પ્રેરણા માટે સોનલ એક case study કહી શકાય. આજનાં ઊગતાં યુવાન-યુવતીઓ માટે એક મોટી પ્રેરણાગાથા કહી શકાય. સારાં એવાં યુવાન-યુવતીઓ બધીય અનુકૂળતા

વચ્ચે જલદી નાસિપાસ થઈ જતાં હોય તેમને માટે આ લેખ ગીતાની ગરજ સારશે. સોનલબહેન તથા તેમનાં માતા-પિતા અને કુટુંબીઓને સોનલને પ્રોત્સાહન આપવા બદલ પણ અભિનંદન. - *શશિકાન્ત શાહ (૪૭, રચના સોસાયટી, સેટેલાઇટ, અમદાવાદ ૧૫)*

*

જૂન ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં ડૉ. પી. ડી. શર્માનો 'વિમ્બલ્ડન' લેખ પ્રકાશિત થયો છે. એમાં ઘણી બાબતો લખાઈ નથી. આ સ્પર્ધામાં વિજય અમૃતરાજ અને આનંદ અમૃતરાજે પણ ભાગ લીધેલો. ૧૯૮૮ની સાલમાં સ્ટેફી ગ્રાફે ચાર 'ગ્રાન્ડસ્લેમ' જીતેલા. ઑસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન, યુ.એસ.ઓપન. સ્ટેફી ગ્રાફ સાત વખત વિમ્બલ્ડન જીતી છે. એની પાસે કુલ ૨૨ ગ્રાન્ડ સ્લેમ છે અને ઑસ્ટ્રેલિયા માર્ગરેટ કોર્ટ પાસે ૨૪ ગ્રાન્ડ સ્લેમનો રેકૉર્ડ છે.

આ સિવાય સ્વીડનના લીઆન બોર્ગ ૧૯૭૬થી ૧૯૮૦માં પાંચ વખત સતત જીતવાનો વિમ્બલ્ડનનો રેકોર્ડ છે.

'કુમાર'નું ક્લેવર આગવું રૂપ ધારણ કરી રહ્યું છે તે બદલ હાર્દિક અભિનંદન. - *હર્ષદ પટેલ (યુ. એસ. એ.)*

*

'વનવગડાનો માણસ' (ઇવા ડેવની ટૂંકી વાર્તા) માણી રડી પડાયું. 'સમગ્ર વનરાજી પર એમણે છોડેલી એમની આગવી અંગુલિમુદ્રાની લિપિને ઉકેલવાનો પ્રયત્ન કર્યો.' - ઝીણાભાઈને કેવી હૃદયસ્પર્શી અંજલિ અપાઈ છે ! આ લખું છું ત્યારે પણ હૃદય રડે છે. *રસિકભાઈ ચંદારાણા (એમ. જી. રોડ (ઈ), અમરેલી - ૩૬૫૦૦૧)*

*

'કુમાર'ના જૂન-૨૦૦૪ના અંકમાં પૃષ્ઠ ક્રમાંક ૪૫૨ પર પ્રસિદ્ધ થયેલ ચિત્ર નીચે 'સોંદરા ગામનો ચોરો' એવું લખાયેલ છે, જે મુદ્રણદોષ હોવાનું જણાય છે. ખરેખર 'સોંદરડા ગામનો ચોરો' જોઈએ. સોંદરડા કેશોદ તાલુકાનું ગામ છે.

કેશોદ મુકામે હું ન્યાયાધીશ હતો ત્યારે શ્રી હઠીસિંહજી વિનય મંદિર કેશોદ મુકામે તા. ૧૨-૨-૨૦૦૦ના રોજ યોજાયેલા શ્રી નરોત્તમ પલાણ સન્માન સમારોહ કાર્યક્રમમાં હું અતિથિવિશેષ હતો. મુરબ્બી શ્રી પ્રતાપસિંહ જાડેજા પણ તે સમારોહમાં હાજર હતા. 'સોંદરડા ગામનો ચોરો' એ ચિત્ર પ્રતાપસિંહ જાડેજાએ ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદાને ભેટમાં આપેલું તેવું મેં જાણ્યાનું યાદ આવે છે. - *ગિરીશ એમ. દામોદ્રા, (આસી. સેસન્સ જજ, જજ બંગલો, મહેસાણા)*

*

'કુમાર' જૂન ૨૦૦૪માંના શ્રી વી.બી.ગણાત્રાના પત્રના અનુસંધાને, એમાં દારૂગોળો ઈ.સ.પૂ. ૮૦૦૦માં ન જ હોય તેના અનુસંધાને ક્યારે શોધાયો તે જાણમાં હોવાથી, આ તરત લખી મોકલું છું.

દસમી સદીની આસપાસ મૂળ ચીનમાં શોધાયો; પછી અરબો દ્વારા ૧૨૦૦ની આસપાસ યુરોપ પહોંચ્યો, પણ ૧૪મી સદી સુધી બંદૂકો/તોપો બન્યાં નહોતાં. ૧૪મીને આરંભે (૧૩૦૪) આરબોએ પ્રાથમિક કક્ષાની - મજબૂત વાંસની નળીમાં તીરની જેમ ફેંકી શકાય એવી બંદૂકો બનાવી. ૧૪મી સદીના પૂર્વાર્ધમાં જ જર્મનીમાં જ બંદૂક-તોપો પહેલાં થઈ. ('વિશ્વકોશ : ૧૩' : પૃ. ૨૯૦)

છતાં એ (દારૂગોળો ને બંદૂકો) સહજ ઉપલબ્ધ નહોતાં. છેક ૧૬મી સદી સુધી તલવારે બહાદુરી ગણાતી. ઈંગ્લન્ડમાં ૧૬૫૧માં, ચાર્લ્સ પહેલાના શિરચ્છેદ પછી બે વરસે, પ્યૂરિટન મિનિસ્ટર ક્રિસ્ટોફર લવને જે રીતે ભડાકે ઉડાડી મૂકવામાં આવ્યો ને ચમકારા સાથે આકાશમાં કાળો ધુમાડો ચડ્યો તે જોનારા સૌને આશ્ચર્ય થયેલું; જોનારમાં એક આદિ લોકવાઙ્મયપ્રેમી ઑબ્રે (Aubrey) પણ હતો, તેણે એનું વર્ણન કર્યું છે. એને અનુસંધાને લખ્યું છે કે ત્યાં સુધી - ૧૬૪૦-૫૦ સુધી - એ દેશના મોટા ભાગનાં લોકો નિરક્ષર હતાં અને 'ઓલ્ડ વાઇવ્ઝ ટેયૂલ્સ' - ડોસીમાની વાતોનું ચલણ હતું. સામાન્ય લોકોમાં લેખન-વાચન પ્રસર્યું નહોતું. લોકવાઙ્મયનો એ કાળનો ઇતિહાસ લખતાં ડોર્સન ('The British Folkloristics' By R. M. Dorson; Chicago Unio: 1968; page 6) લખે છે :

'...the devine art of Printing and Gan-powder have frightened away Robin - goodfellow and the Fairies.

ડૉર્સને કહી છે એ જ વાત - લગભગ એવા જ શબ્દોમાં !- મેઘાણીએ કહી છે : છાપખાનું આવ્યું ને ડોસીમાની વાતો ગઈ; બંદૂકો આવી ને બહાદુરો ગયા. - *કનુભાઈ જાની, ('વેણુ', ૬, ઘોષા સોસાયટી, થલતેજ રોડ, અમદાવાદ -૩૮૦૦૫૪)*

*

'કુમાર'ના સળંગ અંક ૯૧૫ (માર્ચ ૨૦૦૪)માં વાચકો લખે છે એ પાન પર ગાંધીજીનું રેંટિયામાંથી સંગીતના સૂર રેલાવતું કાર્ટૂન ચિત્ર જોઈ ઘડીભર મન સ્થિર થઈ ગયું. એ સરસ અને મીનિંગફુલ ચિત્ર છે. પહેલાં તો કાર્ટૂનિસ્ટનું અંગ્રેજીમાં લખેલ નામ ચશ્મા ચઢાવી વાંચવા કોશિશ કરી. પણ ત્યાં જ નવસારીના હરિભાઈ ટંડેલના પત્ર પર નજર પડી. ત્યારે જ ખબર પડી કે એક બેનબેરીના નામે એ ચિત્ર ૧૯૪૧ના વર્ષમાં એક સુવેનીરમાં છપાયું હતું. (એવી આપે નોંધ લીધી છે.)

એ ગમે તે હો. નિસબત ચિત્ર સાથે છે. રેંટિયા સાથેની ગાંધીજીની પ્રીતિ તો જગજાહેર છે. અને એમણે રેંટિયાને ઘર ઘર ગૂંજતો કરવા તો કેટકેટલા અખતરા અને ચિંતન કર્યાં. અને આ દેશની ગરીબ પ્રજાને સ્વાવલંબી કરવા અને તેમના હાથને કામ આપવા જેમ અહિંસા વિષે એમણે ચિંતન અને પ્રયોગ કર્યા તેવું રેંટિયા બાબતમાં પણ કર્યું અને ગાંધીના આ પ્રિય સાધનની ભારે અસર થઈ. એક દિવસ એવો હતો કે કૉંગ્રેસ (અને ત્યારે તો કૉંગ્રેસ જ હતી) ની જેવી મીટિંગોમાં પણ સેંકડો કાર્યકર્તાઓ સભાની કાર્યવાહી ચાલતી હોય ત્યારે પણ રેંટિયા પર કાંતતા દેખાતા.

ચિત્રકારે રેંટિયાના ખાસ્સા મોટા ચક્ર દ્વારા રેંટિયાનો પ્રભાવ અને તે સમયનું તેનું વ્યાપકપણું બતાવવાની કોશિશ કરી છે એમ મને લાગે છે. અને રેંટિયારૂપી વાયોલિન પર બો ફેરવતા ગાંધી જાણીતા વાયોલિનવાદક યહૂદી મેનુહિન જેવા લાગે છે. ગાંધીજી વિષેનાં બહુ ઓછાં ઠઠ્ઠાચિત્રો આટલાં અર્થસભર હશે. - *નરેશ ઉમરીગર (ઈ/૩, મુક્તાનંદ સોસાયટી, બારડોલી, સુરત)*

ચ્રિંતન

પસંદગી અને પ્રતિબદ્ધતા

રાધેશ્યામ શર્મા

જીવન દ્વંદ્વોથી ભરેલું હોય છે. સુખ-દુઃખ, રાગ-દ્વેષ, હર્ષ-શોક, ચઢતી-પડતી, આવન-જાવન આદિ ભાવો અને પ્રતિભાવો દ્વંદ્વાત્મકતાથી આવરાયેલા છે.

સંગીતકળામાં રાગરાગણિઓના ગાનતાનવાદનમાં પણ આરોહ-અવરોહ આવે છે. જેમ કે પર્વતમાં ચઢાણ આવે છે એવી જ રીતે ઊતરાણ આવે છે. કામણ-ટૂમણની વિદ્યાઓમાં મારણ હોય ત્યાં એનું વારણ પણ હાજર રહે છે.

મનુષ્ય સમક્ષ સંયોગવશાત્ પરિસ્થિતિ યા પ્રસંગ પ્રકટી નીકળે ત્યાં એને એવી પ્રબળ ઊર્મિ થાય છે ખરી, કે પોતે જ આ કે તેની પસંદગી કરી શકવાને સ્વતંત્ર છે.

સંયોગ સાનુકૂળ હોય ત્યારે જે માર્ગની વરણી વ્યક્તિ કરે એમાં એને એક પ્રકારની તુષ્ટિ અને પુષ્ટિ મળે છે કે મેં આ પંથે પરવરવાનું પસંદ કર્યું ને હું સફળ થયો.

અને પરિણામ જો ધારણા બહારનું પ્રતિકૂળ આવે તો કહેશે કે હું શું કરું, મારા સંયોગ સામા પડ્યા, ગ્રહો વાંકા થઈ ઊભા, સાથીદારે ફરી જઈને દગો દીધો. આવા હજાર વાંક અન્યના શોધીને લાવે પણ પોતાની પસંદગીનો દોષ ન કાઢે.

જેઓ નિજ ઘરના ઉંદરોને ઝાલી શકતા નથી તેઓ પારકા ઘરે ઉંદર પકડવાનાં પાંજરાં મૂકી આપે છે ! આત્મનિંદા પ્રસંશનીય બાબત નથી જ, પણ આત્મશ્લાઘા અથવા જાતસ્તુતિ તો એથી યે હાનિકારક છે. જેમ કે સ્વગુણ-પ્રદર્શનમાં જ અન્યના દોષોનું દિગ્દર્શન થઈ જાય છે !

પરદોષદર્શન ચીંધતી એક આંગળી પિસ્તોલપેઠ પારકા તરફ નોંધાયેલી હોય ત્યારે બીજી આંગળીઓ પોતાની જાત પ્રતિ તકાયેલી છે એ જોવાનું આપણને સૂઝતું નથી !

કુદરતી છે કે બીજાના પહાડ જેવા ગુણો રાઈના દાણા જેવા અને પોતાના રાઈ જેટલા ગુણો પહાડ જેટલા મોટા વરતાય છે. આ જ ન્યાયે, પોતાના પર્વત જેવા વિશાળ દોષો રાઈના દાણા જેટલા લઘુ અને સામેની વ્યક્તિના રાઈ જેટલા દોષો પહાડ જેવડા વિરાટ ભળાય.

આવી જાતની બધી મનોપ્રક્રિયા એકીસમયે ઘટતી યુગપત્ ક્રિયા પણ હોઈ શકે છે. ક્રમે ક્રમે અનુક્રમે - ક્રોનોલૉજિકલ ઑર્ડરમાં બનતા બનાવોના (ટેક્ષ્ચર) પોત અને પ્રકૃતિ (નૅચર અને સ્ટ્રક્ચર) વિશે તમે સભાન બની શકો પણ તત્કાલ, ક્રમ ઉલ્લંઘીને બનેલી સમકાલિન ઘટનાઓ તમને સભાન થઈ જવાની તક આપતી નથી. આવી સભાનતા પ્રમાણમાં વધુ સંવેદનશીલ અને સજાગ વ્યક્તિઓમાં જ ખીલી હોય છે. બાકીનો ઘણો મોટો ભાગ અગાઉ પડી ગયેલા ચીલાઓના આંકામાં, ગતાનુગતિક ઢબે ચાલ્યા જ કરે છે. ઊંડા ચીલામાં કોઈ કોઈને પૂછતું નથી. સભાનતાનો પ્રસ્વેદ લૂછતું નથી ! કેમ કે અહીં તો અભાનતાની આલમનું વર્ચસ હોય છે. જ્યાં સભાનતા શાપ અને અભાનતા આશીર્વાદ સમાન લાગે ત્યાં જાણવું કે પરંપરાએ અભીષ્ટને બદલે અનિષ્ટનું રૂપ ધારણ કરી લીધું છે. આ એટલી હદે હોય છે કે કોઈ સાચું કહેનારો નીકળે ત્યારે ઈષ્ટ પણ અનિષ્ટ જેવું જણાય છે અને અનિષ્ટ હોય તેય અભીષ્ટ દેખાય છે.

તત્ત્વવેત્તાઓ જેને પ્રાતિભાસિક સત્તા કલ્પે છે એમાં જગત, પ્રકૃતિ અને પદાર્થો પણ આવી જાય છે.

જેનો પ્રતિભાસ થાય છે ત્યાં સામે કેવળ જગતના પદાર્થો જ નથી હોતા અથવા પદાર્થજગત જ નથી હોતું, પણ પ્રકૃતિ અથવા મનુષ્યમનની બહાર અને અંદરની પ્રકૃતિ પણ આવે છે. પોતાની કુદરતદત્ત પ્રકૃતિથી અન્યની પ્રકૃતિને માપવાનો, તપાસવાનો અને તારતમ્યો કાઢવાનો પ્રયાસ અખંડપણે ચાલ્યા જ કરતો હોય છે. બીજાની પ્રકૃતિ પોતાનાથી ભિન્ન છે એમ જાણવા છતાં પોતાના જેવો જ બીજાને બનાવવા અથવા બીજો પોતાના જેવી પ્રકૃતિ શાથી નથી ધરાવતો એનું કુતૂહલ તત્ત્વજ્ઞાનીઓમાં પણ હોય છે.

અસ્તિત્વવાદની પરંપરામાં પોતાનું નામ ઝળહળતા અક્ષરે કોતરી જનાર ઝ્યાં પોલ સાર્ત્રનું આ નિરીક્ષણ વાંચો અને વિચારો :

'હું ધારું છું કે દરેક માણસ બીજા માણસથી કશુંક છુપાવે છે, કશુંક ગુપ્ત રાખે છે. બધાઓથી અલબત્ત, નહિ જ, પણ એ ક્ષણે જે એની સાથે વાત કરી રહ્યું હોય એનાથી તો ખરું જ.

અને એ વાત માનવીના માનવી સાથેના સંબંધો બગાડી આપે છે.

હું માનું છું કે ગુપ્તતાને સ્થાને હંમેશાં પારદર્શકતાને સ્થાપિત કરી દેવી જોઈએ. હું એવો દિવસ કલ્પી શકું છું કે જ્યારે બે મનુષ્યોને એકબીજાથી ગુપ્ત રાખવાની કોઈ છાની વાત હોય નહિ...'

તદ્દન નવા ગ્રાહક માટે ભેટયોજના

'કુમાર'પ્રેમી શ્રી કપિલભાઈ ઓઝાના સહયોગથી ત્રણ વર્ષનું એકસાથે લવાજમ ભરનાર તદ્દન નવા ગ્રાહકોને મહર્ષિ દયાનંદ રચિત 'સત્યાર્થપ્રકાશ' અથવા વિવિધ દસ પુસ્તિકાઓનો સંપુટ ભેટ મળશે.

એક મજૂરણને જોઈને/*ઉશનસ્*

(શિખરિણી • સૉનેટ)

રહું જોઈ એને અભિભૂત, ગુનેગારીથી કંઈ,
શકું ના જોડી હું નજર પણ એના શરીરથી
કંઈ સંકોચાઈ, શરમ થકી કૈં; ભોઠપ થકી
લઉં છું મોઢું ફેરવી ઝડપથી, કૈં જડ થઈ;

રહ્યું છે શું એના શરીર મહીં ? કંકાલ જ નર્યું !
કિયે જોરે, ઓ રે વજન ઊંચકી ઊતર-ચઢ
કરે આ ટિટોડી પગ સીડી પરે લોહ-દગડ
-ઇંટાળા માથે લૈ ! ઉદર વળી છે ગર્ભથી ભર્યું !

દિસે ટેવાઈ એ બધું ઊંચકવાને જ; રતિને
પિછાણી છે એણે પશુવત પીઠે ભાર વહીને
કશું બોલ્યા-ચાલ્યા વગર શિર, કેડે ઊંચકીને
ગૃહસ્થી એણે છે દિનની ઢસડચે રાખી ગતિને,

પરંતુ સાંજે જ્યાં ઘર જઈ શિશુ મોં કણ મૂકે,
જગન્માતા જાણે જગતસરણી આખી ઊંચકે !

વહનધર્મ/*દિનેશ મોદી*

(પૃથ્વી • સૉનેટ)

'... હવા ! તવ તણું વિચિત્ર સમજાય ના વર્તન :
પરિસ્થિતિ ન સંગ કાં તવ મનઃસ્થિતિએ ફરે ?!
પ્રસારી મધુ ગંધ પુષ્પ તણી ચૉદિશે, કે વળી,
સુવાસ ધૂપબત્તીની, કદીક સદ્યસ્નાતા તણી,

નિઃશંક તવ ચિત્ત તૃપ્ત, ખુશ થાય-સ્વાભાવિક;
...પરંતુ... કયમ એટલા જ રસ,હોંશ તું દાખવે,
પ્રસારી પસીના કિંવા ઉકરડા વગેરેની બૂ ?
ન ભેદ તુજને જરી પણ સુગંધ-દુર્ગંધમાં ?!'

'...કહ્યું, ઠીક !' હવા-ઉવાચ, 'પણ વાત મારી સુણો...
મને શું ગમતી હશે બદબૂ આમ ફેલાવવી ?!
છતાં... વહન-કાર્ય એ કરમ-ધર્મ મારો જ સ્તો !
સુવાસ કદી બાગની, ઉકરડો વળી માર્ગનો :

તટસ્થ, સમબુદ્ધિને અણગમા-ગમા હોય કૈં ?!
પ્રસન્ન ચિત્ત સર્વથા, નિયત-કર્મની પૂર્તિથી...'

લેપ્યો હરિ-મલમને ?/*ધીરુ પરીખ*

ગંજેરી જેમ ફૂંકે ભરી-ચલમને,
તેમ કવિ કૈં જગવે ઠરી કલમને !
ચેતાવીને કલમ કવિજન
શબ્દ-ધુમાડે રાચે,
લખે હરિવર ખૂબ ખંતથી
શરણું એનું યાચે;
સુધારવો શો એળે ગયા જલમને !
ડાઘ પડચા જીવતરમાં એને
કેમ હવે લૂછવાના ?
વ્હેલા-મોડા હરિ આવશે
જરૂર એ પૂછવાના:
વકરેલું ઘારું રૂઝવવા લેપ્યો હરિ-મલમને ?

ચાર હાઈકુ

પરાગ ત્રિવેદી

૧

સૂર્ય આથમ્યો
જયાં ક્ષિતિજે, અનેક
ઊગ્યા તારલા !

૨

જ્યોત રહેતી
અહીં જ, પ્રસરતો
પ્રકાશ બધે !

૩.

બળદડોકે
ઘંટડી વાગી, ગયું
ખેતર જાગી !

૪.

પાણીને માર્યો
પથ્થર, તૂટી ગયો
તે પ્રતિબિંબે !

દોષ/*રામચંદ્ર પટેલ*

(મિશ્ર મુક્તક)

કહો, કયો છે વિભુ દોષ મારો ?
લાગી તૃષા આતમતીર્થ પંથે,
પીવા જઉં ચાંગળું એક પાણી
દો છો ધરી ત્યાં જ સમુદ્ર ખારો.

વલોવાઈ ગઈ

ચંદ્રેશ મકવાણા 'નારાજ'

નજરચૂકથી નાવ ખોવાઈ ગઈ,
નદી તો નફામાં વગોવાઈ ગઈ;
પછી એક નારાજ પેદા થયો,
પ્રથમ લાખ ચીસો વલોવાઈ ગઈ.

ચરણ પખાળીને/*અશોક ચાવડા 'બેદિલ'*

થઈ શકયા જ નહીં તીર્થ જાત બાળીને,
હવે હું જાઉં છું ખુદના ચરણ પખાળીને.
જરૂર જાત વિશે કોઈએ કરી પૃચ્છા,
અમસ્તું જાય નહીં કોઈ વાત ટાળીને !
ચરણની છાપ અગર હોત તો હું વાળી લેત,
સ્મરણને કેમ લઈ જાઉં રોજ વાળીને ?
પડચા છે કયાંક વીખેરાઈને બધા ટહુકા,
કહું તો કેમ કહું આ ઉદાસ ડાળીને ?
જરાય ભાર નથી; રૂ સરીખું હોવું છે,
કરે શું કોઈ અગર જાય તું પલાળીને.

અવરજવરનો રસ્તો/*ગિરીશ ભટ્ટ*

આ તો અવરજવરનો રસ્તો;
કયાંક મળે કંટક, તો મળતો કયાંક વળી ગુલદસ્તો.
આ તો કેવળ પડાવ - એને કેમ ઉતારો ગણવો ?
પગલે પગલું કાળગ્રસ્ત ત્યાં કેમ મિનારો ચણવો ?
કયાંથી આવ્યો ને કયાં જાતો, શોધે જ્ઞાનપરસ્તો;
આ તો અવરજવરનો રસ્તો.
પળપળની આ લીલા - એનાં ઝાઝેરાં ચિતરામણ;
કહીએ છો માયા કે મેળો, કયાં ખૂટે છે કામણ ?
કયાંક મીંચી દઈ પાંપણ ભીની, કયાંક હલાવી હસતો.
આ તો અવરજવરનો રસ્તો.

નોખી માટીનો અનોખો માનવી



'શહેરસૂબા' ડૉ. જયંતીભાઈ ઠાકોર

અશોક ઠાકોર

ગુજરાતના અને વિશેષતઃ અમદાવાદના ૧૯૩૦થી ૧૯૪૨ સુધીના સ્વાતંત્ર્ય સંગ્રામોમાં અકથ્ય યાતનાઓ વેઠનાર તથા ભોગ આપનાર ગુજરાતમાં જે થોડાક આઝાદી-જંગના યોદ્ધાઓ છે તેમાં ડૉ. જયંતીભાઈ ઠાકોરનું નામ અગ્રિમ સ્થાને ઇતિહાસમાં અંકિત થઈ ચૂક્યું છે.

શ્રી જયંતીભાઈને સ્વરાજ પછીના પાંચ દાયકામાં આ રીતે તેમના સાચા મૂલ્યાંકનથી તો દૂર રખાયા પણ તે રાજકીય અછૂત હોય તેવો વર્તાવ પણ રખાયો.

સને ૧૯૧૩માં મધ્યમ વર્ગના પરિવારમાં જન્મેલા, બાળ વયે પિતાનું શિરછત્ર ગુમાવવાથી સંઘર્ષભરી આર્થિક પરિસ્થિતિમાં જીવતા એક પરિવારમાં જયંતીભાઈ બીજા ત્રણ ભાઈ અને બહેનોનાં ક્રમમાં બીજા નંબરના હતા. પરંતુ તેમના માતાજીએ - 'અમીરીને આહ્‌વાન આપતી સ્વમાનશીલ ગરીબીમાં જીવીને, તે રીતે જીવવામાં પુણ્ય પરવારતું નથી.' તેવો જીવનમંત્ર સંતાનોના માનસમાં દૃઢ કર્યો.

આથી આ આર્થિક રીતે સતત તંગી અનુભવતા પરિવારે કોઈની મદદ, દાન કે ઉપકાર સ્વીકારવાને બદલે પુત્રોને જીવન સંઘર્ષ કરીને સ્વમાનશીલ અને સત્ત્વશીલ જીવનરાહ અપનાવવાની તાલીમ આપી. તેથી તેઓ બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા તથા યુવાવસ્થામાં પડકારો ઝીલતા, છાતી કાઢીને જીવતા થયા.

શાળામાંથી આંતરરાષ્ટ્રિય સ્કાઉટ સંમેલનમાં સ્કાઉટ તરીકે લંડન જવાની તક, કેવળ સ્કાઉટ પદ્ધતિની ત્રણમાંની એક સલામ બ્રિટિશ શહેનશાહ માટેની છે તે જાણીને તે તક જતી કરનાર, ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય યુદ્ધના પાત્રો : નાનાસાહેબ, તાત્યા ટોપીના પાત્રવાળું નાટક તથા ભગતસિંહની શહાદત પછીનું નાટક ખાડિયા વ્યાયામશાળામાં ભજવવાથી ગભરાયેલા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સ્વજ્ઞાતિના વડીલોનો મુકાબલો કરી વ્યાયામશાળા ખાલી ન કરવામાં તથા યરોડા જેલમાં ગુંડા સમા વૉર્ડરોના સત્યાગ્રહી યુવાનો ઉપર અમાનુષી કૃત્યો બદલ મારામારી કરી. અંધારી ખોલીમાં કેદ સ્વીકારી ગોરા જેલરને જાજરૂ, પેશાબના માટલાથી નવડાવનાર અને તે દ્વારા ખુદ જેલ સુપરિન્ટેન્ડેન્ટ તથા મહાત્માજીની તારીફ પામાર જયંતીભાઈ કોઈ પણ અન્યાય, અસત્ય, જુલ્મ સામે ઝઝૂમવાની અણમોલ શક્તિ ધરાવતા અને તે માટે વ્યક્તિ સાથેના અંગત સંબંધો કે બીજી પારિવારિક મર્યાદાને સ્વીકારતા નહીં. તેમની યરોડા જેલની આ યશગાથા સાંભળીને તેમના સદ્‌ગત પિતા સાથે જામનગર સ્ટેટમાં નોકરી કરનાર કવિ ન્હાનાલાલે તેમને પોતાને ઘેર બોલાવી શાબાશી આપી અને ઉજ્જવળ જીવનની આગાહી કરતા આશિષ આપી સ્વરચિત પુસ્તકો ભેટ આપ્યાં.

દંતવિદ્યા શીખવા ભરૂચ સેવાશ્રમમાં ગયા, ત્યાં બટુકનાથ વ્યાયામશાળાના હરિજન-પ્રવેશના પ્રશ્ને તથા સુધરાઈના સફાઈ કામદારના પ્રશ્ને, પોતાના અભ્યાસનો ભોગ આપી, સેવાશ્રમ છોડી, ભંગીવાસમાં જવાની હિંમત તે તેમની Courage of Conscious એટલે સ્વમાન્યતા માટેની ન્યોછાવર વૃત્તિના ઉદાત્ત ગુણો દર્શાવે છે. આ કાર્યમાં તેમને તે સમયના તેમના હિતચિંતક સ્વ. દીનકરરાવ દેસાઈ કે ડૉ. ચંદુભાઈની આમન્યા સ્વીકારવા જેવી ન લાગી.

૧૯૪૨ની લડત આવતા અગાઉ તે અંતિમ લડત કેવા પ્રકારની હશે, સત્યાગ્રહની કેટલી મર્યાદા હશે તે વિચારી, અગાઉથી તે લડતમાં ભૂગર્ભ મુકાબલો કરવા સૈનિકો તૈયાર કરવા, આયોજન કરવા માટેની પૂર્વ વિચારણા, તે માટેની સજ્જતા વગેરે તેમની અગમદૃષ્ટિ, આવનારી વાસ્તવિક્તાનો અંદાજ પામવાની સેનાની જેવી અદ્‌ભુત શક્તિનો ખયાલ આપે છે.

તે લડતમાં સરઘસ કે સત્યાગ્રહથી આસાનીથી જેલમાં જવાને બદલે ખભે ખાંપણ ભરાવીને, ડગલે ને પગલે મૃત્યુ, આજન્મકેદ, કાળો સિતમ ભોગવવાની તૈયારી સાથે ભૂગર્ભ લડતનો પ્રારંભ કર્યો તે તેમના નિર્ધારિત ધ્યેય હાંસલ કરવાના દૃઢ મનોબળનાં દર્શન કરાવે છે.

લડત ધીમી પડતાં તે ખૂબ જોખમ ખેડી, છૂપા વેષે બંગાળ



ખાડિયા વ્યાયામશાળાની મુલાકાતે શ્રીમન્ નારાયણ સાથે



ડૉ. જયંતીભાઈ ઠાકોરનાં કુટુંબીજનો

જઈ દુષ્કાળરાહતમાં જોડાય છે અને સુભાષબાબુની આઝાદ-હિંદ ફોજને મળવા બ્રહ્મદેશ જવા મરણિયો પ્રયાસ, ધ્યેયસાધતા પ્રાણાર્પણ કરવા સુધીના ગીતાના મંત્રને ચરિતાર્થ કરવાની તમન્ના દર્શાવે છે.

જયંતીભાઈ ધર્મક્રિયામાં, મંદિરોમાં કે વહેમ, અંધ-શ્રદ્ધામાં માનતા નહોતા, છતાં બર્નાર્ડ શૉએ ઉદ્‌બોધેલા જીવનમંત્રને અનાયાસે જીવનમાં ઉતારી શક્યા. એ મંત્ર છે : 'સિતમખોરી સામેનો ઇન્કિલાબ, તે પ્રભુની આજ્ઞાના પાલન સમું કાર્ય છે.' વળી તેમને બાળપણથી જે વ્યાયામ-પ્રવૃત્તિના ઉદાત્ત સંસ્કારો ઝીલ્યા અને શ્રી અંબુભાઈની વ્યાયામ-પ્રવૃત્તિ દ્વારા ગુજરાતના યુવાનોમાં નવી ચેતના, નવી શક્તિ સિંચવાની તેમનામાં તમન્ના જન્મી જે અંબુભાઈના શબ્દોમાં :
'માતાની મુક્તિ, તે માટે દૃઢ શરીર, ઉજ્જવળ મન અને ઉદાત્ત અંતઃકરણપરાક્રમી આત્મા અને દેહનો નહીં પણ ચેતનાનો કાયાકલ્પ કરવાની' હતી તે આત્મસાત કરી બતાવી.

જયંતીભાઈ અનેક પ્રતિકૂળતા હોવા છતાં તેમના સેવા-કાર્યથી અમદાવાદની નગરપાલિકામાં સૌપ્રથમ વિરોધ પક્ષના સભ્ય તરીકે ખાડિયામાંથી ચૂંટાયા. નગરપાલિકામાં વિરોધપક્ષે રહી તેમણે ગરીબો, મજૂરો અને સામાન્ય વર્ગોમાં કામો કરવા માંડ્યા. વળી રાજકારણીઓ જે ક્ષેત્રોને તે સમયે સ્પર્શ્યા ન હતા તે વ્યાયામ, મજદૂર પ્રવૃત્તિ, ગરીબોની ગૃહનિર્માણ પ્રવૃત્તિમાં તે ખૂંપી ગયા અને ધારેલી સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા. ૧૯૫૧ની વિધાનસભાની ચૂંટણીમાં રામરાજ્યના ઉમેદવારે વિરોધપક્ષના મતોનું વિભાજન કરતા તે હાર્યા. અને હારનું મનોમંથન કર્યા પછી નિર્ધાર કર્યો કે હવે સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થવું. તેમણે આ નિર્ણય તેમના સાથી કાર્યકરોને જણાવતા કહ્યું કે, 'હવે પછીની ચૂંટણીમાં ત્યાગ-સેવા કરતાં ધન વધારે મહત્ત્વ પામશે. જે વ્યક્તિ પાસે ધન હશે તે જ ચૂંટણી લડી શકશે. માટે જો તમારે ભવિષ્યમાં રાજકારણમાં સક્રિય થવું હોય તો તમારો ધંધો કેળવીને ધન પ્રાપ્ત કરો. હવે સેવાભાવ કે સેવક તરીકે જીવીને, નેતાગીરી જે ટુકડો મદદ આપે તે લઈને જીવનમાં સત્ત્વ હણાઈ જશે. માટે હું પણ હવે મારો ધંધો કરવાનો છું.' કેવી સચોટ અગમ વાણી હતી !

આ સંકલ્પ પછી તેઓ જમીન-ગૃહનિર્માણના ધંધામાં પડ્યા. ત્યાં તેમની અગમ દૃષ્ટિ, સૂઝ, સખત પરિશ્રમ અને ધંધા માટેની માનસિક તથા શારીરિક સાહસિકતાને કારણે ખૂબ પ્રગતિ કરી શક્યા.

તેમના સેવાદળના તથા વ્યાયામ-પ્રવૃત્તિના સાથી શ્રી વસંતરાવ હેગીષ્ટેની સ્મૃતિમાં તેમણે પ્રથમ આશ્રમરોડ ઉપર નવરંગપુરા જવાના માર્ગ પાસે, તેમના નિવાસસ્થાન નજીક નાના પાયા ઉપર પોતાનાં આર્થિક સાધનોથી 'વસંત નેચર ક્યોર નિદાન કેન્દ્ર' તથા હૉસ્પિટલ શરૂ કરી. પછી તે સંસ્થાને જાહેર ટ્રસ્ટમાં ફેરવી અને વર્ષો પછી તે મકાનની જગાએ એક બહુમાળી ઇમારત બાંધી. આ ટ્રસ્ટને માટે કાયમી ભાડાની આવક ઊભી કરી. તે પછી છેલ્લાં ચાર વર્ષ ઉપર થલતેજ પાસે ઉદ્‌ગમ સ્કૂલ નજીક એક ખૂબ અદ્યતન સાધનસામગ્રી સાથેની, ભારતમાં પ્રથમ કક્ષામાં મૂકી શકાય તેવી હૉસ્પિટલ બાંધી તથા નિસર્ગોપચાર પદ્ધતિનો ડિગ્રી કોર્સ પણ શરૂ કરાવવા મથ્યા. પોતાની કારકિર્દીના પ્રારંભમાં પાંચકુવા પાસે સ્થાપેલું રાહતના દરનું દાંતનું દવાખાનું, ૧૯૫૧ પછી સૂતર મહાજનની સહાય બંધ થવા છતાં ચાલું રાખ્યું છે અને આજે ખૂબ રાહતના દરે દાંતના દર્દીઓની સારવાર થાય છે.

પોતાની વ્યાવસાયિક પ્રવૃત્તિઓના બોજ નીચે પણ આ બે સેવાલક્ષી પ્રવૃત્તિ ચાલુ રાખીને તેમની જન્મજાત જનસેવાની લગનીની પ્રતિતી કરાવી છે. આ સાથે જ તેમના જીવનના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપતી વ્યાયામ-પ્રવૃત્તિને તેમણે ખાડિયા વ્યાયામશાળાનું સંચાલન છેવટ સુધી ચાલુ રાખ્યું. વધુમાં છેલ્લાં પાંચેક વર્ષ ઉપર તેમણે આ સંસ્થાને રાજ્ય સરકાર પાસેથી પોણા લાખનું અનુદાન મેળવીને શરીર સૌષ્ઠવ માટેનાં અદ્યતન સાધનો પૂરાં પાડ્યાં છે.

આજે આ સંસ્થાના વિદ્યાર્થીઓ શરીર સૌષ્ઠવમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવે છે. તેમના પ્રયત્નથી આ વ્યાયામ-શાળા, પાકુ મકાન બાંધી શકી છે. આ વ્યાયામશાળામાં તેમણે જયપ્રકાશ નારાયણ, પૃથ્વીસિંહ આઝાદ જેવા અનેક રાષ્ટ્રવીરોને પણ બોલાવી પ્રવચનો કરાવ્યાં છે.

૧૯૪૨ના આઝાદી જંગમાં તેમણે જે અદ્વિતીય નેતૃત્વ પૂરું પાડ્યું તેની ઉપેક્ષા કરવા, તેમને બાજુએ ધકેલવા, સ્વરાજ પછીના સત્તાધારી પક્ષોએ બધાં જ પ્રયાસો કર્યા. કૉંગ્રેસ સેવાદળના દળપતિનું પદ, તેમની મજૂરપ્રવૃત્તિ, ગૃહનિર્માણ પ્રવૃત્તિ, નિસર્ગોપચાર પ્રવૃત્તિમાં તેમને હંફાવવા તમામ જાતના પ્રયત્નો થયા છતાં ૧૯૯૨માં આઝાદીની લડતની અર્ધી શતાબ્દી ઉજવાઈ ત્યારે ગુજરાતના એકાકી નેતા તરીકે શ્રી અરુણા અસફઅલી કક્ષાનું તેમને સન્માનિત સ્થાન આપવા કેન્દ્ર સરકારે પ્રયત્ન કરેલા. તે પહેલાં શ્રી ઈન્દિરા ગાંધી તથા રાજીવ ગાંધીએ પણ તેમનું યથાયોગ્ય સન્માન કર્યું હતું અને તેમનું ઐતિહાસિક મહત્ત્વ સ્વીકાર્યું હતું; પણ જયંતીભાઈ આવાં સન્માનો, પેન્શનોથી દૂર રહ્યા છે અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, 'અમે જે અપેક્ષાથી સ્વરાજ્ય લાવ્યા, સુરાજ્યની આશા સેવી એ પચાસ વર્ષોમાં સ્થપાયું નથી. આમજનતા વધુ ને વધુ દુઃખી થઈ છે એટલે તમે વહીવટીતંત્ર નહીં સુધારો તો વિદેશી શાસન દૂર કરવા નીકળવું પડ્યું તેમ ન નીકળવું પડે તેવા પ્રયોસો કરો.'

આમ છતાં દર ૯મી ઑગસ્ટે તે શહીદ વિનોદની ખાંભી પર પુષ્પ ચઢાવવાનું કદી ભૂલ્યા નહોતા. અને તે સ્થાને જુદાજુદા પક્ષો, સામાજિક સંસ્થાઓ પોતાના પ્રચારાર્થે દેખાવો કરે છે તેનો સતત સામનો કર્યો હતો. તે સ્થાનની પવિત્રતા જળવાય તેવો આગ્રહ તે સેવતા.

જિંદગીના સવા નવ દાયકાનું સતત સંઘર્ષપૂર્ણ પડકારો આપતું સીધા ચઢાણ સમું જીવન જીવનાર જયંતીભાઈ યુવાનીના દિવસો જેટલા શરીર અને મનથી 'ટક્કર' હતા. આચાર્ય કૃપલાનીજી જેવા આજીવન ક્રાંતિકારી માનસ ધરાવતા પણ જીવનના અંતકાળમાં કહેતા થયા હતા કે 'સ્વરાજ પછી આ દેશ ચેતનાવિહીન જીવતાં મુડદાંનો દેશ બન્યો છે.' ત્યારે દેશમાં સર્જાયેલી અંધકારમય પરિસ્થિતિમાં પણ જયંતીભાઈ નિરાશ થતા નહીં.

૧૯૪૧, ૧૯૪૬ તથા તે પછીના દરેક હુલ્લડમાં તેમને દરેક નાગરિકને સ્વરક્ષણની તાલીમ લેવા વ્યવસ્થાઓ પણ કરી હતી અને સાથોસાથ કોમી રીતે તંગ વિસ્તારોના બે કોમની સંનિષ્ઠ વ્યક્તિઓને મળી કોમી દંગા ડામવા જાનના જોખમે કાર્યવાહી કરી હતી. આ કારણે ખાડિયા ચાર રસ્તા, પાંચકુવા દરવાજા જેવા બે કોમના મિલનસ્થાન સમા વિસ્તારોમાં તેમના પ્રતાપે કદી મોટા કોમી તોફાનો થયાં નથી.

આઝાદીની ૧૯૪૨ની અંતિમ લડાઈના પ્રારંભ પહેલાં કાંકરિયા નગીનાવાડીએ અંગત સાથીઓ શ્રી વાસુદેવ ભટ્ટ, જુગલકિશોર મિસ્ત્રી, શ્રી સોલંકી સાથે સ્વરક્તથી આઝાદી મેળવવાની પ્રતિજ્ઞા કરનાર જયંતીભાઈ, ૧૯૪૨ની ઐતિહાસિક બેઠક પછી પકડાઈ ગયા પણ ટ્રેનમાં કાંકરિયા રેલવે યાર્ડમાં ટ્રેન આવી ત્યારે પોલીસ પહેરામાંથી કૂદી પડી માતાના આશીર્વાદ લઈ, ૧૦ ઑગસ્ટ ૧૯૪૨થી વ્યાયામ-પ્રવૃત્તિ દ્વારા કેળવેલા સંપર્કો, મેળવેલા સાથીઓને મળી ભૂગર્ભ લડતનું સંચાલન કર્યું.

કેન્દ્ર કક્ષાએ ભૂગર્ભ લડતનું સંચાલન કરનાર શ્રી છોટુભાઈ પુરાણીની અધ્યક્ષતાવાળી શ્રી અરુણા અસફઅલી, શ્રી રામ મનોહર લોહિયા, શ્રી અચ્યુત પટવર્ધનની બનેલી સમિતિએ, શ્રી જયંતીભાઈને ભૂગર્ભ લડત ચલાવતા 'શહેરસૂબા' તરીકે પસંદ કર્યો. તેમનું નામ 'જયાનંદ શહેરસૂબા' રહ્યું. તેમને રોજરોજની પત્રિકાપ્રવૃત્તિ, સરઘસ, પ્રભાતફેરી, પોલીસદળ ઉપરના હુમલા, સરકારી કચેરીઓ પર હુમલા, રાત્રે થાળી વગાડી સૂત્રોચ્ચાર, રોજ નવાં નવાં શહેરસૂબાનાં નામનાં હોર્ડિંગ્સ, લોકદરબારો તથા છેલ્લે આઝાદ સરકારના નામનો રૂપિયાનો સિક્કો પણ પડાવ્યો.

આ દરમિયાન તેમની પોળમાં વર્ષોથી રહેતા પોલીસ અધિકારીઓ શ્રી માકડ તથા શ્રી બાપાલાલ ઠક્કરે તેમને જીવતા યા મરેલા પકડવા કરેલા પ્રયાસોને સતત નિષ્ફળ બનાવ્યા. શહેરમાં બૉમ્બ પ્રવૃત્તિ વિકસી અનેક શહીદો થયા.

એમની આ ભવ્ય લડતને બિરદાવતા ૧૯૪૨ની લડત વિષે બોલતા શ્રી જયપ્રકાશ નારાયણે કહેલું કે, 'સન ૧૯૪૨ની લડતમાં જે રાજ્યે નામ રોશન કર્યું હતું તે હતું બિહાર, જે જિલ્લાએ નામ રોશન કર્યું તે જિલ્લો હતો સતારા અને જે નગરે નામ રોશન કર્યું હતું તે અમદાવાદ.' આ રીતે ૧૯૪૨ની લડતનું સફળ અને વિશ્વમાં તારીફ પામેલું અને બ્રિટિશ પાર્લમેન્ટમાં જેને વિષે પ્રશ્નોત્તરી થઈ હતી તે અમદાવાદ શહેરની લડતના સર્વસંચાલક શહેરસૂબા શ્રી જયંતી ઠાકોર મે ૪, ૨૦૦૪ના રોજ લાંબી બિમારી ભોગવી તેમના આશ્રમરોડ પરના નિવાસસ્થાને 'નમો શિવાય'નો મંત્ર ઉચ્ચારતા દેહ ત્યાગી ગયા.

માત્ર ઘાટ, હૉલ કે પ્રતિમા ન મુકાઈ હોવાથી સમગ્ર જીવન દેશ, આઝાદી, જનસેવામાં ન્યોછાવર કરનાર શ્રી જયંતીભાઈની પ્રતિમા લેશ ઝાંખી પડશે નહીં; કારણ કે તે સાચા ઈતિહાસના પાને, લોકહૈયે અંકિત થઈ ગઈ છે. ❐

આવજો !

મૂળશંકર પ્રા. ભટ્ટ

૧૯૮૬ના ઑગસ્ટની ૧૧મી તારીખે વિશાળ શહેરના એક ઉપનગરમાં વસતા વૈદ્ય પરિવારનાં બધાં ખૂબ જ વ્યસ્ત હતાં. પચીસ વર્ષનો બંસીલ પાછલા ફળિયામાંથી ઘાસ કાપતો હતો. પાંચ વર્ષનો પુત્ર કલ્પક પિતાને મદદ કરતો હતો. ત્રણ વર્ષની પુત્રી વસુધા અને બે વર્ષનો પુત્ર નૈષધ ડોલમાંથી એકબીજાં ઉપર પાણી ઉડાડતાં હતાં. સીવવાના સંચા પર દામિની બારી-બારણાંના નવા પડદા સીવતી હતી. કલ્પક એકાએક દોડતો મમ્મી પાસે આવ્યો અને ચીસ જેવા અવાજે બોલ્યો, 'મમ્મી ! પપ્પા ખૂબ જ ધ્રૂજે છે. તદ્દન ફિક્કા પડી ગયા છે !'

દામિની ઉતાવળે ફળિયામાં ગઈ. જોયું તો બંસીલ જમીન પર અમળાતો હતો. તરત જ તેને હૉસ્પિટલ લઈ ગયા.

બીજે અઠવાડિયે જાતજાતની ડૉક્ટરી તપાસ કરવામાં આવી. દામિનીને એકલી બોલાવી ડૉક્ટરે ધીમા અવાજે કહ્યું, 'મને અફસોસ છે, બહેન, પણ બંસીલભાઈને મગજમાં ગાંઠ છે. જ્ઞાનતંતુ પર તે દબાણ લાવે છે. ફેફસાંમાં પણ ગાંઠ છે. તમારા પતિ લાંબું નહીં જીવે.' બિચારી દામિની સમસમી ગઈ.

બંસીલને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. હૉસ્પિટલમાં તે વારંવાર કહેતો કે તેને ઘેર જવું છે, કુટુંબ સાથે રહેવું છે. ઘરે તેની સારવાર કરવી બહુ કઠણ હતી. બંસીલના મિત્રોએ સારવારની જવાબદારી માથે લીધી. બંસીલ ઘેર આવ્યો.

ગાંઠો ઝડપથી વધવા લાગી. શરીરનું સમતોલપણું જાળવવું, ભાવાવેગને કાબૂમાં રાખવો, નાની-મોટી બાબતો યાદ રાખવી વગેરે ક્રિયા પર અવળી અસર થવા માંડી. બંસીલને લાગ્યું કે અંત સમીપ છે. તેને વિચાર આવ્યો કે પાછળ એવી સાબિતી મૂકતા જવું જોઈએ જે સ્પષ્ટપણે બતાવે કે તેને કુટુંબ પ્રત્યે પ્રેમ હતો. બાળકોને અને દામિનીને યાદ રહે એવું કંઈક પોતાના વિષે મૂકતા જવું જોઈએ. વીડિઓ ટેપ પર પોતાના વિચારો રેકૉર્ડ કરવાની તેણે હામ ભીડી.

રેકૉર્ડિંગ કરતાં ક્યારેક આંસુ વહેતાં હોય તો ક્યારેક મોં પર સ્મિત હોય. કેટલાંય સ્મરણો તેણે રેકૉર્ડ કર્યાં. નાનીમોટી વિગતો નોંધી : જોડાનું માપ, મનગમતો પહેરવેશ, કામ કરવાની તત્પરતા વગેરે. દામિનીએ કહ્યું હતું, 'સમય જતાં ભુલાઈ જાય એવી બાબતો તેમણે ટેપ પર ઉતારી છે.'

બંસીલે કુલ ચાર કસેટો તૈયાર કરી. સંતાનોને તેણે ટેપમાં કહ્યું, 'આ ટેપ પરથી તમને મારા વિષે થોડોઘણો ખયાલ આવશે. અગત્યની બાબતો વિષે હું કેમ વિચારું છું તે પણ તમે જાણી શકશો.'

જે ટેબલ પાસે રેકૉર્ડિંગ કરવા તે બેસતો તેની સામે કૅમરા મૂકવામાં આવતો. ક્યારેક બંસીલ શરબતની ચૂસ્કી લેતો દેખાતો તો ક્યારેક નોંધો વાંચતો નજરે પડતો. છેલ્લી ટેપમાં મગજની ગાંઠ, થાક અને દવાની અસર દેખાવા લાગી. તે થાકી જતો છતાં તેણે બોલ્યે રાખ્યું.

*

કલ્પક, વસુધા, નૈષધ હું ઇચ્છું છું કે શું થયું છે તે તમે જાણો. તમે સમજુ થશો ત્યારે તમને દુ:ખ થશે. અત્યારે મારી ઉંમર પચીસ વર્ષની છે. મારી આ હાલત હું પોતે પણ સ્વીકારી શકતો નથી.

ક્યારેક મને થાય છે કે આપણે બધાં લૂંટાઈ ગયાં. પરંતુ કેટલીક પરિસ્થિતિ બદલી શકાતી નથી. તે સ્વીકાર્યે જ છૂટકો.

ક્યારેય પણ પીછેહટ કરશો નહીં. બીજાંઓની લાગણી સમજવા કોશિશ કરજો. જેમના પર વિશ્વાસ રાખી શકો અને જેમની સલાહમાં શ્રદ્ધા રાખી શકો એવાં ઘણાં માણસો તમારી આસપાસ છે. તેઓમાંની એક છે તમારી માતા.

બીજાંઓ ખાતર કંઈક કરી છૂટવાનું હંમેશાં યાદ રાખજો.

*

બંસીલ અને દામિની વચ્ચે પરિચય હાઈ સ્કૂલમાં થયો. બંને ત્યારે પંદર વર્ષનાં હતાં. દામિની દેખાવડી હતી, આંખો સુંદર હતી. દૂરથી તેણે બંસીલને જોયો. બંસીલનું શરીર સ્નાયુબદ્ધ હતું, ખભા પહોળા હતા. હાસ્યમાં આકર્ષણ હતું. વાળ વાંકડિયા હતા.

'કોણ છે એ છોકરો ?' દામિનીએ બહેનપણીને પૂછ્યું હતું. વિચાર્યું :'તેને મિત્ર બનાવવો પડશે.'

સંબંધ વધતો ગયો. દામિનીએ મનોમન નક્કી કર્યું, 'બંસીલને પતિ બનાવવો છે.' થોડા સમયમાં જ બંને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ.

*

લગ્ન પછી હું અને દામિની લગભગ સાથે જ રહ્યાં છીએ. દામિની પ્રત્યે મને ખૂબ જ કૂણી લાગણી છે તેની ખબર પડી અમારા વચ્ચે જ્યારે પહેલી વાર ચડભડ થઈ ત્યારે. 'બધું ભૂલી જાઓ. આપણે એકસાથે નહીં જીવી શકીએ.' અમે એકબીજાંને સંભળાવી દીધું. છૂટાં પડ્યાં પછી દિલમાં કશીક વિચિત્ર લાગણી પેદા થઈ. લાગ્યું કે અમે અરસપરસ ચાહવા લાગ્યાં છીએ.

*

બાલ્યાવસ્થાથી જ બંસીલ કંઈ ને કંઈ સમારકામમાં જોતરાયેલો રહેતો. ક્યારેક સાઈકલ રિપૅર કરતો હોય તો ક્યારેક ઘડિયાળ ખોલીને બેઠો હોય. ટૂંકામાં, જે કાંઈ હાથમાં આવે તે પર મંડી પડ્યો હોય. બાર વર્ષની ઉંમરે તેને આવક

મળવા લાગી. કંઈ ને કંઈ કામ મળી રહેતું. ભણતો ત્યારે પણ સ્કૂલ છૂટ્યા પછી મળે તે કામ હાથ પર લેતો. રવિવારે પિતાને મદદ કરતો. પિતા ગિરિધરભાઈ મોટરકાર સમારવાનો ધંધો કરતા. હાઈ સ્કૂલનું શિક્ષણ પૂરું કરી બંસીલ પિતા સાથે કામ કરવા લાગ્યો.

દામિનીએ ૧૯૭૮માં માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું. બાજુમાં આવેલી સુપરમાર્કેટમાં કૅશિયર તરીકે જોડાઈ. તેણે પૈસા બચાવ્યા અને તેમાંથી વિવિધ ઓજારો ખરીદી બંસીલને ભેટ આપ્યાં. હવે પછી આવતી જન્માષ્ટમીના રોજ સગપણ જાહેર કરવાનું નક્કી કર્યું.

સગાં-સ્નેહીઓએ બંનેને પાગલ ગણ્યાં. ઉંમર બહુ નાની હતી, ગાંઠમાં નાણાં નહોતાં.

૧૯૭૯માં નવેમ્બરની ૩૦મી તારીખે બંને પરણી ગયાં. બંનેએ ૧૯ વર્ષ પૂરાં કર્યાં હતાં. મધુરજની માણવા બહાર જતાં ખર્ચ થાય. એટલા પૈસા ગજવામાં નહોતા.

*

લગ્ન પછીના શરૂઆતના દિવસોમાં અમારે ઠીકઠીક સંઘર્ષ કરવો પડ્યો. સૌને એમ કરવું પડે છે. સમસ્યા ઊભી થાય તો નિકાલ કરવો પડે છે. લગ્નજીવનમાં પતિ-પત્ની બંને જણે થોડી બાંધછોડ કરવી પડે છે.

*

બંસીલ અને દામિનીનું પારિવારિક જીવન એટલે દીવાનખાનામાં બેસી ટેલિવિઝન જોવું, મનગમતો નાસ્તો કરવો કે ક્યારેક થીએટરમાં ફિલ્મ જોવી. બંસીલને સંતોષ હતો. લગ્ન થયે વરસ પૂરું કરવામાં બે અઠવાડિયાં બાકી હતાં ત્યારે દામિનીએ કહ્યું, 'બાળક ઉછેરવાનો સમય નજીક આવી રહ્યો છે.' બંને સંતાનની રાહ જોવા લાગ્યાં.

*

કલ્પક, તારો જન્મ થયો તે અમને ખૂબ જ ગમ્યું. જો કે થોડી ક્ષણો માટે હું ગભરાઈ ગયો. પ્રત્યેક પુરુષના જીવનમાં આમ બનતું હશે. ભવિષ્યમાં તું પણ કેટલીક બાબતોથી ગભરાઈ જઈશ. તને ડર પણ લાગશે. પરંતુ ચિંતા ન કરતો. અંતે બધું સમું-સૂતરું પાર ઊતરશે.

*

કલ્પકનો જન્મ ૧૯૮૧ના ઑગસ્ટ મહિનામાં થયો હતો. વસુધા બેથી પણ ઓછા વર્ષના સમયમાં જન્મી. સમારકામમાંથી બંસીલ જે કાંઈ કમાતો અને દામિની સુપર માર્કેટમાં ખંડસમયની નોકરીમાંથી જે કશું લાવતી તેમાંથી ઘરનો વ્યવહાર માંડમાંડ ચાલતો.

પુત્રી વસુધા જન્મી ત્યાર પછી થોડા મહિના બાદ બંસીલે નસબંધીનું ઑપરેશન કરાવ્યું. બીજે અઠવાડિયે દામિનીએ ખબર આપી કે હજુ એક વધુ સંતાનની તે માતા બનવાની છે.

*

નૈષધ, તું જુદી માટીનો છે. સાચું કહું તો તું અમારા વચ્ચે ઘૂસી આવ્યો છે. તારાં ભાઈ-બહેન જેમ તને પણ અમે પ્રેમથી ઉછેર્યો છે. આ ખાસ અગત્યની બાબત છે.

તમારી સારસંભાળ રાખવામાં - બાળોતિયાં, દૂધની બાટલી વગેરેમાં - હું ઘણી વખત રાત્રે ફરજ બજાવતો. તને મોટો કરવાની અર્ધી જવાબદારી મારી છે, કારણ કે તું મારો અર્ધો ભાગ છે. તું તદ્દન મારા જેવો જ દેખાય છે. તારી મમ્મી કહે છે, 'આપણાં ત્રણેય છોકરાં બિલકુલ તમારા જેવાં જ દેખાય છે.' ઠીક છે, ભવિષ્યમાં તમે બધાં જાગશો ત્યારે તમારી મમ્મી તમને જોઈ મને જોયાંનો સંતોષ મેળવી શકશે.

*

નૈષધના જન્મ પછી બંનેના જીવનમાં તડકી-છાંયડી આવ્યે જ રાખી. ઘડીની ફુરસદ ન રહેતી. દામિની અને બંસીલની નાણાં-ખેંચ ચાલુ જ હતી. પરંતુ એકંદરે બંને સુખી હતાં.

માર્ચ ૧૯૮૫માં ગિરધરભાઈએ જોયું તો છેક બાળપણથી બંસીલના મોં પર એક મસો હતો તે કંઈક જુદી જાતનો લાગતો હતો. 'તું ડૉક્ટરને મસો બતાવી જો તો.' પિતાએ પુત્રને કહ્યું.

એક પ્લાસ્ટિક સર્જને મસો કાપ્યો. પેન્સિલ-રબર જેવડા કદનો તે હતો. બાયોપ્સી કરી. ખબર પડી કે મસો જીવલેણ હતો.

અઠવાડિયા બાદ બંસીલ હૉસ્પિટલમાં દાખલ થયો. ડૉક્ટરે મસાની આજુબાજુથી થોડું માંસ, નાની નસો અને મસાનો થોડો ભાગ વધુ તપાસ માટે લીધાં. ત્યાર બાદ બંસીલ અને દામિની ડૉક્ટર પાસે ગયાં ત્યારે ડૉક્ટરે કહ્યું, 'તપાસ કરતાં કશું જોખમકારક મળ્યું નથી.'

બંસીલ સાજો થયો એટલે કામે ચઢી ગયો. તેના પિતાએ થોડા વખત બાદ ધંધો સંકેલી લેવાનો નિશ્ચય કર્યો. પોતાનો અલગ ધંધો શરૂ કરવાનું બંસીલે નક્કી કર્યું.

*

હાઈ સ્કૂલ પૂરી કરી હું શું કરીશ તેનો મેં કાર્યક્રમ ઘડ્યો નહોતો. છેવટે પિતાને પગલે હું પણ મિકૅનિક થયો. સાડા સાત વરસથી હું મોટરકાર રિપૅર કરવાનો ધંધો કરું છું. આ કામ મારા લોહી સાથે ભળી ગયું છે. રિપૅર-કામનાં ઓજારો કલ્પક અને નૈષધ વારસારૂપે સંભાળે એવી મારી ઇચ્છા છે.

એવું ન માની બેસજો કે તમારા પિતા તમને માત્ર મિકૅનિક બનાવવા જ ચાહે છે. ખરું તો એ છે કે જે કામ કરવામાં મજા પડે તે કામ કરવું. કામ ગમે તેવું હોય, પરંતુ હંમેશાં યોગ્ય રીતે પાર પાડવું.

*

બંસીલે એક સાધારણ કક્ષાનું ગૅરેજ ભાડે રાખ્યું. પાછળના ભાગે એક રહેણાંક મકાન પણ હતું. અત્યારે તે ભાડે આપેલું હતું. બંસીલે મહેનત શરૂ કરી. તેનું કામ ભરોસાપાત્ર મનાતું. કેટલીક વેપારી-પેઢીઓએ તેની રિપેરર તરીકે ભલામણ શરૂ કરી. સંતોષાયેલા ગ્રાહકો બીજાઓને બંસીલના ગૅરેજમાં જવાની ભલામણ કરવા લાગ્યા.

થોડા મહિના પછી પાછળનું મકાન ખાલી થયું. બંસીલે તે મકાન ભાડે રાખી લીધું. કુટુંબને ત્યાં વસાવ્યું. દામિની અને છોકરાં સાથે રહેવા હવે બંસીલને વધુ સમય મળવા લાગ્યો.

નવા મકાનમાં રહેવા આવ્યે ૧૧ દિવસ થયા હતા અને બંસીલને પહેલી વખત તાણ આવી.

*

તમારા સહકારની તમારી મમ્મીને ખૂબ જ તમન્ના છે. કલ્પક, તું સૌથી વધારે મદદ કરી શકશે કેમ કે તું સૌથી મોટો છે, સમજુ છે. હું ઈચ્છું છું કે તું ભણતર ચાલુ રાખજે. પ્રગતિ કરતો રહેજે અને તારાં ભાઈબહેનને સહાયરૂપ થજે. તું જબરો છે. તને કદાચ ખબર નહીં હોય પણ તું સાચે જ જબરો છે.

વસુધા, આજે સવારે તારા કેટલાક ફોટોગ્રાફ મેં જોયા. તું ખરેખર દેખાવડી છો - એટલી જ મુક્ત મનની અને સ્વતંત્ર મિજાજની. તું ખુશમિજાજ છે. કાયમ ખુશ રહેજે.

નૈષધ, તું હજુ એવડો નાનકો છે કે બધાં તને બાજુ પર હડસેલ્યા કરશે. પણ તું તારું સ્થાન જમાવવાનો તે હું બરોબર જાણું છું. તું, ખરેખર, ભલો છોકરો છે.

*

દામિની અને બંસીલે સાથે મળીને સૌથી લાંબી અને અતિ મુશ્કેલ ટેપ ઉતારી. આંખોમાં ઉભરાતાં આંસુ રોકતી દામિની બંસીલની પડખે બેઠી અને પ્રશ્નો પૂછવા લાગી, 'તમારું સૌથી વધું ગમતું સામયિક કયું ? ઘરમાં તમને કયું કામ કરવું ગમે ?' કૅમરાની સામે બેસી બંને એકબીજામાં ઓતપ્રોત થઈ ગયાં. લગભગ બે કલાક સુધી તેઓએ ટેપ ઉતારી. અંતે બંનેના ચહેરા પર થાક દેખાતો હતો.

*

ઘરમાં સાફસૂફી કરવાનું કે વાસણો લૂછીને ગોઠવવામાં મને વાંધો ન હતો. આવું કામ કરવાની માણસમાં ઈચ્છા જાગવી જોઈએ. મને ઘરકામમાં તમારી મમ્મી જેમ બહુ ગતાગમ ન પડે. તમારી મમ્મીએ તો જીવનભર ઘરને વ્યવસ્થિત રાખ્યું છે.

જીવનસાથી તરીકે તમારી મમ્મી સફળ રહી છે. તે ખૂબ ભલી છે એ વાત ક્યારેય ભૂલશો નહીં. આજ સુધી તે મારા પડખે ઊભી જ છે. હું ઈચ્છું છું કે તમે સૌ મમ્મીને થાય તેટલો સહયોગ આપતા રેહજો. તમને હું ખૂબ વહાલ કરું છું તે યાદ રાખજો.

*

ઑક્ટોબરની અધવચ્ચે એક સંસ્થામાંથી સહાયરૂપે પૈસા મળતા થયા. બંસીલ અને દામિની અત્યાર સુધીમાં ક્યાંય એકલાં પ્રવાસે ગયાં નહોતાં. આથી બંને એકલાં આબુ ગયાં. પરત ફરતાં બંસીલને ફરી આંચકી આવી. એક અઠવાડિયું હૉસ્પિટલમાં રહેવું પડ્યું.

નવેમ્બરની શરૂઆતમાં બંસીલને ફરીથી હૉસ્પિટલનું શરણું લેવું પડ્યું. તબિયત બગડવા માંડી. પરંતુ તેની ઈચ્છા કુટુંબ વચ્ચે રહેવાની હતી. 'અહીંથી હું ક્યારે ઘેર જઈ શકીશ ?' બંસીલ કહ્યા કરતો, 'મારે ઘેર જવું છે.'

દામિનીએ ખૂબ મહેનત કરી. ત્રણ અઠવાડિયામાં તેણે હૉસ્પિટલ-સ્ટાફને ખાતરી કરાવી કે ઔષધો તે બંસીલને નિયમિત રીતે આપશે અને ગિરિધરભાઈની સહાયથી બરોબર સારવાર કરી શકશે. અંતે બંસીલ ઘેર આવ્યો.

નવેમ્બરની ૩૦મીએ તેઓની લગ્નતિથિ હતી. લગ્ન થયે સાત વર્ષ પૂરાં થયાં. દામિનીએ મિષ્ટાન્ન રાંધ્યું. પણ બંસીલ અર્ધ બેભાનાવસ્થામાં હતો. ભાનમાં રહેવા ભરચક પ્રયત્ન કરતો હતો. છોકરાં સાથે વાતો કરતો, પરંતુ થોડી થોડી વારે તે બેશુદ્ધ બની જતો. દામિની સહિત સૌને ખાતરી થઈ કે હવે બધું પૂરું થવામાં છે. પિતા ગિરિધરભાઈ ત્યાં બેઠા જ રહ્યા. કલ્પક, દામિની અને એક મિત્ર પણ હાજર હતાં.

'અમે અહીં જ છીએ. ગભરાશો નહીં.' બંસીલના ખભા પર માથું ટેકવતાં દામિની બોલી, 'તમે ભગવાનને ઘેર સિધાવો. અમે તમને ખૂબ જ વહાલ કરીએ છીએ.'

*

તમે સૌ બહાદુર છો તે હું જાણું છું. હું તમને નિરખતો રહીશ. ઈશ્વર જેવી કોઈક હસ્તી છે તેની મને ખબર છે. હું અહીં તમારી આસપાસમાં જ હોઈશ, તમારું જ ચિંતન કરતો રહીશ, તમને વહાલ કરતો રહીશ.

દામિની, સમય ઝડપથી પસાર થઈ ગયો. આમ બન્યું તેનું મને દુ:ખ છે. તું બહાદુર છે. હજુ વધુ બહાદુર બનજે.

તમને સૌને 'આવજો' કહેવાની મને લગરીક પણ મરજી નથી. હું ક્યાંય જવાનો નથી, તમને જોતો રહેવાનો છું.

કલ્પક, વસુધા, નૈષધ, મને આલિંગન કરવાની તમને ઈચ્છા થાય ત્યારે મમ્મીને આલિંગન કરજો. એમ કરશો એટલે મને જ ભેટી રહ્યાં છો એવું લાગશે. તમારી મમ્મી મારી અર્ધાંગિની છે ને !

હજુ પણ ઈચ્છા છે કે તમને લાંબા સમય સુધી હું આલિંગનમાં લઈ શકું. ❑

(બંસીલના રેકૉર્ડ સંવાદો અલગ ટાઈપમાં છે.)

(Bonnie Remsbergની એક અંગ્રેજી વાર્તાનું રૂપાંતર.)

વિનોદિકા

કંકુ છાંટી કંકોતરી મોકલી !

કૃષ્ણ પંડિત

ભર્તૃહરિએ કહ્યું છે : 'કમનસીબ એવો કે એ જાય તે પહેલાં આપત્તિ ત્યાં પહોંચી જાય.' મારી બદલી થઈ ને હું પહોંચું તે પહેલાં મારો ઈજનેરી સ્ટાફ, વફાદાર પટાવાળો, ભદ્ર ડ્રાઈવર તથા મારા કાર્યાલયમાંથી ફાળવેલ નવી કાર ઈત્યાદિ, સઘળું મારા કાર્યાલયમાંથી અન્ય કચેરીને તબદીલ થયું. એનો સીધો અર્થ એ નીકળી શકે કે ભાગ્યશાળી એવા મારા પુરોગામીએ જે દિ' તેમની ખુરશી છોડી તે દિ' આ સઘળી સગવડો ઝૂંટવાઈ ગઈ ને કમનસીબ એવો હું કે જેને માટે સઘળી અગવડો ઊભી થઈ. એક દિ' મારા બૉસ મારી કચેરીની મુલાકાતે આવ્યા, ત્યારે તેમને પાણીનો ગ્લાસ ધરનાર કોઈ ન હતું. તેમણે તૉરમાં પૂછ્યું, 'તમારો સગળો સ્ટાફ ક્યાં રખડે છે ? પટાવાળા ક્યાં ગ્યા ? આ તમારી કચેરી તો જુઓ ? આ તો કચેરી છે કે ઊકરડો ?' મેં ગળગળા અવાજે કહ્યું, 'સાહેબ, સ્ટાફમાં ચાર જૂનિઅર એન્જિનીઅર હતા. તેમાંથી ત્રણની બદલી થઈ છે. એક જણને કામે મોકલ્યો છે. એક પટાવાળો હતો જેને તમે બદલી કરાવી તમારે ત્યાં બોલાવી લીધો !'

સાહેબ વધા, 'ઓહ ! આઈ ઍમ સૉરી. તમારી સ્થિતિ નિરાધાર મહિલાઓ કરતાં પણ બદતર છે. સંસદમાં મહિલા આરક્ષણને બદલે તમારા જેવા સારુ સ્ટાફ આરક્ષણ બિલ લાવવું જોઈએ. કરકસરના બહાને સરકારે તમારી સ્થિતિ એવી તો દયનીય કરી નાખી છે કે...'

સરકારની કરકસરની પૉલિસી; અમારી હાઈ સ્કૂલમાં નાહકમાં કરાવાતી કસરત જેવી છે. મારા ગામની શાળા કસ્બાની શાળા હોઈ ૫૦% જેટલા વિદ્યાર્થીઓ અડખે-પડખેના ગામડેથી ૭થી ૧૦કિમી. ચાલી વહેલી સવારે અથવા સવારે ૧૦ કલાકે આવતા. પી. ટી. ટીચરના આગ્રહને લીધે સ્કૂલ શરૂ થતાં અગાઉ અમારે એક કલાક કસરત - દેહદમન - ફરજિયાત કરવું પડતું. આ ભગીરથ કસરતથી શાળાની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો. વધુમાં મારી શાળામાં મારા ઉપરાંત મારા જેવા નબળું શરીર ધરાવતા કસરત તથા ભણતર-વિરોધી ઘણા વિદ્યાર્થી હતા.

અમને લાગતું કે અમારા ગુરુજીઓ વર્ગખંડોમાં ભણાવવાને બદલે વર્ગખંડ બહાર મેદાનમાં કસરત કરવા સારું શાળાએ અમને બોલાવે છે. ચાલુ પીરિઅડે, મારા ગુરુજી ભણાવતા હોય ત્યારે મારે ફિઝિકલ એડ્યુકેશનને પ્રાધાન્ય આપવું કે મેન્ટલ એડ્યુકેશનને આપવું તે બાબતે નીતિવિષયક એવા ખૂબ વિચારો કરવાથી મારું થાકેલું મન કોઈ નિર્ણય ન લઈ શકતાં ઊંઘી જતું.

તે પછી મારી સ્ટાફવેદના થકી સાહેબનું હૃદય ભરાઈ આવ્યું હોઈ તેમણે તેમની કચેરીમાંથી 'કાનાજી' નામના એક પટાવાળાને તડીપાર કરી મારે ત્યાં મોકલી આપ્યો. આ કાનાજીએ તેના દેખાવ-વર્તનને સેવાને બદલે મારી પ્રત્યે વાચાળતા વાપરી, ભીની લાગણી દેખાડી; મારું દિલ જીતી લઈ મારી આંખ ઠારી તે થકી મને લાગ્યું કે, 'સાહેબે છેવટે લાગણીશીલ પટાવાળો તો આપ્યો જ !...' સાહેબે થોડોક બીજો સ્ટાફ પણ પછીથી આપ્યો. ઘરેણાં થકી લદાયેલી દુલ્હનને મન શરીર ઉપરનાં અન્ય આભૂષણો કરતાં મંગલસૂત્રનું મૂલ્ય અદકું છે. તે રીતે મારા કાર્યાલયનો અન્ય સ્ટાફ ઝાંઝર, કટિમેખલા, ને કંગન જેવો હતો જ્યારે આ કાનાજી મારા તથા મારા કાર્યાલય પૂરતો 'મંગલસૂત્ર' જેવો હતો. કાનાજી ઑફિસમાં ઓછું ને ઑફિસ બહાર વધુ રહેતો. કોઈને કહ્યા સિવાય 'ગાપચી' મારતો, ત્યારે મારો સ્ટાફ તથા અન્ય કાર્યાલયના પટાવાળા મજાકમાં કહેતા, 'સાહેબનું મંગલસૂત્ર ક્યાંક ખોવાયું લાગે છે. આજે એ નહીં આવે, કારણ તે ગાપચી લીવ પર છે.' કાનાજી મૂછાળો મર્દ હોવા છતાં નરમાંથી નાન્યતર જાતિમાં રૂપાંતર કરી સહુ બોલતાં, 'પેલું સાહેબનું મંગલસૂત્ર ક્યાં ગયું ?' સ્ટાફનો ઘણોખરો સમય સરકારી કામને બદલે કાનાજીની હાજરી-ગેરહાજરીની વિષદ્ આલોચના પાછળ જતો. હવે મૂળ વાત પર આવીએ. ઑફિસમાં હાજર હોય ત્યારે, કાનાજી મારી સેવામાં ખડેપગે હાજર રહેતો. મારા સ્ટાફે મને જો કે ફરિયાદ કરેલી કે, 'કાનાજી ઑફિસમાં જ્યારે જ્યારે હાજર હોય ત્યારે ઘણુંખરું ઊંઘ્યા કરે છે, તેથી અમારી બેલ સાંભળનાર કોઈ નથી.' કાનાજી વિષેની ફરિયાદ આગળ લંબાવતા મારા મદદનીશ ઈજનેરે તો આક્રોશસહ કહ્યું કે, 'જગતમાં ગરીબનું કોઈ બેલી નથી તે રીતે પટાવાળા પૂરતું આ જગતમાં (ઑફિસમાં) અમારું કોઈ બેલી નથી. વળી, નિર્ધન પુરુષને જે રીતે એની પત્ની પણ ત્યજી જાય છે એમ કાનાજીએ અમને ત્યજી દીધા છે. તે થકી ત્યજાએલું બાળક જેમ મંદિરના ઓટલે પડ્યું હોય તેમ અમો કાર્યાલયમાં પડ્યા છીએ.' હું ગમગીન થઈ ગયો. એકલો પડી ગયો, કારણ આ ફરિયાદ સામે સ્વબચાવ માટે લડાયક દલીલો કરનાર કાનાજી મારી પડખે ન હતો.

કાનાજીની બેદરકારી પંદરેક દિ'થી વધી છે. એમ જ્યારે તે પંદર દિ'ની વધારેલી દાઢી સાથે મારી રૂમમાં મને પાણી આપવા આવ્યો ત્યારે મને લાગ્યું. મેં પૂછ્યું, 'કેમ દાઢી વધારી

છે?' તેણે કહ્યું, 'કામ આવ્યું હોઈ પંદર દિ'થી દાઢી છોલી નથી.' મેં વિવેક કર્યો, 'મારા લાયક કામકાજ હોય તો કહેજે. વળી દાઢી કરવાનો ટેમ ન મળે તેવું શું કામ આવ્યું છે?' મારા બદલે વિવેક કરનાર જો મિત્ર પટાવાળો હોત તો કહેત; (મજાકમાં) મારી દાઢી છોલવાનું તમારે લાયક કામ બચ્યું છે. પણ મારી ખાતર તેણે કહ્યું, 'દીકરાનાં લગ્ન લીધાં છે એટલે હમણાં ટેમ રહેતો નથી.' મેં કહ્યું, 'દીકરાનાં લગ્નમાં કામ કરવાનું થાય તો કન્યાના બાપને થાય. વરના બાપે તો દિ'માં બે વખત દાઢી છોલી તૈયાર રહેવું જોઈએ.' પછી તેણે એક કંકોતરી મારા ટેબલ ઉપર મૂકી. આ 'સેમ્પલ કંકોતરી'માં લાલ-લીલી શાહીથી લખાણોમાં અનેકાનેક સુધારા થયા હતા. કલરફેર સાથે રદ્દી જેવી થઈ ચૂકેલી કંકોતરી જોઈ મેં પૂછ્યું, 'કાનાજી, ચાના કપ મૂકવા આપણે ડિશો લાવ્યા છીએ એટલે તું હવેથી કપ માટે આવી કંકોતરી ન મૂક.'

તેણે કહ્યું, 'આપણાં લગ્નની આ કંકોતરી છે. સાહેબ પસ્તી નથી.'

મેં પૂછ્યું, 'આપણા લગ્ન એટલે તારાં લગ્ન છે?'

તે વધ્યો, 'ના, આપણા દીકરાનાં લગ્ન છે.' તે દીકરો સાર્વજનિક હોય તેમ વધ્યો.

મેં પૂછ્યું, 'દીકરાનું નામ?' જવાબ, 'પશલો.'

મેં પૂછ્યું, 'પશલાને બદલે અહીં તો પશાજી લખ્યું છે. વળી, પશાજી છેકી થોડેક દૂર વિહાજી પણ વંચાય છે. આ વિહાજી કોણ છે?'

તેણે કહ્યું, 'પશલો તો અમારું આપેલું ઘરગથ્થું નામ છે, પણ સાહેબ, કંકોતરીમાં પશલો થોડું લખાય? ચિ. પશાજી લખવું પડેને!'

મેં કહ્યું, 'કંકોતરી પૂરતું તે પશલા માટે પશાજી લખી તેને જે ઈજ્જત અને માન આપ્યું તે સારું કર્યું. પરંતુ પરીક્ષાના પ્રશ્નપત્રમાં જે રીતે ઑપ્શન હોય છે તે રીતે પશાજીની બાજુમાં તેં વિહાજી લખી ઑપ્શન આપ્યો છે. એટલે; 'આઈધર-ઑર' જેમ પશાજી નહીં તો વિહાજીનાં લગ્ન એવો અર્થ અહીં નીકળે છે. તો આ વિહાજી કોણ છે?' કાનાજી બહાર બેલ વાગતાં તે અટેન્ડ કરવા ગયો. કહે છે કે, 'ઋષિ અષ્ટાવક્ર માના ગર્ભમાં હતા ત્યારે તેમના પિતાશ્રીનું સંસ્કૃત શ્લોકના ખોટા ઉચ્ચારણો તરફ ધ્યાન દોર્યું હતું. એ રીતે આ કંકોતરીની ખૂબીઓ-ત્રૂટીઓ તરફ હું ધ્યાન દોરી રહ્યો હતો. આ કંકોતરી બહુરંગી ને બદલે જંગી ત્રૂટીઓથી ભરેલી હતી. આસીમ રાંદેરીએ કંકોતરી વિષે લખ્યું છે : 'સુંદર ન કેમ હોય કે સુંદર પ્રસંગ છે.
કંકોતરીમાં રૂપ છે, શોભા છે, રંગ છે.'

આ કંકોતરી સ્ક્રૂટિની માટે ઘણા હાથોમાંથી પસાર થઈ હતી. ગામના સાર્વજનિક ઊકરડે સહુ કોઈ તગારું નાખી આવે તે રીતે દરેકે સુધારાવધારા કર્યા હતા. કંકોતરીમાં કશુંક ઉમેર્યું હતું, કશુંક છેક્યું હતું. પ્રસંગ ભલે સુંદર હોય કંકોતરી અસુંદર હતી. રાંદેરીસાહેબે કાનાજીની કંકોતરી જોઈ હોત તો એમણે લખેલ શેર બદલવા તે તૈયાર થઈ ચૂક્યા હોત!

બીડીના બે કસ મારી કાનાજી આવી બોલ્યો, 'સાહેબ, તમો વિહાજીનું પૂછતા હતાને? વિહાજી મારા સ્વર્ગસ્થ પિતાશ્રી છે. એ તો એવા મહાન પુરુષ હતા કે સ્ત્રી શું ચીજ છે એ સારી રીતે સમજતા. વળી, કુળદીપક હતા. મારા કુળનું નામ રોશન કરીને ગ્યા.'

મેં પૂછ્યું, 'તારા બાપુજી પેદા થ્યા એ પહેલાં તારા ઘરમાં લાઇટ નહોતી? વળી, એ કુળદીપક બાપે એવું તો શું કર્યું કે...?'

તેણે કહ્યું, 'તે જાતે ત્રણ વખત પરણ્યા ને મને બે વખત પરણાવ્યો. મારે ઘેર બાપુજી જીવતા ત્યારે બે મા હતી, જેનાં ૮ છોકરાં હતાં.' કહે છે કે, 'હાડકાં તૂટે ને લોહી વહે ત્યારે જ પોલીસકેસ સૉલિડ થાય એમ વિહાજીના જમાનામાં ત્રણેક બૈરાંને ડઝનેક છોકરાં થાય ત્યારે જ ઘરગૃહસ્થી સફળ થઈ ગણાય.'

જે રીતે પ્લાસ્ટિકની ચીજોની લારી લઈ ફરતો ફેરિયો સફારી ને સૂટ પહેરે છે તે રીતે મામૂલી પગાર મેળવતા સરકારી કર્મચારીઓ બબ્બે ગાડીઓ નિભાવે છે. તે રીતે કાનાજી બે બૈરાં નિભાવે છે; તે જાણી મને પૃચ્છા કરવાની ઇચ્છા થઈ. હિંમત ભીડી મેં પૂછ્યું, 'કાનાજી, તેં ત્રીજી પત્ની શા માટે ન કરી?' તે વધ્યો, 'આપતો જાણો છો કે હું સરકારી કર્મચારી તેથી બીજી પત્ની પણ ન કરી શકું. જ્યારે મારા પિતા સરકારી કર્મચારી ન હતા. વળી શાદી સંદર્ભે, શાદી એ એમના કિસ્સામાં કમજોરી હતી, તેથી તે ત્રણ શાદી કરી શક્યા. જ્યારે મારા કિસ્સામાં બીજી શાદી એ પણ મારી મજબૂરી હતી, કારણ કે હોનહાર એવી મારી પહેલી પત્ની ૧૫ તોલા દાગીના, જી.પી. ફંડનો મારો રૂ. ૧૫૦૦૦નો ઉપાડ તથા મારા પડોશીને લઈ ભાગી ગઈ. તેથી મને આઘાત લાગ્યો. જોકે બીજી પત્ની કરવા સંદર્ભે મારા પિતાશ્રી એ મારું સૂતેલ પુરુષત્વ જગાડ્યું. પરિણામે નાછૂટકે મેં બીજાં લગ્ન કરી લીધાં.'

સુંદર સ્ત્રી તરફ જે રીતે, સહજપણે પ્રત્યેક પુરુષનું ધ્યાન ખેંચાય તથા જરૂર હોય કે ન હોય, યથાશક્તિ સહાય કરી સ્ત્રી-દાક્ષિણ્ય દેખાડવાનું પ્રલોભન થાય તે રીતે અસુંદર કંકોતરી સંદર્ભે કાનાજીએ કરેલી સુંદર વાતોથી કંકોતરી વિષે વધુ પ્રશ્નોત્તરી કરવાની લાલચ રોકી નહિ શકવાથી મેં પૂછ્યું,

'કાનાજી, આ પશાજી છેકી પાછું બબાજી કેમ લખ્યું છે ?' નિસાસો નાખી કાનાજી વધો, 'મારો પસલો છે જ ફૂટેલા નસીબનો. કંકોતરી છપાઈને ઘેર આવી, ત્યાં વેવાઈ આવ્યા ને કહ્યું કે તમારા નાના દીકરા હારે મારી દીકરીનું ગોઠવવા રાજી હો તો અમે સંમત છીએ, બાકી પશાજીની જાન લઈ મારા ગામ ડોકાણા તો અમાં જાન હથેળી ઉપર લઈ ધીંગાણું માંડશું. બે-ચાર લાશો પડી જાહે. તે સમાજમાં આપણા બંનેનાં ખોરડાંની બેઇજ્જતી થાહે તે લટકામાં.' ધૂળ જેવી વાતમાં તકરાર માંડી કન્યા ખોવી પાલવે તેમ ન હોઈ મેં મારા કુટુંબીઓને ભેગાં કર્યાં. એમાં ચર્ચા માંડી, એટલે મારા કાકા નેનાજીએ કહ્યું કે, 'આપણે કંકોતરી છપાવી દીધી છે. જાહેરાત પણ કરી દીધી છે. ને મીં તો નવી બંડી તથા પહેરણ ને ટોપી સીવડાવી દીધાં છે એટલે પશાને મેલો તડકે ને બબાજીનું કરો નક્કી...' આમ અમે બબાજી માટે હા પાડી દીધી. મેં પૂછ્યું, 'બબાજીના લગ્નની કંકોતરી છે ?' નિસાસો નાખી તે વધો, 'ના ભાઈ ના, આ કંકોતરી તો છે પશાની જ.' એક પછી એક આંચકા આપ્યે જતો હતો.

તે થકી ઑફિસમાં આવી પીધેલી મારી બે કપ ચા હજમ થઈ ગઈ. મફતમાં ચા પાઈ શકે તેવા કોઈ કન્ટ્રાટી પણ મારી પ્રતિભાને લીધે મારી ચૅમ્બરમાં આવવાને બદલે સ્ટાફને ચા પાઈ જતા રહેતા. મેં કહ્યું, 'કાનાજી, જે રીતે ભિખારીને ક્યાં જવું તે નક્કી નથી તેમ આ કંકોતરીમાં કોનાં લગ્ન છે એ હું નક્કી કરી શકતો નથી. કહે છે કે ગણિતમાં કાલ્પનિક સંખ્યા આવે છે તેમ આ કંકોતરી જોતાં લાગે છે કે લગ્ન કાલ્પનિક લાગે છે.' કાનાજી ઉવાચ, 'તો સાહેબ, તમારી જેમ આજની ઘડી સુધી અમો પણ નક્કી કરી શક્યા નથી કે મારે બબાની જાન લઈ જવાની છે કે પશાની. કહું છું તમો 'કાલ્પનિક' બોલ્યા, 'એ શું ?' ટૂંકાવી મેં પૂછ્યું, 'પછી શું થયું તે આગળ ચલાવને ભઈલા.'

કાનાજી વધો, 'મારા એક વાલેશરીએ કહ્યું કે, 'તમારો વેવાઈ નાતમાં કહેતો ફરે છે કે પશલામાં મેઠું નથી એટલે અમે બબાજી હારે ગોઠવ્યું છે....'

હું, 'હેં ! પછી શું થયું ?'

કાનાજી, 'સાહેબ તમે જ કહો કે, ક્યો બાપ ઇના ખોરડાની આ બેઇજ્જતી સાંખી લે ?'

મેં પૂછ્યુ, 'તેં શું કર્યું ?'

તેણે કહ્યું, 'એ વેવાઈએ જમાઈ બદલી નાખ્યો એટલે મેં વેવાઈ બદલી નાખ્યો. એ ભાંજગડમાં લગ્નની ચારેક તારીખ બદલાણી. ભલે, પણ હવે આ તારીખ ફાઈનલ છે. મારો પશો જ હવે ઘોડે ચડશે ઇમાં મીનમેખ નહીં, હોં !' ❑

પ્રસંગચિત્ર

સાપ સાથે લૅન્ડસ્કેપ

નટુ મિસ્ત્રી 'ચેતક'

અમો ત્રણ કલાકાર મિત્રો અવારનવાર અથવા રવિવારની રજાના દિવસે અમદાવાદની નજીકમાં જઈ લૅન્ડસ્કેપ કરતા. આવા જ એક ચોમાસા પછીના દિવસે અમે નીકળ્યા. સરખેજથી ગાંધીનગર હાઇવે પર છારોડી ગામના રસ્તા પરથી જ સરસ મજાનું તળાવ અને ઘેઘૂર વડ દેખાયો. સ્પોટ ગમી ગઈ. પછી તો કલાકારોએ ધડાધડ પોતપોતાના કીટ કાઢી, સારા અંગલની પસંદગી કરવા દરેક કલાકાર કામે લાગી ગયો.

તળાવના કિનારે એક હવાડો. હવાડાની બાજુમાં થોરની વાડ સાથેનો એક વાડો. એ વાડાની પાછલી વાડ તળાવના કિનારે પડે. ત્યાં થોડું ઘાસ ઊગેલું. અને આ જગાએથી વડ, પાણી, એમાં પડતું પ્રતિબિંબ, વડની પાછળ ટેકરા પર નાનકડું મંદિર, પાછળ દૂર માટીનાં ખોરડાં ખરેખર દૃશ્ય ઍંગલ સુંદર લાગતો હતો. મેં તો આ જગાએ બેસી આ જ ઍંગલથી લૅન્ડ-સ્કેપ કરવાનું નક્કી કર્યું.

એકાદ રંગમાં લૅન્ડસ્કેપ કરતાં લગભગ બેથી અઢી કલાક સમય લાગતો હોય છે. ત્રણે મિત્રો થોડા થોડા અંતરે બેસી કામ કરતા હતા. ગામનાં લોકોની અવરજવ ની આ મુખ્ય જગા હતી. એટલે કલાકેક પછી તો કુતૂહલવશ લોકોનું ટોળું જમા થવા લાગ્યું. પણ અમે અમારા કામમાં મગ્ન હતા.

આમ કામ કરતાં કરતાં લગભગ સાડા દસનો સમય થયો. શાળા શરૂ થવાનો સમય થયો હશે એટલે શાળામાં જવા માટે બાળકો પણ ખભે દફતર ભરાવી ત્યાંથી પસાર થવા લાગ્યાં. બાળકોમાં ચિત્રકામ પ્રત્યેની અભિરુચિ વધારે હોય એટલે તે તો દોડતાં દોડતાં કુતૂહલવશ કલાકારોની આગળ પાછળ જ્યાં જગા હોય ત્યાં બેસી ચિત્રકામ જોવા લાગ્યાં.


પણ થોડા વખતમાં જ હું બેઠો હતો ત્યાં મારી પાછળ બેઠેલાં બાળકો એકદમ ચમકીને બૂમો પાડી ભાગ્યાં. બૂમ હતી દોડો... દોડો... સાપ....હું કંઈ સમજુ એ પહેલાં તો ત્યાં આજુબાજુ ઊભેલાં બે ભાઈએ ઝડપથી મારી તરફ દોડી મને હું બેઠો હતો ત્યાંથી હાથ પકડી લગભગ ખેંચી દૂર લઈ ગયા. પછી મને શાંતિથી સમજાવ્યું કે સાપ સાથે બેસીને જ મેં લગભગ બે કલાક કામ કર્યું હતું.

હશે; કદાચ સાપને પણ લૅન્ડસ્કેપ કરતા જોવાની મજા આવી હશે. એ બિચારો વાડમાંથી ચૂપચાપ જોયા કરતો હશે.

જનીનવિજ્ઞાન અને માર્ક્સની વિચારધારા

ડૉ. જે. પી. ત્રિવેદી

આનુવંશિકતા ભાવિ પેઢીને નક્કી કરે છે એ વિચારધારા તેમજ ડાર્વિનનાં તારણોએ પશ્ચિમમાં શરૂઆતમાં મોટો વિરોધવંટોળ જગાવેલો. પરંતુ ૧૯૩૦ના સોવિયેત યૂનિયનમાં ડાર્વિનવાદ વિરુદ્ધની વિચારધારાવાળો લેમાર્કવાદ (Lamarck-ism) ખૂબ પ્રબળ હતો. ફ્રાન્સના જીન બૅપ્તિસ્તા પીઅરે લામાર્ક (૧૭૪૪-૧૮૨૯) દ્વારા ૧૮૦૯માં એવો સિદ્ધાંત રજૂ થયેલો



કે એક જાતિ (species) તેનામાં સતત નવાં લક્ષણો વિકસાવવા પ્રયત્ન કરતી રહે તો તેના દ્વારા પ્રાપ્ત થયેલા નવાં આંશિક લક્ષણો તેની ભાવિ પેઢીમાં વારસામાં ઊતરે છે. લામાર્કે ખૂબ જ જાણીતું જિરાફનું ઉદાહરણ આપેલું કે આફ્રિકાના ઘાસના વિશાળ મેદાનોમાંનાં ઊંચાં વૃક્ષો ઉપરનાં પાંદડાં ખાવા માટે આધુનિક જિરાફના પૂર્વજોએ તેમની ડોક સતત ઊંચી ખેંચવાનો પ્રયત્ન કરેલો જેના પરિણામે દર પેઢીએ તેમની ડોક થોડી લાંબી થતી રહી અને વારસામાં ઊતરી. આ પ્રયત્નો પેઢી - દર - પેઢી સતત થતા રહેલા હોવાને કારણે આજના જિરાફની ડોક લાંબી થઈ છે. આને લામાર્કનો સિદ્ધાંત 'Inheritance of acquired characters' અથવા 'પ્રાપ્ત કરેલાં લક્ષણોનું વારસામાં ઊતરવું' કહે છે.

૧૯૩૦ દરમિયાન સોવિયેત જીવવિજ્ઞાનીઓએ લામાર્કના સિદ્ધાંતને 'રાજકીય' રંગ આપ્યો. ડાર્વિનવાદ/મૅન્ડલવાદ એ બુર્ઝવા મૂડીવાદીઓનું માર્ક્સવાદ સામેનું કાવતરું માનવામાં આવ્યું અને જે કોઈ રશિયન વિજ્ઞાની ડાર્વિન-મૅન્ડલવાદી જનીનશાસ્ત્ર પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે તેને સાઈબિરીઆની વન-વે ટિકિટ મળી જતી.

જોસેફ સ્ટાલીનને માનવ તો શું પણ વટાણાના બીજના આકાર (મૅન્ડલના પ્રયોગો) અંગેનો નિર્ણય પણ જનીનો દ્વારા થતો હોય છે તે વિચાર ખૂબ ધૃણાસ્પદ લાગ્યો. માર્ક્સવાદની વિચારધારા મુજબ લામાર્કવાદ વધુ અનુકૂળ જણાયો જે વ્યક્તિને ઘડવામાં માત્ર બાહ્ય પરિસ્થિતિ તથા સામાજિક વ્યવસ્થા જ મુખ્ય ભાગ ભજવે છે તેમ માનતો. આ માટે સ્ટાલીને એક રાજકીય ટેકેદાર રશિયન કૃષિ-વિજ્ઞાની ટ્રોફીમ લાયસેન્કો (૧૮૯૮-૧૯૭૬)માં શોધી કાઢ્યો. લાયસેન્કો ખેડૂત પરિવારમાંથી આવેલો કૃષિવિજ્ઞાની તથા જનીનવિજ્ઞાની હતો. તેણે ઘઉંના 'ત્વરિત વિકાસન' (vernalization) ઉપરના પ્રયોગો દ્વારા નામના મેળવેલી. આ ત્વરિત વિકાસન પદ્ધતિમાં ઘઉંનાં બીજને નીચા તાપમાને થીજાવી દેવામાં આવે છે, જેથી ત્યાર પછીની વસંતઋતુમાં તેમને વાવવાથી અંકુર વહેલા ફૂટે છે. લાયસેન્કોનો દાવો હતો કે વાતાવરણમાં ફેરફાર દ્વારા પાકની ભાવિ નસ્લમાં તે વારસામાં ઊતરે છે. સામાન્ય સ્વીકૃત મૅન્ડલ, મૉર્ગન તથા અન્ય જનીનવિજ્ઞાનીઓથી વિરુદ્ધ માન્યતા હતી. લાયસેન્કોની વિચારધારા કમ્યૂનિસ્ટ વિચારધારા સાથે બંધબેસતી હતી. કુદરતને જો આ રીતે સરળતાથી કાબૂમાં લઈ શકાય તો લોકોને તેમની સામ્યવાદી વિચારધારામાં સહેલાઈથી ભેળવી શકાય. સ્ટાલીને તો સોવિયેત યૂનિયનનાં પાઠ્યપુસ્તકો પણ લાઈસેન્કોની વિચારધારા અનુરૂપ ફરી લખાવેલાં. પશ્ચિમને આ પદ્ધતિની જાણકારી હતી પરંતુ જો લાઈસેન્કોનો વાદ સાચો હોય તો કૃષિમૂલ્યો પર આનો પ્રચંડ પ્રભાવ એના પ્રદેશોમાં પડે જ્યાં ઘઉં ઊગવાની ઋતુઓ ઘણી ટૂંકી રહેતી.

લાયસેન્કોએ અન્નની અછતના કાયમી ઉકેલ માટે આ વૈજ્ઞાનિક શૉર્ટ-કટનો આગ્રહ રાખ્યો. દા.ત. ઘઉંના પાકને ખૂબ ઠંડીરૂપી પ્રચંડ આઘાતો પ્રત્યે ખુલ્લા કરીને તેણે દાવો કર્યો કે તેમાંથી નવા અને બારેમાસ ઠંડી હવા સહી શકે તેવા ખડતલ હિમ તથા બરફ-પ્રતિકારક પાક ઉગાડી શકાશે. આ વેળાએ લાયસેન્કો ડિરેક્ટર ઑફ ઍગ્રિકલ્ચરનો વડો નિમાયેલો. આ સ્થાનને લીધે તેને પૂરતું રાજકીય અને વૈજ્ઞાનિક આધિપત્ય મળ્યું અને લામાર્કની વિચારધારા રશિયન જીવવિજ્ઞાન ઉપર પૂર્ણપણે ઠોકી બેસાડવામાં આવી તથા તેના વિરોધીઓને ક્રૂરતાથી ઠેકાણે પાડી દેવાયા. જનીનવિજ્ઞાનીઓને રાજ્યના આદેશથી તદ્દન સ્પષ્ટ પસંદગી અપાઈ - કાં તો મૅન્ડલવાદ તથા તેના મૂડીવાદી કાવતરાને તિલાંજલિ આપો અથવા સાઈબિરીઆના લેબર-કૅમ્પમાં જેલવાસ ભોગવો. ત્યારે અનેક વિજ્ઞાનીઓને કારાવાસ આપવામાં આવેલો.

આના વિરોધમાં એક મૅન્ડલવાદી શહીદ આગળ આવ્યો. નિકોલાઈ વેવીલોવ (૧૮૮૭-૧૯૪૩) સોવિયેત યૂનિયનનો એક ઉત્તમ આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત વનસ્પતિજનીનવિજ્ઞાની હતો. વેવીલોવે કેમ્બ્રિજમાં શિક્ષણ લીધેલું તથા લેનિન દ્વારા ૧૯૨૦માં સોવિયેત કૃષિ સંશોધન માટે ઍકેડેમી ઑફ ઍગ્રિકલ્ચર સાયન્સીઝનો ડિરેક્ટર નિમાયેલ. તેણે લગભગ ૪૦૦ સંશોધન કેન્દ્રો સ્થાપેલાં તથા ઘઉંના ૨૬૦૦૦ જુદા જુદા પ્રકારોનો સંગ્રહ કરેલો. વેવીલોવની આંતરરાષ્ટ્રિય ખ્યાતિ સામે લાયસેન્કોએ સખત દોષારોપણ કરી જાહેર કરેલું કે તે ઇંગ્લન્ડમાં ભણેલો બુઝર્વા છે તથા સામ્યવાદનો વિરોધી છે. સ્ટાલીનની મદદથી લાયસેન્કોએ વેવીલોવને તેના આ સ્થાનેથી ખસેડાવ્યો. રાજ્ય તરફથી તેને ૧૯૪૦માં ગિરફતાર કરવામાં

આવ્યો. ૧૭૦૦ કલાક સુધી તેની પૂછપરછ ચાલી અને છેવટે પાંચ જ મિનિટની તેના મુકદ્દમાની સુનાવણી બાદ તેને રાજ્ય સામે જમણેરી કાવતરામાં ભાગ લેવા, ઈંગ્લન્ડ માટે જાસૂસી કરવા તથા કૃષિક્ષેત્રમાં ભાંગફોડ કરવા સબબ ગુનેગાર ઠેરવવામાં આવ્યો. તેના મુકદ્દમા દરમિયાન વેવીલોવે સ્પષ્ટપણે જાહેર કર્યું કે : 'We shall go to the pyre

We shall burn out,

We shall not renounce our convictions'

(અમે ચિતા ઉપર ચડી જઈશું, બળીને ખાખ થઈ જઈશું પરંતુ અમારી (વૈજ્ઞાનિક સત્ય અંગેની) માન્યતા છોડીશું નહિ.)

વેવીલોવ સાઈબિરીઆના મૅગાડાન(Magadan)ની કેદીઓની છાવણીમાં ૧૯૪૩માં મરણ પામ્યો. સાચા વિજ્ઞાનવીરની આ કેવી ભવ્ય શહાદત !

લાયેસેન્કોએ તો સોવિયેત કૃષિમાં ક્રાંતિ લાવવાનું વચન આપેલું, જેનું કોઈ નક્કર પરિણામ આવ્યું નહિ પરંતુ તે અગાઉ તેણે રશિયાના એક ઉત્તમ જનીનવિજ્ઞાનીનો અંત આણ્યો ! લાયસેન્કોના વિચારો વિજ્ઞાન કરતાં રાજકીય વિચારધારા સાથે વધુ સંકળાયેલા હતા પરિણામે પશ્ચિમમાં થઈ રહેલી જનીનવિજ્ઞાનની પ્રગતિથી સોવિયેત યૂનિયન સાવ અળગું પડી ગયું. ૧૯૬૫માં ખ્રુશ્ચોફે તેને સોવિયેત યૂનિયનની વૈજ્ઞાનિક તથા કૃષિવૈજ્ઞાનિક પ્રગતિને રૂંધવા બદલ પદભ્રષ્ટ કર્યો અને લાયસેન્કોવાદ રાજ્યાશ્રયમાંથી દૂર કરાયો. લાયસેન્કોનું છદ્મવિજ્ઞાન અસ્વીકાર્ય બન્યું અને રશિયન જનીનવિજ્ઞાન સાચા માર્ગે વળ્યું; પરંતુ વચ્ચેનાં ત્રીસ વરસો સુધી રશિયન વિજ્ઞાનીઓને આ પરિણામવિહોણા પ્રયોગો ફરજિયાત કરવા પડ્યા અને જનીનવિજ્ઞાનને તદ્દન બાકાત કરી દેવાયું.

વેવીલોનની પુનઃપ્રતિષ્ઠા આજે સોવિયેત યૂનિયનના પ્રખર વિજ્ઞાની તરીકે થઈ છે. આ આખી ઘટનાનો સંદેશો તદ્દન સ્પષ્ટ છે :

રાજકારણીઓ તેમના રાજકીય એજન્ડાને ટેકો આપે તેવાં સંશોધનોને મદદ કરે અને જે વિજ્ઞાનીઓ આ એજન્ડા મુજબનાં સંશોધનો સાથે અસહમતિ દર્શાવે તેમને ભલે રાજ્ય સજા કરે; પરંતુ 'રાજકારણીઓ કુદરતના કાયદાઓના સત્યને ફેરવી શકતા નથી.'

વિજ્ઞાને અસરકારક રહેવા માટે તેના સંશોધન દ્વારા કોઈ પ્રકારના દબાણ વિના ખુલ્લા મને તેમના મતને અભિવ્યક્ત કરવો જોઈએ. Scientific method cannot be subverted by political bullies.

(રાજકારણીય જુલમગારો વૈજ્ઞાનિક પદ્ધતિઓને ઉથલાવી શકે નહિ.) ❐

ઝેન-કથા

ધ્યાન અને ઍબ્સર્ડિટી

બહાદુરભાઈ જ. વાંક

સાંજના શિષ્યો સમક્ષ પોતાનું વ્યાખ્યાન આપતાં બજુવા બોલ્યા : 'આજે હું તમને ઝેન માસ્ટરોની નીતિ-રીતિ અને શૈલી વિશે થોડી વાત કરવા માગું છું. એટલે એ રીતે જ અહીં ત્રણેક વિધાનો રજૂ કરું છું - પહેલું વિધાન પુરવાર દોડતા ઘોડા ઉપર ઠેકડો મારીને સવાર થઈ જવું એટલે ધ્યાન. બીજું વિધાન - બરફના ચૂલામાં અગ્નિ પેટાવીને તાપણું કરી ટાઢ ઉડાડવી એટલે ધ્યાન ! ને ત્રીજું વિધાન - ધ્યાન એટલે બીજું બધુંય પણ ધ્યાન જ નહીં !!' ને શિષ્યોને ઢંઢોળવા માંગતા હોય તેમ ઉમેર્યું, બસ, મારું વ્યાખ્યાન પૂરું. હવે તમારે કંઈ પૂછવું હોય તો ખુશીથી પૂછી શકો છો.

'પણ આવાં ઉટપટાંગ વિધાનોના અનુસંધાને આપને શું પૂછવું એ જ કંઈ અમને સમજાતું નથી.' કેટલાક શિષ્યોએ પોતાની દ્વિધા રજૂ કરી.

નિરાશા વ્યક્ત કરતાં ગુરુ બોલ્યા : 'બસ, હવે આગળ કંઈ પણ બોલવા જેવું જ મને લાગતું નથી. મતલબ કે હું જે કંઈ બોલીશ એ તમે નહીં સમજી શકો. ને તમે જે કંઈ સમજી શકો તમે છો, એ હું બોલી શકું એમ નથી.'

'આપની વાત અમને બરાબર સમજાતી નથી. આપે કહેલ વિધાનો અમને ધ્યાનને બદલે બેધ્યાનનો જ અનુભવ કરાવે છે !'

'સાચી વાત તો એ છે કે હું નિશાન લેવાનું ચૂકી ગયો ને તમે વીંધાવાનું ચૂકી ગયો. હવે વધારે વાત કરવાનો પણ અર્થ શો ?'

'આપ અર્થની જ વાત કરો છો, તો આવાં ઍબ્સર્ડ વિધાનો કરવા પાછળનો અર્થ શો ?' એ શિષ્યે પૂછ્યું.

'અર્થ અર્થને પામવામાં નહીં, પણ અર્થને અતિક્રમવામાં કે અર્થના અતિક્રમણમાં રહ્યો છે. જ્યાં છલાંગ મારવાની વાત છે, ત્યાં તમે છીછરાં પાણીમાં જ છબછબિયાં કરી રહ્યાં હો તેમ નથી લાગતું શું ?'

'પણ વિધાનોની સંગતતા-અસંગતતા વિશે શું કંઈ જ નહીં વિચારવાનું ?' પાછું શિષ્યોએ પૂછ્યું.

'અફસોસ, વિચારી શકાય એવાં કોઈ વિધાનો જ મેં રજૂ કર્યા નથી. તમારું સ્વયંનું અસ્તિત્વ જ કેટલું અસંગત - ઍબ્સર્ડ બની રહ્યું છે એ અંગે તમે ક્યારેય વિચાર કર્યો છે ખરો ?'

'અમારું અસ્તિત્વ વળી આપને ઍબ્સર્ડ કઈ રીતે લાગ્યું ?' બધા શિષ્યોએ છેલ્લો પ્રશ્ન કર્યો. ને ગુરુ બજુવા બોલ્યા, 'મિત્રો, તમે જ બૉલિંગ કરો છો, ને તમે જ બૅટિંગ કરો છો, ને તમે જ આઉટ થઈ જાઓ છો, પછી હું શું કહું ?!' ❐

ઓડિસી નૃત્યકાર કેલુચરણ મહાપાત્ર

અભિજિત વ્યાસ

'ઓડિસી' એ ભારતની પ્રમુખ નૃત્યશૈલીઓમાંની એક છે. આ શૈલીના મહાન નર્તકનું તાજેતરમાં જ અવસાન થયું. ઓડિસી નૃત્ય અને તેની પ્રણાલી તો જોવા મળશે પણ તખ્તા ઉપર કેલુચરણના ચરણમાં બંધાયેલા ઘૂંઘરુ હવે નહીં સાંભળવા મળે. આ મહાન નર્તકનું અવસાન ૭ એપ્રિલ ૨૦૦૪ના રોજ થયું.

કેલુબાબુનો જન્મ ૮ જાન્યુઆરી ૧૯૨૯ના રોજ ઓરિસ્સાના રઘુરાજપુરમ નામના નાનકડા ગામડામાં થયો હતો. એમના પિતા એક કુશળ ચિત્રકાર હતા સાથે સાથે ખૂબ સારું મૃદંગવાદન પણ કરતા. બાળપણમાં એમને જીવલેણ માથાનો રોગ થયો હતો. ત્યારે એમનાં માતાએ ભૂસનદેવીના મંદિરમાં જઈ બાળકને માતાને ચરણે મૂકીને કહ્યું, 'મા, હવે આ તારો પુત્ર છે. તારે એનું જે કરવું હોય તે કરજે.' આ પછી ચમત્કારિકપણે બાળકને રોગમાંથી મુક્તિ મળે છે. માએ બાળકને દેવી પાસેથી પરત મેળવવા પૂજા કરવાની ઇચ્છા કરી ત્યારે બાળકે ના પાડતા કહ્યું, 'હવે મારી સાચી મા આ માતાજી જ છે.' કેલુબાબુ આમ શ્રદ્ધાવાન ધાર્મિક થયા. અને કહે છે, 'હું જે કાંઈ કરું છું તે જગન્નાથની જ કૃપા છે. હું જે કાંઈ કરું છું તે પ્રભુને ધરું છું અને હું જે કાંઈ મેળવું છું તે પણ પ્રભુનો જ પ્રસાદ છે.'

નાનપણમાં આ બાળકનું નામ મદનમોહન પાડવામાં આવેલું. એ નાના હતા ત્યારે તેમના ભાઈ અને બહેનનાં મૃત્યુ થયાં. એટલે માતા-પિતાએ ગભરાઈને બાળકને એક નવું નામ આપ્યું 'કેલા'. જે કુટુંબમાં નાનાં બાળકોનાં મૃત્યુ થતાં હોય તેવા કુટુંબના બીજા જીવિત બાળકો કાળનો ભોગ ન બને તેટલા માટે આવા હુલામણા નામ પાડવાનો રિવાજ આપણે ત્યાં પ્રચલિત છે. કેલાને નાનપણથી જ વૈષ્ણવ ભક્તિમાં અનન્ય રસ હતો. એટલે ભક્તિસંગીત અને નૃત્યનો પ્રભાવ તેના ઉપર પ્રબળ હતો. ઓરિસ્સામાં આ ભક્તિસંગીત અને તેની સાથે થતા નૃત્યને 'ગોતીપૂસ' તરીકે ઓળખવામાં આવે છે. પણ આ રસમ મધ્યકાળથી જ નર્તિકાઓમાં તે પરંપરિત હતી. તે 'મહારી' તરીકે ઓળખાતી. કેલાના પિતા એક ચિત્રકાર હતા અને પટચિત્રો કરતા હતા. સાથેસાથે 'ખોલ' (મૃદંગ) પણ વગાડતા હતા. આ બધાનો કેલાના મન ઉપર પ્રભાવ પડતો, જેના પરિણામે તેમણે ગૂપચૂપ નૃત્ય શીખવું શરૂ કર્યું. ગૂપચૂપ એટલા માટે કે ગોતીપૂઆ નૃત્યને માટે સમાજમાં માનભર્યું સ્થાન ન હતું. નૃત્યની સાથેસાથે અભિનયનો પણ અભ્યાસ કેલાએ શરૂ કર્યો. આ બધા સમયમાં સંગીતકાર તરીકે તબલાં કે મૃદંગ વગાડવામાં અને ચિત્રકાર તરીકે એમણે નિપુણતા પ્રાપ્ત કરી. એમના પિતાએ જ એમને એવી સલાહ આપી કે જો તેને અભિનયમાં જ આગળ વધવું હોય તો આ અંગેના અભ્યાસ માટે કોઈ થીએટર ગ્રૂપમાં જોડાઈ જાય એટલે કેલુબાબુ મોહન સુંદર ગોસ્વમીની રાસલીલા પાર્ટીમાં જોડાઈ ગયા. અહીં એ નાટ્યાત્મક અભિનયના પાઠ શીખ્યા. ગુરુ સાથેની કેટલીક ગેરસમજને કારણે કેલુબાબુએ આ નાટ્યસંસ્થા છોડી દીધી. આ સંસ્થા છોડ્યા પછી કેટલોક સમય એમણે ખાસ્સો સંઘર્ષ કરવો પડ્યો. એમણે આર્થિક નિભાવ માટે મજૂરી પણ કરવી પડી. પરંતુ આવા કપરા સમયમાં પણ એમણે અભિનય અને નૃત્યને છોડ્યાં ન હતાં.



આખરે કેલુબાબુ અન્નપૂર્ણા ગ્રૂપ થીએટરમાં જોડાયા, જ્યાં એમણે પંકજ ચરણ દાસ પાસે ઓડિસી નૃત્યની દિક્ષા લીધી. અહીં જ એમની નિપુણતા તરફ અન્ય લોકોનું ધ્યાન ગયું. અહીંથી જ એમના એકલ નૃત્યની શરૂઆત થઈ. 'નટરાજન' નૃત્યમાં જ એમણે એમનું અદ્ભુત કૌશલ્ય દર્શાવ્યું. અહીં જ એમના જીવનસંગિની બનેલાં નૃત્યાંગના લક્ષ્મીપ્રિયા સાથે મેળાપ થયો. અન્નપૂર્ણામાં જ એમને ગુરુ દયાલ સરન પાસેથી ઉદય શંકરની શૈલી અને શાસ્ત્રીય મુદ્રાઓ શીખવા મળી.

પણ આ પછી તો આ બાળક 'કેલા'માંથી કેલુચરણ બનેલા નર્તક - ચિત્રકારની કલાયાત્રા અવિરત ચાલવા લાગી. એમણે અનેક કૃતિઓને સ્વરબદ્ધ કરીને તેનાં પર નૃત્યને રજૂ કર્યાં; અને તેમની નૃત્યશૈલીને 'ઓડિસી' નૃત્ય તરીકે પ્રસિદ્ધ કરી. લક્ષ્મીપ્રિયા સાથેના લગ્ન બાદ આ નર્તક દંપતી થીએટર ગ્રૂપ છોડીને કટકના ઓડિસી કલાકેન્દ્રમાં જોડાય છે. ત્યાં તેઓ ઓડિસી નૃત્યને શીખવવું શરૂ કરે છે. કેલુબાબુની જ્વલંત કારકિર્દીની આ શરૂઆત હતી. આ સમય દરમિયાન જ એમણે અનેક એકલ નૃત્ય અને નૃત્યનાટિકાનું સર્જન કર્યું. એમણે કોરિયોગ્રાફ કરેલી 'પલ્લવી' અલગ અલગ રાગ જેવા કે 'અરવી', 'કલ્યાણી', 'મોહના' અને 'સવેરી'માં તૈયાર થઈ છે, જે આજ ઓડિસી નૃત્ય કરતાં તમામ નર્તકો ભજવે છે.

કવિ જયદેવનાં અનેક પદોને એમણે નૃત્ય દ્વારા રજૂ કરીને અવિસ્મરણીય બનાવ્યાં. એમની કલાત્મક રજૂઆત જોઈને અનેક લોકો તેમની પાસે નૃત્ય શીખવા આવવાં લાગ્યાં.શિષ્યોની

વધતી જતી સંખ્યાને પરિણામે 'કેલુચરણ' હવે 'ગુરુ કેલુચરણ મહાપાત્ર' તરીકે ઓળખાવા લાગ્યા. આપણે ત્યાં ઉદયશંકર પછી નૃત્યના ક્ષેત્રમાં એવું જ માનસન્માન મેળવનાર કેલુબાબુ બીજા એકમાત્ર નૃત્યકાર છે; જેમની કીર્તિ સમગ્ર ભારતમાં જ નહીં, વિશ્વમાં પણ પ્રસરી હોય. એમનાં શિષ્યો પણ હવે તો ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યાં છે. આમાંના કેટલાંકે ખરે જ ઉલ્લેખનીય એવાં સ્વ. સંયુક્તા મિશ્રા (પાણિગ્રહી), સ્વ. પ્રતિમા બેદી, અને સોનલ માનસિંહ, મીનાતી મિશ્રા, પ્રિયંવદા મહંતી, કુમકુમ મોહન્તી, જેલમ પરાંજપે, સુરૂપા સેન, કિરણ સેગલ, માધવી મુદગલ અને વિદેશી એવા શેરોન લોવેન તથા ઈલીઆના સિટારિસ્ટી (ઈટાલિયન નૃત્યાંગના)ને અહીં યાદ કરવાં રહ્યાં. એમનો પુત્ર રતિકાન્ત મહાપાત્ર અને પુત્રવધૂ સુજાતા મોહન્તી પણ ઉલ્લેખનીય ઓડિસી નૃત્યકાર તરીકે પ્રસિદ્ધ છે અને કેલુબાબુની શૈલીને તથા તેમની નૃત્યશાળાને આગળ ધપાવી રહ્યાં છે. એમની કેટલીક નૃત્યનાટિકા - જેવી કે 'કૃષ્ણલીલા', 'પંચપુષ્પા', 'ગીતગોવિંદ', 'કોનાર્ક' અને 'શ્રીક્ષેત્ર' અત્યંત ઉલ્લેખનીય છે. કેલુબાબુએ એમના નૃત્યસર્જનમાં ગામઠી (ફોક) અંશોને પણ આવશ્યકતા મુજબ સામેલ કર્યા.

ઓડિસી નૃત્યને પ્રચલિત કરવામાં ગુરુ કેલુચરણ મહાપાત્રનો ફાળો છે તેટલો જ તેમનાં શિષ્યોનું પ્રદાન છે. અહીં આ સંદર્ભમાં સોનલ માનસિંહે લખેલો પ્રસંગ નોંધવો ગમે એવો છે. સોનલ માનસિંહને એક વખત ૧૯૬૮માં મદ્રાસમાં ઓડિસી નૃત્યનો કાર્યક્રમ કરવાને માટે નિમંત્રણ મળેલું. સોનલે કેટલાક નૃત્યના શો કરેલા તેમાંના પહેલાની રજૂઆત મ્યૂઝીઅમ થીએટરમાં થયેલી. આ રજૂઆતના સમયે દર્શકગણમાં કેટલાક કલામર્મજ્ઞો હતા, જેમાં રૂક્ષ્મણીદેવી, એમ. એસ. સુબ્બુલક્ષ્મી, ડૉ. વી. રાઘવન, ભરતનાટ્યમ ગુરુ રામૈયા પિલ્લાઈ અને દંડયુદ્ધપાણિ પિલ્લઈ પણ ઉપસ્થિત હતાં. સોનલ માનસિંહે આ સૌની સમક્ષ પહેલા ઓડિસી નૃત્યનું વ્યાકરણ સમજાવ્યું અને પછી નૃત્યની રજૂઆત કરી. આ રજૂઆતમાં 'મંગલાચરણ'થી 'મોક્ષાહાર' સુધીના નૃત્યની રજૂઆત થઈ. છેલ્લે રૂક્ષ્મણીદેવીએ ઊભાં થઈને સૌની હાજરીમાં આ શૈલીને બિરદાવી ને શાસ્ત્રીય તરીકે જાહેર કરી. ડૉ. રાઘવન કે જેમણે પહેલા આ શૈલીને ઓરિસ્સાની લોકશૈલી તરીકે ગણીને નકારેલી તેમણે મને (સોનલ માનસિંહને) અને કેલુબાબુને આ શૈલીનું જ્ઞાન આપીને આંખ ઉઘાડવા બદલ અભિનંદન આપ્યાં.

કેલુબાબુને એમની નૃત્યસાધનાના સમ્માન રૂપે ૧૯૬૬માં સંગીત અકાદમીનું પારિતોષિક, ૧૯૮૭માં 'પદ્મભૂષણ' અને ૨૦૦૦ના વર્ષમાં 'પદ્મવિભૂષણ'થી આભૂષિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અનેક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સમ્માન એમને પ્રાપ્ત થયાં છે. સમગ્ર દેશમાં અને વિદેશમાં પણ એમણે એમના નૃત્યના કાર્યક્રમો આપ્યા છે. અનેક જગ્યાએ ઓડિસી નૃત્યની કાર્યશાળા ચલાવીને અનેક નર્તકોને આ નૃત્યની સમજ આપી છે તેમજ તૈયાર કર્યાં છે.

એક નૃત્યકાર તરીકે કેલુબાબુ જેટલા ઉચ્ચ કક્ષાના હતા તેટલા જ તેમનામાંના માનવીય ગુણો પણ ઉચ્ચ કક્ષાના હતા. સામાન્ય રીતે મોટા ભાગના નૃત્ય ગુરુઓ ઉગ્ર સ્વભાવના હોય છે તેમ કેલુબાબુ પણ એકદમ ગુસ્સે થઈ જતા નૃત્ય ગુરુ હતા. એમની તાલીમ પણ બહુ કઠોર રહેતી. સમયનું તો કોઈ બંધન જ નહીં. નૃત્યની કોઈ પણ પ્રકારની ખામીને તેઓ સહન કરી શકતા નહીં. જરા પણ બેતાલ થયા તો સમજો આવી જ બન્યું ! એમનો ગુસ્સો ભભૂકી ઊઠવાનો જ. એમની સૌંદર્યદષ્ટિ ખૂબ ઉચ્ચ કક્ષાની હતી. પરિણામે રજૂઆતમાં ક્ષતિ થતા ગુસ્સે થઈ જતાં. પણ એક વખત તાલીમ પૂર્ણ થતાં જ કઠોર લાગતા કેલુબાબુ વહાલસોયા આત્મીયમાં પરિવર્તન પામતા. પ્રતિમા બેદી જ્યારે કટક કેલુબાબુ પાસે નૃત્ય શીખવા આવ્યાં ત્યારે કેલુબાબુએ પ્રતિમા પાસે એવી પ્રતિજ્ઞા લેવડાવી કે તે શિક્ષા દરમિયાન સિગારેટ કે દારુનું સેવન નહીં કરે, જિન્સ જેવાં કપડાં નહીં પહેરે અને તેની મુક્ત જીવનશૈલીમાં ન રહેતા સંયમી જીવન જીવશે. પ્રતિમા બેદીએ આ બધું સ્વીકાર્યું પછી જ એમને નૃત્યની શિક્ષા આપવામાં આવી. કેલુબાબુ એમના શિષ્યોના જીવનમાં પણ ખૂબ રસ લેતા. આ બધું એમના અપ્રિતમ પ્રેમને કારણે થતું. સોનલ માનસિંહને એના લગ્નજીવનમાં સમસ્યાઓ સર્જાઈ ત્યારે પાંચ-છ વર્ષ સુધી કેલુબાબુએ એમની સાથે સંબંધ કાપી નાખેલા. કેલુબાબુ એમનાં પરિણિત શિષ્યાઓના જીવનમાં સર્જાતી સમસ્યાઓથી વ્યથિત થતા. સંયુક્તા પાણિગ્રહી અને તેમના પતિ રઘુનાથ પાણિગ્રહી વચ્ચેના ઝઘડાને સુલઝાવતા એમણે આ દંપતીને ભગવાન જગન્નાથની પાસે ફરી છૂટાં ન પડવાની પ્રતિજ્ઞા લેવડાવેલી.

કેલુબાબુ વિષે ઘણું ઘણું લખાયું છે. નૃત્યના ક્ષેત્રે એમને મળેલું માનસન્માન પણ અનેરું છે. તેઓ ખૂબ પ્રસિદ્ધ થયા છે, તેમ કવચિત્ વિવાદમાં પણ સપડાયા છે. કુમાર સહાનીએ એમના જીવન ઉપર એક ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ પણ સર્જી છે જે ખરે જ જોવા જેવી છે. (કુમાર સહાનીને આ ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ માટે પારિતોષિક પણ મળેલું છે.) તેમના શિષ્યોએ હમણા ગુરુ-પૂર્ણિમા નિમિત્તે દિલ્હીમાં એક ભવ્ય સમારોહ કરી એક ગ્રંથ 'ધ મેકિંગ ઑફ ગુરુ' પ્રસિદ્ધ કર્યો છે. આ પુસ્તકમાં કેલુબાબુના શિષ્યોએ તેમને આપેલી ભવ્ય અંજલિ છે. આ પુસ્તક નૃત્યમાં રસ લેતા સૌકોઈએ જોવા જેવું છે. એમની ઈટાલિયન શિષ્યા ઈલ્યાના સિટારિસ્ટે એમના જીવનને આલેખતું એક પુસ્તક પણ લખ્યું છે. ઓડિસી નૃત્યશૈલીને સમજાવતું એક પુસ્તક 'ઓડિસી' આપણા ગુજરાતી લેખક સુનિલ કોઠારીએ પણ લખ્યું છે, જે 'માર્ગ પ્રકાશને' પ્રકટ કરેલું છે. ❐

સ્મૃતિ

અરવિંદ ગજ્જર


શક્તિ શબ્દ સાથે જથ્થાનો ભાવ જોડાયેલ છે એટલે સ્મૃતિને બદલે યાદશક્તિ શબ્દ વાપરવાનું યોગ્ય નથી, કારણ કે આપણે બુદ્ધિ વિશે જાણ્યું ('કુમાર' માર્ચ ૨૦૦૪) ત્યારે જોઈ ગયા કે સ્મૃતિ બુદ્ધિના સાત પૈકીનો એક ઘટક છે એટલે ગુણાત્મક તત્ત્વ છે. સ્મૃતિ વિશે ખૂબ લખાય છે અને લોકો સ્મૃતિનું મહત્ત્વ મહેસૂસ કરતા હોવાથી આ લખાણો આતુરતાથી વાંચે છે. લોકોની ઇચ્છા એવા કીમિયા જાણવાની છે કે જેથી રાતોરાત સ્મૃતિ વધારી શકાય. લૉટરી લાગે તો રાતોરાત પૈસાદાર થઈ શકાય છે, પરંતુ કોઈ પણ ઉપાયથી રાતોરાત પહેલવાન બની શકાતું નથી. તેવી રીતે કોઈ કીમિયાથી રાતોરાત સ્મૃતિમાં વધારો પ્રાપ્ત કરવાનું શક્ય જ નથી. વારસાગત નબળો શારીરિક બાંધો પહેલવાન થવાના ઈરાદામાં મર્યાદારૂપ બને છે તેવી રીતે વારસાગત માનસિક નબળાઈ સ્મૃતિના વિકાસમાં પણ મર્યાદારૂપ બને છે.

'યાદ રહેતું નથી' આવી ફરિયાદ કરનાર લોકો યાદ રહી ગયેલ છે તેવી બાબતોને ઈરાદાથી ભૂલવા પ્રયત્નો કરશે તો માલૂમ પડશે કે યાદ રહી ગયેલ બાબતોને પ્રયત્નોથી તાત્કાલિક ભૂલવાનું અશક્ય છે. યાદ રાખવું છે તે યાદ રહેતું નથી અને ભૂલવું છે તે ભુલાતું નથી એટલે ગાડીમાં પેટ્રોલ નથી એવું નથી પરંતુ વાંધો 'સ્ટીઅરિંગ'માં છે. ગણિતનાં સૂત્રો અથવા પ્રમેયો યાદ રહેતાં નથી તે વ્યક્તિને કયું ગીત કઈ ફિલ્મમાં કોણે ગાયું અને કોણે સંગીતબદ્ધ કર્યું એ સઘળી વિગતો મોઢે હોય છે !

વિચાર કરીને હિસાબ લગાવશો તો માલૂમ પડશે કે કોઈ એક સમયે તમારી સ્મૃતિમાં સચવાયેલ બાબતોમાંથી પાર વગરની બાબતો એવી છે કે જેનો તમારે હાલ અથવા ભવિષ્યમાં કોઈ ઉપયોગ નથી. નિરુપયોગી બાબતો સિવાય સ્મૃતિમાં સચવાયેલ બાબતોમાંથી બીજો એક વર્ગ એવો છે જેનો ઉપયોગ વર્ષે, બે વર્ષે એકાદવાર થતો હોય અને એ ઉપયોગથી થતો ફાયદો પણ ખૂબ નજીવો હોય. આ વર્ગની બાબતોને આપણે અલ્પ ઉપયોગી બાબતો કહીશું. વ્યક્તિઓનાં નામ, સરનામાં, ટેલિફોન નંબર, જન્મતારીખ વગેરે અને પૈસા અથવા વસ્તુની લેવડદેવડની વિગતો જેવી બાબતો યાદ રાખવી જરૂરી છે. પરંતુ જો યાદ ન રાખવી હોય તો નોંધપોથીમાં નોંધ રાખીને કામ ચલાવી શકાય છે. બાબતોનો ત્રીજો એક વર્ગ એવો છે જેને યાદ રાખવાને બદલે વૈકલ્પિક વ્યવસ્થા થઈ શકે તેમ છે. હવે કલ્પના કરો કે, નિરુપયોગી બાબતો, અલ્પ ઉપયોગી બાબતો અને વિકલ્પે વ્યવસ્થા હોય તેવી બાબતો - આ ત્રણે પ્રકારની બાબતો સ્મૃતિમાંથી દૂર થઈ જાય તો મગજ પરથી કેટલો બોજ હટી જાય ? કોઈ એક સમયે સ્મૃતિ મર્યાદિત છે. કોઈ બાબતને સ્મૃતિમાં લાવવા અને સાચવવા માટે કોઈક પ્રકારની કોઈ માત્રામાં શક્તિ અવશ્ય વપરાય છે. ઉપર દર્શાવેલ ત્રણ પ્રકારની બાબતો ગેરહાજર હોય તો તેનાં સ્થાને ઉપયોગી બાબતોને ગોઠવવાનું કેટલું સહેલું થઈ પડે ?

નિરુપયોગી અને અલ્પ ઉપયોગી બાબતો એક વખત સ્મૃતિપટ પર આવી જાય પછી તેને દૂર કરવા કરતાં તેને સ્મૃતિપટ પર આવતી અટકાવવાનું કામ સહેલું છે. નિરુપયોગી બાબતોનું વાચન છોડો અને કોઈ સામે ચાલીને નિરુપયોગી બાબતો વિશે તમને જાણ કરતું હોય તો વિવેક છોડીને તેને તેમ ન કરવા જણાવો. એટલે જે બાબત જાણમાં નથી તેને સ્મૃતિમાં આવવાનો સવાલ જ પેદા નહિ થાય.

જ્ઞાનેન્દ્રિયોને મળતી સંવેદનાઓ સંદેશારૂપે જ્ઞાનતંતુઓ મારફત મગજમાં પહોંચે છે, જ્યાં તેના પર એક પ્રક્રિયા થાય છે જેને પ્રત્યક્ષીકરણ કહે છે અને જેને કારણે આપણને જ્ઞાનેન્દ્રિયોની સંવેદનાની જાણ થાય છે. આ જાણ થયેલ બાબતો પર મગજમાં બીજી એક પ્રક્રિયા થાય છે જેને કારણે આ બાબતો મગજમાં સંગ્રહાય છે. બાબતો મગજમાં સંગ્રહાય છે ત્યારે તેનું ધારણ થયું કહેવાય છે. આ બીજી પ્રક્રિયાને કચકડાની પટ્ટી પર અવાજ અને દૃશ્યો કંડારવાની ક્રિયા સાથે સરખાવી શકાય. આ કચકડાની પટ્ટીને પ્રોજેક્ટર નામના મશીનમાં ફેરવવાથી કંડારાયેલ બાબતોને પડદા પર ફરી વખત જોઈને અનુભવી શકાય છે તેવી જ રીતે મગજમાં ત્રીજી એક પ્રક્રિયા જેને યાદ કરવું અથવા પ્રત્યાહ્વાન કહે છે તે કરવાથી સંગ્રહાયેલ બાબતોને ફરી વખત જુદીજુદી બાબતોનું ધારણ એકસરખી તીવ્રતાથી થતું નથી. વ્યવહારમાં આપણે 'યાદ છે' અથવા 'યાદ નથી' આ બે જ સ્થિતિની કલ્પના કરી વિચારીએ છીએ જે ખોટું છે. જેમ બાબત પ્રત્યે ધ્યાનની તીવ્રતા વધારે તેમ બાબતનું ધારણ વધારે તીવ્રતાથી થાય છે અને કોઈ એક તીવ્રતાની માત્રાથી બાબતનું મગજમાં ધારણ થયેલ હોય તો તે તીવ્રતાની માત્રા અચળ રહેતી નથી. જેમ કોઈ એક પ્રક્રિયાથી બાબતોનું મગજમાં ધારણ થાય છે તેમ બીજી એક પ્રક્રિયાથી ધારણ થયેલ બાબતોની તીવ્રતાનું મૂલ્ય સમય પસાર થવાની સાથે ઘટતું જાય છે. આ પ્રક્રિયાને વિસ્મૃતિની પ્રક્રિયા કહેવાય. યાદ કરવાની પ્રક્રિયામાં બાબત યાદ આવે તો અનુભવેલ બાબત ફરી વખત અનુભવાય છે એટલે ધારણની પ્રક્રિયાનું પુનરાવર્તન થાય છે જેને કારણે જે તે સમયે ધારણની તીવ્રતા જે કાંઈ હોય તેમાં વધારો થાય છે. ધારણ થયેલ કોઈ પણ બે બાબત વચ્ચે સંબંધની સાંકળ રચાય તો બંને બાબતો પર વિસ્મૃતિની પ્રક્રિયાની અસરમાં ઘટાડો થાય છે.



સ્મૃતિ વિશે કલ્પના-ચિત્ર

ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે જ્યારે કોઈ બાબતનું ધારણ થાય છે ત્યારે તીવ્રતાની માત્રા પ્રમાણે બાબત સ્મૃતિપટ પર સ્થાન પામે છે. હવે જો પ્રત્યાહ્‌વાનને કારણે બાબતની ધારણની તીવ્રતા વધે તો બાબતનું સ્થાન વિસ્મૃતિપટથી દૂર સ્મૃતિપટ પર જમણી તરફ ખસે છે. તીવ્રતામાં વૃદ્ધિ કરનાર કોઈ પરિબળ ન હોય તો સમય પસાર થવાની સાથે મગજમાં થતી વિસ્મૃતિની પ્રક્રિયાને કારણે બાબતની ધારણની તીવ્રતા ઘટતી જાય છે અને બાબતનું સ્થાન ડાબી બાજુ તરફ વિસ્મૃતિપટ તરફ ખસતું જાય છે. પરિવર્તનબિંદુથી પણ ઓછી ધારણની તીવ્રતા થાય તો બાબત વિસ્મૃતિપટ પર આવી જાય છે અને આથી પૂરતા પ્રયત્ન છતાં બાબતને તાત્કાલિક ફરી યાદ કરવાનું શક્ય બનતું નથી.

દસ વખત વાંચવાથી જે સામગ્રી યાદ રહેલી હોય તે વિસ્મૃત થયા પછી ફરી વખત મોઢે કરવા માટે દસથી ઓછી વખત વાંચવી પડે છે તે હકીકત સાબિત કરે છે કે વિસ્મૃતિની સ્થિતિમાં ધારણની મંદ તીવ્રતાવાળી બાબત મગજમાં સંગ્રહાયેલ તો પડી જ છે. બીજી સાબિતી હિપ્નોટિઝમની અસર તળે વ્યક્તિ વિસ્મૃત બાબતો બોલવા માંડે છે તે છે.

બાબતનું ઊંચી તીવ્રતાથી ધારણ થયા પછી તેનું પુનરાવર્તન ચાલુ જ રહે તો ધારણની તીવ્રતા ઉત્તરોત્તર વધતી જ જાય છે, જેથી બાબત અવિસ્મરણીયપટ પર આવી જાય છે. જ્યાં તેના પર વિસ્મૃતિની પ્રક્રિયા અસર કરી શકતી નથી. ગણિતમાં પાડા અને પલાખાં ભુલાતા નથી. જીવનમાં કોઈક પ્રસંગો પણ એવા બને છે જેને અવિસ્મરણીય બનાવવા માટે પુનરાવર્તનની જરૂર પડતી નથી. તમારો પરીક્ષાક્રમ ૪૨૦ આવેલ હોય તો ચાળીસ વર્ષ પછી પણ આ બાબત ભુલાય ખરી ?

એક મજૂર સો કિલો વજનની ગુણ પીઠ પર ઉપાડી ચાલી શકે છે. તમે વીસ કિલો માંડ ઉપાડી શકો છો. હવે જો તમે તબક્કાવાર વજન વધારતા જઈ, વજન ઉપાડીને ચાલવાની તાલીમ લો તો ચાર-છ મહિનાની મહેનત પછી તમે પણ સો કિલો વજન ઉપાડી ચાલી શકશો. બરોબર આ જ પ્રમાણે કોઈ એક સમયે મગજની બાબતો યાદ રાખવાની ક્ષમતા મર્યાદિત છે. આપણે નવું નવું યાદ રાખતા જઈએ છીએ તેમ તેમ જૂનું ભુલાતું જાય છે. પરંતુ જો ઈરાદાપૂર્વક તાલીમ લઈ માનસિક મહેનત કરવામાં આવે તો મગજની સ્મૃતિ વિશેની મર્યાદિત ક્ષમતાને વિસ્તારી શકાય છે.


આપણે સ્વીકારવું જોઈએ કે યાદ રહેવું તે કુદરતી પ્રક્રિયા છે. તેવી જ રીતે ભુલાઈ જવું તે પણ કુદરતી પ્રક્રિયા છે. સારી રીતે યાદ હતી તેવી બાબત પરીક્ષામાં ભુલાઈ જવાને કારણે વિદ્યાર્થી વિહ્‌વળ થાય છે. આ વિહ્‌વળતાને કારણે જે કાંઈ યાદ છે તે પણ ભુલાઈ જવાની શક્યતા વધે છે. બહુ થોડી બાબતોનું અત્યધ્યયન થાય છે અને તે અવિસ્મરણીય રહે છે. બાકી જે બાબતોને સ્મૃતિપટ પર રાખવાનું જરૂરી છે તેનું જ પુનરાવર્તન કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. કોઈ એક સમયે પાંચ વાર પુનરાવર્તન કરતાં બાબત કંઠસ્થ થઈ ગઈ એ પછી પચીસ વાર પુનરાવર્તન કરવાથી થતો ફાયદો ખૂબ નજીવો હોય છે એટલે પુનરાવર્તન સમયાંતરે થવું જોઈએ. વિદ્યાર્થીએ બાબત ધારણ થયા પછી ચારથી છ કલાક પછી પહેલું પુનરાવર્તન કરવું જોઈએ અને ચારથી છ દિવસ પછી બીજું પુનરાવર્તન કરવું જોઈએ. એ પછી જ્યારે જરૂર પડે ત્યારે પુનરાવર્તન કરવું જરૂરી છે.

બાબતની ઊંચી તીવ્રતાથી ધારણ થવાના અને ઝડપથી વિસ્મૃત થવાના કારણો અને પરિસ્થિતિ વિશે આપણે હવે ચર્ચા કરીએ.

વિષય-વસ્તુ પ્રત્યે રુચિને કારણે આવતી એકાગ્રતાથી બાબતોનું ઊંચી તીવ્રતાવાળું ધારણ થાય છે. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં રુચિ વધારી ન શકાય તો શોખની પ્રવૃત્તિ પર કાપ મૂકવો જોઈએ. એકાભિમુખ થવું જોઈએ. મૂગા મૂગા વાંચવા કરતાં મોટા અવાજે બોલીને વાંચવાથી અથવા બાબતોને લખી જવાથી ઊંચી તીવ્રતાવાળું ધારણ થાય છે. કોઈ એક શબ્દ અથવા સૂત્રને ખાલી વાંચી અથવા લખીને પુનરાવર્તન કરવા કરતાં તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાથી અથવા કોઈ તેનો ઉપયોગ કરે તે જાણવા અનુભવવાથી ઊંચી તીવ્રતાવાળું ધારણ થાય છે. ગદ્ય કરતાં પદ્ય રજૂઆતનું અને પ્રાસાનુપ્રાસવાળાં જોડકણાંનું ઊંચી તીવ્રતાવાળું ધારણ થાય છે.

તમે કોઈ વિષયવસ્તુ વાચવા ખાતર વાંચો અને પહેલેથી યાદ રાખવાના ઈરાદાથી વાંચો તેથી પરિણામમાં મોટો ફરક પડે છે. મનોવૈજ્ઞાનિક આર.એલ.કરેનના પ્રયોગોથી સ્પષ્ટ થયેલ છે કે યાદ રાખવાના ઈરાદાથી થયેલ અધ્યયન ઈરાદા વગરના અધ્યયન કરતાં દોઢું અસરકારક હોય છે. નાખુશ કરે તેવી બાબતો જલદી ભુલાઈ છે તેવું ૧૯૩૮માં શાર્પે સાબિત કરેલ છે. આપણને ગમતી અને આપણી પૂર્વધારણા અને શ્રદ્ધાની સાથે બંધબેસતી બાબતો લાંબો સમય યાદ રહે છે. તેવી તારવણી ૧૯૪૨માં એડવર્ડે કરેલ છે. બાબત સાથે સંકળાયેલ ચિંતા તત્ત્વને દૂર કરવાથી ભુલાઈ જતી બાબત લોકો યાદ રાખી શક્યાં તેવું પ્રયોગો વડે ઝેલરે ૧૯૫૦માં સાબિત કરેલ છે. અર્થહીન અક્ષરસમૂહોનો ઉપયોગ કરી પ્રયોગ કરતા જેન્કીન્સ અને ડેલેનબૅકને માલૂમ પડેલ છે કે અધ્યયન પછી કાર્યરત જાગ્રત અવસ્થામાં આઠ કલાક પછી ૯૦% વિસ્મૃતિ થાય છે જ્યારે

નિદ્રાવસ્થામાં ૪૦% વિસ્મૃતિ થાય છે. એટલે બાબતોને યાદ રાખ્યાં પછી ઓછામાં ઓછી બે કલાક નિદ્રા કરવાથી ધારણામાં ૫૦%નો ફાયદો થાય છે.



બાજુની બંને આકૃતિને યાદ રાખી ફરી દોરવાની કોશિશ કરશો તો જણાશે કે જમણી બાજુની આકૃતિ સ્મૃતિની મદદથી દોરવાનું મુશ્કેલ છે. કારણ ? આ આકૃતિ અર્થહીન છે. 'કમલનયન' શબ્દ યાદ રહેશે પરંતુ આજ અક્ષરસમૂહ 'કયનલનમ' પ્રમાણે યાદ રાખવાનું મુશ્કેલ છે. સને ૧૮૮૫માં એબિંગહૉસે સાબિત કર્યું કે તર્કબદ્ધ અને અર્થપૂર્ણ બાબતો અર્થહીન બાબતો કરતાં ઘણી ઊંચી તીવ્રતાથી ધારણ થાય છે.

સમાજમાં વ્યક્તિ તરીકે આપણે કંઈ કેટલી વ્યક્તિઓ સાથે એક અથવા એકથી વધારે સંબંધોથી સંકળાયેલા છીએ તેવી રીતે મગજમાં એક માહિતી બીજી કંઈ કેટલી માહિતી સાથે સંકળાયેલી હોય છે. ગાય સાથે શીંગડાં, પૂંછડું, આંચળ, દૂધ, ખરી, ઢીંક, ઝાલર, ગમાણ વગેરે કંઈ કેટલીય બાબતો સંકળાયેલ છે. મગજમાં કોઈ નવી બાબતનું ધારણ થાય છે ત્યારે જૂની ધારણ થયેલ બાબતોમાંથી અમુક જોડે નવી બાબત જોડાય છે. બાબતોના અરસપરસ સંબંધો જેમ વધારે તેમ તેના પર વિસ્મૃતિની પ્રક્રિયા ઓછી અસરકર્તા બને છે. કોઈ એક બાબત સાથે ઇરાદાપૂર્વક બીજીને સાંકળીને બંને બાબતોને યાદ રાખવામાં સુગમતા સર્જી શકાય છે. 'મારે દિનુ આવ્યો ત્યારે લીલીનો કમલેશ બે વર્ષનો હતો.' આવું કહેતી મહિલાએ દિનુની ઉંમર સાથે કમલેશની ઉંમરને સાંકળેલ છે. સૂર્યપ્રકાશ જે સાત ઘટક રંગોનો બનેલો છે તે જાંબલી,નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી અને રાતો. આ સાત નામોનો પહેલો અક્ષર લઈને 'જાનીવાલીપીનારા' શબ્દ બનાવેલ છે જે યાદ રહે એટલે સાત નામ ભૂલ્યા વગર લખી શકાય છે. અનુભવી અમેરિકન કાઉબૉયનું કહેવું છે કે એક લાખ ઢોરના ટોળામાં ભાગેડુ ઢોર પચીસથી પચાસ જેટલાં જ હોય છે. આ ઢોર ભાગે તેની પાછળ પાછળ બીજાં ભાગે છે અને આ ઢોરને પકડીને પાછાં લાવીએ એટલે બીજાં આપોઆપ પાછાં ટોળામાં આવી જાય છે. એટલે અમે ભાગેડુ ઢોરને ઓળખી ફક્ત તેના પર જ ખાસ ચાંપતી નજર રાખીએ છીએ. માહિતીઓના જથ્થાને સ્મૃતિમાં સાચવવા માટે કાઉબૉયની સલાહ સ્વીકારવા જેવી નથી લાગતી ?

તમે બેચાર કાવ્યોનો અભ્યાસ કરેલ હોય ત્યારે તેનાં કવિઓનાં નામ યાદ રાખવાનું સહેલું છે, પરંતુ જ્યારે પચાસ કે તેથી વધારે કવિઓનાં પાંચસોથી વધારે કાવ્યોનો અભ્યાસ કર્યો હશે ત્યારે કયું કાવ્ય કોનું છે તે યાદ કરવામાં મુશ્કેલી થશે. મનોવિજ્ઞાનમાં કોઈ નવી બાબતનું અધ્યયન અને ધારણ કરવામાં પૂર્વે થઈ ગયેલ અધ્યયન નડતરરૂપ બને ત્યારે ઉત્તરક્રિયા અવરોધ થયો ગણાય. એક બાબતનું અધ્યયન થયા પછી થતી પ્રવૃત્તિને કારણે જો મૂળ ધારણમાં અવરોધ ઊભો થાય તો તેને પૂર્વક્રિયા અવરોધ કહે છે. આ બંને પ્રકારના અવરોધો વિસ્મૃતિની ક્રિયાને બળપૂરતાં પરિબળોમાં મુખ્ય છે.

તડકો - જયંત પાઠક	તડકો - લાભશંકર ઠાકર
તડકો - સ્નેહરશ્મિ	તડકો - પિનાકિન ઠાકોર

વિષયવસ્તુના સામ્યવાળાં ઉપરનાં બધાં કાવ્યોનું અધ્યયન કર્યું હોય ત્યારે કોઈ એક પંક્તિ કયા કાવ્યની છે અને કવિ કોણ તે યાદ કરવું વધારે મુશ્કેલ બને છે. એટલે કે ધારણ થયેલ બાબતો વચ્ચે સામ્યને કારણે પૂર્વક્રિયા અવરોધ વધારે થાય છે. સંકલિત તર્કબદ્ધ અને અર્થપૂર્ણ બાબતોને બંને પ્રકારના અવરોધો ઓછી અસર કરે છે.

આંકડાઓ, સૂત્રો, સમીકરણો, વ્યાખ્યાઓ અને સિદ્ધાંતોની સરખામણીમાં વાર્તાઓ અને પ્રસંગોનું ઊંચી તીવ્રતાથી ધારણ થાય છે. ટાઇલરે કરેલા પ્રયોગોમાં માલૂમ પડેલ છે કે માહિતી કરતાં તેના પરથી કાઢેલાં તારણો અને સમજૂતીઓનું ઊંચી તીવ્રતાથી ધારણ થાય છે. બાબત સમજાઈ જાય એટલે તે યાદ રહી ગયેલ છે તેમ માનવું ભૂલ ભરેલું છે. વાંચવાને બદલે મુખપાઠથી જ પુનરાવર્તન કરવું જોઈએ. જે ક્રમમાં બાબત યાદ રાખેલ છે તે જ ક્રમમાં અથવા સ્થિતિમાં તેને પ્રત્યાહ્વાન કરી શકાય છે. જે સંદર્ભથી બાબત યાદ રાખેલ હોય તે સંદર્ભની ગેરહાજરી પ્રત્યાહ્વાનને નિષ્ફળ બનાવે છે.

મંદબુદ્ધિના બાળકોમાં અમુક પ્રકારનાં બાળકો એવાં છે જેમને મગજમાં ખાસ પ્રકારનાં રસાયણોની ઊણપને કારણે તકલીફ થયેલ હોય છે. ગ્લુટામિક ઍસિડ અને થાયમીન (વિટામિન ડી) નામનાં રસાયણો આ બાળકોને આપવાથી સંશોધકોને સુધારો માલૂમ પડેલ છે, પરંતુ સામાન્ય બુદ્ધિ-આંકવાળી વ્યક્તિ માટે હજુ સુધી કોઈ દવા સ્મૃતિવર્ધક સાબિત થયેલ નથી. આયુર્વેદમાં શંખપુષ્પી વનસ્પતિ સ્મૃતિવર્ધક છે એવું વાજું વગાડવામાં આવે છે, પરંતુ આધારભૂત રીતે પ્રયોગો કરી કોઈએ સાબિતી મેળવેલ નથી. સાબિતી વગર સ્મૃતિવર્ધક દવા વેચનારાઓનો પ્રચાર છેતરપીંડી છે અને આવા પ્રચારક ધૂતારા છે.

એક જૂના રિવાજ મુજબ 'કેપ કોડ'ના એક પાદરીને એપ્રિલ મહિનામાં એક જમીન પર પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું તો તેણે કહ્યું, 'આ જમીનને પ્રાર્થનાની નહિ ખાતરની જરૂર છે.' મારે પણ વિદ્યાર્થીઓને એ જ કહેવાનું છે કે તમારે સ્મૃતિવર્ધક દવાની નહિ પરંતુ વધારે મહેનત કરવાની જરૂર છે.

'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' □

શૉક્ય

ડૉ. કેશુભાઈ દેસાઈ

'અહીં, આટલામાં જ ક્યાંક રહે છે એ.'

મનુભાઈએ ગાડી જરા ધીમી કરી. સુભાષબ્રિજ પસાર કરીને ગાડી આશ્રમરોડ પર ચડી ચૂકી હતી. 'કાં તો આ જ સોસાયટી હોય -' મનુભાઈ આંખો ઝીણી કરી સોસાયટીનું નામ વાંચવા કોશિશ કરવા લાગ્યા. 'જરા જો તો ડિમ્પલ, 'ઘનશ્યામનગર' વંચાય છે તને ?'

ડિમ્પલે ભારે ઉમળકાપૂર્વક પ્રતિભાવ આપતાં કહ્યું, 'ઘનશ્યામનગર જ છે અંકલ.'

'બસ, ત્યારે એ જ.'

મનુભાઈની સ્મૃતિ સરસ્વતીમાં ફેરવાઈ ગઈ : 'દસેક વરસ પહેલાં એને અહીં જ મળેલો હું. બસ સ્ટૅન્ડ પર ઊભી હતી. ઓચિંતી એની નજર મારા પર પડી ગઈ. પહેલાં તો હું બાઘાની માફક જોઈ જ રહ્યો. એણે જ પહેલ કરી હતી. '- તમે વિસનગર બાજુના ?' મેં કહ્યું, 'વિસનગર બાજુનો નહીં, પ્રૉપર વિસનગરનો છું. તમે ?' એનો ચહેરો ખીલી ઊઠ્યો હતો. ગાલ પર કંકુ રોળાઈ ગયું હતું.

'ઓળખાણ નથી પડી લાગતી, ખરું ?' એ મારી કસોટી કરતી હોય એમ પૂછી બેઠી હતી, 'પેલા પ્રેમજીભાઈ જીવે છે કે ગુજરી ગયા ? તમારા ક્લાસમેટ ?' મને બહુ મોડી ટ્યૂબલાઈટ થઈ, 'ઓહોહોહો, આ તો વસુમતી ! કેટલી બદલાઈ ગઈ છે બિચારી !' જરા હિંમત કરીને મેં પૂછ્યું. 'તમે વસુમતીબહેન, બરાબર ?' એણે થોડી નારાજગી દર્શાવતા જવાબ આપ્યો, 'વસુમતીબહેન નહીં, વસુમતી.' એ નવમાં ધોરણની વિદ્યાર્થીની તરીકે હસતી એવું જ પહોળું, માદક અને ઊંડું હસી. સાચું કહું ? હું એને બેસુમાર ચાહતો હતો, પણ - મને ક્યારેય ગાંઠેલી નહીં એ. એની પસંદગીનું પાત્ર કોઈ બીજું જ હતું. આટલાં વર્ષો પછી પણ એને એ ભૂલી નહોતી. કટાક્ષમાં પૂછી રહી હતી, 'પેલા પ્રેમજીભાઈ જીવે છે કે - !'

પ્રેમજીભાઈ બિચારા ચારેકોરથી ઘેરાઈ ગયા. સવિતાબહેને ઠોંસો મારીને કહ્યું, 'લખ્ખણના બાંડા તો શરૂથી જ હતા, ખરું ને ? એ તો હું મળી એટલે ગાડું ગબડ્યું. બીજી હોત તો ઊભા મેલીને હેંડતી થઈ ગઈ હોત ! સાચું કહું છું - મેં તો કુણાલની વહુને ય ચેતવી છે - સાચવજે હોં... અદ્દલ એના બાપ પર ગયો છે...!'

ગામ છૂટી ગયું હતું પણ ગામની ગંધ થોડી છૂટવાની હતી ? ગાંધીનગરમાં છેલ્લા બે'ક દાયકાથી બિલ્ડર તરીકે પ્રેમજીભાઈએ મોટું નામ કાઢ્યું હતું. વસુમતીને એની ખબર નહોતી કારણ કે એ એની દુનિયામાં ખોવાઈ ગઈ હતી. સવિતાબહેને ક્યારેક એનું અછડતું નામ સાંભળ્યું હતું એટલું જ. શરૂશરૂનાં વર્ષોમાં આણે ફરતી કોડ ભરેલી નવોઢા એના ભવભવના હોઠે કોઈ ભળતું જ નામ સાંભળે ત્યારે જે ધ્રાસકો અનુભવે એ સવિતાબહેને પણ અનુભવ્યો હતો. ઊંઘમાં ને ઊંઘમાં યુવાન પ્રેમજી બબડતો, 'વસુ, મારી વસુડી...' અને પછી એનો ચહેરો ગુલાબી બની જતો. અજવાળું-અજવાળું ફરી વળતું એ ઊંઘતા જોબનના એકે એક કાંગરે. વહેલી સવારે દાતણ આપતાં કોઈને સંભળાય નહીં એમ સવિતા બીતી બીતી પૂછતી, 'આ વસુ કોણ છે ?' ને ચોર પકડાઈ ગયો હોય એમ પ્રેમજી સાવધ બની જતો. આંખો ચોળતાં ચોળતાં આળસ ખાઈને એ કહેતો, 'વસુ ? એ વળી નવું જ નામ સાંભળ્યું !' અને પછી ચાલાકીપૂર્વક પત્નીની આંખોમાં ધૂળ નાખી દેતો. ''સવુ' કહેતો હોઈશ ને તને 'વસુ' સંભળાયું હશે ! આમેય બૈરાંની જાત હોય જ વહેમીલી.' એ મનોમન પત્નીને ભોંઠી પાડ્યા બદલ હરખાતો. અલબત્ત, ફરી વાર ઊંઘમાં વસુમતીનું નામ ન બકી જવાય એની કાળજી રાખતો. છતાં પાછું ફરી કોઈ વાર સુંવાળું સપનું આવતું ત્યારે એ જ નામ હોઠે ચડી જતું. પ્રેમજીએ એનો ખુલાસો પણ તૈયાર રાખ્યો હતો : 'વાલ્મિકી જેવા મહર્ષિ 'રામ રામ'ને બદલે 'મરા મરા'ના જાપ નહોતા કરતા ?' આ તો તારા નામ પાછળની મારી ઘેલછાનું પરિણામ છે ડાર્લિંગ ! ટ્રાઇ ટુ અન્ડરસ્ટૅન્ડ મી !'


બિચારી સવિતાએ ધણીની વાત ભોળાભાવે માની લીધી હતી. જતાં જતાં છેક આટલાં વર્ષે ભંડો ફૂટ્યો ! એ પણ એમના લંગોટિયા ભાઈબંધને કારણે. મનુભાઈએ અમદાવાદમાં બંગલો બનાવ્યો અને ભાઈબંધને ફૅમિલી સાથે જમવાનું નોતરું આપી જાતે તેડવા આવ્યા એટલે, નહીંતર દિવસમાં દસ વાર આશ્રમરોડ પર થઈને પસાર થઈએ તોય પેલા ભવની શૉક્ય અહીં વેંત છેટી રહે છે એની ખબર કેવી રીતે પડત ? ને શી ખાતરી કે આ મુરાડી એમની બાળસખી સાથે છાનગપતિયાં નહીં કરતાં હોય ! માથા સમાણી છોકરીની હાજરીમાં અજાણ્યા થઈ જવાનો દેખાવ કરતા હોય તોય કોને ખબર ! પુરુષજાત પ્રત્યે સવિતાબહેનને નફરત તો ઠીક, પણ વૈરાગ્ય જરૂર જાગ્યો : 'હવે તો માથામાં એકે વાળ કાળા નથી રહ્યા - આ ભ્રમરોને પાંપણોય ધોળી થવા માંડી...' એ બબડ્યાં, 'અટૅક આવ્યો ત્યારે ઊકલી ગયા હોત તો અત્યાર લગી વરસીય વળી ગઈ હોત.'

'કોક અજાણ્યું - અગોચર તત્ત્વ માણસને છેક મોતના મોઢામાંથી પણ પાછું લાવી શકે છે, કેમ મનુભાઈ ? ખોટું કહ્યું મેં ?' મનુભાઈએ ઘડીક ડિમ્પલના મોઢા સામે જોયું, ઘડીક

પ્રત્યેક ભારતીય નાગરિકે જેના વિશે જાણવું જોઈએ તે

લોકસભા : (ભારતની લોકશાહીનું કેન્દ્રબિંદુ)

રક્ષા મ. વ્યાસ



ભારતની સંસદીય લોકશાહીનું કેન્દ્રબિંદુ લોકસભા છે. સંસદ ભારત સરકારની કેન્દ્રિય ધારાસભા છે. તે દ્વિગૃહી છે અને તેમાં રાષ્ટ્રપ્રમુખ તથા ધારાસભાનાં બંને ગૃહોનો સમાવેશ થાય છે. ધારાસભાનું ઉપલું ગૃહ રાજ્યસભા અને નીચલું ગૃહ લોકસભા છે. ભારતમાં કાયદા ઘડવાની સત્તા સંસદ હસ્તક હોય છે. કાયદાના ખરડા પર ચર્ચાવિચારણા કર્યા બાદ બંને ગૃહોની સંમતિ પછી તેના પર રાષ્ટ્રપ્રમુખ હસ્તાક્ષર કરે પછી જ તે કાયદો બને છે.

લોકસભા ભારતીય સંસદનું પુખ્તવય મતાધિકારના ધોરણે લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાતું નીચલું ગૃહ છે. તેની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે. (૪૨મા બંધારણીય સુધારા દ્વારા આ મુદત લંબાવીને છ વર્ષની કરવામાં આવી હતી; પરંતુ ૪૪મા સુધારા દ્વારા મૂળ બંધારણમાં દર્શાવેલ યથાવત્ સ્થિતિને જાળવી રાખી તે ફરી પાંચ વર્ષની કરવામાં આવી.) જો કે કટોકટીના સમયે તેની મુદત એક વર્ષ લંબાવી શકાય છે. આમ છતાં કોઈ પણ સંજોગોમાં એથી વધુ સમય તેની મુદત લંબાવી શકાતી નથી. કટોકટી રદ થાય ત્યારથી વધુમાં વધુ છ માસની અંદર ચૂંટણી યોજવી આવશ્યક હોય છે. લોકસભાની પ્રથમ બેઠક યોજાય ત્યારથી તેની મુદતનો સમય શરૂ થાય છે અને તે પછીનાં પાંચ વર્ષ સુધી તે કામ કરતી રહે છે.

તેની કુલ સભ્યસંખ્યા ૫૫૨ની છે જેમાં ૫૩૦ સભ્યો લોકો દ્વારા સીધી રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય છે. ભારતનાં વિવિધ રાજ્યોને વસ્તીના ધોરણે આ બેઠકો ફાળવવામાં આવી છે. વધુમાં તેના ૨૦ સભ્યો કેન્દ્રશાસિત વિસ્તારોના પ્રતિનિધિઓ હોય છે. ભારતના રાષ્ટ્રપ્રમુખ દ્વારા ઍંગ્લો-ઈન્ડિયન સમુદાયના બે પ્રતિનિધિઓ નીમવામાં આવે છે. ઍંગ્લો-ઈન્ડિયન સમુદાયને ગૃહમાં પૂરતું પ્રતિનિધિત્વ પ્રાપ્ત ન થયું હોય તેમ રાષ્ટ્રપ્રમુખને લાગે ત્યારે આ જોગવાઈનો ઉપયોગ કરવામાં આવે છે. ૧૯૭૧ની વસ્તીગણતરીને આધારે નક્કી થયેલી બેઠકોની સંખ્યા ઈ.સ. ૨૦૦૦ સુધી યથાવત્ રાખવાનો નિર્ણય ૪૨મા બંધારણીય સુધારા અનુસાર લેવાયો હતો, જે ૪૪મા બંધારણીય સુધારાથી ફેરફારને પાત્ર બન્યો અને તે અનુસાર બેઠક-સંખ્યા ૨૦૨૬ સુધી યથાવત્ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. પ્રત્યેક રાજ્યની વસ્તી અને મતદાર-વિભાગોના ગુણોત્તરને આધારે જે તે રાજ્યના સાંસદોની સંખ્યા નક્કી થાય છે અને આ ધોરણ તમામ રાજ્યો માટે સમાન હોય છે.

સંસદભવનની મુખ્ય ઈમારતનો એક હિસ્સો લોકસભા રોકે છે. આ વર્તુળાકાર ખંડમાં અધ્યક્ષની પીઠિકાથી શેપ રહેતા ખંડનો ભાગ અંગ્રેજી અક્ષર 'યુ' - 'U' / નાળ આકારની રચના-વ્યવસ્થા ધરાવે છે. ગૃહમાં અધ્યક્ષની પીઠિકાથી તરત નીચેના ભાગમાં લોકસભાના મહામંત્રીની બેઠક-વ્યવસ્થાની પછી આગળના ભાગમાં એક લંબચોરસ અને વિશાળ ટેબલ ગોઠવેલું હોય છે; જ્યાં ગૃહના માહિતીકારો ગૃહની સમગ્ર કાર્યવાહીની શબ્દશઃ નોંધ કરે છે. ત્યાં બીજું એક ટેબલ 'ગૃહના ટેબલ' તરીકે ગોઠવાયેલું હોય છે, જેના પર આવશ્યક દસ્તાવેજો જેવી મહત્ત્વની સામગ્રી મૂકવામાં આવે છે. તેની આજુબાજુ થોડો વિસ્તાર ખાલી છોડી દેવામાં આવેલો હોય છે, જે ગૃહના અંતરાલખંડ તરીકે ઓળખાય છે. આ જગ્યામાં સભ્યો કે માહિતીકારો ધસી આવે નહિ એવી પરંપાર વર્ષોથી માન્ય રહી છે. આ અંતરાલખંડ પછીની સમગ્ર જગ્યામાં સાંસદોને બેસવા માટેની પાટલીઓ ગોઠવાયેલી હોય છે. અધ્યક્ષની જમણી બાજુની બેઠક-વ્યવસ્થા મુખ્યત્વે શાસક પક્ષના સાંસદો માટે હોય છે. તે તરફની પ્રથમ પાટલી પરની પ્રથમ બેઠક બહુમતી પક્ષના અને લોકસભાના નેતા તરીકે વડાપ્રધાન માટે ફાળવવામાં આવી હોય છે. ડાબી તરફની બેઠક-વ્યવસ્થા મુખ્યત્વે વિરોધપક્ષના નેતા અને અન્ય સાંસદો માટે મુકરર કરાયેલી હોય છે. અન્ય પાટલીઓ પર વિવિધ અને નાના-મોટા સાંસદોની બેઠક-વ્યવસ્થા હોય છે. ગૃહની કાર્યવાહીનું સુપેરે સંકલન કરી શકાય તે માટે સરકારના સંસદીય મંત્રી કામગીરી બજાવે છે. તેઓ મુખ્યત્વે અધ્યક્ષ તેમજ બહુમતી પક્ષ અને વિરોધપક્ષો સાથે સુમેળ સાધી ગૃહની કાર્યવાહી નક્કી કરે છે. તેઓ સામાન્ય રીતે મંત્રીમંડળના નિર્ણયોની જાહેરાત પણ કરતા હોય છે.

સંસદનો આ સમગ્ર સભાખંડ વાતાનુકૂલિત અને અવાજ-રહિત છે. તેમાં માઇક, લાઉડસ્પીકરો જેવાં સાધનો અને આપમેળે અનુવાદ કરતાં યંત્રો ગોઠવેલાં છે, જે સાંસદોને અંગ્રેજી કે અન્ય ભાષાઓમાં થતાં વક્તવ્યોનો અનુવાદ કરી આપે છે, જેથી ગૃહની કાર્યવાહી સભ્યો પૂર્ણરૂપે સમજી શકે. સંસદની કાર્યવાહીની પ્રત્યેક મિનિટનો અંદાજિત ખર્ચ ૧૭,૦૦૦ રૂપિયા છે.

ગૃહના પ્રથમ મજલા પર પ્રેક્ષક-દીર્ઘા છે, જે વિવિધ વિભાગોમાં વહેંચાયેલી છે અને આ વિભાગોમાંના કેટલાક મુખ્યત્વે પ્રેસ, અધ્યક્ષના મહેમાનો., રાજ્યસભાના સભ્યો, વિવિધ એલચી-કચેરીના સભ્યો, અન્ય માનવંતાં મુલાકાતીઓ તથા આમજનતા માટે નિશ્ચિંત કરાયેલા છે. રાષ્ટ્રપ્રમુખના કુટુંબનાં સભ્યો, રાજ્યપાલો અન્ય રાજ્યોના વડાઓ જેવા મુલાકાતીઓ માટેની ખાસ બેઠક-વ્યવસ્થા અધ્યક્ષની ડાબી તરફે વિશિષ્ટ પ્રેક્ષક-દીર્ઘામાં અનામત રાખવામાં આવે છે.

૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની રચના ટાણે બ્રિટિશ શાસન સમક્ષ અસંતુષ્ટ ભારતીયોની ભાવનાઓની અભિવ્યક્તિનો આરંભ થયો. આ સમયે જે પ્રારંભિક માગણીઓ મૂકવામાં આવી તેમાં બે મુખ્ય માગણીઓ હતી: એક, ધારાસભાના સભ્યોની ચૂંટણી કરાવવી અને બે, તેમને અંદાજપત્ર પર ચર્ચા કરવાનો અધિકાર આપવો. ત્યાર બાદ ૧૮૯૨ના કાયદામાં બ્રિટિશ શાસન દ્વારા સૌપ્રથમ વાર પ્રતિનિધિત્વના સિદ્ધાંતનો તથા ધારાસભાનો પાયો વિસ્તારવાની તથા તેની સત્તાઓમાં વધારો કરવાની બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો.

મૉર્લે-મિન્ટો સુધારા તરીકે જાણીતા ૧૯૦૯ના કાયદા દ્વારા કેન્દ્ર સરકારમાં કેટલાક પ્રતિનિધિઓ ચૂંટવા અંગે બ્રિટિશ સરકારે સંમતિ આપી. ૧૯૧૭માં ભારતને તબક્કાવાર જવાબદાર સરકાર આપવાની જાહેરાત બ્રિટિશ સરકારે ઈંગ્લન્ડની પાર્લમેન્ટમાં કરી. ૧૯૧૯ના પ્રાંતિક સ્વાયત્તતાના કાયદા અંતર્ગત પ્રાંતોમાં જવાબદાર સરકારોની રચના થઈ. અલબત્ત, આ કામ મર્યાદિત ક્ષેત્રમાં થયું. કેન્દ્રમાં દ્વિગૃહી ધારાસભા હતી. તેનાં બંને ગૃહોમાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા વધારવામાં આવી, જોકે જવાબદાર સરકારનું કોઈ તત્ત્વ તેમાં દાખલ કરવામાં આવ્યું નહોતું. ભારતીય નેતાઓ અને બ્રિટિશ સરકાર વચ્ચે તબક્કાવાર અને અનેક મંત્રણાઓ બાદ ૧૯૩૫નો કાયદો ઘડવામાં આવ્યો. આ કાયદા અનુસાર કેન્દ્રની ધારાસભા ઉપરાંત છ પ્રાંતોમાં વિધાનસભા અને વિધાન પરિષદ મળીને દ્વિગૃહી ધારાસભાઓની રચના કરવામાં આવી. કેન્દ્ર અને પ્રાંતોની સત્તાને ત્રણ યાદીઓમાં વિભાજિત કરવામાં આવી. આમ છતાં તે વેળા મતદાર યાદીઓ વિભાજક હિતો પર આધાર રાખતી હતી. ધારાસભા માત્ર મર્યાદિત ચર્ચા કરતી સભા હતી. ગવર્નર જનરલને કોઈ પણ ખરડા પર વિષેધાધિકાર વાપરવાની સત્તા હોવાથી વાસ્તવિક અર્થમાં ધારાસભા માત્ર ચર્ચા-વિચારણા જ કરી શકતી હતી.

ભારતનું સ્વાતંત્ર્ય-આંદોલન તથા આંતરરાષ્ટ્રિય રાજકીય પરિસ્થિતિ બ્રિટિશ સરકારની વિરુદ્ધ કામ કરી રહ્યાં હતાં. આથી બ્રિટિશ પાર્લમેન્ટે ૧૯૪૭નો ભારતીય સ્વતંત્રતાનો ધારો પસાર કરી બે સ્વતંત્ર દેશો - ભારત અને પાકિસ્તાન -ની રચના મંજૂર કરી અને પ્રત્યેક દેશની ધારાસભાને સંપૂર્ણ ધારાકીય સાર્વભૌમત્વ આપવાનું ઠરાવવામાં આવ્યું.

ભારતના બંધારણ અંગે વિચારણાની શરૂઆત થઈ ત્યારે બંધારણસભામાં થયેલી ચર્ચાનો ટૂંકો અહેવાલ આ મુજબ હતો: ૧૯૧૯ અને ૧૯૩૫ના કાયદા દ્વારા મર્યાદિત સ્વરૂપની સંસદીય પ્રથા કાર્યરત હોવાથી પ્રમુખીય લોકશાહી અંગે બંધારણસભાના સભ્ય અને જાણીતા અર્થશાસ્ત્રી કે. ટી. શાહના સૂચનનો ઈન્કાર કરવામાં આવ્યો તથા નવા મૉડેલનો પ્રયોગ નહિ કરવો જોઈએ, તેવું બંધારણસભાના મોટા ભાગના સભ્યોનું મંતવ્ય હતું. આ ચર્ચા દરમિયાન એક મહત્ત્વની બાબતની સ્પષ્ટતા પણ થઈ કે સંસદીય પદ્ધતિની લાક્ષણિક્તા 'ઉત્તરદાયિત્વ' છે આથી ઉત્તરદાયિત્વનો વિકલ્પ પસંદ કરી ભારતના બંધારણમાં સંસદીય પદ્ધતિની લોકશાહી સ્વીકારવામાં આવી. બંધારણસભામાં વિશાળ સર્વસંમતિ પશ્ચિમી ઢબની સંસદીય શૈલીની સંસ્થાઓની તરફેણ કરતી હતી. નવા રચાયેલા બંધારણીય સમીક્ષા પંચે પણ દેશના આ મૂળભૂત માળખામાં કોઈ પણ ફેરફાર કરવાની વાતનો અસ્વીકાર કરી કામગીરી હાથ ધરી હતી. તે માટે કેટલીક મુખ્ય દલીલો કારણભૂત હતી.

(૧) પ્રાચીન ભારતીય પરંપરાગત શાસનથી અલગ એવી આધુનિક જરૂરિયાતો તથા ઇચ્છાઓ સાથે મેળ બેસાડે તેવી સાંસદીય લોકશાહીનો વ્યવસ્થિત અનુભવ ભારત ધરાવતું હતું.

(૨) નિરક્ષરતા, અંધશ્રદ્ધા તથા ગરીબાઈનાં અનિષ્ટોને માત્ર આધુનિક સંસદીય લોકશાહી દ્વારા દૂર કરી શકાશે તેવો સભ્યોને વિશ્વાસ હતો.

(૩) શાસનની પ્રક્રિયા લોકોની સક્રિય ભાગીદારી વધારે સારા સામાજિક અને આર્થિક ન્યાયની સ્થાપના કરશે તેમજ સમાનતા તરફ દોરી જશે. આ કાર્ય સંસદીય લોકશાહી સારી રીતે કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

(૪) સંસદીય લોકશાહીનો સ્વીકાર રાષ્ટ્રિય હિત સાથે સુસંગત જણાય છે.

આ બહુલક્ષી વિચારણાને અંતે શક્તિશાળી લોકસભા સાથેની સંસદીય લોકશાહીની રચનાનો નિર્ણય બંધારણસભાએ લીધો.

લોકસભાના ઉમેદવારની લાયકાતમાં સમાવિષ્ટ બાબતોમાં પ્રથમ મહત્ત્વની બાબત એ છે કે ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અને ૨૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતો હોવો જોઈએ. વધુમાં તે સંઘ સરકારનો કર્મચારી ન હોય તેમજ ગુનેગાર કે ગાંડો ન હોય. આ સિવાય લોકસભા ચાહે તો

સંસદનાં બંને ગૃહોની સંમતિથી વધારાની લાયકાતો સૂચવી શકે છે. લોકસભાનું સભ્યપદ પ્રતિષ્ઠિત ગણાતું હોવાથી તે અંગેની ચૂંટણીમાં ઝંપલાવનાર ઉમેદવારોની સંખ્યા સામાન્ય રીતે ઉત્તરોત્તર વધતી રહી છે. સ્વાતંત્ર્યના પ્રારંભે પાંચ લાખની વસ્તીદીઠ એક પ્રતિનિધિના ધોરણે ચૂંટણી યોજાતી હતી, જે પ્રમાણ એકવીસમી સદીના પ્રારંભે લગભગ બેવડું થઈ ગયું છે. એટલે કે દસ લાખની વસ્તીદીઠ એક પ્રતિનિધિનું પ્રમાણ સ્થિર થયું છે. તેરમી લોકસભા ૫૪૫ સભ્યોની બનેલી હતી, જેમાં ૫૩૦ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ૧૩ કેન્દ્રશાસિત વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હતા તથા બે સભ્યો પ્રમુખ દ્વારા નિમાયેલા હતા. વર્તમાન લોકસભાની બેઠક-ફાળવણી ૧૯૭૧ની વસ્તી-ગણતરીના આધારે કરવામાં આવેલી છે. ૨૦૦૦ના વર્ષમાં હાથ ધરાયેલ વસ્તી-ગણતરીની સંપૂર્ણ વિગતો પ્રાપ્ત થશે ત્યાં સુધી આ ધોરણનો અમલ ચાલુ રહેશે. બંધારણના ૮૪મા સુધારા અનુસાર મતદાર-વિભાગોની સીમારેખાઓમાં ફેરફારની પ્રક્રિયા સ્થગિત કરીને પ્રવર્તમાન ધોરણને ૨૦૨૬ સુધી ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું છે.

બંધારણ અનુસાર ગૃહની બેઠક વર્ષમાં બે વાર યોજવી આવશ્યક છે. વળી બે બેઠકો વચ્ચે છ માસ કરતાં વધુ ગાળો હોવો જોઈએ નહિ. વાસ્તવમાં ભારતમાં વર્ષમાં ત્રણ બેઠકો યોજવાની પરંપરા ઘડાઈ છે, જે સામાન્ય રીતે શિયાળુ, ઉનાળુ અને ચોમાસુ બેઠકો તરીકે ઓળખાય છે. સંસદની બેઠક યોજવાનો, તેની મુદતમાં વધઘટ કરવાનો કે બેઠક મુલતવી રાખવાનો કે બરખાસ્ત કરવાનો અધિકાર ભારતના રાષ્ટ્રપ્રમુખ ધરાવે છે; પરંતુ ગૃહ ચાલુ હોય ત્યારે આ અંગે નિર્ણય કરવાનો વિશેષાધિકાર ગૃહના અધ્યક્ષ ધરાવે છે. નિયમાનુસાર કુલ સભ્યોના દસમા ભાગના સભ્યોની હાજરી લોકસભાની કાર્યવહી માટેની કાર્યસાધક સંખ્યા ગણાય છે. બીજા શબ્દોમાં ૫૫૨માંથી ૫૬ સભ્યો હાજર રહે ત્યારે ગૃહની કાર્યવાહી ચાલે છે. ગૃહની બેઠકના કામકાજનું સંચાલન અધ્યક્ષ કરે છે. ચૂંટણી પછીના નવા ગૃહની પ્રથમ બેઠકમાં ગૃહના ચૂંટાઈ આવેલા સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ચૂંટી કાઢવામાં આવે છે.

પ્રજા દ્વારા સીધી રીતે ચૂંટાતી લોકસભાનો દરજ્જો બંધારણીય રીતે જ રાજ્યસભા કરતાં કંઈક ઊંચા સ્થાને છે. વડાપ્રધાન અને તેમનું મંત્રીમંડળ મુખ્યત્વે લોકસભાના બહુમતી પક્ષમાંથી પસંદ થાય છે. આ રીતે હોદ્દો ધરાવતી કારોબારી લોકસભા પ્રત્યે સંયુક્ત જવાબદારી ધરાવે છે તેમજ અવિશ્વાસની દરખાસ્ત કે નાણાંકીય કાપની દરખાસ્ત ('કટ મોશન') મંજૂર થાય ત્યારે ગૃહનો વિશ્વાસ ગુમાવ્યો હોવાથી હોદ્દા પરથી રાજીનામું આપી સત્તા છોડી દે છે.

લોકસભા પ્રજાના પ્રતિનિધિઓનું ગૃહ હોવાથી કાયદા ઘડતરનું કાર્ય તે કરે છે તેમજ કાયદામાં કરવામાં આવતા ફેરફાર કે રદ-બાતલ ઠેરવવામાં આવતા કાયદા અંગે આખરી નિર્ણય લે છે. તેની નાણાંકીય સત્તાઓ વિશિષ્ટ છે. સંસદનાં ગૃહો તરીકે રાજ્યસભા અને લોકસભા બંને અન્ય કેટલીક સમાન સત્તાઓ ધરાવે છે. જેમાં ધારાકીય, નાણાંકીય, કારોબારીની, અદાલતી અને ચૂંટણી અંગેની સત્તાઓનો સમાવેશ થાય છે. નાણાંકીય ખરડો સૌપ્રથમ લોકસભામાં જ રજૂ કરી શકાય અને તેવા ખરડાના રાજ્યસભામાં માત્ર ૧૪ દિવસ પૂરતો જ સમય ફાળવવામાં આવે છે. વળી કોઈ પણ પ્રકારની નાણાંકીય કાપની કે નાણાંકીય ફાળવણીની ફેરબદલી રાજ્યસભા કરી શકતી નથી. માત્ર લોકસભા જ આ કાર્ય કરી શકે છે. લોકસભા પ્રજા દ્વારા ચૂંટાતું ગૃહ હોવાને કારણે નાણાંકીય સત્તાઓની બાબતમાં વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ભારતના બંધારણમાં સંસદીય લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો તે ઇતિહાસની વિરલ ઘટના લેખી શકાય. સંસદીય લોકશાહીની પ્રાણરૂપ સંસ્થા લોકસભા છે. દેશના નાગરિકો, સરકારો અને વિવિધ વર્ગો માટેના કાયદા-ઘડતરની કામગીરી તેને ભારતની રાજ્યવ્યવસ્થામાં કેન્દ્રીય સ્થાને સ્થાપિત કરે છે.

પ્રથમ લોકસભાનો કાર્યકાળ ૧૯૫૨થી ૧૯૫૭નો હતો. ૧૭ એપ્રિલ ૧૯૫૨ના રોજ પ્રથમ લોકસભાની રચના થઈ. તે સમયે ગૃહમાં કુલ ૪૯૯ સભ્યો હતાં. સમગ્ર ગૃહ પર કૉંગ્રેસ પક્ષનું પ્રભુત્વ હતું. તેમાં બાવીસ મહિલા સભ્યો હતાં. ગૃહમાં બીજા ક્રમે સામ્યવાદી પક્ષ અને ત્રીજા ક્રમે સમાજવાદી પક્ષ હતો. બાકીના સભ્યો અન્ય નાના પક્ષો સાથે સંકળાયેલા હતા તેમજ થોડાક અપક્ષ સભ્યો પણ હતા. લોકસભામાં કાયદા સાથે સંબંધિત વ્યવસાય ધરાવનારાઓનું બાહુલ્ય હતું અને લોકસભાનું સ્વરૂપ અગ્રવર્ણીય હતું. પ્રથમ લોકસભામાં ખાનગી સભ્યના ૭ ખરડા ઉપરાંત ૬ બંધારણીય સુધારા પણ મંજૂર થયા હતા.

ગૃહ તરોતાજા હોવા સાથે જાહેર હિત તેની કેન્દ્રીય નિસબત હતી. ઊંચી પ્રણાલિકાઓ અને ધોરણોનો આરંભ કરી સંસદીય લોકશાહીને શોભાન્વિત કરે તેવી કામગીરી સાથે ગૃહનું કાર્ય ચાલતું હતું.

દ્વિતીય લોકસભાનો કાર્ય-કાળ ૧૯૫૭થી ૧૯૬૦નો હતો. ૨૫ મહિલા સભ્યો સાથે તે ગૃહ કામકાજ કરતું હતું. સમગ્ર ગૃહના સંદર્ભમાં મહિલાસભ્ય-સંખ્યાની ટકાવરી ૫.૪ હતી. મુંદડા કૌભાંડને પગલે તત્કાલીન નાણાંપ્રધાન ટી. ટી. કૃષ્ણામાચારી અને નાણાં વિભાગના મુખ્ય સચિવ એચ. એમ.

પટેલને રાજીનામું આપવું પડ્યું હતું. કાંગ્રેસ પક્ષ બહુમતીમાં હતો. ૪ બંધારણીય સુધારા સાથે દહેજ-પ્રતિબંધક ધારો ઘડવા અંગે બંને ગૃહો સર્વપ્રથમ સંયુક્ત બેઠક બોલાવવામાં આવી હતી, જેથી બંને ગૃહો વચ્ચે પડેલી મડાગાંઠ ઉકેલી શકાય.

ઊંચાં ધોરણો, સંનિષ્ઠ સાંસદો, અભ્યાસનિષ્ઠ કામગીરી સાથે અગ્રવર્ગીય સ્વરૂપ ધરાવતી લોકસભા કાર્યરત હતી. ભારતની સંસદીય લોકશાહીના ઇતિહાસનો એ સુવર્ણયુગ હતો.

તૃતીય લોકસભાનો કાર્યકાળ ૧૯૬૨થી ૧૯૬૭ હતો. આચાર્ય કૃપાલાની, રામમનોહર લોહિયા, મધુ લિમયે અને મીનુ મસાણી જેવા સંનિષ્ઠ નેતાઓ પેટાચૂંટણીમાં વિજેતા બની લોકસભામાં પ્રવેશ્યા. આ ગૃહ ૩૪ મહિલા સભ્યો ધરાવતું હતું. તે સમયે ગૃહે ૨૭૫ ખરડા મંજૂર કરી, ૮ બંધારણીય સુધારા કર્યા. ૧૯૬૨માં ચીનનું ભારત પર પ્રથમ વિદેશી આક્રમણ, ભારતીય સૈન્યની અસજ્જતાને કારણે પરાજયની નૈતિક જવાબદારી સ્વીકારી વી. કે. કૃષ્ણમેનને આપેલું રાજીનામું. ૧૯૬૪માં વડાપ્રધાન જવાહરલાલ નેહરુનું અવસાન, ૧૯૬૫માં પાકિસ્તાન સાથેનું યુદ્ધ, વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું ૧૯૬૬માં અવસાન તથા ૧૯૬૬માં ઇન્દિરા ગાંધીનું ભારતનાં સૌપ્રથમ મહિલા વડાંપ્રધાન બનવું. આ બધી નોંધપાત્ર ઐતિહાસિક ઘટનાઓનું આ ગૃહ સાક્ષી બન્યું. કાયદાઘડતર ઉપરાંત બીજી કેટલીક કામગીરીઓ ગૃહનાં મહત્ત્વનાં કાર્યોમાં સમાવેશ પામી. તેથી લોકસભાનાં કાર્યોનો ભારે વિસ્તાર પણ થયો.

ચોથી લોકસભાનો કાર્યકાળ ૧૯૬૭થી ૧૯૭૦નો હતો. આ ચૂંટણીમાં લોકસભાની બેઠકો ૪૯૪માંથી વધીને ૫૨૦ની થઈ. આ સમયથી ભારતીય રાજકારણની નોખી તાસીર વિકસવા લાગી. પક્ષપલટાના દૂષણનો પ્રારંભ થયો. કાંગ્રેસ પક્ષનું વિભાજન થયું અને સિન્ડિકેટ-ઇન્ડિકેટની રચના થઈ. પક્ષીય શિસ્તને સ્થાને 'અંતરાત્માના અવાજ'નું નર્યું દંભી રાજકારણ આરંભાયું. નાણાંપ્રધાન તરીકે મોરારજીભાઈ દેસાઈની હકાલપટ્ટી તથા બેંકોનું રાષ્ટ્રિયકરણ કરવા જેવાં પગલાં ભરાયાં. આ બધાંની કુલ અસર એ થઈ કે મુદત પૂર્વે ૩૭ ડિસેમ્બર ૧૯૭૦ના રોજ ગૃહનું વિસર્જન કરવાની ફરજ પડી.

પાંચમી લોકસભાનો કાર્યકાળ ૧૯૭૧થી ૧૯૭૭નો હતો. ગૃહની ધારાપોથીમાં ૪૮૨ ધારાકીય પગલાં ભરાયાની નોંધ લેવામાં આવી છે. ૧૯ બંધારણીય સુધારા-ખરડાઓ મંજૂર કરવામાં આવ્યા, જે ઘટના ભારતની સંસદીય લોકશાહીનો એક વિશિષ્ટ કીર્તિમાન હતો. ૩૫મા અને ૩૬મા બંધારણીય સુધારા દ્વારા સિક્કિમ ભારતીય રાજ્યનો ભાગ બન્યું. સંસદના પૂર્વ સભ્યો માટે નિવૃત્તિવેતન યોજના દાખલ કરવામાં આવી. ડિસેમ્બર ૧૯૭૧માં પાકિસ્તાની આક્રમણને કારણે જાહેર થયેલી કટોકટી ચાલુ હતી છતાં ૨૫ જૂન ૧૯૭૫ના રોજ આંતરિક ખલેલભરી પરિસ્થિતિના બહાના હેઠળ આંતરિક કટોકટી જાહેર કરવામાં આવી. વિવાદાસ્પદ ૪૨મા બંધારણીય સુધારા દ્વારા લોકસભાની મુદત પાંચને બદલે છ વર્ષની કરવામાં આવી. ૪૨મા બંધારણીય સુધારા અંગે ગૃહમાં ૧૪ કલાક ચર્ચા ચાલી અને ઐતિહાસિક કટોકટીની કડવી યાદો છોડતી ગઈ.

છઠ્ઠી લોકસભાનો કાર્યકાળ સાવ ટૂંકો ૧૯૭૭થી ૧૯૭૯નો હતો, ભારતના ઇતિહાસમાં પ્રથમ વાર જનતાપક્ષની બિનકોંગ્રેસી સરકાર સત્તા પર આવી. કટોકટી દરમિયાન અનેક અત્યાચારો છતાં ચૂંટણીનો પ્રજાકીય ચુકાદો સ્વીકારી ઇન્દિરા ગાંધીએ સત્તાનાં સૂત્રો છોડ્યાં. એક રાજકીય પ્રથા તરીકે ભારતની લોકશાહી પ્રથાએ કાયદેસરતા, સ્થિતિસ્થાપકતા, કંપનશક્તિ અને જીવનશક્તિ પુરવાર કરી. લગભગ મનસ્વી બની બેઠેલી સરકારને બંધારણીય પદ્ધતિની શાંત ક્રાંતિથી રુખસદ આપવામાં આવી. ૪૪મા બંધારણીય સુધારા દ્વારા લોકશાહીની દૃષ્ટિએ અરુચિકર જોગવાઈઓ રદ કરવામાં આવી અને લોકસભાની મુદત પુનઃ છમાંથી પાંચ વર્ષની કરવામાં આવી. આમ, સત્તાના અતિરેકભર્યા બંધારણીય સુધારા રદ કરી જનતા સરકારે સ્વસ્થ લોકશાહી પુનર્જીવિત કરવા પ્રયાસ આદર્યો. વિપક્ષના વડાને ગૃહમાં વિરોધપક્ષના નેતાનો દરજ્જો આપવાની પ્રથા ૧૯૭૭માં આ સરકારના સમયથી વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ દાખલ કરી. વિપક્ષી નેતાને કેબિનેટ મંત્રી સમકક્ષનો દરજ્જો અને મોભો મળવો જોઈએ તેવો વડાપ્રધાનનો આગ્રહ હતો, ૧ નવેમ્બર ૧૯૭૭માં આ અંગેનો કાયદો ઘડવામાં આવ્યો. સત્તાધારી જનતા પક્ષ મજબૂત રીતે સંગઠિત ન થયો હોઈ તેની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થતાં જનતા પક્ષની સરકારનું પતન થયું.

સાતમી લોકસભાનો કાર્યકાળ ૧૯૮૦થી ૧૯૮૪નો હતો. ઇન્દિરા ગાંધી બે-તૃતીયાંશ બહુમતી સાથે ફરી સત્તા પર આવ્યાં, જ્યારે અન્ય રાજકીય પક્ષો પોતાના રાજકીય માળખાને નિશ્ચિત આકાર આપી શક્યા નહિ. પ્રથમ લોકસભાથી માંડીને સાતમી લોકસભા સુધીમાં કૃષિકાર જૂથ ક્રમશઃ વધુ ને વધુ બલવત્તર બન્યું. પંજાબની આતંકિત પરિસ્થિતિ ગૃહની કાર્યવહીમાં મહત્ત્વનું સ્થાન પામતી. ૧૧ ઑગસ્ટના મંડલ પંચના અહેવાલે ૨૭% અનામતની ભલામણ કરી અને ગૃહમાં મોડી રાત સુધી તેની ચર્ચા ચાલી. ૩૧ ઑક્ટોબર ૧૯૮૪ના રોજ વડાંપ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યાથી સમગ્ર દેશ સ્તબ્ધ થઈ ગયો.

(આવતા અંકે પૂર્ણ)

संयुक्त राष्ट्रसंघे जाहेर करेलुं

આંતરરાષ્ટ્રિય ચોખા વર્ષ ૨૦૦૪

અનુ.: શંકરભાઈ ભૂ. પટેલ તથા રાજુભાઈ જંત્રાણિયા

જંગલી ચોખાની જાતનો જન્મ આ ગ્રહ પર આશરે ૧,૩૦,૦૦૦ વર્ષ પહેલાં થયો હતો. ૧૫,૦૦૦ વર્ષ પૂર્વે 'ઇન્ડિકા' નામની જંગલી ચોખાની જાત હિમાલયના ઉત્તર અને દક્ષિણ ઢોળાવ પર ઊગતી હતી. પછી તે ઉત્તર અને દક્ષિણ ભારતમાં, દક્ષિણ-પૂર્વ એશિયા અને દક્ષિણ ચીનમાં ફેલાઈ. ૩,૫૦૦ વર્ષ પૂર્વે આફ્રિકામાં જંગલી ચોખામાંથી એક સ્થાનિક જાતનો વિકાસ થયો. ૩,૦૦૦ વર્ષ પૂર્વે પૂર્વ ચીનમાંથી જપાનમાં લાવવામાં આવ્યા. ઈ.સ. પૂર્વે ૫૪૩માં 'ઇન્ડિકા'નો પ્રવેશ શ્રીલંકામાં થયો, ત્યાંથી તે મલાયા અને જાવા પહોંચી. સદીઓ પછી એશિયન ચોખા જાવા થઈને આફ્રિકા પહોંચ્યા. ઈ.સ.ની પહેલીથી ૧૧મી સદીમાં આરબ વેપારીઓ ચોખાને ભારતમાંથી ઈરાન અને પછી ઇજિપ્ત લઈ ગયા. ત્યાંથી તે સ્પેન અને સિસિલી પહોંચ્યા. મૂર લોકો એને પોર્ટુગલ લઈ ગયા. ઈ.સ. ૯૩૯માં નાઇલ નદીની ખીણમાં સૌપ્રથમ વખત ચોખાની ખેતી કરવામાં આવી. ઈ.સ. ૧૪૬૮માં ઇટલીથી ચોખા બલ્ગેરિયા, યુગોસ્લાવિયા અને રૂમાનિયા પહોંચ્યા. ઈ.સ. ૧૫૨૨માં સૌપ્રથમ વખત મૅક્સિકો લઈ જવામાં આવ્યા. ઈ.સ. ૧૬૦૯માં સૌપ્રથમ વખત ચોખા અમેરિકા પહોંચ્યા. ૧૮મી સદીની શરૂઆતમાં રશિયાના ઝાર પીટર પહેલાએ ઈરાનથી પ્રથમ વાર ચોખાની આયાત કરી.

અને આજે ઍન્ટાર્ટિકા ખંડ સિવાય તમામ ખંડોમાં ચોખા ઉગાડવામાં આવે છે.

ચોખાના નામનો ઈતિહાસ : ગરમ આબોહવામાં પેદા થતા એક ઘાસ જેવા છોડમાંથી ખોરાક મળે છે જેને આપણે 'ચોખા' કહીએ છીએ તે તામીલ શબ્દ 'અરીસી' પરથી આવ્યો છે. આરબ વેપારીઓ આ 'અરીસી'ને તેમની સાથે લઈ ગયા અને તેનું નામ આપ્યું 'અલ-રૂઝ'. સ્પેનિશ ભાષામાં એ પરથી શબ્દ બન્યો અરોઝ અને ગ્રીક ભાષામાં કહેવાયો 'ઓરિઝા'. ફ્રેન્ચ ભાષામાં તેના પરથી શબ્દ બન્યો 'રીઝ', જર્મન ભાષામાં થયો 'રીઝો'. ઇટાલિયનમાં થયો 'રીસ' અને છેવટે અંગ્રેજીમાં શબ્દ બન્યો 'રાઇસ'. ચોખાનું જૈવિક નામ છે 'ઓરિઝા' તે પણ 'અરીસી' પરથી જ આવ્યું છે.

દુનિયાના કુલ ઉત્પાદનના ૯૮% ડાંગર એશિયા ખંડમાં પેદા થાય છે. દુનિયાના કુલ ભાત ખાનારાઓ પૈકી ૯૧% લોકો એશિયા ખંડમાં છે. દુનિયાના ચાર વધુ વસતી ધરાવતા દેશો પૈકીના ત્રણ : ચીન, ભારત અને ઇન્ડોનેશિયા ૨૫૦ કરોડ લોકોનો 'ભાત' એ મુખ્ય ખોરાક છે. ૧૦૦ કરોડ કરતાં વધારે લોકોના જીવનનો આધાર ડાંગરની ખેતી છે, જે પૈકીના મોટા ભાગના ખેડૂતો એશિયા ખંડમાં છે. એશિયામાં ૨૦૦ કરોડ કરતાં વધારે લોકો ૬૦.૭૦% જેટલી કૅલરી ભાત કે ભાતની બનાવટમાંથી મેળવે છે. આધુનિક ડાંગરનો જન્મ હિમાલયમાં થયો હતો. અને ડાંગરની ખેતીનો ફેલાવો ભારતમાંથી બધે થયો હતો. આ છતાં ડાંગરનો સંપૂર્ણ આનુવાંશિક નકશો એક અમેરિકન અને સ્વિટ્ઝર્લૅન્ડની કંપનીઓ પાસે છે !

'બીટા કેરોટીન' નામનું તત્ત્વ છે જે વિટામિન 'એ'ની ખામી દૂર કરવામાં મદદરૂપ થાય છે. એશિયાનાં બાળકોમાં અંધાપાનું આ એક મુખ્ય કારણ છે. સોનેરી ચોખા 'ગોલ્ડન રાઇસ' નામની ડાંગરની જાત જેમાં ઉપરોક્ત તત્ત્વ છે તે જાતની પેટન્ટ પશ્ચિમના દેશો પાસે છે.

ભારતમાં 'બાસમતી ચોખા'ની પેટન્ટ એક અમેરિકન કંપની પાસે છે ! ભવિષ્યમાં એવું બનશે કે ખૂબ મહેનતથી ચોખા આપણે પેદા કરીએ અને તેની રૉયલ્ટિ ડૉલરમાં આપણે અમેરિકાને ચૂકવવી પડશે ! ચોખાની નિકાસ કરનાર અમેરિકા એક મહત્ત્વનો દેશ છે. એશિયાના ચોખા આંતરરાષ્ટ્રિય બજારમાં ઘણી જ નીચી કિંમતે વેચાય છે જ્યારે પશ્ચિમના ચોખાનો ભાવ ઘણો વધારે હોય છે !

ડાંગરની ખેતી એ ખૂબ જ શ્રમપ્રધાન પાક છે પરંતુ તે બીજા કોઈ પણ પાક કરતાં સૌથી વધુ રોજગારી આપે છે. આમ, એશિયાના વધુ વસતીવાળા પ્રદેશો માટે વરદાનરૂપ પણ છે. પણ પ્રશ્ન એ છે કે ડાંગર એ પાણીભૂખ્યો પાક છે ! એક એકર ડાંગરના પાકના પાણી વડે તમે ૩ એકર ઘઉં અને પાંચ એકર શાકભાજી ઉગાડી શકો. વિશ્વની ૮૦% કરતાં વધુ ડાંગરની ખેતી વરસાદ પર આધારિત છે અને તેથી એક જ પાક લઈ શકાય છે. આથી જો વરસાદ નિષ્ફળ જાય તો એ પાક પણ થતો નથી !

આજે જ્યારે પીવાના ચોખ્ખા પાણીની જગતભરમાં તંગી છે ત્યારે આપણે કેટલું પાણી ડાંગરની ખેતી માટે ફાળવી શકીશું ? આજે બૈજિંગ શહેરની આજુબાજુ પાણીની તંગીના કારણે ખેડૂતોને ક્યારીમાં પાણી ભરીને ડાંગર ઉગાડવાની મનાઈ છે. આવનારા ભવિષ્યનું આ એક ઉદાહરણ હોય તો ભારત જેવા દેશ માટે સારા સમાચાર નથી.

ભવિષ્યમાં વધતી જતી વસતીને ખોરાક પૂરો પાડવા પાણી, જમીન અને શ્રમનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને ડાંગરનું વધુ ઉત્પાદન મેળવવું જ રહ્યું. એની સાથે સાથે ઉત્પાદન અને પ્રક્રિયા દરમિયાન થતો બગાડ પણ ઘટાડવો પડશે.

ડાંગરની ખેતીમાં પાણીનો જથ્થો ઘટાડવાનો એક ઉપાય છે એવી જાતનો વિકાસ કરવાનો જેને 'ઓરાણ ડાંગર' કહેવામાં

આવે છે તે સૂકી જમીનમાં વધુ માફક આવે છે. વિજ્ઞાનીઓ ડાંગરની એવી જૈવિક જાતનો વિકાસ કરવા મથી રહ્યા છે જે હાલની જાત કરતાં કંઈક ગણું વધારે ઉત્પાદન આપે અને તે પણ 'ઉષ્ણ કટિબંધમાં ગમે ત્યારે અને ગમે ત્યાં.'

હાલમાં ડાંગરની ક્યારીમાં જે પાણી વપરાય છે તે જો બે હેતુ માટે - સિંચાઈ અને પિયત માટે - વાપરી શકાય તો તે એક બીજો સારો વિચાર છે. બીજો એક પાયાનો પરંતુ અપ્રિય એવો વિચાર એ છે કે ખેડૂતો ડાંગર પકવવા જેટલું પાણી વાપરે તેની કિંમત ચૂકવવી. આથી પાણી બચાવવા માટે પ્રોત્સાહન મળશે. ચીનમાં આવી યોજના હાલમાં અમલમાં છે જ.

સન ૨૦૦૦માં ભારતે ૧૫,૩૨,૬૦૦ ટન ચોખાની નિકાસ કરી હતી. જો આની સરખામણીમાં ૭,૬૬,૩૦૦ કરોડ લીટર પાણી નિકાસની સાથે સરખાવવામાં આવે તો પ્રશ્નની ગંભીરતાનો ખયાલ આવશે.

જાન્યુઆરી ૨૦૦૧ મહત્ત્વના ધાન્ય પાક ચોખાના સમગ્ર કુળનું રેખાચિત્ર અંકિત કરીને પ્રથમ વાર કુળની સાંકેતિક ભાષાને ઉકેલી નાખવામાં આવી. અમેરિકાની મિરિઆડ જિનેટિક્સ અને સ્વિટ્ઝર્લૅન્ડની સીન્જેન્ટા કંપનીએ સોનેરી ચોખાની સિદ્ધિ હાંસલ કરી છે. અને હવે દુનિયાના ચોખાના પાકનું ભવિષ્ય આ બે કંપનીઓના હાથમાં છે !

આમ, એશિયા પાસે ચોખાનું આધુનિક જનીન નથી એમ કહેવું કેટલું વિચિત્ર છે ! વિકસિત દેશો વિકાસશીલ દેશોની ઘણીખરી જૈવિક વિવિધતાની પેટન્ટ મેળવી રહ્યા છે. તો ચોખાની બાબતમાં નવું શું છે ? નવું એ છે કે જગતના ચોખાના કુલ ઉત્પાનના ૮૦% વિકાસશીલ દેશોના ઓછી આવકવાળા નાના ખેડૂતો ઉગાડે છે અને તેઓ નવી ખર્ચાળ ટેક્નોલૉજી ખરીદી શકવા શક્તિમાન નથી. સીન્જેન્ટાએ જાહેર કર્યું છે કે તે ચોખાની જનીનની પેટન્ટ મેળવશે નહિ, પરંતુ 'એવી કોઈ પણ લાભદાયક પ્રક્રિયા જે જનીન સાથે સંકળાયેલ હશે' તેની પેટન્ટ મેળવશે. આ દેખાય છે તેવું સરળ નથી. બહુચર્ચિત 'જાસમતી'નો કિસ્સો એનું જ એક ઉદાહરણ છે.

ચોખાના વંશવારસની લગામ : વિશ્વ વ્યાપાર સંસ્થા બૌદ્ધિક મિલકત અંગેના વ્યાપારી કરારના હક્કો બહુરાષ્ટ્રિય કંપનીઓને ચોખા પર પેટન્ટ મેળવવાના સમગ્ર હક્કો આપે છે !

આજે જગતમાં ૬૦૦થી વધારે ચોખાની છોડને લગતી અને ઉછેરની પદ્ધતિને લગતી જૈવિક પેટન્ટો છે. આમાંની ૯૦% જેટલી પેટન્ટ પશ્ચિમના કૉર્પોરેશન અને લૅબોરેટરીઓ પાસે છે. આમ, લગામ પોતાની પાસે રાખીને એશિયન ખેડૂતોના જ્ઞાનનો ઉપયોગ કરવા પર બળજબરી કરી શકે છે, કરમની કઠણાઈ એ છે કે આ જ્ઞાન મૂળમાં તો તેઓએ એશિયન ખેડૂતો પાસેથી જ મેળવ્યું !

બીજો દાખલો 'સોનેરી ચોખા'નો છે. આ જાતમાં 'બીટા કેરોટીન' નામનું તત્ત્વ છે જે વિટામિન 'એ'ની ખામી દૂર કરવામાં મદદરૂપ થાય છે. એશિયાના બાળકોમાં અંધાપાનું આ એક મુખ્ય કારણ છે. 'સોનેરી ચોખા' નામની ડાંગરની જાત જેમાં ઉપરોક્ત તત્ત્વ છે તે જાતની પેટન્ટ પણ પશ્ચિમના દેશો પાસે છે.

ખેડૂતોના હક્કો : મોટા ભાગની જનીન બૅન્કો યુરોપ- અમેરિકાના કૉર્પોરેશનો પાસે છે જેની પાસે સામાન્ય ખેડૂત જઈ શકતો નથી. જ્યારે સામુદાયિક જનીન બૅન્કો પર લોકોનો કાબૂ હોય છે. ખેડૂતોની સ્વતંત્રતા જાળવીને બીજને સ્થાનિક રીતે પકવી લેવામાં આવે છે.

મહારાષ્ટ્રમાં 'કોકણ રાઈસ પ્રોજેક્ટ' નામની આવી એક બૅન્ક છે. ખૂબ જ ખાતર, જંતુનાશકો અને નિંદણનાશકોનો ઉપયોગ કરવા છતાં ચોખાના ઉત્પાદનમાં સ્થગિતતા જ્યારે ખેડૂતોને દેખાઈ ત્યારે આ બૅન્ક શરૂ કરવામાં આવી. તેઓએ જોયું કે ચોખાની ખેતીમાં સહેજ પણ જૈવિક ફેરફાર રોગને વધારી મૂકે છે અને પછી વધુ જંતુનાશકોની જરૂર પડે છે.

આથી એ પ્રદેશમાંથી લગભગ ૨૫૦ સ્થાનિક જાતો ભેગી કરી વર્ગીકૃત કરી સંઘરવામાં આવી. આ આખો પ્રોજેક્ટ ડાંગરના શ્રેષ્ઠ ભારતીય વિજ્ઞાની ડૉ. રીછારીઆના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવ્યો છે જેઓ ઉત્પાદન વધારવા હાઈબ્રીડ બિયારણો તૈયાર કરે છે. કેટલીય સંકર જાતો પેદા કરવામાં આવી છે. વિશાળ જથ્થામાં ચોખાનાં બીજ પેદા કરવા ક્લોનિંગ ટેક્નોલૉજીનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ બધું જ સ્થાનિક ખેડૂતોને સહેલાઈથી પ્રાપ્ય છે.

ચોખા-ઉત્પાદનના ભવિષ્યને એશિયન ખેડૂતોના હાથમાં સલામત રાખવા સામુદાયિક જનીન બૅન્ક જ એક માત્ર ઉપાય છે. બહુ રાષ્ટ્રિય કંપનીઓની સામે આ જ એક સબળ હથિયાર વાપરીને તેઓના હિતની રક્ષા કરી છે.

ચોખાનું અર્થશાસ્ત્ર : દુનિયામાં પૂર્વ અને પશ્ચિમની ખેંચતાણ એ ઉત્પાદનની હરીફાઈનો એક ભાગ છે અને ચોખા એ એનું પ્રતીક અને કેન્દ્રબિંદુ છે.

દુનિયાની ચોખા-ઉત્પાદનમાં રહેલી કુલ જમીન પૈકીની ફક્ત ૦.૭૯% જમીન જ અમેરિકા ચોખાના પાક માટે વાપરે છે અને એના વડે તે ૧૨.૭% ચોખાની નિકાસને કાબૂમાં રાખે છે. વધુ ને વધુ પેટન્ટો અમેરિકન બહુરાષ્ટ્રિય કંપનીઓ મેળવતી જાય છે, જેનો આંકડો આવતા બે દાયકામાં નાટ્યાત્મક રીતે વધી જશે.

અમેરિકાની વિદેશનીતિ અને ચોખા : વીસમી સદીના ઉત્તરાર્ધમાં વિકાસશીલ દેશોમાં હાઈબ્રીડ અને સુધારેલી

ચોખાની જાતોએ સમગ્ર ચોખા-ઉદ્યોગને ફેરવી નાખ્યો છે ત્યારે એવી જોરદાર ચર્ચાઓ ચાલી રહી છે કે શું આનાથી સમગ્ર દુનિયાનું ભલું થયું છે ખરું ? એ માટે યુદ્ધ બાદ અમેરિકાની વિદેશ નીતિ અને ચોખા વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવો જરૂરી છે. ચોખા, વિજ્ઞાન અને વિકાસનું રાજકારણ નામના પુસ્તકમાં વિગતે બતાવેલ છે.

તેથી પચાસના દાયકામાં અમેરિકન ચાલબાજીના પેંતરા તરીકે ચોખાના ઉત્પાદનને કેન્દ્રબિન્દુ પર રાખીને અનાજની અસલામતી અને રાજકીય અસ્થિરતા દૂર કરવા રૉકફેલર અને ફૉર્ડ ફાઉન્ડેશનોએ આંતરરાષ્ટ્રિય ડાંગર સંશોધન કેન્દ્રને મદદ કરીને હરિયાળી ક્રાન્તિ કરી તથા ચોખાના ઉત્પાદનમાં નાટ્યાત્મક રીતે ઉત્પાદનવૃદ્ધિ થઈ.

બીજબજાર પર કબજો : જોવા જેવી બાબત તો એ છે કે ચોખાના બીજના ૩૨૦ કરોડ ડૉલરના વેપારમાં ૨૫% જેટલો પણ હિસ્સો નથી. આમ, ચોખાના વ્યાપારી બજાર પર જ એશિયાનો કાબૂ નથી. બધી જ બહુરાષ્ટ્રિય બીજ કંપનીઓ ચોખાનો કાર્યક્રમ બીજબજાર પર કાબૂ જાળવી રાખવા અને તેનું વિસ્તરણ કરવા એકમત છે. હાઇબ્રીડ બિયારણોની બજારમાં બોલબાલા છે. મોટા ભાગની જાતો ફરીથી બિયારણ તરીકે ઉપયોગમાં લઈ શકાતી નથી અને તેથી ખેડૂતો દરેક સીઝનમાં નવું બિયારણ ખરીદવા મજબૂર બને છે. ચોખા જો કે સ્વયં સંકરણ થતો પાક છે તેથી ચોખાનું હાઇબ્રીડ બિયારણ બનાવવું ખૂબ જ મુશ્કેલ અને મોંઘું પડે છે. આજે પણ એશિયાના લગભગ બધા જ ચોખા ખેડૂતે બચાવેલા દેશી બિયારણમાંથી જ ઉગાડવામાં આવે છે. બિયારણ-ઉદ્યોગ માને છે કે જૈવિક એન્જિનીઅરિંગ અને પેટન્ટ વડે ઉપરની મુશ્કેલી દૂર કરી શકાશે.

નવાઈ પમાડે તેવી પણ એ હકીકત છે કે ડાંગરનાં ખેતરો મિથેન વાયુ છોડે છે. વિકસિત દેશો આ હકીકતને મારીમચડીને એમ બતાવે છે કે જુઓ, વિકાસશીલ દેશો પણ અમારા જેટલો જ પ્રદૂષિત વાયુ છોડે છે. પણ એમ કહીને તેઓ જવાબદારીમાંથી છટકી શકતા નથી.

હરિત વાયુ : ચોખાનાં ખેતરો મિથેન વાયુ છોડે છે જે વાતાવરણમાં ભળી જઈ કાર્બન ડાયોક્સાઇડ અને પાણીની વરાળ બનાવે છે. આ બધા જ વાયુઓ લીલોતરીના વાયુઓ છે. પણ આ સરળ દેખાતી હકીકત સમજવી એટલી સરળ નથી. મિથેન વાયુ ઘણીબધી જગાએથી આવે છે. દુનિયાનાં ડાંગરનાં ખેતરોમાંથી કેટલો મિથેન વાયુ નીકળે છે તે બતાવવું મુશ્કેલ છે. ૧૯૯૦માં વાતાવરણ ફેરફારને લગતી એક કમિટીએ એવો અંદાજ મૂક્યો કે ડાંગરનાં ખેતરોમાંથી ૧,૧૦૦ ટન મિથેન વાયુ ઉત્પન્ન થાય છે, જે પાછળથી ૧૯૯૨માં સુધારી ને ૬૦ ટન જાહેર કરવામાં આવ્યો અને ફરીથી ૧૯૯૪માં ૩૭ ટનનો અંદાજ મૂકવામાં આવ્યો. પરંતુ આ ગણતરી ભારતે માન્ય રાખી નથી.

ખરા ગુનેગાર કોણ ? : વિશ્વસંપત્તિની સંસ્થા એ ૧૯૯૦માં એમ બતાવવા પ્રયત્ન કર્યો હતો કે વિકાસશીલ દેશોનું વાર્ષિક હરિત વાયુઓ છોડવાનું પ્રમાણ પશ્ચિમના દેશો જેટલું જ છે ! ભારતની સેન્ટર ફૉર સાયન્સ ઍન્ડ એન્વાઈરનમેન્ટ નામની સંસ્થાએ એવી દલીલ કરી છે કે 'જીવન જીવવા માટે વાયુ છોડવો જરૂરી છે.' જેમ કે ડાંગરની ખેતી અને પશુપાલન જે ગરીબ ખેડૂતોને રોજગારી પૂરી પાડે છે અને કરોડો લોકોનો ખોરાક છે તે અને 'મોજશોખ માટે છોડેલ વાયુ' જેવો કે મોટર ચલાવવી, એ બે વચ્ચે ભેદ પાડવો જરૂરી છે.

ખૂટતી દલીલો : વિશ્વસંપત્તિની સંસ્થા પણ પૃથ્વીના ઘટતા જતા પર્યાવરણને યોગ્ય રીતે સમજાવવામાં નિષ્ફળ નીવડી છે. વૈશ્વિક વાયુના જથ્થામાં જે તે દેશે છોડેલ વાયુ કેટલો છે તેનું પ્રમાણ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે. તેથી સૌથી વધુ પ્રદૂષિત કરનાર દેશની સૌથી વધુ જવાબદારી આવશે. સેન્ટર ફૉર સાયન્સ ઍન્ડ એન્વાઈરનમેન્ટ નામની સંસ્થાએ જવાબદારી નક્કી કરવાનું ધોરણ વસતીને ઠરાવ્યું છે, કારણ કે દરેક વ્યક્તિ સરખી જ જવાબદાર છે. આ અંગે મતભેદો ચાલુ છે.

સેન્ટર ફૉર સાયન્સ ઍન્ડ એન્વાઈરનમેન્ટ નામની સંસ્થાના સૂત્ર મુજબ વાયુ છોડવાનું પ્રમાણ ભારત અને ચીન માટે ૧૦.૩% અને બ્રાઝિલ માટે ૧૦.૩% જ ઠરાવ્યું. વૈશ્વિકીકરણમાં પાછળથી આંકડો ભારત અને ચીન માટે સુધારીને ૦.૬% નક્કી કરવામાં આવ્યો અને બ્રાઝિલ માટે વધારીને ૧૮.૨% કરવામાં આવ્યો ! અમેરિકાનો ફાળો ૧૭% થી ૨૭.૪% જેટલો રાખવામાં આવ્યો છે.

બાફેલા ચોખા : એમ કરવા માટે ચોખાને પ્રથમ પાણીમાં પલાળવામાં આવે છે પછી વધારાનું પાણી કાઢી નાખવામાં આવે છે. પછી તેને વરાળથી સૂકવી અને છડીને ઉપરનું છોતરું દૂર કરવામાં આવે છે. આથી ચોખાનું બહારનું પડ મજબૂત બને છે અને ચોખા ખાંડતી વખતે તૂટી જતા નથી. તેનો દેખાવ પીળાશ પડતો અને ચમકદાર બને છે.

ટેકનિકલ ભાષામાં આવા ચોખા પર જિલેટીનના જેવું પડ આવી જાય છે, જેના કારણે રાંધતી વખતે તેમાંના વિટામિન અને બીજાં પોષક તત્ત્વો જળવાઈ રહી પોપણની ગુણવત્તા સુધરે છે.

બાફેલા ચોખાની ઐતિહાસિક કહાણી : ૧૮૮૨માં જ્યારે જપાનનું વહાણ નવ મહિનાની સફરેથી પાછું ફર્યું ત્યારે તેના ૨૭૬ ખલાસીઓમાંથી ૨૫ મરી ગયા હતા. બાકીના માંદા પડી ગયા હતા. તેઓ દિવસમાં ત્રણ વખત બાફેલા ચોખા ખાતા

(અનુસંધાન પૃ. ૫૮૮ પર)

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૮


ચૈતાલી શાહ

વિલા સવોયે - પોઈઝી (પૅરિસ) : ફ્રાન્સ

કેટલાંક મકાનોના સર્જન વડે વિશ્વમાં જે તે મકાન-પ્રકાર માટે નવો જ અભિગમ વિકસ્યો છે. આવું એક મકાન પૅરિસના બાહ્ય વિસ્તારમાં સન ૧૯૩૧માં લ કાર્બુઝિયર દ્વારા રચાયેલ વિલા સવોયે છે. આ મકાને 'આવાસ'ની રચનાના મૂળભૂત વિચારોને જ લગભગ બદલી નાખ્યા ! આ પહેલાં આવાસની અનુભૂતિમાં આકાર કરતાં અલંકૃતતાનું મહત્ત્વ હતું. વળી અત્યાર સુધી રચનામાં તે સમયની 'ઘનાકૃતિક કળા' પૂર્ણ વિશ્વાસથી પ્રયોજાતી ન હતી. વળી, ઔદ્યોગિક તથા તકનિકી ક્રાંતિથી માનવીની જીવનશૈલી તથા મૂલ્યોમાં જે બદલાવ આવ્યો તે બદલાવ પણ અત્યાર સુધી આવાસની રચનામાં પ્રતિબિંબિત નહોતો થતો. વિલા સવોયેની રચનામાં સ્થપતિએ આ બધી જ બાબતો સમાવવા સફળ પ્રયત્ન કરેલો છે.

હાલમાં 'સ્મારક' તરીકે જાહેર કરાયેલ આ આવાસ બે માળનું છે, જેમાં ઉપરનો માળ ઘનાકાર તથા થાંભલાઓ પર ટકેલો છે. આ થાંભલા એટલા પતલા રખાયા છે કે ચોક્કસ પ્રકારની પ્રકાશ વ્યવસ્થામાં તે ન દેખાય અને આખો પ્રથમ માળ કાળા પડછાયા પર તરતો લાગે. આ ઘનાકાર માળમાં આવેલી બારીઓ પણ ઘનાકૃતિને વધુ ઉપસાવે તેવી છે. સ્થાન-આયોજનની દૃષ્ટિએ જોતાં, આ આવાસમાં નીચેના માળે શયનકક્ષ, ગૅરેજ તથા ટૉઈલેટ આવેલાં છે. અહીંથી ઉપર જવા એક ઢાળવાળો માર્ગ બનાવાયો છે જેનાથી ઉપરના મુખ્ય માળ પર અવાય, જ્યાં દીવાનખંડ, રસોડું, ભોજનકક્ષ, મુખ્ય શયનકક્ષ વગેરે આયોજાયાં છે. આ બધા ઓરડાઓ ફૂલછોડવાળી અગાસીની ચોતરફ ગોઠવાયા છે. આ મકાનના તળ-નકશામાં અને લ કાર્બુઝિયરના પોતાના પેઈન્ટિંગ્સમાં ઘણું સામ્ય જોવા મળે છે. આ બંનેમાં વિવિધ આકારોની ચોક્કસ પ્રકારની ગોઠવણ જોવા મળે છે. આનાથી એમ માની શકાય કે આ મકાનની રચના લ કાર્બુઝિયર જાણે પોતે 'પેઈન્ટિંગ' કરતા હોય તે પ્રમાણે કરી છે. આ માટે ઘણાં ટીકા-ટિપ્પણ પણ થયાં છે. જો કે 'આવાસ'ની ઓળખમાં નવીનતા લાવવા લ કાર્બુઝિયરને આ જરૂરી પણ લાગ્યું હશે.

કોંક્રિટની માળખાકીય રચના વડે સ્થાન-આયોજનમાં મળતી સ્વતંત્રતાને કારણે આ મકાનના તળ-દર્શનમાં ઈચ્છા પ્રમાણે ચોરસ, વક્રાકાર તથા વિકર્ણીય આકારો પ્રયોજી શકાયા છે. વળી, આ મકાનનું અસ્તિત્વ તે સમયે બાંધકામની પ્રાપ્ય



સામગ્રી તથા તકનિકને પણ આભારી છે. સાથે સાથે એમ પણ જણાય છે કે આ મકાન માત્ર એક 'આઉટ-હાઉસ' તરીકે બનાવાયેલું અને તે સિવાય કોઈ પૂર્વ-નિર્ધારિત જરૂરિયાતો પણ ન હતી. આ મકાન બનાવનાર વ્યક્તિ પાસે વિશાળ જમીન હતી અને બાંધકામ માટેના પ્રાપ્ય ભંડોળ પૂરતું હતું. આવી પરિસ્થિતિને કારણે સ્થપતિને પોતાની કલ્પનાને સ્પષ્ટ રીતે રજૂ કરવાની તક મળી અને વિશ્વમાં સ્થાપત્યનું નવું સીમાચિહ્ન અંકાયું.

સ્થપતિએ પોતે આ મકાન વિષે લખ્યું છે કે 'આવાસમાં કોઈ ચોક્કસ 'ફસાડ' ન હોવી જોઈએ... તે ચારે તરફ (સરખા મહત્ત્વ સાથે) ખૂલતું હોવું જોઈએ.' આ વાક્ય જ દર્શાવે છે કે આ મકાન વિશાળ મેદાન વચ્ચે ઊભેલી 'ઘનાકાર મૂર્તિ' સમાન છે. આ પહેલાં આવાસની રચનામાં આવી સ્પષ્ટતા ક્યારેય ન હતી. વળી, સ્થપતિએ આ આવાસને તે સમયનાં યુરોપનાં મહાનગરોની અર્વાચીન જીવનશૈલી તથા મૂલ્યોના પ્રતિબિંબ સમું પણ લેખાવ્યું છે. આ આવાસને ઘનાકૃતિ-શૈલીની પ્રારંભિક તબક્કાની ચરમ સીમા પણ કહી શકાય. અહીં પ્રયોજાયેલ પૂર્ણ ભૌમિતિક આકારથી આવાસને એક પ્રકારની 'શુદ્ધતા' અપાઈ છે. આવી શુદ્ધતાથી તેમાં રહેનાર વ્યક્તિ-સમૂહ 'આગવાં' બની રહે તેવી સ્થપતિની માન્યતા હતી. આ શુદ્ધતા અર્વાચીન સ્થાપત્યમાં આવાસની 'નવી ઓળખ' બની રહી.

આમ, પણ લ કાર્બુઝિયરની રચનાઓ થકી વિશ્વમાં અર્વાચીન સ્થાપત્યને નવી દિશા સાંપડી છે; આવા પ્રતિભાશાળી સ્થપતિના વ્યવસાયિક કાર્ય-અવધિમાં આ મકાનનું આગવું મહત્ત્વ છે. એમ મનાય છે કે આ મકાન થકી સ્થપતિના પોતાના વિચારોમાં વધુ સ્પષ્ટતા આવી; તેથી લ કાર્બુઝિયરની ત્યાર બાદની રચનાઓમાં આવી પરિપક્વતા દેખાય પણ છે. (ક્રમશઃ)


આપનું લવાજમ પૂરું થાય છે?

ઘણાં ગ્રાહકોનું લવાજમ આ માસમાં પૂરું થઈ રહ્યું છે, જો આપનું લવાજમ પણ આ અંક સાથે પૂરું થતું હોય તો સત્વરે મોકલી આપશો. લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર આપના નામના પ્રથમાક્ષર સાથેનો અવશ્ય લખશો.

અતીતમાં અવગાહન

અંદાજી આંકડા

પાકિસ્તાનનું ક્ષેત્રફળ આશરે સવાબે લાખ (૨,૩૧,૬૨૨) ચોરસ માઈલ; કુલ વસતિ આશરે ૭ કરોડની (૬,૮૭,૭૩,૯૩૪); હિંદ આશરે ૧૩ લાખ (૧૩૦૬૫૧) ચોરસ માઈલક્ષેત્રફળ ને આશરે ૨૨૫ાા કરોડ (૨૨,૬૬,૮૯,૭૫૩) વસતિ; આમ પાકિસ્તાન, હિંદ કરતાં ત્રીજા ભાગનું થાય છે. દેશી રાજ્યો હિંદથી યે વધુ-૬ાાા લાખ ચોરસ માઈલનો પ્રદેશ અને ૯ કરોડની જનસંખ્યા ધરાવે છે



આઝાદ હિંદ

પણ અધકચરું

❖

જે દિવસે આ અંક બહાર પડશે, બરાબર તે જ દિવસે, ૧૫મી ઑગસ્ટે, આપણો આ વિશાળ દેશ આઝાદ થયો હશે.

પણ એ આઝાદી અધૂરી—અધકચરી હશે: અનેક કારણો મુખ્ય તો એ કે આજ સુધી એક ને અખંડ હિંદ'ને નામે ઓળખાતા આ મહાન ખંડનો અમુક ભાગ કપાઈને 'પાકિસ્તાન'ના નામથી તેનું એક જુદું સાર્વભૌમિક રાષ્ટ્ર બન્યું હશે. વળી, બાકી રહેલા અંકિત ખંડનો પણ અમુક ભાગ અલગતાની માફક જ દેશી રાજ્યોના (તેમાંના મોટા ભાગનાં રાજ્યો હિંદી સંઘમાં ભળી ગયાં હશે તો પણ તેમની) હકૂમતની છાયા નીચે આવરેલો રહ્યો હશે; અને અમુક રાજ્યો જેમનો નિર્ણય હજી બહાર નથી પડયો તેમની 'સાર્વભૌમ' હકૂમત વળી આ દેશના ત્રીજા પ્રકારનાં અંગો પર પ્રવર્તતી હશે. આમ, આઝાદી આવી છે, પણ અધૂરી. ગુલામીની રાત ગઈ છે, પણ આ અંકમાંના એક કાવ્યમાં કહ્યું છે તે પ્રમાણે 'વાદળે વહાણું' વાયું છે. છતાં વહાણું તો વાયું જ છે; આપણે તેનું સ્વાગત કરીએ અને પ્રકાશમાન પ્રભાત માટેનો સર્વતોમુખી પુરુષાર્થ કરીએ.

આ ડુંગરના નકશો ૧૫મી ઑગસ્ટના એ આઝાદીના દિવસે હિંદ કેવું હશે તેનો ખ્યાલ આપશે. એમાં પશ્ચિમ પંજાબ ને પૂર્વ બંગાળના જે ભાગ 'પાકિસ્તાનમાં જોડાવાના છે તેની સરહદી રેખા હજી ચોક્કસ અંકિત થઈ નથી; પાકિસ્તાન પ્રદેશ ત્રાંસી લીટીઓથી દર્શાવેલો બતાવ્યો છે તેમાં સરહદપ્રાંતના અનિશ્ચિત ભાગ પર આડી લીટીઓ દર્શાવી છે; અને દેશી રાજ્યોમાં પણ જેમનો નિર્ણય હજી બહાર નથી પડયો તેમનાામાંયેરાં ટપકાં બતાવ્યાં છે. બ બીનાં હિંદી સંઘમાં જોડાયેલાં રાજ્યોનો પ્રદેશ આખાં ટપકાંથી દર્શાવેલો છે. શેષ સફેદ ભાગ ત્યાવત્ હિંદી સંઘનો છે.

હિંદ અને પાકિસ્તાન બે ભાગ તો પડયા છે; પણ તે એક જ શરીરના હોવાથી તેમને ઘણી બાબતોમાં એકબીજા પર આધાર રાખ્યા સિવાય છૂટકો નથી. કાપડ, શણ, ખાંડ, લોખંડ, સિમેન્ટ, કાગળ, કાચ ઇત્યાદિના લગભગ બધા જ કારખાનાંઓ તથા કોલસો, લોખંડ, મેંગેનીઝ વગેરે ખાણોમાંથી મળતા પદાર્થોની બાબતમાં હિંદ જ ધરાવતું હોવાથી તેને અનાજની બાબતમાં પાકિસ્તાન ઉપર આધાર રાખવો પડશે, કેમકે અનાજનું મોટા ભાગના ઉત્પાદન કરતા પ્રાંતો પંજાબ, સિંધ અને બંગાળ પાકિસ્તાનમાં આવેલા છે. વળી પાકિસ્તાન અનાજ ઉપરાંત રૂ, કાચું શણ ઇત્યાદિ બાબતમાં પણ સ્વાવલંબી છે. જ્યારે તેને કાપડને સારું આદિ તૈયાર વસ્તુઓ માટે તથા ખનિજ પદાર્થ માટે તો હિંદ પર આધાર રાખવો પડશે. ઉપરાંત, આ ખંડની કુદરતી સીમાઓ પણ એવી છે કે સંરક્ષણના પ્રશ્ન પર પણ બંનેએ સાથે મળીને જ કાર્ય કરવું પડશે.

'કુમાર' ઑગસ્ટ ૧૯૪૭

(જ્યારે છપાયું હતું ત્યારે તે જ રૂપે સ્કેન કરેલું આ પૃષ્ઠ તે કાળની અનુભૂતિ કરાવશે.)

(આથમતાં અજવાળાં - ૨૮)

સાંબેલું, સૂપડું અને સૂંડલા

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજે તો પ્લાસ્ટિકનાં, સ્ટીલનાં, ઍલ્યુમિનિયમનાં વાસણો બજારમાં આવી ગયાં છે એટલે સૂંડલાનું ચલણ ઓછું થઈ રહ્યું છે. ગ્રાઇન્ડર અને હૅન્ડમિક્સીના વપરાશે સાંબેલું ભુલાવી દીધું છે અને સૂપડાનો ઉપયોગ પણ ઘણુંખરું રહ્યો નથી, પણ આ ત્રણેય સાધનોથી ઘર ત્યારે જીવતું જણાતું. એ ત્રણેયથી કૃષિપરિવાર બંધાયેલો.

ખાંડણિયો પણ ક્યાં રહ્યો છે ? પહેલાં તો પ્રત્યેક ઘરમાં એક લાકડાનો જડેલો ખાંડણિયો હોય, એ ખાંડણિયામાં ખાંડવાનું કામ થાય, એ ખાંડવાનું જેની મદદથી થાય એનો સાંબેલું કહેવાય. સાંબેલું ત્રણેક ફૂટ લંબાઈ ધરાવતું, અસલ ઈમારતી લાકડામાંથી ઘડેલું, કોતરણીવાળું, રંગીન હોય. એના પાયાના ભાગમાં એક લોખંડની રિંગ - ખોળ જડેલી હોય જેને સાંબ કહેવાય. એ સાંબની સહાયથી ખાંડવાનું કામ સરળ બને. સાંબ શબ્દ યાદ આવતાં કૃષ્ણનો જાંબુવતીથી થયેલો પુત્ર સામ્બ પણ યાદ આવે. યાદવો સાથે મળી કોઈ ઋષિની એણે મશ્કરી કરેલી. ઋષિએ શાપ આપ્યો : જા, તારી કૂખે સાંબેલું જનમશે. એમણે સાંબેલાને નામશેષ કરી નાખ્યું, એની લોખંડની ખોળ દરિયામાં નાખી દીધી, એ કોઈ માછલી ખાઈ ગઈ, કોઈ માછીમારના હાથમાં આવી, તેમાંથી તેણે ભાલો બનાવ્યો, એ ભાલાથી કૃષ્ણ ભગવાન વીંધાયા હતા. એમનું મૃત્યુ થયું હતું. ભગવાનની મુક્તિનું નિમિત્ત પણ સાંબેલું બનેલું. સાંબેલાનો સંબંધ ખાંડણિયા સાથે છે. ધાન્યના દાણા છૂટા પાડવાનું કામ સાંબેલું કરે છે. દાણા સાથે ભરાઈ રહેલાં તત્ત્વોને વિખૂટાં પાડવાનું કામ ખાંડણિયામાં સાંબેલું કરે છે. સાંબેલાથી કાંગ છડાય, ચણો છડાય. સુદામાએ જે તાન્દુલ કૃષ્ણ ભગવાનને આપેલા એ સાંબેલાથી છડેલા તાંદુલ. સાંબેલાનો સ્વભાવ મુક્તિ આપવાનો છે. સાંબેલું પણ એકાકી છે, એને પણ એકલા રહેવાની આદત છે. સાંબેલું જન્મથી ખૂણો પાળે છે. એના ઉપર કાળના ધબ્બા પડ્યા છે. વાપરનારા બદલાતા રહે પણ એ તો એનું એ જ રહે છે. એના કામમાં કોઈ ફેર પડ્યો નથી. એને મન બધાં સરખાં છે. એ વધુ તો નિસ્પૃહી છે. એને દગોપ્રપંચ ફાવ્યા નથી, એનો ઉપયોગ જે કોઈ કરે એને એ પરિણામ પહોંચાડે છે. ક્યારેક કોઈ એનો ઉપયોગ હિંસક કરવા ઇચ્છે ત્યારે એના રુદિયામાંથી ચીસ નીકળી પડે છે. સાંબેલું શબ્દપ્રયોગ નાન્યતર જાતિનો છે પણ એનો સૌથી વધુ ઉપયોગ નારી કરતી હોય છે. 'સવા મણનું મારું સાંબેલું ઘડ્યું પેલા લાલિયા લવારે...' જેવી લોકપંક્તિઓ બોલાય છે.

'સૂપડામાં સુવાડ્યા મારા કા'ન' જેવી લોકગીતની પંક્તિઓ જાણીતી છે. સૂપડું આમ તો વાંસનું બને, વાંસની સળીઓ ગોઠવી, ચામડામાં મઢી દેવાય ત્યારે સૂપડું તૈયાર થાય. ઘણી વાર તો સૂપડાને માટીથી કે કાગળથી લીંપી દેવામાં પણ આવે, જેથી એનું આયુષ્ય વધે. સૂપડું સ્વભાવે સારગ્રાહી છે. સારગ્રહણ કરી લેવાનું સૂપડા પાસેથી શીખવા જેવું છે. એ સારું સારું સ્વીકારવા અને નિકૃષ્ટને અલગ તારી આપવા - તારવી આપવાનું કામ કરે છે. સૂપડું સ્વભાવે સારગ્રાહી હોવાનું કારણ એની પહોળાઈ છે. એ લંબકર્ણ હાથી જેવું પહોળું હોય છે. લંબકર્ણવાળા સાંભળે બધું જ, ગ્રહણ ખપ પૂરતું જ કરતા હોય છે. સૂપડાંનું પણ એવું જ. એના ઉદરમાં બધું જ આવે એ પણ નિસ્પૃહભાવે સારાસારનો વિવેક કરી આપી વળી પાછું તટસ્થ થઈ જતું હોય છે. આપણા કોઈ સંતે તો કહ્યું જ છે કે 'સાધુ ઐસા ચાહિયે જૈસા સૂપ સુહાય' સાધુ સૂપડા જેવો - સારાસાર ગ્રહણ કરી લે અને નિઃસત્વ હોય તને છોડી દે. આમ, સૂપડું એ નિઃસ્પૃહભાવ ધરાવે છે. સૂપડું વાપરવું એની પણ એક વિશિષ્ટ રીત હોય છે, કંઈ બધી બહેનો કે બધા ભાઈઓને સૂપડું ચલાવતાં ન આવડે. સૂપડું ચલાવવું - ઝાટકવું. એકધારો અવાજ થાય, કાંકરા-ફોતરાં તરીને અલગ પડે. વજનમાં હલકું હોય તે તરત બહાર નીકળી જ જાય. સૂપડાને ભલે હાથ ચલાવતા હોય, પણ ચાલતું હોય છે તો સૂપડું જ. સૂપડાને કારણે જ ધાન્ય ખાવાલાયક બને છે. સૂપડું કોઈ પક્ષાપક્ષમાં પડતું જ નથી. એનો વિવેક જ એનો સદ્ગુણ બને છે. રબારી સમાજમાં બાવીસ વરસે લગનટાણું આવે છે એટલે સૂપડામાં લગન કરાવવાનો રિવાજ છે, બાળક નાનું હોય એને સૂપડામાં બેસાડી પરણાવાય છે. આજે રબારીસમાજમાં આવાં લગ્નો થાય છે.

સૂંડલા એ માનવશરીર જેવું એક માધ્યમ છે. શરીરમાં જેમ પાર વગરની વૃત્તિઓ હોય છે એ વૃત્તિઓને શરીર સાચવે છે એમ સૂંડલાઓ દ્વારા ધનપદાર્થોની ફેરબદલી થતી હોય, એમાં રોકડા રૂપિયા ભરો કે અનાજ ભરો એને મન બધું સરખું છે, એ પણ નિઃસ્પૃહભાવે બધું સાચવે છે. પરત કરે છે. આમ સાંબેલું, સૂપડું અને સૂંડલા ત્રણેય નિઃસ્પૃહતાનો પદાર્થપાઠ ભણાવનારા સાધનો છે.

જેમનો ઘરસંસાર ખેતીની આવકે ચાલતો હોય, જેમનાં ઘર માટીનાં-નળિયાંનાં હોય, દુધાળાં ઢોર જેમનો પગાર કરતાં હોય એવાં પરિવારોમાં સાંબેલું, સૂપડું અને સૂંડલા રોજિંદાવ્યવહારમાં વધુ વપરાશમાં લેવાતાં હોય. આ ત્રણેયમાં પરોવાઈને દિવસ પસાર થાય. ઘરવખરીમાં અનાજ રાખવાની મોટી કોઠીઓમાંથી અનાજ બહાર નીકળે સૂંડલામાં, સૂડલેથી આવે સૂપડે... સૂપડેથી પહોંચે સૂંડલે, અને પછી ઘંટીના આરામાં... ચક્ર ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે.

એક ઓરડાવાળું ઘર. ઓરડે દીવાલ ઉપર શોભતા હોય સૂંડલા. દુધાળાં ઢોર આંગણે વાગોળતાં હોય, ખેતીનાં સાધનો અને ખેતપેદાશ ઓસરીમાં સચવાય, ઘરવખરીમાં અનાજ રાખવાની કોઠીઓ અને પટારો. માટીના કોઠલા. અભરાઈ ઉપર ગોઠવેલાં કાંસા, તાંબા, પિત્તળ વગેરેનાં વાસણો ને જોડાજોડ કાગળના બનાવેલા સૂંડલા. એક ખૂણે ઘંટી, વળગણી, વળગણી નીચે સૂપડું પડ્યું રહે... સૂપડામાં પડ્યું હોય બટાકા કે સુકાઈ જતાં રિંગણ જેવું કશુંક. ઓસરીમાં જમીનમાં બનાવેલું ખાંડણિયું અને નજીક ખૂણામાં રહેતું સાંબેલું. સાંબેલા ઉપર માના, ભાભીના, કાશીમાના પંજાની છાપ પડી હોય. ખાંડણિયાને પ્રતાપે ચૂલા ઝળહળતા રહે.

ચૂલો જીવતો હોય એમાં સૂપડાની સહાય હોય, સૂંડલાની સહાય હોય અને સાંબેલું ય કારણરૂપ બને. સૂંડલામાં દાણા આવે, એ દાણા ખાંડણિયે ખંડાય, સૂપડે ઝટકાય, ઘંટીએ દળાય પછી ચૂલે ચઢે. પહેલો રોટલો કૂતરાનો થાય. પાણિયારા પર સફેદ ગળણે બાંધેલા માટીના ગોળામાંથી એક લોટો પાણી... રોટલા સાથે આંગણે નંખાય. કૂતરાં આવે. ઘરમાં નાનું ઘરમંદિર.. નાની સૂંડલીમાં લાવેલાં ફૂલ દેવને ચઢે. વળગણી ઉપર લટકતાં લૂગડાં આખા દિવસનો અહેવાલ જોયા કરે, વાંચ્યા કરે. ગોખલામાં હોય દીવો. દીવાના ઉજાસમાં સાંબેલું હસે. ખાંડણિયો ઊંઘે અને સૂંડલા ઊંધા મુકાય. સૂપડું જોયા કરે.

સૂપડું-સૂંડલા કાગળથી લીંપાય. કાગળ પલાળાય, કુટાય લોટ થાય, એનાથી સૂપડાં લીંપાય, સૂંડલા લીંપાય, કેટલાક સૂંડલા તો કાગળના જ બને. તાંસળાં, તપેલાં, માંટલાં ઊંધાં મૂકી એની ઉપર કાગળનો લોટ થેપાય, ઠંડો પડે એટલે ઉખેડી સેવાય અને તૈયાર થાય સૂંડલો. એક પાત્ર તૈયાર થાય. નકામા કાગળ પલાળાય. એમાં મેથીનો લોટ ઉમેરાય, ક્યારેક આમલીના કચૂકાનો લોટ પણ ઉમેરાય. લોટ-લુગદી થઈ જાય પછી જ એનો ઉપયોગ થતો.

મારાં બા આવાં લુગદી તૈયાર કરી એક માટલું ઊંધુ વાળે. એના ઉપર થેપી નાખે. એને આઠેક કલાક પછી ખોલે. સૂંડલા-સૂંડલી તૈયાર થઈ જાય. ઉપરથી પડે પણ તૂટે નહિ. એને રંગ પણ કરાય, રમચી કે ચૂનો. એ ઓરડામાં ભરાવાય. એની પણ શોભા. ખળામાં પાકેલું અનાજ કોઠારમાં ભરવા માટે એનો ઉપયોગ થાય. દળણું કાઢવા માટે વપરાય. નાની સૂંડલીમાં દાણા લઈ બા શાક લેવાય જતાં. એ વખતે લોખંડનાં તગારાં અને સ્ટીલનાં વાસણો ઓછાં, પ્લાસ્ટિક તો હતું જ ક્યાં ? સૂંડલા જ વપરાય. જેવી ઘરમાં જરૂરિયાત એ પ્રમાણે સૂંડલા બને. દરેક ઘરમાં બેચાર તો હોય જ. સૂંપડું એક જ હોય, સાંબેલું પણ એક જ.

જે દ્રવ્યથી સૂંડલા બને એ જ દ્રવ્યનો ઉપયોગ કરી વાંસની સળીઓ - ખાપટોનાં સૂપડાં લીંપાય અને એનું આયુ વધે. ઘણી વાર તો એવા સૂપડામાં કાગળનો લોટ પાથરી એક નવું જ કાગળનું સૂપડું બનાવતાં - જેમાં અપવાસનું ધાન્ય સાફ થાય- રાજગરો, રાજગરાનો લોટ, મોરૈયો વગેરે.

ખાંડણિયામાં સાંબેલા વડે અનાજ ખંડાય, સૂપડાં વડે સાફ થાય પછી તેનો આહારમાં ઉપયોગ થાય છે. સ્ત્રીપુરુષે પણ સમાજમાં સુખ-દુ:ખ, હર્ષશોક, આધિવ્યાધિની ખાંડણીમાં પ્રસંગ-ટાણું-અવસર-કાળનું સાંબેલું ખાંડે પછી જ ફોતરાં દૂર થાય એટલે કે અહંકાર, વાસના, મોહ જેવાં દૂષણોથી મુક્ત થવાય એવી અર્થવ્યંજના લઈને એ ઉપકરણો બેઠાં છે. આપણે કેવળ એનો સ્થૂળ ઉપભોગ જ ન કરીએ. સૂક્ષ્મ અર્થને પણ સમજીએ. મરમીઓએ લોકસાહિત્યમાં એને કંઈ અમથું સ્થાન આપ્યું હશે ? □

અનુસંધાન] આંતરરાષ્ટ્રિય ચોખા વર્ષ ૨૦૦૪ [પૃ. ૫૮૪થી
હતા, પરંતુ તે તો મિલમાં પૉલિશ કરેલા હતા અને તેથી બહારનું પોષક પડ નીકળી ગયું હતું. આવાં જ લક્ષણો મલેશિયન અને જાવાના ખલાસીઓમાં પણ જોવા મળ્યાં હતાં. આ રોગને 'બેરી બેરી' કહેવાતો હતો જેનો સિંહાલી ભાષામાં અર્થ થાય છે 'અસહ્ય નબળાઈ'. મરઘીને પણ જો આવા ચોખા ખવડાવવામાં આવે તો તે માંદી પડી જશે, પરંતુ તેઓને 'બાફેલા ચોખા' પૉલિશ કર્યા વગરના ખવડાવવામાં આવ્યા તો આ બીમારી દૂર થઈ ગઈ !

વિટામિનની શોધ : પૉલિશ કરેલા ચોખામાંથી નાશ પામેલું વિટામિન એ જ 'વિટામિન બી' છે. અગાઉ કોઈને વિટામિન વિશે જાણકારી નહોતી. 'ક્રિશ્ચિયન ઇકમૅન' નામના વિજ્ઞાની આના શોધક છે, જેને આ શોધ બદલ ૧૯૨૯માં નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું.

ભારતમાં ચોખાનું સંશોધન અને શોધ : ભારત એ વિશ્વમાં પાકની વિવિધતાની બાબતમાં સૌથી વધુ સમૃદ્ધ દેશ છે. સદીઓથી જુદા જુદા વાતાવરણમાં ખેતી કરીને ભારતીય ખેડૂતે ચોખાની હજારો જાતોને ઉછેરી અને ઉગાડી છે. આ જૈવિક સંપત્તિ ઘણી ઝડપથી ઘસાઈ જઈ રહી છે. શહેરમાં રહેતાં લોકો આ હકીકતથી અજાણ છે અને તેઓને આની સાથે લાગતું વળગતું પણ નથી.

આઝાદી પછી ભારત સરકારે કટકમાં રાષ્ટ્રિય ડાંગર સંશોધન કેન્દ્ર શરૂ કરાવ્યું છે. હવે દરેક રાજ્યમાં તેની શાખાઓ છે, જે આંતરરાષ્ટ્રિય ડાંગર સંશોધન કેન્દ્ર સાથે સહયોગ કરે છે અને વધુ પાકતી, ઓછા રાસાયણિક ખાતરો અને દવા વગર વધુ રોગપ્રતિકારક જાતોના ઉત્પાદન માટે સંશોધન કરે છે.

આંતરરાષ્ટ્રિય ચોખા વર્ષ ૨૦૦૪ની ઉજવણીમાં ચોખા ખાનારઓને આવી માહિતી મળવાથી ચોખા વિશેની જાણકારી આપવાનો આશય પાર પડશે એવી આશા છે. □

(અંગ્રેજી 'ગોબર ટાઇમ્સ' જાન્યુઆરી ૧૫, ૨૦૦૪માંથી સાભાર)

સ્વાતંત્ર્યનો ચેતનમન્ત્ર : 'વન્દે માતરમ્'

કનુભાઈ જાની

હકીકતે હરેક રાષ્ટ્રપ્રેમી ભારતીયને એક નહીં ત્રણ રાષ્ટ્રપ્રેમનાં ગીતો યાદ આવશે : 'વન્દે માતરમ્', 'સારે જહાં સે...' અને 'જનગણમન...' પણ આપણી સ્વાતંત્ર્યચેતનાને પેટાવવાનું, ને તે પછી કાળે કાળે એને વધુ ને વધુ સચેત કર્યે જવાનું કામ તો કર્યું છે એકમાત્ર 'વન્દે માતરમે' જ ! - આપણો એ ચેતનમન્ત્ર, જાણે એક સદાસક્રિય તાકતવાન સ્વાતંત્ર્યસાથી !

છે તો માતૃસ્તુતિ. દીકરીના આગ્રહે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ૧૮૭૬માં રચ્યું. પછી 'બંગદર્શન' સામયિકરમાં એમની જે નવલકથા 'આનન્દમ્ઠ' પ્રસિદ્ધ થતી હતી તેમાં શામિલ કર્યું. મોગલોના આથમતા ને અંગ્રેજોના ઊભરતા કાળે બંગાળમાં જે ભીષણ દુષ્કાળ પડ્યો ત્યારે જે ભયંકર અંધાધૂંધી ફેલાઈ, તે સમયે રાજ્ય સામે સન્યાસીઓનો પ્રકોપ જાગ્યો; એમણે સ્વદેશીધર્મ પ્રબોધ્યો, એની કથા આ નાનકડી નવલકથામાં છે. કલાદષ્ટિએ નવલ ઊણી ઊતરે, પણ એમાં જાણે નવજાગરણના પરોઢમાં જ 'ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી' ! એક બંગાળી વિવેચક કહે છે :

"'આનન્દમઠ'નો જેવો પ્રભાવ બંગાળી જીવન ઉપર પડ્યો છે તેવો પ્રભાવ ધર્મગ્રંથો સિવાય બીજા કોઈ ગ્રંથો પાડી શક્યા નથી. વર્તમાન...માં એવી કોઈ રાજનૈતિક સંસ્થા નથી જેને 'આનન્દમઠ'માંથી પ્રેરણા ન મળી હોય. 'આનન્દમઠ'નું આ રાષ્ટ્રગીત... એ સમયમાં તો બંગાળનો વેદમંત્ર.' ('જ્ઞાનગંગોત્રી,'૭, ૧૯૭૦; પૃ.૯૫-૯૬)

નવાઈ તો એ કહેવાય (ને હિંમત પણ) કે આના લેખક (બંગાળી નવલકથાના આરંભક) બંકિમબાબુ (૨૬ જૂન ૧૮૩૮- ૮ એપ્રિલ ૧૮૯૪) આમ તો હતા સરકારી અધિકારી - ને તેય અંગ્રેજી રાજ્યમાં ! કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ સ્નાતક, પ્રથમ વર્ગમાં ય પ્રથમ આવનાર. પછી કર્યું એલએલ.બી. એમાં ય પ્રથમ. પછી ન્યાયાધીશપદે. ૧૮૬૫માં 'દુર્ગેશનન્દિની'થી નવલલેખન આરંભ્યું તે ૧૮૮૭માં છેલ્લી નવલ 'સીતારામ' સુધી

સ્વ. નૃસિંહદાસ વિભાકર

ગુજરાતના ચેતનવંતા જુવાનોમાં નૃસિંહદાસ વિભાકરનું નામ અજાણ્યું નથી. ૧૯૦૭ની એ તોફાની રાષ્ટ્રીય મહાસભામાં લોકમાન્ય તિલકનો પક્ષ લઈ ૨૦ વર્ષનો એક યુવક ચારેકોર ભાષણ આપતો ઘુમતો હતો. લોક એનો ઉત્સાહ, એની શ્રદ્ધા, એની હિંમત સામે માનની નજરે જોઈ રહેતું.

જુનાગઢમાં જન્મી ત્યાંની જ હાઈસ્કુલ અને કૉલેજમાં કેળવણી પામેલા એ જુવાનને હૈયે નાનપણથી જ સાહિત્ય અને રાષ્ટ્રસેવાની ધૂન મચી હતી.

આ નૃસિંહદાસ વિભાકર વિલાયતથી બૅરિસ્ટર બની આવ્યા ત્યારે હુંપદનો પવન પણ સાથે લેતા આવ્યા. આ અપ્રશંસનીય હુંપદને અંગે જ એઓ પ્રશંસનીય કાર્યો કરવા પ્રેરાતા. એમનું હુંપદ એ જ એમનું વ્યક્તિત્વ. સાહિત્યક્ષેત્રમાં, રાજદ્વારી વિષયમાં, જાહેર જીવનમાં હું કંઈક કરું, ઈશ્વરે મને કાર્ય કરવાને મોકલ્યો છે અને લોકો મારી શક્તિની કદર કરે એવી ભાવનાની છોળો એમના અંતરમાં ઊછળતી.

એમની હાજરી હોય ત્યાં સુધી તો એમનું વ્યક્તિત્વ સામા માણસ ઉપર ખુબ અસર કરતું. એમની વાણીમાં જાગ્રત પ્રેરણાભાવ ઉછળતો, એમની લેખનશૈલી ચપળ અને પ્રેરક હતી. એમનાં લખાણોમાંથી કોઈને જ્ઞાન ન મળે તો એની એમને પરવા નહોતી : વાંચક એ સાથે ખેંચાય તો બસ હતું. પોતે બૅરિસ્ટર તરીકે સફળ ન થયા એટલે પોતાની એ શક્તિનો ઉપયોગ એમણે જાહેર જીવનમાં કરવા માંડ્યો. ૧૯૧૭ની સાલ પછી ગુજરાતી હોમરૂલ લીગની ચળવળમાં એ અગ્રણી હતા. પોતાનાં મજબુત ફેફસાંથી એમણે સભાઓ ગજાવી અને ગુજરાતી વાણીમાં પણ જોસ આણી લોકોને હલાવી શકાય છે તે બતાવી આપ્યું.

એ ઉઘાડે છોગે કહેતા : 'મારાં નાટકો જુઓ. હું એમાં ભૂત કે ભવિષ્યની ચિંતાઓ લાવવા નથી માગતો. આજની વાત. આજના જ વિચાર એટલું જ મારું ધ્યેય છે.' અને આ વાત એમણે પોતાનાં નાટકોમાં અમલમાં પણ મુકેલી. એમના 'મધુબંસરી' નાટક પાછળ મુંબઈનો સમાજ ગાંડોઘેલો બન્યો હતો અને બેત્રણ વર્ષ સુધી તો એમનું નામ આપણી રંગભૂમિની દુનિયામાં સૌની જીભે રમી રહ્યું હતું.

કોઈનાં પણ વખાણ કરવાં એ એમને અનુકુળ નહોતું. સર્વ વાતોમાં પોતે જ અને પોતાના જ વિચારો આગળ પડતા છે એમ એઓ બેધડક માનતા અને મનાવતા. ગમે તેટલી ચિંતા કે મુંઝવણ સામે ખડાં હોય તોપણ એ વેળાએ પણ વિભાકર ઉછળતા આશાવાદી રહેતા. દુનીઆના દરેક પ્રસંગની સાથે કુદી પડવું એ એમને મન જિંદગીની ખરી સફળતા હતી.

એમની વાતો કરવાની રીત પણ ભારે હતી. તેમની દલીલ ખોટી ઠરે પછી યે એ નમતું આપે તો એ વિભાકર નહિ.

'હીંદુસ્તાન'ના તંત્રી તરીકે તેમણે પહેલવહેલું શુદ્ધ ગુજરાતી દૈનિક પત્ર ચલાવ્યું. પછી વળી એ છોડી 'રંગભૂમિ' ત્રિમાસિક પણ વખત મળતાં શરૂ કર્યું - જેને આખર 'નવચેતન'માં ભેળવી દીધું. એમના લેખોનો સંગ્રહ 'આત્મનિવેદન' નામના ગ્રંથરૂપે પોતે બહાર પાડ્યો છે.

ગઈ ૨૯મી જુલાઈ ૩૮ વર્ષની વયે એમનું અવસાન થયું. ગમે તેમ પણ એ વ્યક્તિ ભુલવા જેવી નથી.

('કુમાર' સળંગ અંક : ૮, વર્ષ : ૨, ૧૯૨૫માંથી પુનંર્મુદ્રિત)

ચાલ્યું. બાવીસેક વર્ષ. સંશોધનાત્મક 'કૃષ્ણચરિત્ર' પણ લખ્યું છે. 'બંગદર્શન'માં લેખો-નિબંધો પણ લખ્યા છે. પણ 'આનન્દમઠે' એક ચિનગારી પેટાવી 'વન્દે માતરમ્' !

૧૮૮૬માં હરિશ્ચન્દ્ર હલદારે આ ગીતની ભાવનાને ચિત્રમાં ચાક્ષુસરૂપ આપ્યું. હાથમાં સ્વાતંત્ર્યના ધ્વજવાળી, છુટ્ટા કેશવાળી ભારતમાતાનું એ ચિત્ર ભારતભરમાં પ્રસર્યું. ૧૮૯૬માં મળેલ કૉંગ્રેસમાં તો રવીન્દ્રનાથને કંઠે એ જાહેરમાં ગવાયું; ને ૧૯૦૫માં સરલાદેવીએ ગાયું. તે વખતે (કે કેટલાકને મતે આમ ૭ ઑગસ્ટ ૧૯૦૬ને રોજ) વચમાંના પીળા રંગમાં દેવનાગરી લિપિમાં 'वन्दे मातरम्' શબ્દો મુકાવ્યા સિસ્ટર નિવેદિતાએ. ને એ એટલું બધું લોકપ્રચલિત બની ગયું કે લોકગીત જેવું - લોકવ્રત બની ગયું! 'બંગલક્ષ્મીર વ્રતકથા'નામે વ્રતકથાના સંગ્રહમાં આરંભે ને અંતે એ મુકાયું !

એ ૧૯૦૫ની સાલ તો કેમ ભુલાય ? બંગભંગની ભૂલ કરીને કર્ઝને ભડકો કર્યો. ૧૬ ઑક્ટોબર ૧૯૦૫ને રોજ બંગાળનાં એવાં બે ફડાશિયાં કર્યાં કે બેમાંથી એકેયમાં બંગાળીઓની બહુમતી જ ન હોય ! (રસ હોય તો અવશ્ય જુઓ 'આધુનિક ભારત', જીવડેકર; નવજીવન, ૧૯૪૬; પૃ.૩૨૩) તરત વિદેશી માલના બહિષ્કારની ચળવળ ઊપડી. મહારાષ્ટ્રમાં ટિળકે 'કેસરી'માં એને 'કટોકટીની ઘડી' કહી જોરદાર વિરોધનું એલાન આપ્યું. તો, વિલાયતમાં એ કર્ઝનકૃત્યના વિરોધમાં કેકસ્ટનમાં મોટી સભા ભરાઈ. એમાં દાદાભાઈએ ટંકાર કર્યો :

'હવે અમે ગુલામોની જેમ રહેવાના નથી,.. સ્વરાજ્ય મેળવવાનો હિન્દીઓએ છેવટનો સંકલ્પ કરેલો છે.' (જાવડેકર; ૩૨૭)'

એમ 'સ્વરાજ્ય' શબ્દમંત્ર સાંપડ્યો. ખિજાયેલ પૂર્વબંગાળના ગવર્નરના સચિવે ૧૯૦૫ના નવેમ્બરમાં 'વન્દે માતરમ્'ના જાહેર-ઉચ્ચારણ પર પ્રતિબંધ મૂક્યો એણે તો પલીતો ચાંપ્યો. બારીસાલમાં ભરાયેલ અધિવેશનમાં હજારો યુવાનોના 'વન્દે માતરમ્'-નાદે ગગન ગાજી ઊઠ્યું. એના ઉચ્ચાર માટે સુરેન્દ્રનાથને પકડવામાં આવ્યા, ને સેંકડો માથાં ફૂટ્યાં ! એ જોનારામાં ત્યારે ત્યાં અરવિંદ ઘોષ પણ હતા. ત્યાં જ એમણે મનોમન નિર્ણય લઈ લીધો. વડોદરાની નિશ્ચિન્તતાવાળી નોકરી હવે ન ખપે. છોડી. 'વન્દે માતરમ્' ગીતનો અંગ્રેજી અનુવાદ શ્રી અરવિંદે કરેલો છો. ભળવું'તું તો ક્રાન્તિમાં પણ ગયા ઉત્ક્રાન્તિને માર્ગે! વચમાં એ 'વન્દે માતરમ્'ના તંત્રી થયા. પછી રસ્તો જુદો પડ્યો. પણ એમના ભાઈ બારીન્દ્ર તો ક્રાન્તિના રાહને વળગી રહ્યા.

૧૯૦૮માં પારસી માતા માદામ ભીખાઈજી કામા જર્મનીમાં સ્ટટગાર્ડમાં મળેલી સમાજવાદીઓની પરિષદમાં ગયેલાં, ત્યારે બધા દેશોના રાષ્ટ્રધ્વજો જોઈ, ભારતનો પણ

વન્દે માતરમ્

મૂળ બંગાળીમાં : બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
અનુવાદક : બૅરિસ્ટર નૃસિંહ ભ. વિભાકર (૧૯૧૭)

સુજલા, સુફલા, ચંદન શી શીતલા,
નવ પલ્લવા માત તું - વન્દે માતરમ્ !
ચંદા સોહિની, રજની શી મોહિની,
ફૂલભર દ્રુમદલ સહ શોભિની,
સુહાસિની, સુમધુરભાષિણી,
સુખદા, વરદા, માત તું - વન્દે માતરમ્ !

ત્રીસ કોટિ કંઠ ગંભીર ગર્જના શી ગાજે,
દ્વિગુણ કોટિ ભુજો સમશેર સમ રાજે,
કોણ કહે મા તુને 'અબલે' ?
બહુ બળ ધારિણી, નમું હું તારિણી,
રિપુદળવારિણી મા તને - વન્દે માતરમ્ !

તું જ વિદ્યા, તું જ ધર્મ,
તું જ હૈયું, તું જ મર્મ,
પ્રાણ (જ) તું છો આ શરીરે - વન્દે માતરમ્ !

બાહુની તમે મા શક્તિ,
દિલની તમે મા ભક્તિ,
તમારી જ પ્રતિમા મળી મંદિરે મંદિરે - વન્દે માતરમ્ !

તમે જ દુર્ગા દશ-શસ્ત્ર-કરધારિણી,
કમળા કમળ-દળ-વિહારિણી,
દૈવી વિદ્યાદાયિની ! નમું તને - વન્દે માતરમ્ !

નમું હું કમલા, નિર્મળા, અતુલા
સુજલા, સુફલા માતને - વન્દે માતરમ્ !
શ્યામલા, સરલા, સુસ્મિતા, ભૂષિતા,
ધરણી, ભરણી, માતને - વન્દે માતરમ્ !

સુજલા, સુફલા, ચંદન શી શીતલા,
નવપલ્લવા માત તું - વન્દે માતરમ્ !

English rendering of the anthem
By Ravindranath Tagore

Thou art the ruler of the minds of all people,
dispenser of India's destiny.
Thy name rouses the hearts of
Punjab, Sindh, Gujarat and Maratha,
Of the Dravida Orissa and Bengal;
It echoes in the hills of
the Vindhyas and Himalayas,
mingles in the music of
Jamuna and Ganges
and is chanted by
the waves of the Indian Sea.
They pray for thy blessings
and sing thy praise.
The saving of all people waits in thy hand,
thou dispenser of India's destiny.
Victory, victory, victory to thee.

(From the 'The Times of India 25-1-2003, Saturday pages 6&7)

હોવો જોઈએ એમ ઠરાવી, પોતે-વચમાંના પીળા પટ્ટામાં 'વન્દે માતરમ્' સૂત્રવાળો ધ્વજ ફરકાવી ભારતની શાન જાળવી.

દેશની ઘણીખરી ભાષાઓમાં 'વન્દે માતરમ્'ના અનુવાદ થયા છે. ફાંસીએ ચડતા ક્રાન્તિકારીઓનો એ વિદાયલલકાર બન્યો હતો. કૉંગ્રેસ અધિવેશનમાં એ પંડિત વિષ્ણુ દિગંબર પંત ગાતા. આપણી પહેલી પાર્લમેન્ટ ઓમકારનાથજીને કંઠે ગવાયેલ એ ગીતથી આરંભાયેલી. એની પહેલી બેઠકમાં ઠાકુર સાથે કંઠ મિલાવેલો હીરાબાઈ બરોડેકરે. ૧૯૭૬માં એ ગીતની શતાબ્દીટાણે ટપાલટિકિટ બહાર પડાઈ છે. ૧૯૯૭માં આપણા સ્વાતંત્ર્યની સુવર્ણજયન્તીએ દેશ રાગમાં પંડિત ભીમસેન જોષીએ એ ગાયું છે. ને એની પૂર્ણાહૂતિએ પંડિત જસરાજે. એ ગીતની બંદિશો અનેક રાગોમાં થઈ છે. વિષ્ણુ પંતે સારંગમાં, ચાવળા બુઆએ કાલિંગડામાં તો તિમિર બટ ને રાગ દુર્ગામાં; ને સુબ્રહ્મણ્યમ્ ભારતીએ કર્ણાટકીમાં તો હમણાં હમણાં એ. આર. રહેમાને આધુનિક લયઢાળમાં ! આમ 'વન્દે માતરમ્' છેક ૨૪-૧-૧૯૫૦ સુધી - સતત પંચોતેર વર્ષ સુધી - આપણું પ્યારું એકમાત્ર રાષ્ટ્રગીત રહ્યું. એ દિવસે આપણી બંધારણસભા સમક્ષ પંડિત નહેરુએ રાષ્ટ્રગીત તરીકે 'જનગણમન'ની તરફેણ કરી ને એ રાષ્ટ્રગીત ઠર્યું.

એ અરસાની એક નાનકડી ઘટના છે. પંડિતજીને 'યુનો'માં જવાનું થતાં, ત્યાં પ્રત્યેક દેશનું રાષ્ટ્રગીત વગાડાતું તેમાં ભારતનાને આમેજ કરવાનું થતાં, તાબડતોબ એક ફોનોગ્રાફ રેકૉર્ડ 'જનગણ...'ની મગાવેલી ને એ ત્યાં વખણાયેલું. આનો અંગ્રેજી અનુવાદ ખુદ રવીન્દ્રનાથે કરેલો છે.

'વન્દે માતરમ્'નો આ સાથે આપેલો અનુવાદ બૅરિસ્ટર નૃસિંહ વિભાકરે ૧૯૧૭માં કરેલો. જૂનાગઢમાં જન્મેલ નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકરે એમના માત્ર ૩૭ વરસના (૧૮૮૮-૧૯૨૫) આયુકાળમાં ૧૯૦૮માં બી.એ.; ૧૯૧૦માં એલએલ.બી., અને ૧૯૧૩માં વિલાયત જઈ બૅરિસ્ટર થઈ, મુંબઈમાં વકાલત કરતાં કરતાં પણ સાહિત્યને - ને સવિશેષ રંગભૂમિને ક્ષેત્રે સદાસ્મરણીય કામગીરી કરેલી. ૧૯૨૩માં એમણે 'રંગભૂમિ' ત્રૈમાસિક ચલાવેલું. એમણે રંગમંચને સમાજસુધારા સાથે જોડ્યો. 'સ્નેહસરિતા' (૧૯૧૫) જેવામાં સ્ત્રી-સ્વાતંત્ર્યનો તો 'સુધાચંદ્ર' (૧૯૧૬) અને 'મધુબંસરી' (૧૯૧૮) જેવામાં આઝાદીનો તો અન્ય ('મેઘમાલિની', 'અબજોનાં બંધન' વગેરે)માં શ્રમિકોના પ્રશ્નો છેડેલા. એક 'નિપુણચંદ્ર' (૧૯૨૪) નામે નવલ પણ એમણે લખી છે. સફળ વકીલ હતા એટલે સંવાદોમાં એમને સારી ફાવટ છે. પત્રકાર ને નાટ્યકાર તરીકે એમનું, સળંગ અભ્યાસમૂલક, મૂલ્યાંકન તો થાય ત્યારે ! એમની જીવનવિગતો ય કોણ આપે ? ❐

લઘુકથા

ઝાંઝર

શ્રદ્ધા ત્રિવેદી

હિંમતના લગ્નને માંડ મહિનો થયો હશે કે પાડોશી શના ડોસાએ હિંમતને કહ્યું, 'અલ્યા, હિંમત ! તારા ગયા કેડે તારી વહુ ટેલિફુન કરવા ગયેલી. ને બપોરવેળા મંદિરના પછીતના ખેતરે ગયેલી. લાગે છે કે દાળમાં કંઈક કાળું છે.' શરૂમાં તો હિંમતે કશું ગણકાર્યું નહીં. પણ પછી ચાર દહાડે બીજાએ કહ્યું. તેથી તેને જરા વહેમ પડ્યો. સુશીલા શહેરની હતી. ગરીબ હતી, પણ રૂપાળી હતી, કામઢી હતી ને હુંશિયાર હતી. તેથી હિંમતે હા પાડી; ને લગ્નય થઈ ગયાં.

આવી આવી વાતો તેને કાને અનેક વાર આવેલી. એમ કરતાં કરતાં બે વરસ પસાર થઈ ગયાં. તે એક દીકરીનો બાપ પણ થઈ ગયો. ઘરમાં આનંદ આનંદ થઈ રહ્યો. દીકરી ભાંખોડિયા ભરતીયે થઈ ગઈ. એક દહાડો હિંમતનો બાપ કહે, 'હિંમત ! દીકરી હારું ઝાંઝર લાવને ! ઘરમાં દોડે ત્યારે મીઠું લાગે !' ને હિંમત દીકરી સારું તો ઝાંઝર લાવ્યો જ. સાથે દીકરીની મા સારુંય લાવ્યો. તે રાત્રે હિંમતે સુશીલાને ઝાંઝર પહેરાવ્યાં. 'કેવું રૂડું લાગે છે !' સુશીલાય ખુશ થઈ. પછી ઘરમાં વહુ ફરે કે છમ... છમ... છમ... સુશીલા રસોડામાં છે કે ઓસરીમાં કે ઓરડામાં સહુને ખબર પડે.

એક વાર સુશીલા ઝાંઝર સામું જોઈ બેઠી રહી. 'હંઅ... તો હું ક્યાં છું તે જાણવા આ ઝાંઝર પહેરાવ્યાં છે !... તો તમેય જાણો કે હું ક્યાં છું ?' એક બપોરે સાસુ-સસરા ઊંઘી ગયેલાં. દીકરી પણ ઊંઘતી હતી. સુશીલાએ ઝાંઝર કાઢ્યાં. રૂમાલ વડે બાંધી પોટલી. ને તે ગઈ ઘરબહાર. ખાસ્સી વારે આવી. હજી બધાંય ઊંઘતાં હતાં. તે પોટલી સામું જોઈ રહી ને હસી પડી. પછી તેણે ઝાંઝર પહેરી લીધાં.

આમ, અવારનવાર થતું રહ્યું. એક વાર તે માંદી પડી. માંદગી ખસવાનું નામ ન લે. ઘર આખાએ મન મૂકીને પ્રેમથી ચાકરી કરી. તેની સાસુ ને પતિ ! ના જુએ રાત કે ના જુએ દહાડો ! ના જોયું પૈસા સામું કે ના જોયું જાત સામું ! થોડા સમય બાદ તે સાજી થઈ. વળી, એક દહાડો તે બપોરે બહાર ગઈ. પાછી આવી ત્યારે ખૂબ દુઃખી હતી. પોતાની માંદગી શું એક બનાવટ હતી ? આ ચામડી ઊતરડી જાય તેવી વેદનામાં ઝાંઝર પહેરવાનું ભૂલી ગઈ. પોટલી પાટલા પર જ રહી. તે રાત્રે હિંમતે કહ્યું, 'સુશી ! તું ઝાંઝર પહેરી લે. તારે ઘણી વાર બપોરે કાઢવા પડે છે તેની મને ખબર છે. પણ તું મારી દીકરીની મા છે. બસ, અમારે માટે એ જ બસ છે. આજે તું બપોરે ગઈ. પાછી આવી. ને ઝાંઝરની પોટલી પડી રહી. તે કેમ ચાલે ? લાવ, હું પહેરાવી દઉં. ઝાંઝર પહેરી તું ઘરમાં ફરે છે ત્યારે ઘર સ્વર્ગ બની જાય છે.' સુશીલાની આંખ અષાઢનું આભ બની ગઈ. તેણે તે રાતે ઝાંઝર પહેર્યાં. એ પછી તે ઝાંઝર ક્યારેય તેણે કાઢ્યાં નહીં. ❐

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર ૧૧મી મે, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

એક નવું દશ્ય તને હસાવવા માટે.

પીટરના વાળ કાપવાના હતા અને હંમેશની જેમ કેશકર્તનકાર હતાં શ્રીમતી વૅનડાન. સાતને પચીસે પીટર એની રૂમમાં ગયો અને બરોબર સાડા સાતના ટકોરે ભૂરા રંગની સ્વિમીંગની ચડ્ડીમાં પગમાં ટેનિસ બૂટ પહરીને એ હાજર થયો.

'તમે આવો છો ?' એણે એની માને પૂછ્યું.

'હા, એક મિનિટમાં આવી. પણ મને કાતર જડતી નથી !'

પીટર કાતર શોધવા માટે એમનું ખાનું ફેંદવા માંડ્યો, 'બધું અસ્તવ્યસ્ત ન કરી નાખ.' શ્રીમતી વૅનડાન બબડ્યાં.

પીટરનો જવાબ મને ન સંભળાયો પણ નક્કી કાંક અપમાનાસ્પદ બોલ્યો હશે, કારણ કે શ્રીમતી વૅનડાને એના બાવડે એક જોરથી લગાવી દીધી. એણે સામી ચોડી દીધી. એટલે એમણે એને એક ગુંબો માર્યો. પોતે જાણે બહુ ગભરાઈ ગયો હોય એવો દેખાવ કરતાં બોલ્યો, 'એમ વાત છે મોટાં બહેન !'

શ્રીમતી વૅનડાન તો જોતાં જ રહી ગયાં. પીટર એમને કાંડેથી પકડીને ઢસડવા માંડ્યો. એમણે હસીને, રડીને, વઢીને, ગોદા મારીને એને વારવાનો પ્રયત્ન કર્યો પણ કશાનો ફાયદો ન થયો. ખેંચતાં ખેંચતાં પીટર એમને છેક માળિયે જવાના દાદરા સુધી લઈ ગયો. ત્યાં કોઈ ઉપકાર કરતો હોય એમ એણે એમને છોડી દીધાં. શ્રીમતી વૅનડાન પાછાં આવ્યાં અને નિઃશ્વાસ મૂકી ખુરશીમાં બેસી પડ્યાં.

'એક માતાનું અપહરણ !' હસવામાં હું બોલી.

'હા, પણ મને ઘણું દુઃખે છે.'

મેં જઈને લાલચોળ કાંડાં જોયાં અને તરત પાણી નાખી એને ઠંડક આપી. પીટર હજી દાદરા પાસે જ ઊભો હતો. પછી હાથમાં પટ્ટી લઈને સિંહને નાથવા આવતો હોય એવી અદા સાથે ફરી રૂમમાં આવ્યો. શ્રીમતી વૅનડાન ટેબલ પાસે હાલ્યાંચાલ્યાં વિના બેસી રહ્યાં અને પોતાનો રૂમાલ શોધવા માંડ્યાં. 'પહેલાં, તારે મારી માફી માગવી પડશે.'

'ભલે, હું તમારી માફી માગું છું. પણ તે કેવળ એટલા માટે કે જો હું માફી નહિ માગું તો આખી રાત આપણે અહીં જ બેસી રહેવું પડશે.'

તેમ છતાં શ્રીમતી વૅનડાનને પરાણે હસવું પડ્યું ને ઊભાં થઈને બારણા તરફ જતાં જતાં અમારી સામે ખુલાસો કરવો પડ્યો : (અમે એટલે હું, પપ્પા ને મમ્મી. અમે ત્રણે સાફસફાઈ કરતાં હતાં.) 'ઘેર હતાં ત્યારે એ આવું નહોતો કરતો. ત્યાં તો એને પટ્ટેથી એવો તો માર્યો હોત કે ક્યાંય જઈને પડત. (!). પહેલાં આવો વાહિયાત નહોતો. માર ખાવાના લાગમાં આવે એવો આ પહેલો પ્રસંગ નથી. આ નવા જમાનાના છોકરા ને આ નવા જમાનાની રીતભાત એને અંતે આ ફળ મળે. મેં મારી મા સાથે આવું કોઈ દિવસ કર્યું ન હોત, શું ફ્રેંકસાહેબ તમે તમારી મા સાથે આમ વર્ત્યા હોત ?' એ ખૂબ જ બેચેન હતાં, આમથી તેમ આટા મારતાં જે મનમાં આવે તે બોલતાં હતાં પણ હજીય ઉપર જતાં નહોતાં. છેવટે ખાસ્સા સમય પછી એ ઉપર ગયાં.

એને હજી પાંચ મિનિટ પણ નહોતી થઈ ત્યાં ધમધમ કરતાં મોં ચડાવીને નીચે પાછાં આવ્યાં. ઍપ્રન ફંગોળી દીધું. મેં પૂછ્યું કે શું થયું ત્યારે એમનો જવાબ હતો કે એ નીચે જાય છે. અને એક વંટોળિયાની જેમ નીચે સીધા એમના પુટ્ટીના બાહુપાશમાં પહોંચી ગયાં.

આઠ વાગ્યા સુધી એ ફરી ઉપર આવ્યાં નહિ અને પછી આવ્યાં ત્યારે એમના પતિ એમની સાથે હતા. પીટરને માળિયામાંથી નીચે ખેંચી આવ્યા. કોઈ જ પ્રકારની દયામયા વિના એને ભયંકર વઢ્યાં. અવિવેકી નકામો છોકરો, ઍન તો આમ ને માર્ગટ તેમ, તું તો કાંઈ જ નથી વગેરે વગેરે વિશેષણોનો વરસાદ પડ્યો. વધું તો હું કાંઈ સાંભળી શકી નહિ.

આજે ફરી પાછું બધું શાંત થઈ ગયું હોય એમ લાગે છે.

લિ. ઍન.મે.ફ્રેંક

તા.ક. મંગળવારે ને બુધવારે અમારી પ્રિય રાણીએ દેશવાસીઓને સંબોધ્યાં. અત્યારે તો એ રજા ઉપર છે અને નેધરલૅન્ડ્સ પાછી ફરશે ત્યારે તબિયત ઘણી સુધરી ગઈ હશે. ભાષણમાં 'હું હૉલૅન્ડ પાછી ફરું કે તરત', 'શીઘ્ર સ્વાતંત્ર્ય', 'વીરતા', 'ભારે બોજો' જેવા શબ્દો એણે વાપર્યા.

એમના પછી વડાપ્રધાન ગરબ્રાન્ડીનું ભાષણ હતું. તીણો બાળક જેવો એમનો અવાજ હતો. સાંભળીને મમ્મીએ 'ઓહ' કર્યું ! શ્રી એડલ પાસેથી અવાજ ઉછીનો લીધો હોય એવા સ્વરે પાદરીભાઈએ સર્વ યહૂદી માટે છળછાવણીમાં વસતા કે જર્મનીમાં કાળી મજૂરી કરતા બધા જ યહૂદી માટે પ્રાર્થના કરી.

(ક્રમશઃ)

ફિલ્માકાશ-૪૩

૧૯૩૯ની સાલના આરંભના આંતરપ્રવાહો અને ન્યૂ થીએટર્સ

રજનીકુમાર પંડ્યા

અનેક ઉતાર-ચઢાવવાળી ૧૯૩૮ની સાલ વીતી ગઈ પણ અનેક નવાં નિશાન છોડતી ગઈ. શાંતારામની 'દુનિયા ના માને'ને વેનિસ જેવા શહેરમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. પણ ભારતમાં જેમ વિદેશી ફિલ્મોના લેવાલ મળી જતા હતા તેમ આપણી હિંદી ફિલ્મોના કોઈ લેવાલ ત્યાં મળ્યા નહીં. પણ એમ કંઈ નિરાશાનું મોજું વ્યાપે તેવી સભાનતા આપણે ત્યાં પ્રકટી નહોતી. ઊલટાનું ફિલ્મ માત્ર એક વ્યાવસાયિક, પણ માત્ર મનોરંજન પીરસનારું, માધ્યમ હતું. તેણે થોડું 'ડાઈવર્સિફિકેશન' બતાવ્યું. બૉમ્બે ટૉકિઝના નિરંજન પાસે અગાઉ ફિલ્મોના માધ્યમનો ઉપયોગ ખાનગી જાહેર ખબર માટે કર્યો હતો, પણ તે છૂટાછવાયા પ્રયોગમાત્ર હતા. જ્યારે ૧૯૩૮માં બૉમ્બે ટૉકિઝ જેવી નામાંકિત નિર્માણસંસ્થાએ લીવર-ડાલ્ડા વનસ્પતિ ઘી માટે સર્વપ્રથમ જાહેર ખબરની ફિલ્મ બનાવીને એ ક્ષેત્ર માટે નવી દિશા ખોલી આપી. આપણે સૌ જાણીએ છીએ કે આજે તો જાહેર ખબરોની ફિલ્મો બનાવવા માટે જુદી જ નિર્માણસંસ્થાઓનો રાફડો ફાટ્યો છે. પરંતુ પૂર્ણ લંબાઈની કથાફિલ્મોનું નિર્માણ કરનારી સંસ્થાઓમાં આ કામ કરનારી નિર્માણસંસ્થા તો બૉમ્બે ટૉકિઝ જ ગણાય. દાદાસાહેબ ફાળકેની પ્રથમ ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર'ની સાલ ૧૯૧૩ની હતી અને એ રીતે ગણતા ૧૯૩૮ના ભારતીય ફિલ્મ ઉદ્યોગના રજતજંયતી વર્ષના સંદર્ભમાં એ એક સીમાચિહ્નરૂપ ઘટના ગણાય. એક બીજી પણ નોંધપાત્ર ઘટના એ હતી કે એ સાલ ૧૯૩૮માં વાડિયા મુવિટોન જેવી સદ્ધર નિર્માણસંસ્થાએ ફિલ્મ સલાહકાર સમિતિ (કેન્દ્ર સરકાર)ના સહયોગથી ઈંડિયન સ્ક્રીન ગૅઝેટ નામનું દશ્ય મૅગેઝીન શરૂ કર્યું, અને એમાં એ સાલમાં હરિપુરા ખાતે મળેલા કૉંગ્રેસ અધિવેશનની ત્રણ રીલની ડૉક્યુમેન્ટરી એ ગૅઝેટ માટે પી. વી. પાથીના નિર્દેશનમાં બનાવવામાં આવી હતી.

૧૯૩૯ની સાલ તો વૈશ્વિક સ્તર ઉપર એક મહત્ત્વની ધ્રુજારીપૂર્ણ ઘટના લઈને આવી હતી. બ્રિટિશ સરકારે ભારતના નામ ઉપર જર્મનીમાં તેમની સામે યુદ્ધ જાહેર કર્યું. પંડિત નેહરુએ એને ખુલ્લેઆમ સમર્થન જાહેર કર્યું હતું.

આ ૧૯૩૯ની સાલમાં જ દક્ષિણી ભારતમાં ફિલ્મનિર્માણ ક્ષેત્રે વાહિની પિક્ચર્સ અને જૈમિનિ સ્ટૂડિઓ નામની નવી નિર્માણસંસ્થાઓ જન્મ પામી. એના સ્થાપકો હતા અનુક્રમે બી. એન. રેડ્ડી અને એસ. એસ. વાસન. આગળ ઉપર આ બંને સંસ્થાઓએ હિંદીમાં પણ સુપરહિટ ફિલ્મો આપી જૈમિનિનું 'ચંદ્રલેખા' (૧૯૪૮) તો આજે સાઠ વર્ષની વય વટાવી ગયેલા સૌ વરિષ્ઠ નાગરિકોને એની ભવ્યતાને કારણે અને વિશાળ વિરાટ નગારા ઉપરના નૃત્ય અને હાથીઘોડાનાં પરાક્રમોને કારણે યાદ હશે.



શરદબાબુનો કેદાર શર્માએ દોરેલો પેન્સિલ સ્કૅચ

આ સાલમાં જ મુંબઈમાંથી માત્ર ફિલ્મોદ્યોગની આંતરિક વ્યાવસાયિક ગતિવિધિઓને આલેખતું પ્રથમ ટ્રેડ મૅગેઝીન 'ફિલ્મ ઈન્ડસ્ટ્રી' શરૂ થયું.

આમ, ૧૯૩૯ની સાલ યુદ્ધની રણભેરી સાથે શરૂ થઈ. એક તરફ મહાત્મા ગાંધી દ્વારા શરૂ થયેલી સ્વરાજ માટેની લડત અને સ્વાવલંબનની ઝુંબેશ, બીજી તરફ અછૂતોનો, અંત્યોદયનો નવાં પરિમાણો પ્રાપ્ત કરતો પ્રશ્ન તો ત્રીજી તરફ સ્ત્રી-જાગૃતિ અને એની સામે પરંપરાગત અર્થમાં સ્ત્રીની માનમર્યાદાના બદલાવ પામતા માપદંડો - આ બધા પરસ્પર ટકરાતા તો ક્યાંક પરસ્પર અનુકૂલન સાધતાં પરિબળોના યુગમાં ત્રણેક પ્રકારની ફિલ્મો આ વર્ષે, અને પછીના થોડાં વર્ષોમાં આવી. પહેલી તે હેતુલક્ષી ફિલ્મો જેમાં શાંતારામની 'આદમી' જેવી જરા સ્થૂળ, સીધા ઉપદેશવાળી ફિલ્મ પણ આવી જાય અને ન્યૂ થીએટર્સની 'બડી દીદી' પણ આવી જાય. સાગરની 'એક હી રાસ્તા' પણ એમાં જ આવે. બૉમ્બે ટૉકિઝની 'કંગન' અને 'દુર્ગા' પણ આ જ પંક્તિમાં આવે. ન્યાયપ્રથાનાં ઊંચાં મૂલ્યો પ્રસ્થાપિત કરતી સોહરાબ મોદીની 'પુકાર' પણ આમ ઐતિહાસિક કથાવાળી છતાં તેમની આગવી ટ્રીટમેન્ટને કારણે આ પ્રકારની ગણાય. હાસ્યપ્રધાન ફિલ્મ ને છતાં ઉપદેશપ્રધાન તે માસ્ટર વિનાયકની 'બ્રાન્ડી કી બોતલ' - આ ઉપરાંત સામાન્ય મનોરંજક ફિલ્મો તે કેદાર શર્માની 'દિલ હી તો હૈ', વિષ્ણુ સિનેટોનની 'બાગી', સુદામા ફિલ્મ્સની 'આપકી મરઝી' વગેરે. ત્રીજી કૅટેગરીની સાવ હલકીફૂલકી ને હળવે હૈયે, કશા પણ ઊંડાણ વગરની ફિલ્મો તે ગુજરાતના જ નાયક, નાયક કોમના, જરા તરંગી એવા માસ્ટર વિઠ્ઠલ ઊર્ફે વિઠ્ઠલદાસ પાંચોટિયાની 'તકદીર

તોપ' (વાચકોની જાણ ખાતર જણાવું કે આ વિઠ્ઠલદાસ પાંચોટિયા તે થોડા સમય પહેલા બૉમ્બેમાં લોકલ ટ્રેનનું ફાટક ઓળંગતા માર્યા ગયેલા. નિર્માત્રી-અભિનેત્રી શ્રદ્ધા પાંચોટિયાના પિતા અને વર્તમાન ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી દીપશિખાના નાના. ગાંધીજી સાથેના થોડા મુખસામ્યને કારણે વિઠ્ઠલદાસ પાંચોટિયાને પોતે બનાવવા ધારી હતી તે 'ગાંધી' ફિલ્મમાં ગાંધીજીની ભૂમિકા કરવાની ઇચ્છા ઘેલછાની હદે વકરી ગઈ હતી. તે હકીકતની પ્રતીતિ તેમના અંતિમ દિવસોમાં હું તેમને તેમના ઉસ્માનપુરાના નિવાસસ્થાને મળ્યો હતો ત્યારે થઈ હતી. મૂળ નાટ્યકલાકાર એવા શ્રી વિઠ્ઠલદાસ વિશે વધુ વિગતો મારા પુસ્તક 'ગુલમહોર' (પ્રકાશક : આર.આર.શેઠ)માં તેમના વિષેના મારા લેખ 'સુપડકન્ના ડોસા'માં મળી શકશે.



'સપેરા'માં પહાડી સન્યાલ અને કાનનદેવી

આ સાલમાં કેટલીક વિચિત્ર નામ ધરાવતી ફિલ્મો પણ આવી હતી. જેમ કે 'ઍક્ટ્રેસ ક્યોં બની ?', 'ધ ક્રિમિનલ' (જેમાં માસ્ટર ભગવાનની ભૂમિકા, તેમનું જ નિર્દેશન અને તેમના જ સ્વરમાં કેટલાંક ગીતો હતાં). એક ફિલ્મ 'ઇન્ડિયા ઇન આફ્રિકા' યાને કે 'જંગલ ગીત' પણ હતી. એક 'રત્ના લૂટારી' ફિલ્મ પણ બની હતી. જેમાં ત્રિયારાજ્યની તરફેણ કરવામાં આવી હતી. આ બધી ચિત્રવિચિત્ર નામોવાળી ફિલ્મોમાંથી એક પણ નોંધપાત્ર નહોતી કે નહોતી તેમાંની એકે પણ સફળ. આ સાલની ફિલ્મોના પ્રવાહની એક અલગ તાસીર બતાવવાને વાસ્તે જ તેમનો અહીં ઉલ્લેખ કર્યો છે. આ એટલા માટે વિશેષ ઉલ્લેખનીય છે કે આ છવ્વીસ વર્ષો દરમિયાન ભારતના સમગ્ર ઉદ્યોગજગતમાં ભારતીય ફિલ્મોદ્યોગ છેક ચોથા નંબર જેટલો આગળ આવી ગયો હતો. પચ્ચીસ વર્ષના ગાળામાં કોઈ પણ ઉદ્યોગ માટે આ પ્રગતિનો સારો આલેખ ગણાય. એ યુગમાં, કે જ્યારે રૂપિયો 'ગાડાના પૈડા જેટલો મોટો' ગણાતો હતો તે યુગમાં તે ઉદ્યોગમાં સત્તર કરોડ રૂપિયા રોકાયેલા હતા અને ચાલીસ હજાર લોકો એમાં રોજી મેળવતાં હતાં. પૂરા ભારતમાં પંચોતેર નિર્માતા, અઢીસો વિતરકો અને ટૂરિંગ ટૉકિઝો સહિત ચૌદ સો છન્નું સિનેમાઘરો હતાં. એમાંથી સરકારને પચાસ લાખ રૂપિયાની તો કરની આવક થતી હતી. આ જ વર્ષોમાં ઇન્ડિયન મોશન પિક્ચર્સ ઍસોસીએશન (ઇમ્પા) અને ઇન્ડિયન મોશન પિક્ચર્સ ઍસોસીએશન (ઇમ્પડા)ની સ્થાપના થઈ હતી. આમ, ફિલ્મ ઉદ્યોગની આગવી ઓળખ ઊભી થઈ ગઈ હતી. અરે, એક વિદેશી ફિલ્મ પણ હિંદીમાં 'આઝાદી એ વતન'ના નામથી ડબ થઈને આવી હતી, જેના હિંદી સંવાદો ડી. બીલીમોરિયા વગેરે કલાકારો બોલ્યાં હતાં. એમાં ગીતો અશરફખાનનાં હતાં. અને બે ગીતો મલિકા પુખરાજનાં પણ હતાં. આ દિવસોમાં જ્યારે વિશ્વયુદ્ધની ગરમ ગરમ આબોહવા વાતાવરણમાં વરતાવા લાગી હતી ત્યારે પણ ન્યૂ થીએટર્સે પોતાના વિશિષ્ટ બરની સ્વચ્છ, સંવેદનાપૂર્ણ, શ્રેષ્ઠ ગુણવત્તાવાળી ફિલ્મોનું નિર્માણ જારી રાખ્યું હતું. ચાર બંગાળી ચલચિત્રો અને ચાર હિંદી ચલચિત્રો એણે ભેટ ધર્યાં હતાં. આ ઉપરાંત ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટીની કલકત્તામાં મળેલી મીટિંગનું ત્રણસો સિત્તરે ફુટનું લઘુચિત્ર હિંદીમાં બનાવ્યું હતું અને એથી થોડું લાંબું લઘુચિત્ર 'પ્રીમિઅર્શ અપીલ'નામનું બંગાળીમાં બનાવ્યું હતું. અલબત્ત, આ બંને લઘુચિત્રો એ વૃત્તચિત્રો (ડૉક્યુમેન્ટરી) હતાં, નહીં કે ફિચર ફિલ્મ્સ. પણ એ વખતનાં દર્શકોમાંથી એક શ્રીમતી સોનાવણે મને કહેતાં હતાં કે એમાં પણ ન્યૂ થીએટર્સનો કલાત્મક સંસ્પર્શ હતો, કારણ કે એની ફોટોગ્રાફી બિમલ રૉયે કરી હતી.બંગાળી ફિલ્મોમાંથી એક 'જીવન-મરણ' એ હિંદી 'દુઃશ્મન' (૧૯૩૮)ની જ બંગાળી આવૃત્તિ હતી.

૧૯૩૯ની સાલમાં ન્યૂ થીએટર્સની જે ફિલ્મો આવી તેમાં અવિસ્મરણીય કહી શકાય તેવી ફિલ્મ 'બડી દીદી' હતી. ૧૯૩૯ના એપ્રિલની ૭મીએ પૂર્ણા ટૉકિઝમાં રજૂઆત પામેલી આ ફિલ્મની વાર્તા ફરી એક વાર શરદબાબુની હતી, તો દિગ્દર્શન અમર મલિકનું હતું. આ એ જ અમર મલિક કે જે ન્યૂ થીએટર્સના સાવ પ્રારંભથી જ તેની ટીમમાં સામેલ થયા હતા. હતા તો એ સિવિલ એન્જિનીઅર પણ એમના નાટ્યશૉખે એમને આ ક્ષેત્રમાં પદાર્પણ કરાવ્યું હતું. શરૂઆતમાં તો તેઓ પ્રોડક્શન ચીફ હતા. પણ સાથે સાથે ન્યૂ થીએટર્સની ફિલ્મોમાં, વિશેષ કરીને બંગાળી ફિલ્મોમાં નાનીમોટી ભૂમિકાઓ ભજવતા હતા. એમાં પણ હળવી ભૂમિકાઓ તેમને વધારે જચતી હતી. આવી કેટલીક ફિલ્મોમાં 'દેના પાવના' (બંગાળી)થી માંડીને 'ભાગ્યચક્ર', 'ચંડીદાસ', 'મીરાંબાઈ', 'દેવદાસ', 'મુક્તિ', 'દેશેર માટી' વગેરે મુખ્ય હતી. પણ તેમની પોતાની દિગ્દર્શન કરવાની ઇચ્છા આ ફિલ્મ 'બડી દીદી'થી પરિપૂર્ણ થઈ અને તેમાં એમણે પોતાનું હીર પણ બતાવી આપ્યું. દિગ્દર્શનમાં એ વખતે એ એટલા બધા તદ્રૂપ થઈ જતા કે એ જમાનામાં કિશોરી તરીકે માત્ર શૂટિંગ જોવા આવતી ભારતી નામની બાળા તેમની ઉપર મોહિત થઈ ગઈ હતી. આ ભારતીએ આગળ ઉપર 'ભારતીદેવી'ના નામે ફિલ્મ 'ડૉક્ટર'

(૧૯૪૧)માં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, અને એમાંથી જ એ દર્શકોની નજરમાં વસી ગયાં હતાં. ઘણાં તેને ભારતની પ્રથમ ગ્લૅમર ગર્લ તરીકે જાણે છે. આગળ જતાં અમર મલિક અને એમનો પ્રણય પરિણયમાં પરિણમ્યો.

શરદબાબુની વાર્તા માનવલાગણીઓની વિરુદ્ધ સામાજિક વિરોધની કહાણી ઉપર આધારિત હતી. સુરેન (પહાડી સન્યાલ) એક ધૂની તરંગી છતાં તેજસ્વી યુવક છે, જેને શિક્ષક બનવાની હોંશ છે તે જેને ભણાવી રહ્યો છે તે પ્રમીલા (ઝેનબ)ની વિધવા એવી મોટી બહેન માધવી (મોલિના) ભણી તીવ્ર ખેંચાણ અનુભવે છે, પણ વિધવા માટે આવો પ્રેમ એ એક અપરાધ ગણાય અને એમાં સ્ત્રી-પુરુષ બંને બદનામ થાય. આ વિચારે તે સુરેનના પ્રેમને ઠુકરાવે છે. આ પછી તો અનેક નાટકીય ઘટનાઓ પછી સુરેન મોટો જમીનદાર બને છે અને સંજોગોવશાત્ માધવી તેની જ જાગીરની રહેવાસી છે કે જે એના નોકરો દ્વારા સતામણીનો ભોગ બનેલી છે. નાટકીય ઘટનાક્રમ પછી ફિલ્મ અંત ભણી આગળ વધે છે. 'દેવદાસ'થી થોડો જુદો એનો અંત છે. સુરેન છેવટે માધવીના ખોળામાં જ પ્રાણ છોડે છે. આમ, માત્ર થોડી લીટીના વર્ણનમાં આ ભાગ્યે જ શરદબાબુની કથાની વાર્તા લાગે ('દેવદાસ' પણ ના લાગે) પણ આ પાંખી વાર્તાના અંદરના ક્લેવરમાં જ શરદબાબુનો સંસ્પર્શ અનુભવી શકાય અને તે જ વસ્તુ અમર મલિકે પોતાના દિગ્દર્શનના આ પહેલા જ સાહસમાં સિદ્ધ કરી બતાવી. મોલીનાદેવી પાસેથી એમણે અદ્‌ભુત કામ લીધું હતું અને એકેએક દૃશ્ય તેમણે દસદસ વાર રિટેક કરાવ્યું હતું. મોલીના-દેવી કાનનદેવીનાં ખાસ બહેનપણી હતાં, કે જે તેમને ખાસ શીખ આપતાં કે દિગ્દર્શક કહે તેટલા રિટેક આપતાં સંકોચ રાખવો નહીં, કારણ કે તે કહેતાં 'વાસણને વધુ વાર માંજવાથી જ તે ચકચકિત થાય છે.'

'બડી દીદી'માં આ ઉપરાંત ચંદ્રાવતી પણ હતાં. પ્રેસિડેન્ટની બંગાળી આવૃત્તિ એવી 'દીદી' ફિલ્મમાં મોટી બહેન તરીકેના પાત્રમાં ઉત્કૃષ્ટ અભિનય આપીને ચંદ્રાવતી બંગાળી ફિલ્મજગતમાં વધુ પ્રતિષ્ઠિત થઈ ગયાં હતાં. પણ આ 'બડી દીદી'માં એમણે હિંદીમાં પણ ધાક જમાવી દીધી.

ફિલ્મમાં આ ઉપરાંત જગદીશ શેઠી, વિક્રમ કપૂર, કેદાર શર્મા, નવાબ, નેમો, રેણુકાદેવી જેવા ન્યૂ થીએટર્સનાં કાયમી પગારપત્રક ઉપરનાં કલાકારો તો હતાં જ. પણ એક નવાઈ સાથે એક હકીકત નોંધવી રહી કે પંકજ મલિક જેવા સંગીતકારનું સંગીત અને કેદાર શર્મા જેવા ગીતલેખકનાં ગીતો હોવાં છતાં એક પણ ગીત જાણીતું થયું નહોતું એટલું જ નહીં, 'હમરાઝ'ના ગીતકોશ મુજબ તેનાં ગીતોની કોઈ રેકૉર્ડ પણ બની હોય તેમ જણાતું નથી. કુલ છ ગીતો હતાં, પણ કોણે કોણે ગાયાં તેની કોઈ જ માહિતી ગીતકોશમાં તો ઉપલબ્ધ નથી જ.

સબળ સંગીતપક્ષ વગર પણ આ ફિલ્મ અપ્રતિમ સફળતાને પામી અને યાદગાર બની. તેણે એ પુરવાર કરી આપ્યું કે સંગીતને કારણે ફિલ્મ સફળ થાય એવું બને, પણ સંગીતનો ટેકો ના હોય તો સારી ફિલ્મ નિષ્ફળ જ જાય તે જરૂરી નથી.

(ક્રમશઃ)

નોંધ : (૧) 'કુમાર'ના જૂન ૨૦૦૪માં પ્રકટ થયેલા આ લેખમાળાના પ્રકરણ નં. ૪૧માં છેલ્લા બે ફકરાઓમાં સોહરાબની ફિલ્મ 'જેલર'ની રી-મેકની સાલ ૧૯૪૮ દર્શાવી છે તે મુદ્રણદોષ છે. તે સાલ ૧૯૫૮ની છે. ઉપરાંત તેના સંગીતકાર સોહરાબ મોદી ખુદ નહીં પણ મીરસાહેબ હતા તે સરતચૂક પ્રતિ ધ્યાન દોરવા બદલ ધોરાજીના સંગીતજ્ઞ અરવિંદ પટેલનો આભારી છું.

(૨) તે પ્રકરણમાં છપાયેલું રેખાચિત્ર તે યુગમાં દીવાસળીની પેટી ઉપર છપાતાં ગોહરબાનુનું છે.

'કુમાર ટ્રસ્ટ'નાં પ્રકાશનો

આવો શીખીએ અંગ્રેજી : ધનુભાઈ મહેતા-લિખિત આ પુસ્તક અંગ્રેજી વ્યાકરણથી સુપેરે માહિતગાર કરાવે છે. અંગ્રેજી શીખવા ઇચ્છુક દરેકે વસાવવાયોગ્ય આ પુસ્તકની મૂળ કિંમત ૧૬૦ રૂ. છે, પરંતુ હાલ તેની ઘટાડેલી કિંમત ૧૦૦ રૂ. છે. પોસ્ટથી મંગાવનારે ૩૫ રૂ. વધુ મોકલવા.

ચયનગ્રંથ સંપુટ–૨ : 'કુમાર'ના ત્રીજા દશકમાંથી ચયન કરેલ વાર્તાઓ, કાવ્યો અને જીવનચરિત્રોના આ ત્રણ ગ્રંથોની મૂળ કિંમત ૧૬૦ રૂ. છે, હાલ તેની ઘટાડેલી કિંમત ૧૨૫ રૂ. છે. પોસ્ટથી મંગાવનારે ૨૫ રૂ. વધુ મોકલવા.

યોગાસનો : દામુભાઈ શુક્લ-લિખિત આ પુસ્તકમાં યોગાસનોની સચિત્ર વાચનસામગ્રી આલેખાઈ છે. યોગાસનોના અનેકાનેક લાભ વર્ણવતા આ પુસ્તકની આ ૮મી આવૃત્તિ છે. મૂળ કિંમત ૨૦ રૂ. છે. પૉસ્ટથી મંગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

કાવ્યો : 'કુમાર'ના 'અમૃતપર્વ' નિમિત્તે બૃહદ્-બુધ-કવિ સંમેલનમાં ૨૧ કવિઓ દ્વારા પઠિત કાવ્યોના આ સંચયની મૂળ કિંમત ૨૫ રૂ. છે. પોસ્ટથી મગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

પ્રસંગપરાગ : 'કુમાર'ના છેલ્લા પાના પર આવેલા પ્રેરક પ્રસંગોની આ પાકા પૂંઠાની ચયનિકાની મૂળ કિંમત ૧૫ રૂ. છે. પોસ્ટથી મગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

આરોગ્યસૂત્ર : 'કુમાર'ના છેલ્લા પાના પર આરોગ્યને ઉપકારક દેશી ઉપાયોના નુસખા પ્રકટ થતા રહ્યા છે. આ નુસખાઓ સમાવતા 'આરોગ્યસૂત્ર'ની મૂળ કિંમત ૧૦ રૂ. છે. પોસ્ટથી મગાવનારે ૪ રૂ. વધુ મોકલવા.

નોંધ : ૧. ઘટાડેલી કિંમત સીધા 'કુમાર ટ્રસ્ટ'માંથી પુસ્તકો મગાવનાર માટે જ છે.

૨. ચેક/ડ્રાફ્ટ 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો. બહારગામની બૅન્કનો ચેક હોય તો બૅન્ક કમિશનના ૨૫ રૂ. ઉમેરીને મોકલવા.

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

અમે અત્યારે રહીએ છીએ તે સોસાયટી વિજયપાર્કની વાત પર આવું. અમે સોસાયટીની બહેનોએ વર્ષો સુધી નવરાત્રિમાં ગરબા ગાયા હતા. રાત્રે નવ વાગે ગરબા શરૂ થાય અને અગિયાર વાગે પૂરા થાય. મારે સવારની કૉલેજ હતી તેથી ગરબા વહેલા સમાપ્ત કરતા. મને ગરબા ગાવાની ફાવટ સારી હતી તેથી ગાવાનો અનેરો આનંદ આવતો. એકસાથે હું ચારપાંચ ગરબા સળંગ ગાઈ નાખતી, જેથી કોઈ બહેનો વચ્ચેથી નીકળી ના જાય! સોસાયટીની બહેનો પણ ખૂબ ભાવપૂર્વક આ આનંદ માણતી. આવો ભેગા થવાનો મોકો નવ દિવસ મળતો. પણ જ્યારથી પાર્ટિપ્લૉટોમાં અને ક્લબોમાં ગરબા યોજાવા લાગ્યા અને લાઉડ સ્પીકરનો ઘોંઘાટ વાતાવરણને ભરી દેવા લાગ્યો ત્યારથી અમે ગરબા ગાવાનું બંધ કરી દીધું. આવો, એક ગરબાની ઝલક માણવા જેવી છે :

'છલ્લીબજારમાં ગઈ'તી સૈયર મોરી,
શું શું વેચાવા આવ્યું સૈયર મોરી,
મોતી વેચાવા આવ્યાં સૈયર મોરી,
ઊભલે ઊભલે જોયાં સૈયર મોરી,
નીચા નમીને મૂલ કીધાં સૈયર મોરી,
બેઠલે બેઠલે લીધાં સૈયર મોરી,
ઊભલાની આણ છે, બેઠલાની આણ છે
ઊભલાની આણ છે, બેઠલાની આણ છે.'

આમ, આ ગરબામાં બધી બહેનોને ચોથી પંક્તિમાં આવે છે તેમ ઊભા રહી જવાનું, પછીની પંક્તિમાં વાંકા વળવાનું, ત્યાર પછીની પંક્તિ અનુસાર ઊભા પગે બેસવાનું અને છેલ્લી પંક્તિ ચારપાંચ વાર ગાવાની અને તેમાં આવતા શબ્દો પ્રમાણે ઝડપથી ઊઠવાનું અને બેસવાનું. આમ, આઠદસ વખત ઊઠબેસ કરવાની બધાંને મજા પડતી. આજે તો જાણે આ પ્રકારનો શેરીગરબો ખોવાઈ જ ગયો હોય તેમ લાગે છે!

બીજો એક લોકગીત પર આધારિત ગરબો ગાતાં તે સાંભળવાની પણ મજા પડશે :

'મેંદી લેશું મેંદી લેશું મેંદી મોટાં ઝાડ
એક હલાવું ડાળ ત્યારે હાલે ડાળો ચાર
સહિયર મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે કોઢમાં દીવો મેલ
મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ
સાસુની સોડમાં દીવો મેલ. સૈયર મેંદી લેશું રે.
સોડ બળે, દીવો બળે, બળે આખું ગામ,
મેં ભોળીએ એમ જાણ્યું કે આમ દીવાળી થાય
સાસુની આમ દીવાળી થાય. સૈયર મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે ડોબાને ગોતું મેલ
મેં ભોળીએ એમ જાણ્યું કે ડોસાને ગોતું મેલ
સાસુના ડોસાને ગીતું મેલ. સૈયર મેંદી લેશું રે.'

અત્યારે આયુના સાડા સાત દાયકા હું પૂરા કરી ચૂકી છું. ૧૯૬૩માં એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં અધ્યાપકપદે રહી અને ૧૯૮૭માં નોકરીમાંથી નિવૃત્ત થઈ. આમ, આ જ કૉલેજમાં ભણવાનો અને ભણાવવાનો ૩૦ વર્ષનો નાતો અત્યંત સૌભાગ્યમય બની રહ્યો. છ વર્ષ સુધી આ કૉલેજમાં એમ.એ. સુધી અભ્યાસ કર્યો. અને ૨૪ વર્ષ નિષ્ઠાપૂર્વક નોકરી કરી મારી ફરજ બજાવી તેનો આનંદ છે. દુઃખમાંથી માનવીને ઘણું શીખવાનું મળે છે, તેનો મેં જીવનમાં અનુભવ કર્યો છે. કૉલેજમાંથી વિદાય લેતા હું



રડી પડી ને વિદ્યાર્થીઓ પણ રડી પડ્યાં. કૉલેજનાં સંસ્મરણો મેં એક આવડ્યું તેવા કાવ્યમાં કંડાર્યાં છે. કાવ્યનું શીર્ષક છે :

'અલવિદા, એલ.ડી.આર્ટ્સ કૉલેજ'

'લઈ દુઃખ દરિયો તુજ દ્વાર આવી
હેતે લઈ મુજને અંકે સમાવી,
જાણે ફર્યો હસ્ત મમતાભર્યો શો
હૈયે ધરી ધીર અવ ડર છે શાનો ?

કેવા હતા ગુરુજનો વંદનીય,
વિદ્યાસભર ને અભિનંદનીય !
પામી પરમ પાઠ વિદ્યા તણા હું
આદર્શ, મૂલ્યો, નિષ્ઠા ને કૈં કૈં.

વિશાળ તુજ પ્રાંગણે પાંગરીને
કરી પૂર્ણ વિદ્યા શોચું હવે શું ?
કિંતુ પ્રભુની કૃપા કેવી ઊતરી
શિષ્યા મટી અહીં બની શિક્ષિકા હું !

એ વિશાળ ખંડો, વિશાળ પ્રાંગણ
વિશાળ શિષ્યોનાં વૃંદ કેવાં !
લીધેલ જે જ્ઞાન ગુરુઓ કનેથી
મળી ગઈ તક ઋણ ફેડવાની.

જે શીખી તે શીખવ્યું શિષ્યગણને,
સાહિત્ય, મૂલ્યો, આદર્શ, નિષ્ઠા,
ગુરુપંથ ચાલે થયાં વર્ષ ચોવીસ
આવી ઘડી, લો, અવ અલવિદાની !

વિદાયવેળા રડતાં જ શિષ્યો,
અને નયનથી મુજ અશ્રુ છલક્યાં !
જ્યાં પામી, પમરી બધું છોડી આજે
વિદાયવેળા વસમી જ લાગે.

કૉલેજ તું તો મુજ માતૃ જેવી
ફળો ફૂલો ફાલ તારા ભવનમાં,
વિદાય લેતાં ફરી જોઈ લઉં હું
લાગે પિયરઘર છોડી રહી છું !

તારા અણુમાં મુજ પ્રાણ ભાસે
મારા અણુમાં પણ તું જ વાસે
બોલી શકું ના કંઈ હું હવે બસ :
અલવિદા, અલવિદા, અલવિદા, માતૃસંસ્થા.'

હવે હું કૉલેજમાંથી નિવૃત્ત તો થઈ ગઈ, જેથી સવારની દોડાદોડ લગભગ બંધ થઈ. સવારમાં રસોઈ બનાવી કૉલેજ જવાનું હોય તેથી સાડા ચાર વાગે ઊઠી જવું પડતું અને રસોઈ બનાવી કૉલેજ તરફ પ્રયાણ થતું, જો કે કૉલેજ નજીક હતી તેથી સારું ફાવતું. પણ સાચું કહું તો એ દોડાદોડની કિંમત નિવૃત્ત થયા પછી સમજાઈ ! હવે તો કામકાજ હળવું લાગ્યું પણ બાકીનો સમય વિતાવવો ભારે પડતો. નિયતિ તો અભ્યાસમાં રત હતી. ૧૯૮૯માં તેનાં લગ્ન થયાં ત્યાર પછી એકલતાએ જાણે માઝા મૂકી. અમે પતિ-પત્ની બે જણ જ રહ્યાં. ધીરુભાઈએ 'કુમાર' માસિકનું તંત્રીપદ સંભાળ્યું હતું, જે અત્યાર સુધી ચાલુ છે. તેઓ સવારે આઠ વાગે નીકળી જાય છે અને લગભગ સાડા બાર-એક વાગે પરત આવે છે. એટલે સવારનો સમય મારે એકલાં પસાર કરવો પડે છે. પણ મને સંગીત પ્રતિ રુચિ છે, ને મેં સંગીતની ત્રણ પરીક્ષા આપેલી પણ અનિવાર્ય સંજોગોને લીધે ચોથી પરીક્ષા આપી શકી નહીં તેથી ડિગ્રી ના મળી છતાં સંગીત સાંભળવાનો રસ ફરીથી જાગ્રત થયો. આજે પણ રોજ સવારે સાડા ચાર વાગે ઊઠી જાઉં છું, કારણ વર્ષોથી પેલી વહેલા ઊઠવાની ટેવ મને સૂવા દેતી નથી. સાડા ચાર વાગે જાણે કોઈ આવીને મને ઉઠાડતું હોય તેવો અહેસાસ થાય છે. મને સૂઈ રહેવું ગમે નહીં તેથી ઊઠી જાઉં. સ્નાન કરી, વૉશિંગ મશીનમાં કપડાં ધોવા નાખી, પ્રાર્થના કરવા બેસી જાઉં છું. છ વાગે કપડાં સૂકવી રેડિયો ચાલુ કરું અને 'વિવિધ ભારતી' પરથી વાગતા શરણાઈના સૂરથી ઘર ભરાઈ જાય. છ વાગ્યાથી સાડા છ વાગ્યા સુધી રેડિયો પર આવતાં ભજનો અને પ્રેરક ગીતો સાંભળું છું; અને ગમતાં ગીતો તથા ભજનો ટેપ કરી લઉં છું. લગભગ ૧૦૦ ઉપર કસેટોમાં ભજનો અને પ્રેરક ગીતો ટેપ કરેલાં છે. તદુપરાંત ગમતી ગઝલ, ગીતો, કવ્વાલી પણ ટેપ કરું છું. સવારે ૮ વાગ્યે ધીરુભાઈ 'કુમાર' પર જાય ત્યાર બાદ રસોઈ શરૂ થાય. દસ વાગે નોકરનો છોકરો ચંદુ કામ કરવા આવે છે તેની સાથે થોડી વાતો કરું અને એ જાય એટલે ૧૧ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી ટેપ કરેલાં ભજનો અને ગીતો સાંભળું. ૧૨ વાગે રોટલી બનાવું અને ધીરુભાઈ સાડાબાર-એક વાગે આવે એટલે સાથે જમીએ. બપોરે સૂઈ જઈએ અને સાંજે ફરવા જઈએ. રાત્રે ટી.વી. પર કંઈ જોવા જેવું લાગે તો જોઉં, સમાચાર સાંભળીએ. દસ વાગે સૂઈ જાઉં. ધીરુભાઈ તો એમના સ્વાધ્યાયમાં રચ્યાપચ્યા રહે. આ મારી દિનચર્યા છે.

હું ભગવાનમાં માનું છું, શ્રદ્ધા રાખું છું. પહેલાં તો લૉ ગાર્ડન પાસે આવેલા સમર્થેશ્વર મહાદેવમાં ઘણી વાર દર્શન કરવા જતી, પણ દરરોજ ત્યાં જઈ શકાતું નહોતું. ત્યાં કુદરતે કમાલ કરી. અમારી સોસાયટીમાં રબારીવાસમાં ત્રણચાર વર્ષથી મહાદેવનું મંદિર બંધાયું છે ત્યાં રોજ સવારે સાડાસાત વાગે દર્શન કરવા જાઉં છું. મન પ્રફુલ્લિત થઈ જાય છે. જો કે ધીરુભાઈ ભગવાનમાં માનતા નથી. તેમનો ઝોક કર્મ, નિષ્ઠા અને જ્ઞાન તરફ વધારે છે, પણ મારી શ્રદ્ધા તેઓ તોડતા નથી. હા, ક્યારેક અંધશ્રદ્ધા તરફ હું દોરવાઈ જાઉં ત્યારે મને ટકોર કરે. ઘણાં વર્ષો પહેલાંની વાત છે જ્યારે હું સમર્થેશ્વર મહાદેવ જતી હતી ત્યારે શ્રાવણ મહિનામાં મહાદેવજીને દૂધ ચઢાવતી અને મહિનો પૂરો થતાં પૂજારીને દૂધના પૈસા આપી દેતી. એક વાર આ પ્રમાણે પૈસા લઈ હું આપવા માટે જતી હતી ત્યારે ધીરુભાઈએ સહજ ભાવે પૂછ્યું કે કશું ખરીદવાનું છે ? મેં હકીકત જણાવી ત્યારે તેમણે મને પ્રશ્ન કર્યો કે તમે શિવલિંગ પર ચઢાવેલું દૂધ ક્યાં જાય છે ? હું ગૂંચવાઈ ગઈ અને બોલી કે ખાળમાં જતું હશે, અને મને તેમના માર્મિક પ્રશ્નમાં જીવનનો એક અનેરો પાઠ શીખવા મળ્યો કે આવા પૈસા ખર્ચવા કરતાં કોઈ પૈસાની જરૂરિયાતવાળી વ્યક્તિને પૈસાની મદદ કરીએ તો કેવું સારું ? મારે ગળે વાત ઊતરી ગઈ. હું અંધશ્રદ્ધામાં નથી માનતી પણ આવી એક અંધશ્રદ્ધામાં અટવાયેલ હું આ રીતે મુક્ત થઈ.

ટેપ કરેલાં ભજનો અને પ્રેરક ગીતોની એક એક પંક્તિ જણાવું છું જેની અસર મન પર જબરી પડે છે :

(૧) મધુબન ખુશબૂ દેતા હૈ
જીના ઉસકા જીના હૈ જો ઔરો કો જીવન દેતા હૈ
(૨) સદા સચ બોલ અરે ઈન્સાન કે સચ કો કહેતે હૈ
ભગવાન

(૩) કેહતે હૈં સબ ગ્રંથ વો ચાહે ગીતા યા રામાયણ
શુભ કર્મો સે ધીરે ધીરે નર બનતા નારાયણ.
(૪) જિંદગી સે ખેલો ના જિંદગી હૈ જિંદગી
આદમી હૈ ઈશ્વર, આદમી સે ખેલો ના.
(૫) સદ્‌ગુણ અવગુણ કે કારણ કોઈ હીરા હૈ કોઈ પત્થર હૈ.

આવાં તો ઘણાં બધાં પ્રેરક ગીતો અને ભજનો છે. આ તો થોડાં નમૂના જેવાં આપું છું. કબીર, મીરાં, તુલસીદાસ, સૂરદાસ, અન્યનાં ભજનો પણ આ કસેટોમાં સંઘરાયેલાં છે. સંગીતની દૃષ્ટિએ અને કંઈક માનવતાની દૃષ્ટિએ આવાં ગીત-ભજનોમાંથી હું આનંદ માણી શકું છું. ઊંઘમાં પણ મારા આંતરમનમાં આવાં ભજનો-ગીતો ગૂંજ્યાં કરે છે. મને ગમતાં પ્રેરણાદાયક બે ભજનો હું નીચે લખું છું :

'મંગલ છબી નયનો સે દેખો
મંગલ ધ્વનિકો સુનો સદા
મંગલ વાણી મુખ સે બોલો
સંતન વાણી નમનપદા.
સૂર્ય, ગગન, ધરતી, સાગર, પ્રિયે
પરવત, કુંજન, વાયુ વહે
ઈશ્વર કા દર્શન કણકણમેં
વેદ-પુરાણ યહી કહે.
ચંપા, જુહી, ઓર ચમેલી
જો ગુલાબ કી મહેક પ્રભુ
તુલસી, ચંદન, ગંગાજલ ઔર
પક્ષી કી તુમ ચહેક પ્રભુ.'

આ ભજનમાં સર્વત્ર માંગલ્યદર્શન થાય છે. સૂર્ય, ગગન, પ્રકૃતિ, પુષ્પો બધાંમાં કોઈ અગમ્ય ચૈતન્ય અને માંગલ્ય પ્રગટ થતું અનુભવાય છે.

બીજું પણ માણવા જેવું પ્રેરક ગીત છે :

'કરતે રહો સબકા ભલા
જીવન કો જીને કી યે હૈ કલા.
કર્મ કરો નિઃસ્વાર્થ કરો
પુણ્ય કરો પરમાર્થ કરો
દિલ સે પ્રભુ કો પ્રેમ કરો
યોગી બનો પુરુષાર્થ કરો
ઇસ કે બિના જીવન ક્યા હૈ ભલા ?
જીવન કો જીને કી યે હૈ કલા.
જીવન ઉનકા અનમોલ હૈ
શીતલ જીનકા બોલ હૈ
પ્રભુ પ્રસન્ન રહે જગમેં
ઉસકા હી જગમેં મોલ હૈ;
કર ભલા તો હોગા ભલા
જીવન કો જીને કી યે હૈ કલા.'

સમગ્ર પંક્તિઓમાં જાણે કે ગીતાનો સંદેશો વણાયેલો હોય તેવું લાગે છે. આમ છતાં સંતતિ તો યાદ આવે છે જ.

મારી દીકરી નિયતિ આઠ વર્ષથી અમેરિકા ન્યૂ જર્સીમાં રહે છે. તેની યાદ ઘણી વાર સતાવી જાય છે. પણ દીકરી તો સાસરે જ શોભેને ? તેના પતિ સર્વજિત પણ માયાળુ છે. અમે ફોન પર અવારનવાર મળીએ છીએ. દસેક વર્ષ પહેલાં મારે હર્નિયાનું (સારણગાંઠનું) ઑપરેશન કરાવવું પડ્યું, અને સારું થઈ ગયું, સાતેક વર્ષ પહેલાં બંને આંખોનું મોતિયાનું ઑપરેશન કરાવ્યું જેમાં મુસીબત આવી પડી. મારી જમણી આંખના રૅટિના પર કાણાં પડેલાં હોવાથી તે આંખે બિલકુલ દેખાતું નથી એટલે ડાબી આંખ પર બધો આધાર રાખવો પડે છે. જેટલું વંચાય અને લખાય તેવા પ્રયત્નો ચાલુ છે. બે વર્ષ પહેલાં જુલાઈ માસમાં હાર્ટઅટૅક આવ્યો જેથી અમદાવાદની સ્ટર્લિંગ હૉસ્પિટલમાં એન્જિઓપ્લાસ્ટી કરાવવી પડી. ઉંમરનો પ્રભાવ હવે વર્તાઈ રહ્યો છે. હાર્ટઅટૅક આવ્યા પછી ડૉક્ટરના કહ્યા મુજબ સાંજે માઈલ દોઢ-માઈલ ચાલવા જવું પડે છે. મારી આંખની મુશ્કેલીને લીધે ધીરુભાઈ મારી સાથે જ હોય છે. રસ્તો ઓળંગવામાં તે મારો હાથ પકડી રસ્તાની બીજી બાજુ લઈ જાય છે. ડાયબીટીઝે પણ મારા શરીરમાં ડેરાતંબુ તાણેલા છે, પણ તેમાં વિચિત્રતા એવી છે કે ઘણી વાર સાંજે લોહીમાં ખાંડનું પ્રમાણ ઘટી જાય છે એટલે કે શુગર ફૉલ થાય છે. બહાર જતી વખતે સાથે શુગર ક્યૂબ રાખવા પડે છે. એકબે વાર તો ખાંડનું પ્રમાણ ઘટી જવાથી પડી ગયેલી પણ ખરી છતાં બચી જવાય છે. પડવાથી કંઈ ઈજા થઈ નથી તેટલી ઈશ્વરની કૃપા છે. મારે એકલા બહાર જવાનો સંજોગ થાય ત્યારે મન પાછું પડે પણ મારા ગુરુ પ્રો. દાવરસાહેબે આપેલી શિખામણ અનુસાર મારી પર્સમાં એક કાગળ રાખું છું, જેમાં મારું નામ, સરનામું, ફોન નંબર, મારા બંને દિયરોના ફોન નંબર, બ્લડગ્રૂપ 'ઓ' પૉઝિટિવ, બોર્ડર લાઇન પર ડાયબીટીઝ - આ બધી વિગતો લખેલી હોય છે. આમ, જીવનના સંધ્યાકાળની નાનીમોટી મુસીબતોનો સામનો કર્યા વગર છૂટકો નથી. પરંતુ મારે માટે નિરાંતની એક વાત એ છે કે અમે જે મકાન બાંધેલું છે તે ત્રણ માળનું ફ્લૅટ ટાઇપ મકાન છે, જેમાં નીચેના ફ્લૅટમાં મારા વચ્ચેના દિયર શ્રી મહેન્દ્રભાઈ સહકુટુંબ રહે છે. તેમને એક દીકરો હરિત અને એક દીકરી હિરલ એમ બે સંતાનો છે, બંને સંતાનો પરણેલાં છે અને જીવનમાં સારી રીતે ગોઠવાઈ ગયાં છે. વચ્ચેના ફ્લૅટમાં અમે રહીએ છીએ અને ઉપરના બીજા માળે નાના દિયર શ્રી પ્રફુલ્લભાઈ રહે છે. તેમનાં પત્ની



કિશોરકાળે નિયતિ-ધૈવત રક્ષાબંધન નિમિત્તે



ભત્રીજો ધૈવત અને તેમનાં પત્ની જયના

જ્યોતિબહેન સમતા અને મમતાવાળાં છે. તેમને એક દીકરો છે જેનું નામ ધૈવત છે. પ્રફુલ્લભાઈ અને અમે ઘણાં વર્ષો સાથે રહ્યાં, કારણ કે ઉપરના માળે ત્યારે ભાડૂઆત રહેતા હતા. જ્યારે તે ખાલી થયો ત્યારે તેઓ સહકુટુંબ ઉપર રહેવા ગયા. ધૈવતનો જન્મ થયો ત્યારે અમે સાથે રહેતાં હતાં. ત્યારનો એક પ્રસંગ યાદ આવે છે. પુત્ર- જન્મના સમાચાર વ્યંઢળોને ક્યાંકથી મળ્યા એટલે અમારે ઘેર આવ્યા અને ધૈવતને હાથમાં લઈ ઝુલાવવા માંડ્યા. નિયતિ તે વખતે દસ વર્ષની હતી. તે તો આ જોઈ ગભરાઈ ગઈ અને રડતાં રડતાં બોલી કે આ દીકરો તો મોંઘો અને વ્હાલસોયો છે. તેને ઉછાળીને રમાડો નહીં. તેની કિંમત રૂ. ૫,૦૦૦ છે. આ શબ્દો સાંભળી આપણને હસવું આવી જાય છે, પણ નિયતિ જાણતી હતી કે જ્યોતિબહેનને ધૈવતના જન્મ- સમયે સિઝેરિયન કરવું પડેલું જેનો ખર્ચ તે સમયે રૂ. ૫,૦૦૦ થયેલો. વ્યંઢળોને જ્યોતિબહેને પૈસા આપી પાછા વાળ્યા. આ ધૈવત આજે તો અમેરિકામાં છે. ૧૯૯૮માં એલ. ડી. એન્જિનીઅરિંગ કૉલેજમાં બી.ઈ. (મિકૅનિકલ) પાસ કરી વધુ અભ્યાસાર્થે અમેરિકા યુનિવર્સિટી ઑફ ટૅક્સાસ ઓસ્ટીનમાં ગયો અને ત્યાં એમ.એસ. (સીસ્ટમ એન્જિનીઅરિંગ) કરી હાલ વૉશિંગ્ટન ડી.સી.માં કંસલટન્ટ તરીકે નોકરી,કરે છે. ત્યાંની નાગરિક અને ગુજરાતી છોકરી જયના સાથે રજિસ્ટર્ડ લગ્ન કરી તે ડિસેમ્બર ૨૦૦૩માં પત્ની જયના સાથે ભારત આવ્યો. અમે તેનાં લગ્ન નિમિત્તે નાનકડું ફંક્શન એટલે કે ગેટ ટુ - ગૅધર જેવું રાખેલું. તેઓ થોડા દિવસ રહી અને અમેરિકા પાછા ફર્યાં. તેની પત્ની જયના બી.એસ. યુનિવર્સિટી ઑફ ટૅક્સાસ ડલાસમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગનો કોર્સ કરી હાલ જ્યોર્જ મૅન્શન યુનિવર્સિટી વર્જિનિયામાં પીએચ.ડી. કરે છે. એ બંને જણા સરસ ગોઠવાઈ ગયાં છે. નિયતિ તથા ધૈવત કાકાના દીકરો-દીકરી નથી; પણ જાણે સગાં ભાઈબહેન જેવાં છે. એમનો આ વ્યવહાર મને ઘણી આશ્વસ્ત કર છે અને આનંદિત કરે છે. તેઓ અહીં જે આનંદોત્સવ માણતાં તે હું તો હજુ વિસરી નથી, પણ તેઓય ત્યાં અમેરિકામાં રક્ષાબંધનને દિવસે પૂર્વવત્ આનંદોત્સવ કરે છે, તે જાણીને મારો સંતોષ દ્વિગુણિત થાય છે. બંને પરદેશમાં એકબીજાંની ખબર રાખે છે. નિયતિની દીકરી વિરાજ તો તેને ધૈવતમામુ કહે છે અને ધૈવત મને કાકી નથી કહેતો, કારણ તે સાત વર્ષનો થયો ત્યાં સુધી અમે સાથે રહેતાં તેથી તે મને લાડમાં 'બા' કહે છે અને સામાન્ય રીતે વધુ લાડ કરીને બા ને બદલે 'બાકુ' કહે છે. ખૂબ પ્રેમાળ, બુદ્ધિશાળી, મહેનતુ અને નિષ્ઠાવાન છે. તે જ્યારે ટૅક્સાસમાં ભણતો હતો ત્યારે વૅકેશનમાં વૉશિંગ્ટન ગયેલો અને હાલ જ્યાં નોકરી કરે છે ત્યાં નોકરી શરૂ કરેલી. તેની નિષ્ઠા જોઈ તેના બૉસે તેને કહી દીધું કે પરીક્ષા પાસ કરી પાછો વૉશિંગ્ટન આવીને આ નોકરી ચાલુ રાખજે. એ પ્રમાણે ધૈવત એ જ નોકરીમાં જોડાયેલો છે.

અમે ત્રણેય ભાઈઓ એક જ મકાનમાં ઉપરનીચે રહીએ છીએ તેનો મોટો લાભ છે. બંને દિયરો પ્રફુલ્લભાઈ તથા મહેન્દ્રભાઈનું કુટુંબ મારી અવારનવાર આવતી માંદગીમાં ખડેપગે ઊભું રહે છે. આથી વધારે સંતોષ શો હોઈ શકે ?

(ક્રમશઃ)

કવિઓ અને પ્રકાશકોને

વિજ્ઞપ્તિ

પ્રતિવર્ષ પ્રગટ થતા કાવ્યસંગ્રહોની સંપૂર્ણ સૂચિ કાવ્યરસિકોને, અભ્યાસીઓને ઉપલબ્ધ થાય એ ઉદ્દેશથી એની ઉચિત નોંધ લેવાવાની સાથે વાર્ષિક સમીક્ષા અને ઉત્તમ છ સંગ્રહોનાં અવલોકનો કાવ્યસમીક્ષકો પાસે કરાવી પ્રગટ કરવાની યોજના કવિલોક ટ્રસ્ટે સન ૨૦૦૪થી અમલમાં મૂકવાનું નક્કી કર્યું છે. આ માટે સર્વ કવિઓ અને પ્રકાશકોને સન ૨૦૦૪માં પ્રગટ થયેલ કાવ્યસંગ્રહની એક નકલ કવિલોક ટ્રસ્ટ (**C/o.** કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧) પર મોકલી આપવાનો અનુરોધ છે. પ્રાપ્ત થયેલ કાવ્યસંગ્રહની સંક્ષિપ્ત માહિતી 'કવિલોક'માં 'સાભાર સ્વીકાર' અંતર્ગત પ્રગટ કરવામાં આવશે.

ટ્રસ્ટીઓ

કવિલોક ટ્રસ્ટ

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રૉબર્ટ બ્રાઉનિંગ (ચાલુ)

બ્રાઉનિંગે પોતાની આરંભની કારકિર્દીમાં નાટક પર કલમ અજમાવી. કેટલાંક નાટકો લખ્યાં, ભજવાયાં પણ ખરાં. 'સ્ટ્રૅફર્ડ' - ઈ. ૧૮૩૭ (Strafford) જેવામાં તેને થોડીક સફળતા ય મળી. પણ એ પછી એને સમજાઈ ગયું કે નાટકો રચવા કરતાં નાટ્યાત્મક દશ્યો, નાટ્યાત્મક કાવ્યો અને



એકોક્તિઓ રચવા માટે તેની શક્તિ વિશેષ છે. અને એ દિશામાં તેને અણધારી સફળતા મળી. એણે ડ્રામેટિક લિરિક્સ, ડ્રામેટિક રોમાન્સિઝ, મૅન ઍન્ડ વુમન, ડ્રામેટિક પર્સન વગેરે છૂટક રીતે ય લખ્યાં અને 'ધ રિંગ ઍન્ડ ધ બુક' જેવા પ્રયોગમાં નાટ્યાત્મક દશ્યો, એકોક્તિઓ વગેરેને એક મુખ્ય કથાનકમાં ગૂંથી લેવાનો પ્રયોગ પણ તેણે કર્યો અને એમાં તેની પ્રખર પ્રતિભા પ્રકાશી ઊઠી. એનાં સર્વ પ્રકાશનોમાં એક બાબત બરાબર સ્પષ્ટ થાય છે કે આ પ્રકારના નાટ્યાત્મક દશ્યો-કથાનકો માટે તેને અનુકૂળ સ્રોત મળી રહ્યા છે. એણે પોતે પોતાના આવા વિલક્ષણ પ્રયોગો વિશે વાત કરતાં નોંધ્યું છે કે આત્માનો વિકાસ(development of the soul) સ્પષ્ટ થાય તેવી નાટ્યાત્મક ઘટનાઓ તેણે અભ્યાસ અથવા નિરીક્ષણ માટે પસંદ કરી છે. આત્મને લગતી બાબતો સિવાય તેની દૃષ્ટિએ બીજી કોઈ બાબત પર ગંભીરતાથી એકાગ્ર થવા જેવું નથી.

બ્રાઉનિંગને સહુથી વિશેષ અનુકૂળ સાહિત્યસ્વરૂપ મળી રહ્યું તે એકોક્તિનું. કહી શકાય કે એ એકોક્તિ સ્વરૂપમાં જ બીજાં સાહિત્યસ્વરૂપો સમાઈ જાય છે અને એની સર્જક પ્રતિભાની વિશેષતા અગર વિલક્ષણતા અને કળાની નવીનતા એમાં જ રહી છે.

બ્રાઉનિંગનું મુખ્ય પ્રયોજન ચેતનના પ્રદેશમાં (realm of consciousness) પ્રકાશ નાખવાનું છે. બ્રાઉનિંગ એક માનસશાસ્ત્રીની હેસિયતથી આ પડકાર ઝીલે છે. એમ કરવામાં તે કલ્પનાને ય છૂટો દોર આપે છે અને સ્થળસમયની આરપાર તેની કલ્પના વિહરે છે. એ ક્યારેક કોઈ ઐતિહાસિક વ્યક્તિને પોતાના પ્રયોજન માટે પસંદ કરે છે. એની પ્રતિભાને જે વસ્તુ કે વ્યક્તિ આકર્ષે તેને જ તે પોતાના પ્રયોજન માટે માનસશાસ્ત્રીય છણાવટ માટે, તેની આંતરચેતનાના નિરીક્ષણ માટે પસંદ કરે છે. વળી, પાત્રોનાં ચિત્તની સંકુલતાની તપાસમાં તેનો ઊંડો રસ છે. અલબત્ત, આ પ્રયોજનમાં એક મર્યાદા પણ નડે અને તે એ કે કોઈના પણ ચિત્તની ઊંડી અને સ્પષ્ટ તપાસ ભાગ્યે જ થઈ શકે. તેમ છતાં તેની મહત્ત્વાકાંક્ષા ઊંચી છે. આત્માના, ચેતનાના સમગ્ર પ્રદેશમાં ઊંડે સુધી પ્રવેશીને તે સંશોધન કરવાનું તાકે છે. એ માટે અમુક વિશિષ્ટ કે સામાન્ય - ઐતિહાસિક કે કલારસિક કે ધાર્મિક કોઈ પણ પાત્રની એકોક્તિ તે રજૂ કરે છે. એટલે કે પાત્રની એ સ્વગતોક્તિ (soliloquy) નથી. આપણને એ પાત્રનું આત્મગત (self-disclosure) એક માનસપૃથક્કરણકારના સહયોગમાં સાંપડે છે. પાત્રનું આ આત્મગત અથવા કહીએ કે એની કબૂલાતમાં (confession) એની ચેતનાના વિવિધ અંશો પ્રકાશિત થાય છે.

બ્રાઉનિંગે પોતાના પ્રયોજન માટે પસંદ કરેલાં પાત્રો ભલે એમનાં હૃદયસ્પર્શી આત્મગતથી અસરકારક બનતાં લાગે પણ એ પાત્રો નાટ્યાત્મક જ હોય એવી કોઈ અનિવાર્યતા નથી. એનાં એ પાત્રો ખરેખર વાસ્તવિક જ હોય એ પણ જરૂરી નથી અને એવું બ્રાઉનિંગ ઈચ્છતો પણ નથી. એનાં પાત્રો વાસ્તવિક જગતનાં પ્રતિબિંબ પાડનારાં બની રેહ એવી ચુસ્ત કામના તેનામાં નથી. પણ એની માનસશાસ્ત્રીય તપાસમાં પણ એનું ચિત્ત નૈતિકતાનો ખયાલ તો રાખતું જ હોય છે. એ જ્યારે પાત્રનો આત્મા દુરાચાર અને અપરાધોથી કલુષિત આલેખે છે ત્યારે પાત્રોના આત્મગતમાં જે શબ્દો પ્રયોજે છે તેમાં તિરસ્કાર સ્પષ્ટ જણાઈ આવે છે. એની વિચારધારા વિધેયાત્મક (positive) છે અને ચુસ્ત ખ્રિસ્તી બન્યા વિના પણ તે સાચા અર્થમાં ખ્રિસ્તીધર્મનું સ્વાગત કરી શકે છે.

બ્રાઉનિંગનાં પાત્રો જે એકોક્તિ રજૂ કરે છે તેમાં ખરેખર તો બ્રાઉનિંગના જ દીધેલા શબ્દો હોય છે, છતાં તેમાંથી ય બૌદ્ધિકોને પ્રસન્ન કરે તેવી એક આનંદની લહર મળી રહે છે. એ બૌદ્ધિકોને જ અપીલ કરે છે અથવા તો ઊંચા પ્રકારના કલ્પનાશીલોને તે આનંદ આપી શકે છે. એનો અમર્યાદ ઉત્સાહ ભાવકોને પાત્રોની લાક્ષણિક્તાઓ પર પ્રકાશ નાખી આનંદ-વિભોર કરે છે. ભાવક પોતાના ચિત્તમાં એ પાત્રોનું પોતની રીતે પુનર્ગઠન કરી શકે છે અને એનાં જ વ્યક્તિચિત્રો છે તે એમની દૃઢતા, વાણી-વલણની તીવ્રતાને કારણે તેમજ એમનામાં સર્જકે પૂરેલા નાજુક રંગોને કારણે ચિત્તને સ્પર્શી જાય છે. વ્યક્તિનાં લક્ષણોને તે પૂરા સામર્થ્યથી રજૂ કરે છે અને તેના વ્યક્તિત્વની સૂક્ષ્મતમ વિગતોથી તે એ વ્યક્તિને સુરેખ બનાવી શકે છે. 'ધ રિન્ગ ઍન્ડ ધ બુક' જેવા પ્રયોગમાં બ્રાઉનિંગની કલાની

પરાકાષ્ઠા પામી શકાય છે. બ્રાઉનિંગના વિવિધ કક્ષાનાં પાત્રો એકદમ સાચાં અને એમનાં આત્મગત પૂરાં સત્યનિષ્ઠ લાગે તે માટે બ્રાઉનિંગ ભાષાને પણ વિવિધ સ્તર પર પ્રયોજે છે. ક્યારેક એની ભાષા સરળ, ક્યારેક સચોટ, હળવી પરિચિત અથવા પારિભાષિક (ટેકનિકલ) હોય છે.

બ્રાઉનિંગની નાટ્યાત્મક એકોક્તિઓ ટેનિસનના 'યૂલિસીસ'માં કે 'ટિથોનસ' (Tithonus)માં આવતી એકોક્તિયો સાવ નિરાળા પ્રકારની છે. એ કોઈ વાતાવરણ કે શોકગ્રસ્ત મનોદશા સૂચવવા માટેની એકોક્તિઓ નથી. બ્રાઉનિંગ તો એની પૂરી તાકાતથી ભાવકના ચિત્તમાં અંકાઈ જાય તેવી વ્યક્તિનું ચિત્ર મળે તે રીતે પોતાની એકોક્તિઓ પ્રયોજે છે. એની એકોક્તિઓમાં ઘણી વાર માત્ર સૂચનો જ હોય છે. અલબત્ત, એ પાત્રના ઉદ્ગારો રહસ્યમય હોય એવું નહિ પણ મુખ્ય ઘટના વિશે ભાવક અવઢળમાં જ રહે. 'My Last Duchess'ની વાત કરીએ. 'ડ્રામેટિક લિરિક્સ'માં એ કૃતિ છે. એમાં ડ્યૂક ફેરારા (Ferara) કોઈ બીજા રાજ્યના દૂત સાથે વાત કરતો હોય એ પ્રકારની એકોક્તિ છે. ફેરારા એકદમ અહંતાવાદી, પત્નીને પરાધીન, ઉપભોગ્ય વસ્તુ માનનારો અને રૂઢિચુસ્ત છે. એની પત્નીનું વ્યક્તિસ્વાતંત્ર્ય તેને જરા પણ મંજૂર નથી. એ બીજાની સાથે હસે, મળે, ભળે તેની સામે તેનો સખત વિરોધ છે. એને પોતાના કળાપ્રેમનો ય ફાંકો છે. પત્નીનું સ્વાતંત્ર્ય તે સહી નથી શકતો. બીજા રાજ્યનો દૂત એના માટે કન્યાનું માગું લઈને આવ્યો છે. બ્રાઉનિંગ એ ફેરારાના મુખમાં જે ઉદ્ગાર મૂકે છે તે ઉદ્ગારો ડ્યૂકના વ્યક્તિત્વ પર પ્રકાશ ફેંકે છે. પણ એ ઉદ્ગારો સ્પષ્ટ હોવા છતાં મુખ્ય ઘટના પર પ્રકાશ પાડવો એને બ્રાઉનિંગ અનિવાર્ય ગણતો નથી, બલકે એને એવી તમા જ હોતી નથી. અહીં વાચકને સર્જકે રાજદૂતની ભૂમિકામાં ઢાળ્યો છે. ડ્યૂક પોતાની કેફિયત - પોતાનું અહંતાભર્યું આત્મગત વર્ણવે છે અને પોતાની પત્ની 'ધ લાસ્ટ ડચેસ' વિશે પોતાની ટીકા દર્શાવે છે. અને એનું બધા સાથે હસવું-મળવું તેનો પોતાના ચિત્તમાં ઉદ્ભવેલો આક્રોશ અને પોતે તેને કેવી રીતે દૂર કરવા હુકમ આપ્યો તે સમજાવે છે. બ્રાઉનિંગની એકોક્તિ રજૂ કરવા માટેની લાક્ષણિક ભાષાનો પણ એ પંક્તિઓમાં પરચો મળે છે :

She thanked men - good ! but thanked
Somehow - I know not how - as if she ranked
My gift of a nine - hundred years old name
With anybody's gift. Who'd stoop to blame
This sort If trifling ?

*

And I choose
Never to stoop. Oh Sir, she smiled no doubt
Whenever I passed her, but who passed without
Much the same smile ? This grew; I gave commands;
Then all smiles stopped together.

બ્રાઉનિંગનો શિલ્પસ્થાપત્ય અને સંગીતમાં જીવંત રસ હતો અને એ રસમાંથી જ કેટલાંક ધ્યાનપાત્ર ડ્રામેટિક મૉનૉલૉગ્ઝ પ્રાપ્ત થયાં છે. 'પિક્ટર ઇગ્નોટસ' (Pictor Ignotus), 'ફ્રા લિપ્પો લિપ્પી' (Fra Lippo Lippy)અને 'ઍન્ડ્રિયા ડેલ સાર્તો' (Andra Del Sarto) એ બધાં જ એકપાત્રીય ઉદ્ગારો ચિત્રકારોને લગતા છે.

બ્રાઉનિંગને કેટકેટલાં ઉત્તમ ડ્રામેટિક મૉનૉલૉગ્ઝ માટેની પ્રેરણા ઇટલીએ પૂરી પાડી હતી ! એનું ઉત્તમ સર્જન ઇટલીમાં એના વસવાટને કારણે થયું છે. એના મૉનૉલૉગ્ઝમાં ઇંગ્લન્ડ કરતાં ય ઇટલી પ્રત્યેનો એનો અનુરાગ વિશેષ વરતાય છે. મૉનૉલૉગ્ઝ માટેનાં કેટલાંક પાત્રો પણ તેને ઇટલીની ભૂમિમાંથી સૂઝ્યાં હતાં. બ્રાઉનિંગે - એનાં લગ્ન પછી પત્ની સાથે ઇટલીમાં વસવાટ કર્યો હતો. એણે ઇટલીને દત્તક લીધું હતું ! એ અન્ય કોઈ મુલાકાતી તરીકે ઇટલીને નિરખતો નહોતો. એની વિખ્યાત કૃતિ 'ધ રિંગ ઍન્ડ ધ બુક' માટેની સામગ્રી પણ તેને ઇટલીમાં એક બુકસ્ટૉલ પરથી મળી હતી. એનો એક મૉનૉલૉગ્ઝ ફ્રા લિપ્પો લિપ્પી - એમાં ઇટલીના જ એક ચિત્રકારની કેફિયત અથવા તો એનું આત્મનિવેદન છે. (ક્રમશઃ)

તા. ૨૭-૬-૨૦૦૪ થી તા. ૨-૮-૨૦૦૪ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન


૧. ડૉ. પરેશ દવે (મુંબઈ)	રૂ. ૧,૦૦,૦૨૫.૦૦
૨. ભગવતી રિલીફ ટ્રસ્ટ (અમદાવાદ)	રૂ. ૫૦,૦૦૦.૦૦
૩. ડૉ. સુશ્રુતભાઈ એમ. પટેલ (અમદાવાદ)	રૂ. ૫,૦૦૧.૦૦
૪. ડૉ. વી. આર. પટેલ (યુ.એસ.એ.)	રૂ. ૫,૦૦૦.૦૦
૫. શ્રી દેવચંદ જી. શાહ (મુંબઈ)	રૂ. ૨,૦૦૦.૦૦
૬. શ્રી દિલીપ એચ. તલસાણિયા (મુંબઈ)	રૂ. ૧,૦૦૦.૦૦
૭. શ્રી મણિભાઈ આર. ઠક્કર (મુંબઈ)	રૂ. ૧,૦૦૦.૦૦
૮. શ્રી મધુસૂદન એચ. ભટ્ટ (રાજકોટ)	રૂ. ૫૦૧.૦૦
૯. અનુભૂતિ ટ્રસ્ટ (ભાવનગર)	રૂ. ૫૦૦.૦૦
	રૂ. ૧,૬૫,૦૨૭.૦૦

સહુ દાતાઓના આભારી છીએ.

ટ્રસ્ટીઓ : કુમાર ટ્રસ્ટ

ચેસ-કૉર્નર : કોયડો- ૪૨

કાળું



કોયડાના રચયિતા F. GIEGOLD

સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ke5, Qc8, Na6, Bc7, Bf3**

કાળાં : **Kb5, Pa7, f4**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ અપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail -parag@vakharia.net**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑક્ટોબર ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જૂન ૨૦૦૪ના અંકમાં આવેલ ૪૦મા કોયડાનો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Q x N +**	**B x Q** (ફરજિયાત વજીરનું બલિદાન)
(૨) **N x P #**	

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૦ વાચકો તરફથી મળેલો છે. બધાંનો ઉકેલ ખરો છે. ઉકેલ મોકલનારના નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૩) ડૉ. દિલીપ અહલપરા, (૪) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૫) એક વાચક, (૬) અજિત યાજ્ઞિક (મુંબઈ), (૭) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૮) કિરણભાઈ શાહ, (૯) દિનેશ દવે (આણંદ) અને (૧૦) કુંજ બિહારી ઝવેરી (નવસારી)

વાચકોને કોયડો ઘણો સહેલો લાગેલો છે. એક વાચકે તો જણાવ્યું છે કે તેને ઉકેલ પાંચ જ મિનિટમાં મળી ગયો હતો. મુંબઈના એક વાચક લાંબો પ્રતિભાવ આપતા જણાવે છે કે આ કોયડાને 'કોયડો' કહી શકાય નહિ. **d7** ઉપર બેઠેલા બિચારા ઊંટને **c6** તથા **e6** એમ બંનેને ખાનાનું રક્ષણ કરવાનું છે. આવી પરિસ્થિતિમાં વજીરનું બલિદાન આપવાથી ઊંટને બિચારાને **e6**નું ખાનું રેઢું મૂકવું પડે છે અને **d8** ઉપરનો ઘોડો તેનો લાભ ઊઠાવીને **c6** ઉપરના પ્યાદાને મારીને રાજાને મહાત કરી નાખે છે. કેટલાંક વાચકોએ વજીરને **a6** ઉપર મૂકવા પ્રયત્ન કર્યો હશે. 'ઉકેલ' કરતાં આ 'પ્રયત્ન' વધારે રસપ્રદ છે. તેનાથી **Qb5** અને **Nb7**ની ધમકી ઉદ્‌ભવે છે પણ ઘણી સંરક્ષણ ચાલોથી આ ધમકીનો સામનો કરી તેને દૂર કરી શકાય તેમ છે. સફેદ રાજા અને કિલ્લો જે સ્થિતિમાં બેઠેલા છે તે જોતા વાચકોને થાય કે ઉકેલમાં **CASTLING**ની ચાલનો ઉપયોગ થતો હશે. કેટલાંક વાચકોએ **Pb4** ચાલનો પણ વિચાર કર્યો હોય પણ **P x b3** તેનો જવાબ હોવાથી તે ઉકેલ રહેતો નથી.

કેટલાંક વાચકોએ **endgame** વિશે માહિતી આપશો એવાં સૂચનો મોકલ્યાં છે. એન્ડગેમ એ ચેસની રમતનો એવો ભાગ છે કે જેનાથી બધા જ ગભરાય છે. શીખાઉ તેમજ ગ્રાન્ડમાસ્ટર્સ પણ તેનાથી ગભરાય છે. એન્ડગેમ એ ખૂબ મહત્ત્વનો ભાગ છે. તેમાં આપણી છેલ્લી તક હોય છે. હારેલી પરિસ્થિતિને સાચવવાનો અથવા સારી પરિસ્થિતિને જીતમાં ફેરવવાનો. ચેસની રમતના ત્રણ તબક્કા છે : (૧) ઓપનિંગ, (૨) મિડલગેમ અને (૩) એન્ડગેમ. એવું કહેવાય છે કે સારા પ્લેયર થવા માટે ઓપનિંગ બુક્સમાં આપ્યા અનુસાર અભ્યાસ કરી રમવી, મિડલગેમમાં પોતાની આવડતનો ઉપયોગ કરવો. પરંતુ એન્ડગેમને કમ્પ્યૂટરની જેમ ચોક્કસ ગણતરી કરીને રમવી જોઈએ.

એન્ડગેમ અંગેના થોડા પ્રાથમિક પૉઇન્ટસ મારી દૃષ્ટિએ આ પ્રમાણે છે : (૧) જ્યારે માત્ર પોન અને કિંગ જ હોય ત્યારે કિંગને બને તેટલો ઍક્ટિવ રાખવો. (૨) જ્યારે આપણી પાસે કોઈ મટિરિઅલ વધુ હોય ત્યારે રમતને સિમ્પ્લિફાઇ કરવી જોઈએ. (૩) એન્ડગેમમાં બને ત્યાં સુધી એક જ ફાઇલમાં ડબલ પોન ના થાય તેનું ધ્યાન રાખવું. જો ડબલ પોન હોય અને સીધા કરવાની તક મળતી હોય તો તે લઈ લેવી. (૪) ઍન્ડગેમમાં છૂટાછવાયાં (આઇસોલેટેડ) પોન કરતાં એકસાથે (પોનચેઇન) હોય તેવા પોન વધારે મજબૂત સ્થિતિ ધરાવતા હોય છે. જેટલા પોન નબળા હોય તેટલાં જ પીસીસ ઓછા ઍક્ટિવ બને છે. (૫) મોટે ભાગે રમતમાં કિંગ સાથે જો રુક પોન અથવા બિશપ પોન એકલા જ હોય તો તેવી ગેમ ડ્રૉ જવાની શક્યતા હોય છે. (૬) સૌથી મહત્ત્વનું છે વધુ લાંબું વિચારવું.

આવનાર દિવસોમાં એન્ડગેમ વિશે સચિત્ર વધુ માહિતી આપવાનો વિચાર છે.

- અર્પી શાહ

મધ

તમારા ભાવતા ખોરાકમાં ખાંડ કે બીજું કંઈ ગળ્યું નાખવાને બદલે એક ચમચી મધ નાખો તો તમારી કુદરતી રક્ષણ-પદ્ધતિમાં સુધારો થાય છે.

દરરોજ એક-બે ચમચી મધ ખાવાથી તમને ગળ્યું ખાવાનો સંતોષ તો મળે છે ઉપરાંત શરીરમાં ઍન્ટિઑક્સિડન્ટનું પ્રમાણ પણ વધારે છે. મધમાં શક્તિશાળી પોલીફિનોલ હોય છે, જે શક્તિશાળી ઍન્ટિઑક્સિડન્ટ છે અને તેનામાં હૃદયનાં જોખમો ઓછાં કરવાની અને કેન્સર સામે લડવાની ક્ષમતા હોય છે. એક અભ્યાસમાં ૨૫ વ્યક્તિઓને ચાર ચમચી મધ ૨૯ દિવસ સુધી આપવામાં આવ્યું હતું. તેમના દરરોજના આહાર ઉપરાંત શરૂઆત અને અંતે લેવાયેલાં રક્ત પરિક્ષણોએ ચોખ્ખી રીતે દર્શાવ્યું હતું કે, મધ લેનારાંઓમાં પોલીફિનોલનું તત્ત્વ સારું એવું વધ્યું હતું. યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયાના સંશોધકો હાઇટ્રન ગ્રોસ કહે છે. આ પોલીફિનોલ એન્ટીઓક્સિડન્ટ શરીરના ગંભીર રોગો સામે રક્ષણ આપે છે. તે મુક્તકણો 'ફ્રી રેડિકલસ'નો નાશ કરે છે. મધ જેટલું કાળું એટલું વધારે સારું.

ઑલિમ્પિક ક્વિઝ

ડૉ. પી. ડી. શર્મા

૧. ઑલિમ્પિક ધ્વજ પરની પાંચ રિંગ શું સૂચવે છે ? પ્રથમ વાર ઑલિમ્પિક ધ્વજનો ઉપયોગ ક્યાં કરવામાં આવ્યો ?
(અ) પાંચ સમુદ્ર, ૧૯૨૦માં ઍન્ટવર્પ મુકામે.
(બ) પાંચ મોટી નદી, ૧૯૨૮માં ઍમ્સ્ટર્ડૅમ મુકામે.
(ક) પાંચ કૉન્ટિનન્ટ્સ, ૧૯૨૦માં ઍન્ટવર્પ મુકામે.
(ડ) પાંચ પહાડ, ૧૯૩૬માં બર્લિન મુકામે.

૨. ભારતમાં ઑલિમ્પિક મુવમેન્ટના જન્મદાતા કોણ ?
(અ) સર દોરબજી તાતા (બ) પં. જવાહરલાલ નેહરુ
(ક) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (ડ) પ્રો. જી. ડી. સોંધી

૩. એવો કયો એકમાત્ર યજમાન દેશ છે કે જેઓએ ઑલિમ્પિક રમતોત્સવ તો યોજ્યો પરંતુ એક પણ સુવર્ણચંદ્રક મેળવી શક્યો નહિ ?
(અ) ઈંગ્લન્ડ, લંડન ઑલિમ્પિક (૧૯૪૮)
(બ) ઇટલી, રોમ ઑલિમ્પિક (૧૯૬૦)
(ક) જપાન, ટોક્યો ઑલિમ્પિક (૧૯૬૪)
(ડ) કૅનેડા, મોન્ટ્રિયલ ઑલિમ્પિક (૧૯૭૬)

૪. કયા દેશે બધા ગ્રીષ્મ(summer) તેમજ શરદ (winter) ઑલિમ્પિક રમતોત્સવમાં ભાગ લીધો ?
(અ) ઈંગ્લન્ડ (બ) યુ. એસ. એ. (ક) રશિયા (ડ) જપાન

૫. ઑલિમ્પિક જ્યોત સૂર્યકિરણોથી પ્રજ્વલિત કરી રીલે પદ્ધતિથી લઈ જવા માટેનું પ્રથમ સૂચન કોણે કર્યું હતું ?
(અ) બૅરન ડી. કુબર્ટિન (બ) એન્ટોનિયો સમારાંચ
(ક) ડૉ. રોજર બેનિસ્ટર (ડ) ડૉ. થીઓડેર લેવાલ્ડ

૬. પ્રથમ આધુનિક ઑલિમ્પિક રમતોત્સવ કોણે ખુલ્લો મૂક્યો હતો ?
(અ) ફ્રાન્સના બૅરન ડી. કુબર્ટિને
(બ) ઈંગ્લન્ડના ડૉ. રોજર બેનિસ્ટરે
(ક) ગ્રીસના રાજા જ્યોર્જ પ્રથમે
(ડ) રોમન શહેનશાહ થિયોડોસિયસે

૭. આધુનિક ઑલિમ્પિક રમતોત્સવનું સંચાલન કરનાર ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટીનું હેડક્વાર્ટર ક્યાં છે ?
(અ) પૅરિસ, ફ્રાન્સ (બ) બર્લિન, જર્મની
(ક) મૉસ્કો, રશિયા (ડ) લાઉસન્ના, સ્વિટ્ઝર્લૅન્ડ

૮. ઑલિમ્પિક મોટો (Motto), સાઇટિયસ (Citius) આલ્ટિયસ (Altius), ફોરટિયસ (Fortius) આપનાર કોણ હતો ? આનો અર્થ શું ?
(અ) ફાયર ડિડોમ : શાંતિ, પ્રભુતા અને પ્રગતિ
(બ) ફાધર ડિડો : વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી
(ક) બૅરન જી. કુબર્ટિન : વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી
(ડ) રૉબર્ટ જૉન્સન : તંદુરસ્ત, ધનવાન અને સમૃદ્ધ

૯. ઑલિમ્પિકમાં સોગંદવિધિની પ્રથા પ્રથમ વાર ક્યાં શરૂ થઈ હતી ?
(અ) ૧૯૦૮, લંડન ઑલિમ્પિક
(બ) ૧૯૧૨, સ્ટોકહોમ ઑલિમ્પિક
(ક) ૧૯૨૦, ઍન્ટવર્પ ઑલિમ્પિક
(ડ) ૧૯૨૪, પૅરિસ ઑલિમ્પિક

૧૦. ઑલિમ્પિક આતશ જ્યોત પ્રજ્વલિત કરવાની પ્રથા પ્રથમ વાર ક્યાં શરૂ થઈ હતી ?
(અ) ૧૯૨૮, ઍમ્સ્ટર્ડૅમ ઑલિમ્પિક્સમાં
(બ) ૧૯૩૬, બર્લિન ઑલિમ્પિક્સમાં
(ક) ૧૯૪૮, લંડન ઑલિમ્પિક્સમાં
(ડ) ૧૯૫૨, હેલસિંકી ઑલિમ્પિક્સમાં

૧૧. એવા ઑલિમ્પિક મેડલ વિજેતાનું નામ આપો જેઓએ બાદમાં નોબેલ પ્રાઇઝ મેળવ્યું હોય ?
(અ) ફિલિપ નૉઇલ બેકર (બ) ડૉ. રૉજર બૅનિસ્ટર
(ક) તેરજે પેડરશન (ડ) બૉબ મેથિયાસ

૧૨. એવો ક્યો ભારતીય ખેલાડી છે જેણે ઑલિમ્પિક્સમાં રેકૉર્ડ તો તોડ્યો પણ કોઈ ચંદ્રક મેળવી શક્યો નહિ ?
(અ) મિલ્ખાસિંઘ (બ) અજમેરસિંઘ
(ક) પ્રવીણકુમાર (ડ) મહાવીરસિંઘ

૧૩. ઑલિમ્પિક્સમાં કુસ્તીમાં ભારતને કાંસ્યચંદ્રક અપાવનાર કયો ખેલાડી છે ?
(અ) સતપાલ (બ) કરતારસિંઘ
(ક) ખાશાબા જાધવ (ડ) મહાવીરસિંઘ

૧૪. ઑલિમ્પિક્સમાં ટેનિસમાં ભારતને કાંસ્યચંદ્રક અપાવનાર કયો ખેલાડી છે ?
(અ) મહેશ ભૂપતિ (બ) રામનાથન ક્રિશ્નન
(ક) જયદીપ મુખરજી (ડ) લિયેન્ડર પેસ

૧૫. ફૂટબૉલની ઑલિમ્પિક સ્પર્ધામાં હૅટ-ટ્રિક કરનાર એકમાત્ર ભારતીય ફૂટબોલરનું નામ આપો.
(અ) નેવિલ્લે ડી'સોઝા (બ) પી.કે. બૅનરજી
(ક) સઈબન મન્ના (ડ) સુબ્રતો મુખરજી

૧૬. કયા રાજકીય નેતા મહાન ઑલિમ્પિક હૉકી ખેલાડી ધ્યાનચંદની હૉકી ખરીદવા ઇચ્છતા હતા ?
(અ) ચર્ચિલ (બ) હિટલર (ક) રૂઝવેલ્ટ (ડ) મુસોલિની

૧૭. ૧૯૩૨ની ઑલિમ્પિક હૉકી ટીમ માટે ફંડ એકઠું કરવા

અપીલ કરવાની જ્યારે વિનંતી કરવામાં આવી ત્યારે કોણે પૂછ્યું : 'What is Hockey ?'

(અ) મહાત્મા ગાંધી (બ) જવાહરલાલ નેહરુ

(ક) સરદાર વલ્લભભાઈ પટેલ (ડ) એસ. રાધાકૃષ્ણન્

૧૮. બંને પગ અને જમણા હાથે અગાઉ લકવો થયેલ હોય તેવો ખેલાડી ૧૯૫૨ની ઑલિમ્પિકમાં ઊંચી કૂદમાં ચૅમ્પિયન થયો હતો. આ ખેલાડી કોણ ?

(અ) કેલ્વિન સ્મિથ (બ) જોહ્ન વૉકર

(ક) વૉલ્ટ ડેનિસ (ડ) જ્યોર્જ પેટ્રન

૧૯. ૫,૦૦૦મીટર, ૧૦,૦૦૦ મીટર અને મેરેથોનની સ્પર્ધામાં એક જ ઑલિમ્પિક્સમાં ત્રણે સુવર્ણચંદ્રક જીતવાની અપૂર્વ સિદ્ધિ મેળવનાર પુરુષ ખેલાડી કોણ હતા ?

(અ) પાવો નૂમો (બ) એમિલ ઝેટોપેક

(ક) લાસે વીરેન (ડ) અબેબે બિકિલા

૨૦. લકલો, ડબલ ન્યૂમોનિયા અને સ્કારલેટ ફીવરની બીમારી છતાં પણ મેં ઑલિમ્પિક સ્પર્ધામાં ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા હતા. મને ઓળખી શકશો ?

(અ) વૉલ્ટર ડેવિસ (બ) વિલ્મા રૂડૉલ્ફ

(ક) પીટર સ્નેલ (ડ) જીમ થોર્પે

(સાચા ઉત્તરો માટે જુઓ આ અંકમાં જ અન્યત્ર)

સાચા ઉત્તરો

૧. (અ) પાંચ કૉન્ટિનન્ટ્સ, ૧૯૨૦માં અૅન્ટવર્પ મુકામે.
૨. (અ) સર દોરબજી તાતા.
૩. (ડ) કૅનેડા, મોન્ટ્રિયલ ઑલિ[illegible] (૧૯૭૬)
૪. (અ) ઈંગ્લૅન્ડ
૫. (ડ) ડૉ. [illegible]ઓડેર લેવાલ્ડ
૬. (ક) ગ્રીસ[illegible] જ્યોર્જ પ્રથમ
૭. (ડ) લાઉસાન્ના, સ્વિટ્ઝર્લૅન્ડ
૮. (બ) [illegible] : વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી
૯. (ક) ૧૯૨૦, એન્ટવર્પ ઑલિમ્પિક
૧૦. (બ) ૧૯૩૬, બર્લિન ઑલિમ્પિક્સમાં
૧૧. (અ) ફિલિપ નોઈલ બૅકર
૧૨. (અ) મિલ્ખાસિંઘ
૧૩. (ક) ખાશાબા જાધવ
૧૪. (ડ) લિયેન્ડર પેસ
૧૫. (અ) નેવિલ્લે ડી'સોઝા
૧૬. (બ) હિટલર
૧૭. (અ) મહાત્મા ગાંધી
૧૮. (ક) વૉલ્ટ ડૅવિસ
૧૯. (બ) એમિલ ઝેટોપેક
૨૦. (બ) વિલ્મા રૂડોલ્ફ

પ્રસંગકથા

નોબેલ પારિતોષિકનાં નાણાં

કરસનદાસ લુહાર

ઈ.સ. ૧૯૧૧ની અગિયારમી ડિસેમ્બરે કૅરોમાં જન્મેલા સાહિત્યકાર નઝીબ મહફૂઝ ઇજિપ્તના બાલઝાક ગણાય છે. ૧૯૬૧માં પ્રકટ થયેલી તેમની નવલકથા 'અલ્લીસુબલ કિલાપ' - ('ચોર અને કૂતરાં') તત્કાલીન નાસર સરકારે જપ્ત કરેલી, કારણ કે તેમાં નાસર-શાસનની ભરપૂર નિંદા કરવામાં આવેલી. એ ઉપરાંત 'અબસૂલ અખદાર' ('ભાગ્યની વિડંબના'), 'અલબિહતામ બન્નિહામ' ('આરંભ અને અંત') વગેરે તેમની નવલકથાઓ છે, જે ઇજિપ્તમાં ખૂબ જ લોકપ્રિય થઈ હતી. અન્ય ભાષાઓમાં પણ એ અનુવાદિત થઈ છે.

ઈ.સ. ૧૯૮૮માં નઝીબ મહફૂઝ નોબેલ પારિતોષિકથી વિભૂષિત થયા હતા. આ ઘટના ત્યાંની પ્રજાને બહુ જ ગમી હતી, પણ ઇજિપ્ત સરકાર નારાજ થઈ હતી. પ્રજાએ તેમનું સન્માન કરેલું, પણ સરકારે એમાં રસ લીધો ન હતો. નઝીબ 'સરકારી લેખક' ન બની શક્યા એ એમનો દોષ !

નઝીબને જ્યારે નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે એક વિદેશી પત્રકારે કેટલાક પ્રશ્નો પૂછેલા. તે પૈકી બે પ્રશ્નોના જવાબ તેમણે હળવાશથી આપ્યા હશે કે ગંભીરતાથી, એ નક્કી કરવું મુશ્કેલ છે.

પહેલો પ્રશ્ન હતો, 'તમે શા માટે લખો છો ?'

નઝીબે જવાબમાં કહેલું, 'મારે બે પુત્રીઓ છે. બંનેને ઊંચી એડીના બૂટ જોઈએ છે; એ ખરીદવા માટે હું લખું છું.' બીજા પ્રશ્નમાં પુછાયેલું, 'નોબેલ પારિતોષિકનાં નાણાંનો તમે શું ઉપયોગ કરશો ?'

'એ મારે વિચારવાનું નથી. એનો નિર્ણય મારી બીબી કરશે. મારું કામ લખવાનું છે. હજી લખતો રહીશ. નાણાં જે રીતે વાપરવાં હશે એમ ઘરવાળાં વાપરશે.'

નઝીબના આ જવાબે પત્રકારને વધારે અચંબામાં નાખી દીધો હતો.

'તમારા ધોતિયાના છેડે આ ગાંઠ શા માટે બાંધી છે ?'

'મારી પત્નીએ આપેલ પત્ર ટપાલમાં નાખવાનું ભૂલી ન જાઉં તે માટે.'

'તો શું તમે એ પત્ર પોસ્ટ કર્યો ?'

'ના. એ પત્ર આપવાનું જ મારી પત્ની ભૂલી ગઈ છે.'

*

કનુ : 'શું તું કામની શોધમાં છે ?'

મનુ : 'ના. પણ નોકરી જરૂર શોધી રહ્યો છું.'


અડકો દડકો

કોણ ગાય છે આ મીઠાં ગીત ?

અંજના ભગવતી

એક હતું જંગલ. જંગલમાં જાત-જાતનાં ઝાડ ઊગ્યાં હતાં. ઝાડની ઘટામાં સુંદર પક્ષીઓ વસતાં હતાં. રાત પડે એટલે બધાં પક્ષીઓ જંપી જાય, ઝાડની ઘટામાં લખાઈ જાય. એક ન જંપે ઘુવડ. રાત પડે એટલે ઘુવડ જાગે. એના મોટા મોટા ડોળા ગોળ ગોળ ફેરવે. ચારેકોર નજર ફેરવી શિકાર શોધ્યા કરે. ઉંદર દેખાય તો પટ દઈને પકડી લે. સવાર પડે એટલે ઘુવડ ઊંઘવા માંડે. બધાં પક્ષીઓથી ઘુવડનો ક્રમ ઊંધો.

એવી એક વહેલી સવારની વાત છે. ઘુવડ રાત આખી જાગીને માંડ જંપ્યું છે. મીઠી ઊંઘ ખેંચે છે ત્યાં તો આજુબાજુની શાંતિમાં ખલેલ પહોંચાડતો અવાજ આવ્યો. કૂકડે... કૂક... કૂકડે... કૂક... આ અવાજ સાંભળી ઘુવડ તો જાગી ગયું. ઘુવડ કહે, 'ઉજાગરો છે અને ખૂબ ઊંઘ આવે છે. તું મહેરબાની કરીને બીજે જા. ત્યાં બધાને ઉઠાડ.' કૂકડો તો તરત જ ચૂપ થઈ ગયો. ઘુવડની ઊંઘ ના બગાડાય. તે આગળ ચાલવા લાગ્યો. ત્યાં રસ્તામાં એને એક સુંદર અવાજ સાંભળાયો. કુંઊ... કુંઊ.... કુંઊ... એવો મીઠો અવાજ, કૂકડો તો બસ સાંભળતો જ રહી ગયો. એને થયું કે આ કોનો અવાજ છે ? આ મીઠાં ગીત કોણ ગાય છે તે તો મારે શોધી કાઢવું પડશે. કૂકડો તો શોધવા લાગ્યો ત્યાં સામે મળ્યો મોર.







કૂકડો પૂછે, 'મોર, મોર, આ મીઠા અવાજો કોણ કરે છે ? શું તમે તો એ અવાજો નથી કરતા ને !' મોર કહે, 'ના રે ના; મારો અવાજ તો ટેહુક... ટેહુક છે. હું વધારે તો વરસાદની ઋતુમાં ગીતો ગાઉં છું. આ કુંઊ... કુંઊ... કરીને તો કોઈ બીજું જ ગાય છે. તમે શોધી કાઢો તે કોણ છે ?'

કૂકડો તો આગળ ગયો. ત્યાં મળી એક ચકલી. કૂકડો ચકલીને કહે, 'ચકલી-બહેન, તને સંભળાય છે ને આ મીઠો અવાજ કુંઊ... કુંઊ... ? તારો અવાજ તો મને ખબર છે. તું તો ચીંચીં...ચીં...ચીં.... કરે છે; પણ આ અવાજ કોનો છે ? તું ઓળખે છે ?'



ચકલી કહે, 'ના, મને કાંઈ ખબર નથી. હું પણ ક્યારની સાંભળું છું. આ મીઠાં ગીતો. ચાલો, આપણે શોધી કાઢીએ.'

કૂકડો અને ચકલી આગળ ચાલ્યાં. ત્યાં ઝાડ પર એક લક્કડખોદ બેઠેલું. તે થડમાં ચાંચ ઠોકતું હતું અને તેનો સુંદર અવાજ થતો હતો. જાણે કોઈ તાલ આપતું ન હોય ! થઠ... થઠ... થઠ...



કૂકડો આ સાંભળી થંભી ગયો અને પૂછવા માંડ્યો, 'લક્કડ-ખોદ, શું તું આ મીઠાં ગીતો ગાય છે ?'




લક્કડખોદ કહે, 'હું તો થડ કોતરવા ટૂક ટૂક કરુ છું. થડમાં કાણાં પાડું છું. અંદર સંતાયેલાં જીવડાં શોધી કાઢું છું. મને આવાં મીઠાં ગીતો ગાતાં આવડતાં નથી.'

કૂકડો તો હવે મૂંઝાઈ ગયો. એને અવાજો સંભળાય પણ કોણ ગાય છે તે દેખાય નહીં. ત્યાં તો અધૂરામાં પૂરું કાગડો આવ્યો. કાગડો કહે, 'કૂકડાભાઈ, મારો અવાજ બહુ મીઠો છે. જો હું ગાઈ બતાવું છું. કા... કા... કા...'

કૂકડો કહે, 'અરે કાગડા, ચૂપ કર. જો, તે મીઠા અવાજો સાંભળ. કુંઉ... કુંઉ... કુંઉ... કોણ ગાતું હશે આવું સુંદર ?'

કાગડો કહે, 'અરે, એમ વાત કરો. આ તો કોયલનો અવાજ છે. જો પેલી આંબાની ઘટામાં છુપાઈને બેઠી છે.



સવારથી સાંજ સુધી એનાં મીઠાં ગીતો ગાયાં કરે છે અને એનું સંગીત વાતા-વરણમાં સંભળાયા કરે છે'

કૂકડો તો આ સાંભળીને રાજી રાજી થઈ ગયો. કોયલને કહેવા લાગ્યો, 'કોયલ, તું ઝાડની ઘટામાંથી અહીં મારી પાસે આવ. તારો અવાજ ખૂબ મીઠો છે. ચાલ, આપણે દૂર જઈએ અને ત્યાં જઈ મને તું તારાં સૂરીલાં ગીતો સંભળાવ. અહીંયાં તો ઘુવડને સૂઈ જવું છે. એને શાંતિ જોઈએ છે.'

કોયલ તો આ સાંભળીને ખુશ ખુશ થઈ ગઈ. કૂકડાની પાસે આવી અને બંને જણાં દૂર દૂર જઈ ગીતો ગાવા લાગ્યાં. ❑

કંકાવટી

'પુલિત્ઝર' ઈનામ મેળવનાર ગીતા આનંદ

૨૧મી સદી આરંભાઈ ગઈ છે ત્યારે વિશ્વ-ઈતિહાસના આકાશે ભારતીય મહિલાઓ જુદાં જુદાં ક્ષેત્રમાં પોતાનું નામ રોશન કરી રહી છે. ખાસ કરીને અમેરિકામાં જે ભારતીય મહિલાઓએ ભારતનું નામ રોશન કર્યું છે તેમાં કલ્પના ચાવલા, સી. એન. એન.ના સમાચાર એડિટર વગેરે છે. ગીતા આનંદને તાજેતરમાં જ અમેરિકાનો સાહિત્ય અને પત્રકારિત્વ માટેનો પુરસ્કાર મળ્યો છે. 'વૉલસ્ટ્રીટ જનલ' નામના સામયિકમાં ખુલાસા પૂર્વક અને સચોટ ઘટનાઓ લખવા બદલ તેમને પુલિત્ઝર પુરસ્કાર એનાયત થયો છે. ઈ.સ. ૧૯૬૭માં ડૉ. ગોવિંદલાલ પછી તેમને આ પુરસ્કાર મળે છે. 'પુલિત્ઝર' મેળવનાર તે પ્રથમ ભારતીય મહિલા છે.

જેમને માટે તેમને પુરસ્કાર મળ્યો છે તે બે કૃતિઓનાં શીર્ષક છે 'હિસ્ટ્રી ઍન્ડ સાયન્સ ઈન વાસ્કલ પાસ્ટ' અને 'બાયોટિક એનાલિસ્ટ ટુ પીક, ઈનસાઈડ ક્લિનિકલ ટેસ્ટ ડ્રગ્સ'. તેમના લેખોનું વિવેચન કરતા પબ્લિક સર્વિસ જ્યુરીએ ટાંચણ કર્યું છે કે, 'વૉલસ્ટ્રીટ જર્નલ'ના પત્રકારોને તેમના સ્વચ્છ, સત્ય અને સચોટતાથી ભર્યા લેખોથી અમેરિકામાં ચાલતાં કૌભાંડોને પ્રજા અને સરકાર સમક્ષ ખુલ્લાં પાડી જાગૃતિ લાવવા બદલ આ પુરસ્કાર તેમને મળેલ છે.

પશ્ચિમના દેશોમાં ચલો જર્નાલિઝમ મહત્તમ શિખરે પહોંચ્યું છે છતાં આવું સચોટ અને અર્થઘટનપૂર્વકનું પત્રકારિત્વ પણ સમાંતર ધોરણે લખાય છે જેને લીધે આ દેશોમાં ભલભલા રાજકીય અને સામાજિક વળાંકો આવે છે. ગીતા આનંદની પ્રથમ સ્ટોરી 'હિસ્ટ્રી ઍન્ડ સાયન્સ...'માં સૅમ્યુઅલ વાસ્કલ નામના વૈજ્ઞાનિકની કહાણી છે. વાસ્કલ રાષ્ટ્રિય સ્તરની પ્રતિષ્ઠા ધરાવતો વૈજ્ઞાનિક છે જેણે કૅન્સરની દવાની શોધ કરી, જેના પર પ્રતિબંધ મુકાયો છે. તે દવા દર્દીઓને નુકસાનકર્તા છે. આ જાણીતા વૈજ્ઞાનિક સ્ટેનફોર્ડ અને તુકટસ જેવી નામાંકિત યુનિવર્સિટીમાં નૅશનલ કૅન્સર જેવી અનેક સંસ્થાઓમાં સંશોધન કરી ચૂક્યા છે. તેમણે ૧૯૮૫માં 'ક્લૉસ સિસ્ટમ બાયોટિક' નામની કંપની સ્થાપી જેણે આ દવા બજારમાં મૂકી. તેના પર સંશોધન કરી ગીતા આનંદે લેખ પ્રકટ કર્યો, જેમાં દરેક સંસ્થામાંથી માહિતી મેળવી અને કૌભાંડકીય સંશોધન માટે વાસ્કલને બરતરફ કરવામાં આવ્યા હતા. આ દવા પણ બનાવટી હતી જેના દ્વારા તેમની અઢળક કમાવાની ઈચ્છા હતી તેને રદબાતલ કરવામાં આવી છે. રાષ્ટ્રને નુકસાન કરવા બદલ અમેરિકન સરકારે વાસ્કલની ધરપકડ કરી. આ સત્ય બહાર લાવવાનું શ્રેય ગીતા આનંદને જાય છે. બીજી સ્ટોરી 'ટ્રાયલ બાયોટિક...'માં કેટલીક દવા બનાવતી બાયોટિક કંપનીઓએ દવાબજારના વિશ્વમાં પોતાના પગ જમાવી વ્યાપાર કરવા ખોટી બાયોટિક રીતો અપનાવી દવા બનાવી તેના પર પ્રકાશ પાડ્યો છે, જેમાં આ કંપનીઓએ કેટલાક ડૉક્ટર અને દર્દીઓ સાથે ચેડાં કર્યાની સિલસિલાબંધ અને જોરદાર વિગતો રજૂ કરી છે. આ લેખ તેમણે તેમના સાથીદાર સ્મિથ સાથે ભાગીદારીમાં લખ્યો છે. ઉપરાંત 'બિગડિંગ' નામના બાંધકામના કૌભાંડની પણ સ્ટોરી લખી છે, જેમાં ઉચ્ચ અધિકારીઓ અને બિલ્ડરોએ જરૂર કરતાં વધારે પૈસાનું બજેટ મૂકી વધારાના પૈસાની ઉચાપત કરી છે. આવી અનેક સત્ય ઘટનાઓ તેમણે 'વૉલસ્ટ્રીટ જર્નલ' માટે લખી છે અને લખી રહ્યાં છે. અમેરિકા માટે બીરદાવવા જેવી વાત કહેવાય કે આવા પત્રકારોને તેઓ અવૉર્ડ આપે છે, જ્યારે ભારતમાં આવી સચોટ ઘટના રજૂ કરતા પત્રકારો અને તેમના કુટુંબને મૂળમાંથી જ કચડી નાખવામાં આવે છે.

ગીતા આનંદનું બાળપણ મુંબઈમાં વીત્યું છે. મુંબઈની 'કથિડ્રલ' સ્કૂલમાં તેઓ ભણતાં હતાં. ત્યાં સ્કૂલ માટે સામયિક સંપાદન કરતાં હતાં. તેમના પ્રિન્સિપાલના આદર્શ વિચારોથી પ્રભાવિત થયાં અને લોકો માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા મળી અને તે માટેની તાકાત અને આત્મવિશ્વાસ તેમણે કેળવ્યો. સ્વિમિંગની કેળવણીમાંથી ગીતા આનંદ ભારતના રાષ્ટ્રિય સ્તરે ઈનામ મેળવી ચૂકેલા સ્વિમર છે, જેમને ૧૯૮૨માં દિલ્હીમાં રમાયેલી એશિયન ગેમ્સમાં ૧૦૦ અને ૨૦૦ મીટરની બ્રૅકસ્ટ્રોક સ્પર્ધામાં ઈનામ મળ્યાં છે. સખત મહેનત કરવાની ધગશ અને સમજ તેમણે તરણ માટે યોજાતી શિબિરોમાંથી મેળવી છે, જેમાં વહેલા ઊઠી કડકડતી ઠંડીમાં તરવું પડતું, પછી બે કલાક કસરત કરવી પડતી, પછી દોડવાનું અને પછી ફરી તરવાનું. આકરી તપશ્ચર્યા પછી તેમનું ઘડતર થયું છે.

કૉલેજકાળ અમેરિકામાં વીત્યો, વૅકેશન દરમિયાન હંમેશાં ભારત પાછાં આવતાં, કારણ કે દેહ અમેરિકામાં પણ મન ભારતીય ભૂમિ માટે તલપતું. તેઓએ રજાઓમાં મધર ટેરિઝાના 'આશાદાન' પ્રોજેક્ટમાં પણ કામ કર્યું છે. ડૉક્ટર બનવાનાં સપનાં સેવતાં હતાં, પરંતુ પોતાની કાબેલિયત ઈતિહાસ અને પોલિટિકલ સાયન્સમાં જણાતા તે વિષયો સાથે સ્નાતક થયાં.

અમેરિકન નાગરિક ગર્ગ સાથે

લગ્નગ્રંથિથી જોડાયાં પછી કારકિર્દી માટે સંઘર્ષ શરૂ થયો. શરૂઆત વરમેનોટ નામની પબ્લિશિંગ કંપનીથી કરી, પછી બોસ્ટન ગ્લોબલમાં પત્રકારત્વ કર્યું, પછી 'વૉલસ્ટ્રીટ જર્નલ'માં રિપોર્ટર તરીકે જોડાયાં. આ સામયિકને ખાસ કરીને બાયોટેક ક્ષેત્રમાં રિપોર્ટરની જરૂર હતી, જે તક તેમણે ઝડપી લીધી.

ગીતા આનંદને ભારતીય હોવાનો ગર્વ છે. તેઓ પોતાની બે દીકરીઓ અને પતિ સાથે ભારત આવી થોડો વખત સ્થાયી થવા ઇચ્છે છે. ગીતા આનંદને કુટુંબીઓ અને મિત્રો માટે ખાસ લગાવ છે. તેમનાં દાદીમા પાસે જ તેઓ મોટાં થયાં છે, જેમની પાસેથી ભારતીય સંસ્કારોની દેણ મળી છે. ભારત પ્રત્યેના આકર્ષણનું કારણ શું ? તે પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે કે અમેરિકામાં સુખ-સગવડ, પૈસો હોવા છતાં ભારતીય સમાજમાં મળતી હૂંફ, આત્મીયતા અને જિંદગીનું પોતાપણું નથી. ત્યાંની ભાગદોડભરી અને 'રૅટરેસ' જેવી જિંદગી યંત્રવત્ છે.

લોકો સાથે લાગણીઓની આપલેમાં જિંદગીનું ઊંડાણ અનુભવી શકાતું નથી. 'મધર્સ ડે', 'ફાધર્સ ડે' જેવા 'ડેઝ' કલ્ચરમાં આ ભારતીય પંખી અકળામણ અનુભવે છે. જ્યારે ભારતમાં દાળ-ચોખાથી માંડી પાણી જેવી જરૂરિયાતોની મુશ્કેલી હોવા છતાં મુક્ત શ્વાસ લઈ શકાય છે. ભારત માટે તેમને ઘણું લખવું છે. ભારતમાં સફર કરી સંસ્કૃતિની માહિતી વિશ્વ સમક્ષ રજૂ કરી ભારતીયતાનો ડંકો વિશ્વભરમાં વગાડવો છે, જેમાં તેમના પતિનો પૂરેપૂરો સાથ છે.

મૂળ ભારતીય સંસ્કારો ધરાવતાં, પરંતુ અમેરિકામાં રહીને શર્ટ્સ ને પેન્ટ્સ પહેરી ફર્યા કરતી અધકચરી ભારતીય મહિલાઓ માટે ગીતા આનંદ સચોટ ઉદાહરણ પૂરું પાડે છે.- અનુરાધા દેરાસરી

('વિશ્વનીડમ્'માંથી સાભાર)

રૂપાંતર કથા

બદ્ધ અને મુક્ત પંખી

ડૉ. યશવંત ત્રિવેદી

૧. પંખીનું પોર્ટ્રેટ ચીતરવા

પહેલાં તો તમે પીંજરું ચીતરો, પણ હાં પીંજરાનું બારણું ઉઘાડું રાખો !
તે પછી કંઈક નાજુક ચીતરો, કંઈક સાદું-સરળ, કંઈક સુંદર
પંખી માટે કંઈક ઉપયોગી,
પછી બગીચામાં, કે વનમાં વૃક્ષની સામે કૅનવાસ મૂકો
વૃક્ષની પાછળ શાંતિપૂર્વક, હલનચલન વગર છુપાઈને ઊભા રહો -
કેટલીક વાર પંખી જલદી આવી પહોંચે છે
કેટલીક વાર પંખીને આવી પહોંચતાં ઘણાં વરસ લાગી જાય છે !
પણ તમે હિંમત ન હારશો, પ્રતીક્ષા કરો -
જો જરૂરી હોય તો ઘણાંય વર્ષો સુધી પ્રતીક્ષા કરો.
પંખીના ત્વરિત કે મોડા આગમન સાથે કોઈ સંબંધ નથી પોર્ટ્રેટની સફળતાને-

પંખી જ્યારે આવી પહોંચે છે,
જો પંખી આવી ચઢે છે તો પ્રગાઢ શાંતિથી નિરીક્ષણ કર્યા કરો
પંખી પીંજરામાં પ્રવેશે ત્યાં સુધી પ્રતીક્ષા કરો
અને જ્યારે પંખી પીંજરામાં પ્રવેશી જાય
ત્યારે બ્રશના લસરકાથી પીંજરાનાં બારણાને હળવેકથી બંધ કરી દો !
પછી પીંજરાના એક પછી એક સળિયાને ચીતરતા જાઓ !
હા, પંખીના એક્કેય પીંછાને અડકી ન જવાય તેની ખાસ કાળજી રાખજો !
પછી પંખી માટે સુંદરતમ ડાળીઓ પસંદ કરીને
વૃક્ષનું પોર્ટ્રેટ ચીતરતા જાઓ -
હરિયાળા પર્ણગુચ્છ અને તાજા પવનને પણ ચીતરજો, સૂર્ય-રજને ચીતરજો -
ઉનાળુ ઘાસમાં જંતુઓના અવાજને પણ ચીતરજો !
અને પછી પંખીના ગાવાની પ્રતીક્ષા કરજો -
જો પંખી ગાય નહિ તો એ ખરાબ સંકેત છે
એ એનો સંકેત છે કે ચિત્ર ખરાબ છે !
પણ જો પંખી ગાય તો એ સારો સંકેત છે - તો તમે હસ્તાક્ષર કરી શકો એનો સંકેત છે !
તો પછી હળવેકથી પંખીનું એક પીંછું તોડીને
પોર્ટ્રેટના એક ખૂણામાં તમે તમારું નામ લખી દો !

(જંક્વિન પ્રીવર્ટના કાવ્ય પર આધારિત)

લતા : 'હું એક ડૉક્ટરને પરણવા માગું છું, જેથી હું માંદી પડું ત્યારે મારી સારવાર કરીને મને સારી કરી દે.'

રમા : 'હું એક મંદિરના પૂજારી સાથે પરણવા માગું છું, જેથી તે ઈશ્વરને પ્રાર્થના કરે, અને જેથી મારા બધા પાપ માફ થઈ જાય.'

સાહિત્યસંપર્ક

લક્ષ્મણભાઈ : આજીવન સમર્પિત લિપિવિદ

ડૉ. રસેશ જમીનદાર



સંસ્કારનું માધ્યમ સંસ્કૃતિ છે અને સંસ્કૃતિને પ્રજાપ્રત્યક્ષ કરતું વાહન ઇતિહાસ છે. પણ ઇ તિહાસનું માધ્યમ શબ્દ છે અન શબ્દ વાસ્તે જરૂરી છે લિપિ. આમ, સંસ્કાર>સંસ્કૃત> ઇતિહાસ>શબ્દ>લિપિ એવો અનુક્રમ આપણે ખસૂસ પ્રસ્તુત કરી શકીએ. અહીં આપણે વ્યુત્ક્રમની દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ લિપિ આવે.

આજે આપણે વર્ષાન્તે ગુજરાતના, પણ રાષ્ટ્રકક્ષાના, મૂર્ધન્ય લિપિવિદને પ્રજાસમક્ષ લઈ જવા છે. એમનું નામ છે લક્ષ્મણભાઈ હીરાલાલ ભોજક. આજથી આશરે નવ દાયકા પૂર્વે શરદ પૂર્ણિમાએ એમનો જન્મ પાટણમાં, એક ઐતિહાસિક અને સાંસ્કૃતિ નગરીમાં; ૧૯૧૭ના ઑક્ટોબરની ૩૧મીએ, વિક્રમ સંવત, ૧૯૭૩ના આશ્વિન શુક્લ પુનમે. આથી ચંદ્રસમી શીતળતાથી વરેણ્ય લક્ષ્મણભાઈ નવરાત્રિના મહોત્સવના પૂર્ણાહુતિ પ્રસંગે જન્મીને નવરત્નસમા ઝળહળી રહ્યા, પણ ચંદ્રની જેમ પ્રસિદ્ધિથી દૂર રહીને; કહો કે હકીકતે રામનો પડછાયો બનીને.

આયુષ્યનો નવમો દાયકો સ્વસ્થતાથી પૂર્ણ કરવા તરફ અને શતાયુનું પદ અંકે કરવા જેવી તંદુરસ્તી પ્રાપ્ત કરનાર લક્ષ્મણભાઈ આજેય સક્રિય રીતે, ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠિત વિદ્યાસંસ્થા લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં નિવૃત્તિનો બીજો દાયકો પૂરો કરવા છતાંય, રોજ છ કલાક વિનાકંટાળે કાર્યરત જોવા મળે છે એ ઈશ્વરી સંકેત જ ગણાય.

એમનો એક માત્ર રસનો - અભ્યાસનો - પ્રવૃત્તિનો વિષય છે આપણી પૂર્વકાલીન લિપિમાં લખાયેલી હસ્તપ્રતોના ઉકેલનો, નિશ્ચિતક્રમે વ્યવસ્થિત સૂચિ કરવાનો, એના સંરક્ષણનો અને આ બાબતે રસ દર્શાવનારને દીક્ષિત કરવાનો. એક પૂર્ણ મિશનથી છેલ્લા સાત દાયકાથી લક્ષ્મણભાઈ આ જ કાર્યમાં ઓતપ્રોત છે. કહો કે તેઓ હસ્તપ્રતોમય જીવન જીવી રહ્યા છે. એમના પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં હસ્તપ્રતના ધબકાર સંભળાય છે.

આમ તો એમનું શિક્ષણ માત્ર છ ચોપડીનું પણ એમની સ્વયમોપાર્જિત કેળવણી ઉચ્ચ સ્તરની. હસ્તપ્રતો પરત્વેનું સર્વગ્રાહી એમનું જ્ઞાન વિદ્યાવાચસ્પતિની કોટીનું. ઔપચારિક શિક્ષણથી દુર્ભાગ્યે વંચિત લક્ષ્મણભાઈનું અનૌપચારિક જ્ઞાન વિશ્વવિદ્યાલય કક્ષાનું. અઢારની વયે પિતાનું છત્ર ગુમાવતાં લક્ષ્મણભાઈએ અર્થોપાર્જનના કાર્યને વરેણ્ય સમજીને વ્યાવસાયિક કારકિર્દી શરૂ કરી વતનસ્થિત કેશરબાઈ જૈન જ્ઞાનમંદિરમાં ગ્રંથપાલ તરીકે. તે પછી વડોદરા પાસેના ડભોઈમાં મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિરમાં ગ્રંથાલયી તરીકે કાર્ય કર્યું. આમ, એમણે નોકરીનો પ્રારંભ જ્ઞાનમંદિરોથી કર્યો. આ બંને જ્ઞાનમંદિરમાં એમણે ગ્રંથો સાથે નિસબત થઈ, પ્રીત બંધાઈ અને સરવાળે આજીવન તેમણે જ્ઞાન સંગૃહીત કરતાં પુસ્તકો-હસ્તપ્રતો સાથે ગાંઠ બાંધી દીધી. પછી તો ગ્રંથકાર્ય સાથેની એમની દોસ્તીએ એમને ખંભાત, સુરત, જેસલમેર, મુંબઈ, દિલ્હી જેવાં સ્થળોએ ગ્રંથાપાલ તરીકે અનુભવ અંકે કરવામાં સહાય પ્રાપ્ત થઈ.



આઝાદી આંગણે આવી રહી હતી ત્યારે ત્યારના લાહોરમાં ગુજરાનવાલા નામના સ્થળે હસ્તપ્રતો એકત્રિત કરવાની કામગીરી ચાલતી હતી. ભાગલા સમયે આ જ્ઞાનગ્રંથ ભોંયરામાં સંતાડીને હિંદુઓ ભારત આવી ગયેલા. આશરે ૧૫,૦૦૦ હસ્તપ્રતો આપણા પ્રથમ પંતપ્રધાન જવાહરલાલના સક્રિય પ્રયાસોથી દેશમાં લાવી શકાઈ અને દિલ્હીમાં સુરક્ષિત કરાવાઈ, જે પછીથી અમદાવાદમાં લાવવામાં આવી હતી એમ લક્ષ્મણભાઈનું કહેવું છે. તેમણે દિલ્હીસ્થિત ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ઇન્ડોલૉજીમાં, જયપુરસ્થિત રાજસ્થાન પુરાતત્ત્વ અન્વેષણ મંદિરમાં અને મુંબઈસ્થિત ભારતીય વિદ્યાભવનમાં હસ્તપ્રતોની વ્યવસ્થિત સૂચિ બનાવવાના કાર્યમાં અનુભવ અંકે કરેલો. કારકિર્દીના સાત દાયકા દરમિયાન કહેવાય છે કે એમણે ચારેક લાખ હસ્તપ્રતોની જન્મોતરી પૂરી નિષ્ઠાથી અને વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરેલી. કેટલું અદ્‌ભુત કાર્ય, કેવી સક્રિય નિષ્ઠા અને કેવી કાર્ય પ્રત્યેની તન્મયતા !

એમનો હસ્તપ્રત સાથેનો નાતો બંધાયો 'રૌપ્યસ્વર્ણસિદ્ધિશાસ્ત્ર' નામની હસ્તપ્રતથી. આજેય તેમાંના શ્લોક એમને કંઠસ્થ છે. તેમની ચિંતા એ છે કે આજના યુવાનને દાક્તર કે ઇજનેર થવું છે પણ તેમને સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં નિહિત ગૂઢ રહસ્યો જાણવાની જિજ્ઞાસા નથી. જો કે આનું કારણ એ છે કે આ બંને ભાષામાં રહેલાં ગૂઢ રહસ્યો એમને કારકિર્દી વિકસાવવામાં ઉપાદેયી બનશે નહીં. પરંતુ તેઓ એ ભૂલી જાય છે કે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લગભગ પ્રત્યેક વિદ્યાશાખાને

સમજવાનાં ચાવીરૂપ સૂત્રો અનુસ્યૂત છે. વિજ્ઞાનની શાખા-પ્રશાખા પરત્વેનાં કેટલાંક લક્ષણો આ બંને ભાષામાં જોવાં પ્રાપ્ત થાય છે. આ લેખકનો એવો અછડતો અનુભવ છે કે દક્ષિણ ભારતના કોઈ પણ વિદ્યાશાખાના વિદ્વાન પાસે સંસ્કૃતની ભૂમિકા પ્રમાણમાં સુદૃઢ રહેલી હોય છે. મહારાષ્ટ્ર વિશે પણ આમ કહી શકાય. પરંતુ ગુજરાત આ બાબતે દરિદ્ર છે; જો કે પૂર્વકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિના અધ્યેતા આ બાબતે અપવાદરૂપ ગણી શકાય.

ખેર, લક્ષ્મણભાઈએ અત્યાર સુધીમાં હજારથીયે વધારે ઉત્સુકોને પૂર્વકાલીન લિપિ ઓળખતાં અને વાંચતાં શીખવી છે. જિજ્ઞાસુને સરળતા રહે તે વાસ્તે તેમણે અગાઉની લિપિવિષયક કોઠાગત આકૃતિઓ તૈયાર કરી છે. જો કે એમની પાસે તાલીમ પામેલા વિદ્યાર્થીઓ પ્રાપ્ત જ્ઞાનનો કેટલો ઉપયોગ કરતા હશે તે કહેવું મુશ્કેલ છે અને છતાંય લક્ષ્મણભાઈ કંટાળ્યા વિના એટલી જ ઉત્સુકતાથી શીખવા આવનારને સહજ ભાવથી લિપિ શીખવાડે છે. એનો પુરાવો છે હમણાં ઑગસ્ટ મહિનામાં પંદર દિવસનો લિપિ અંગેનો કાર્યશિબિર યોજાઈ ગયો, એમની માતૃસંસ્થા લા.દ.ભા.સં.વિદ્યામંદિરમાં. આ શિબિરમાં પાંડુલિપિવિજ્ઞાન તેમજ બ્રાહ્મી, શારદા અને પ્રાચીન નાગરી લિપિઓનું જ્ઞાન આપવામાં આવ્યું હતું.

એમણે આ બાબતની તાલીમનો પ્રારંભ આગમપ્રભાકર આચાર્ય મુનિ પુણ્યવિજયજી મહારાજ સાહેબની સંનિધિથી કર્યો હતો. લક્ષ્મણભાઈએ મુનિશ્રીના માર્ગદર્શન હેઠળ પાટણસ્થિત શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર અને વિમલગચ્છભંડાર, વડોદરાનાં આત્માનંદ જૈન જ્ઞાનમંદિર, ખંભાતમાં આવેલા શ્રી શાંતિનાથ તાડપત્રીય ભંડાર, સુરતસ્થિત શ્રી સીમંધર સ્વામી જ્ઞાનભંડાર, જેસલમેરનો તાડપત્રીય ભંડાર અને અમદાવાદ આવાસી શ્રી ધ્યાવિમલસૂરિ જ્ઞાનભંડાર (દેવસાનો પાડો)ના પુસ્તકભંડાર અને હસ્તપ્રતસંગ્રહની સૂચિઓના નિર્માણમાં સક્રિય સહયોગ પ્રદાન કર્યો હતો.

તેવી જ રીતે સંસ્કૃતિવિદ આચાર્ય મુનિશ્રી જિન-વિજયજીના માર્ગદર્શન હેઠળ લક્ષ્મણભાઈએ સંપન્ન કરેલાં કાર્યની માહિતી આ મુજબ છે. મુંબઈસ્થિત વિખ્યાત વિદ્યા સંસ્થા ભારતીય વિદ્યાભવનમાં સંગૃહીત ગુટકા (ઘણી ઓછી લંબાઈ અને પહોળાઈની જાડી ચોપડી)ની સૂચિ તથા સુભાષિતોની નકલ; જયપુરમાં આવેલા રાજસ્થાન પુરાતત્ત્વાન્વેષણ મંદિરમાં સુરક્ષિત હસ્તલિખિત ગ્રંથોની સૂચિ; રાજસ્થાનના યતિઓ પાસે સચવાયેલી હસ્તપ્રતો અને સામગ્રીનાં સંચયન ગામેગામ ફરીને કરેલો શ્રમ.

આ ઉપરાંત એમણે સ્વતંત્ર રીતે લા.દ.ભા.સં. વિદ્યામંદિરના કાર્યકર તરીકે કરેલાં સંપાદન પણ ધ્યાનાર્હ છે : લા.દ.ભા.સં.વિ.માં સંગૃહીત સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ગ્રંથોની સૂચિ ભાગ ૧થી ૪; આચાર્યશ્રી કંચનસાગરસૂરિકૃત 'શત્રુંજયગિરિરાજદર્શન અને શિલ્પ-સ્થાપત્ય-કળામાં શત્રુંજય' ગ્રંથમાં ૮૬ લેખોનાં વાચન લક્ષ્મણભાઈનાં છે. (આ ગ્રંથનું પુરોવચન લખવાનું આ લેખકને સાંપડ્યું હતું); બે અપ્રકટ તામ્રપત્ર (સંબોધિમાં); હરિવલ્લભ ભાયાણી - સંપાદિત 'રાસલીલા'માં ગુજરાતી લિપિનો કોઠો; આ ઉપરાંત કલામર્મજ્ઞ મધુસૂદન ઢાંકીના સહયોગમાં શત્રુંજયગિરિના કેટલાક અપ્રસિદ્ધ પ્રતિમાલેખો, ઉજ્જયન્તગિરિના કેટલાક અપ્રકટ ઉત્કીર્ણલેખો, ઉજ્જયન્તગિરિના પૂર્વપ્રકાશિત અભિલેખો વિશેના લેખો (જે બધા સંબોધિમાં પ્રકટ થયેલા); પંડિત બેચરદાસ દોશી સ્મૃતિગ્રંથમાં 'જૂનાગઢની અંબિકાદેવીની ધાતુ પ્રતિમાલેખ' વિશેનો લેખ; નાયક-ભોજકની પારનો લેખ પંડિત અમૃતલાલની સાથે (સંબોધિમાં); સંખ્યાનિર્દેશક શબ્દસંજ્ઞાઓ (ક.લા.સ્વાધ્યાય મંદિર માટે); ડૉ. નારાયણ કંસારાના સહયોગમાં 'ભીમદેવ બીજાનું એક અપ્રકટ તામ્રપત્ર' (સંબોધિમાં); 'ઘોઘાની મધ્યકાલીન ધાતુપ્રતિમાઓના અપ્રકટ અભિલેખો' (નિર્ગ્રંથમાં); ઉપરાંત ત્રણ પ્રકીર્ણ અભિલેખો (નિર્ગ્રંથમાં); લા.દ. વિદ્યામંદિરના પટોનો સચિત્ર પરિચય; પાટણ જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ (કુલ ૧૫૬૮) દિલ્હીથી પ્રકાશિત.

આ ઉપરાંત વિવિધ સંસ્થાઓના ઉપક્રમે લિપિ વિશે વાચન અને અધ્યયનના વર્ગો ચલાવેલા. લા.દ.ભા.સં.વિ.; પ્રાકૃત વિદ્યામંડળ, ગુજરાત વિદ્યાપીઠ, શારદાબહેન ચિમનલાલ એજ્યુકેશન રીસર્ચ સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઈત્યાદિ સંખ્યાતીત સાધુ-સાધ્વીઓને, પ્રાધ્યાપકોને, પંડિતોને મધ્યકાલીન લિપિના વાચનમાં દીક્ષિત કર્યા છે અને હજીય સક્રિય રીતે કરતા રહે છે; આજે ૮૭મા વર્ષેય.

પંદરમી જુલાઈ બે હજાર ચારના રોજ ગુજરાતની સંસ્કૃત સાહિત્ય અકાદમી તરફથી લક્ષ્મણભાઈની સુદીર્ઘ સેવાઓને સન્માનિત કરવાનો એક શુભ અવસર લા.દ.ભા.સં. વિદ્યામંદિરના પ્રાંગણમાં શ્રેષ્ઠીવર્ય શ્રેણિકભાઈના અતિથિવિશેષપદે અને ડૉ. ભોળાભાઈના અધ્યક્ષપદે યોજાઈ ગયો એ આ લેખનું નિમિત્ત છે.

એમ ખસૂસ કહી શકાય છે શ્રી લક્ષ્મણભાઈ લિપિને વરેણ્ય સમજી તેનાં અધ્યયન-અન્વેષણ બાબતે સમર્પિત આજીવન વિદ્વાન છે. પ્રસિદ્ધિથી દૂર રહેનારા છતાંય લિપિ-વિષયક બાબતે સક્રિય અને ક્ષેત્રકાર્યવિદ એવા લક્ષ્મણભાઈ શતાયુ સંપન્ન કરે એવી પ્રભુપ્રાર્થના. પ્રેરણા લેવાયોગ્ય સંપૂર્ણ વિદ્યાપુરુષ એવા આ સંનિષ્ઠ શોધકને કોટિ કોટિ વંદન. ❒

અવલોકન

'સ્મરણોત્સવ' : પરંપરાથી પ્રયોગ સુધીની હરણફાળ



એક જમાનામાં ગુજરાતી ગઝલનું મક્કા ગણાતું સુરત ગઝલક્ષેત્રે આજેય એટલું જ કાર્યરત છે તે આનંદદાયક છે. સુરતની વર્તમાન ગઝલપેઢીમાં એક નામ સૌનું ધ્યાન ખેંચે છે અને તે છે કિરણ ચૌહાણ. આ કવિ હઝલક્ષેત્રેય મોખરે છે તેમ છતાં ગઝલના ગાંભીર્યને તાગી શકે છે તે તેમની વિશેષતા છે. ગુજરાતી સાહિત્યના શિષ્ટ સામયિકોમાં અવારનવાર તેમની ગઝલો વાંચવા મળે છે તો વળી મુશાયરા દ્વારા પણ તેઓ ભાવકો સુધી પહોંચે છે. પોતાની આગવી છટા, મિજાજ અને ગઝલિયતને લીધે તેમણે ઘણાં મુશાયરાઓમાં 'વાહ, વાહ' મેળવી છે.

'સ્મરણોત્સવ' આ યુવાકવિનો પ્રથમ ગઝલસંગ્રહ છે. જો કે આ અગાઉ 'સુરતનું અજવાળું' નામે એક સંપાદનમાં તેમની ત્રીસેક રચનાઓ ગ્રંથસ્થ થઈ ચૂકી છે. કવિએ પોતાના સંગ્રહમાં ૭૨ ગઝલો સમાવી છે, જેમાંથી પસાર થતાં એવું અનુભવાય છે કે કવિએ પોતાની સર્જનયાત્રામાં સાચું જ કહ્યું છે :

કૈંક વર્ષોની તપસ્યાનું આ ફળ,
એક નાનકડી ગઝલની ચોપડી. (પૃ.૪૯)

કિરણની ગઝલોમાં પારંપરિક ભાવવિશ્વ વધારે પ્રમાણમાં જોવા મળે છે એની પાછળ સુરતનું સાહિત્યવર્તુળ પણ કારણભૂત ખરું. પ્રત્યેક કવિ જાણે-અજાણે પોતાની આસપાસના કાવ્યવાતાવરણને ગ્રહણ કરતો જ હોય છે અને એથી આમ બને છે. પરંપરિત હોવા છતાં સાદગીને લીધે નિખરી ઊઠતો એક શેર માણીએ :

મને પામવા તું પરીક્ષા કરે છે,
તને પામવા તારી પૂજા કરું છું. (પૃ.૧૭)

તો આ કવિનો એક નાટ્યાત્મક અને ચિત્રાત્મક શેર તેની આધુનિકતાનો સબળ પુરાવો આપે છે એ ય જોઈએ :

તીર છૂટ્યું સન્નનનનન સનસનાટ,
ત્યાં જ હરણીએ દિશા બદલી જરાક. (પૃ.૪૨)

આમ, પરંપરા અને પ્રયોગ સાથે તાલમેલ ધરાવતી કિરણની ગઝલોમાંથી થોડાક ચૂંટેલા શેર પાસે અટકીએ અને તેના ભાવવિશ્વને માણીએ :

સતત દોડીને તૂટી જાય, હાંફી જાય... અંતે શું ?
બધાં જીવે છે આખી જિંદગી જાણે મરણ માટે. (પૃ.૨૨)

*

આ અધૂરી ઝંખનાઓનું પરાક્રમ છે 'કિરણ'
રોજ તું મરવા પડે ને રોજ જીવી જાય છે. (પૃ.૨૫)

*

શું કહું ? મારું હવે અસ્તિત્વ મારે વશ નથી !
જિંદગી જીવી રહ્યો છું કોઈની ઇચ્છા મુજબ. (પૃ.૨૩)

*

કંઠમાં થીજેલ મોંઘા શબ્દને પ્રગટાવ તું,
કોઈ મૂંગી માનાં હાલરડાં વિશે કંઈ લખ હવે. (પૃ.૩૦)

*

ખાસ હો અથવા વધારાનું કશુંક,
બેઉ બાબત હાંસિયામાં હોય છે. (પૃ.૫૬)

*

એટલો ઊંચે ગયો હું એટલે ઊંચે ગયો,
કે પછી તો સાવ પડછાયા વગરનો થઈ ગયો.(પૃ.૩૬)

*

અહીં એક તરસ્યા ઇસમની કબર છે,
અહીંથી નદી નીકળી પણ શકે છે. (પૃ.૨૬)

*

આયનાની એક મર્યાદા અહીં ખુલ્લી પડી,
એક પણ પ્રતિબિંબને એ સાચવી શકતો નથી. (પૃ.૩૧)

વિશ્વ ના પામી શક્યાનું દુઃખ ન કર,
એ મળી પણ જાત તો તું શું કરત ?
સ્મિત સાથે આંખ એ મીંચી ગયો,
એણે મરવાનું હતું છેલ્લી વખત. (પૃ.૩૪)

*

એવો પડ્યો પ્રભાવ... તમારા અભાવનો,
મારા સ્વભાવમાંથી અહંકાર પણ ગયો. (પૃ.૭૯)

કિરણની ગઝલોમાં મુખ્યત્વે પ્રણયભાવ વધુ ખેડાયો છે. જે ગઝલો આ ભાવથી વિલુપ્ત રહી છે તે પ્રયોગ કે નાવીન્યની ક્ષિતિજો સુધી વિસ્તરી શકી છે. ટૂંકી બહેરમાં ગઝલ લખવામાં તેની સાધના ટૂંકી પડી છે એમ કહી શકાય. તેમ છતાં અહીં ગ્રંથસ્થ ગઝલોનું જમાપાસું તેની સાદગી છે. સાવ સરળ શબ્દોમાં સરળ વાત મૂકવી એ બહુ કપરું કામ છે અને આમ પણ ગઝલમાં તો રદીફની જગ્યા નિશ્ચિત છે એટલે ટૂંકી રાહ પર ઝાઝું દોડવાનું હોય છે. કિરણના અમુક શેરોમાં નાટ્યાત્મક ભાવવિશ્વ બખૂબી રજૂ થયું છે. 'મેં મર જાવા' (પૃ.૫૨) અને 'નાટ્યગઝલ' (પૃ.૮૩) પણ આસ્વાદ્ય છે. તો બીજી બાજુ કિરણે 'રમલ' છંદમાં લખેલી મોટાભાગની ગઝલોમાં એકાદ મિસરામાં છૂટ લીધેલી છે. જો કે પ્રવાહિતાના સંદર્ભે એ કઠતું

નથી, પરંતુ એકથી અધિક વખત લીધેલ છૂટ ગઝલકારની મર્યાદા બની જવાનો ડર રહે છે. જેમ કે મારા પ્રેરકબળ (પૃ.૧૮); એવા મોટા... (પૃ.૧૯); મારા મનને... (પૃ.૨૦); જ્યારે મુઠ્ઠી... (પૃ.૨૧); તારા સુખની.... (પૃ.૩૧); મારા હોવા... (પૃ.૩૩); તારા શબ્દોની... (પૃ.૬૦); તારા કંઠે... (પૃ.૬૬); જ્યારે તારા; તારો પડછાયો (પૃ.૭૦); તારાં ખુલ્લાં (પૃ.૮૨)

આ તો ગઝલની શાસ્ત્રીય વાત થઈ. મોટા ભાગના ગઝલકારો આવી છૂટ લેતા જ હોય છે, એની ના નહીં, પણ આવી છૂટ ન લેવાય તો સારું. આ વાતની પ્રતીતિ કદાચ કવિને છે જ અને એથી જ તે આવું કહે છે :

સૌને ગમતી વાણી ક્યાંથી બોલીએ ?
કેટલાક શબ્દો અમે શીખ્યા નથી. (પૃ.૩૩)

ગઝલને બહુ સરળ કરવા જતાં ઘણી વાર તેનો ભાવ સાવ અસ્પષ્ટ થઈ જવાનો ભય રહે છે. આવું એક ભયસ્થાન જોઈએ :

ખુદાથીય તારે ઉંચેરા થવું છે ?
ફટાફટ શીખી લે સમયસર થવાનું (પૃ.૨૮)

તો વળી, અન્ય એક ગઝલમાં કવિ કહે છે :

ઓ માનુની ! તમે તો અનુનયથી દૂર ચાલ્યાં,
જીવનનાં ગીત જાણે કે લયથી દૂર ચાલ્યાં (પૃ.૬૭)

ક્યાંક સાવ સામાન્ય લાગે તેવા શેર લખવાનો મોહ પણ ક્યારેક કવિ જવા દેતા નથી. અને પરિણામે ગઝલ તેની ગંભીરતા ગુમાવી બેસે છે. જેમ કે :

હેડકી સુદ્ધાં તને આવે નહીં,
યાદ ચુપકેથી તને કરતો રહ્યો.

સમગ્રતયા જોઈએ તો 'સ્મરણોત્સવ'માં સ્મરણમાં રાખવા જેવા ઘણા શેર છૂટાછવાયા મળી રહે છે. કવિની ચૌદ ચૌદ વર્ષની તપસ્યા ગઝલોમાં ડોકિયું કરે જ છે. અવલોકન તો માત્ર કવિ અને ભાવક વચ્ચે સેતુ બાંધવાનું કામ કરી આપે છે. કિરણની ગઝલોને પામવા માટે ભાવકે 'સ્મરણોત્સવ'માં રમમાણ થવું રહ્યું અને તો જ કવિની આ ફરિયાદને દાદ મળે.

બે કિનારા નહિ મળે કહીને બધા બેસી રહ્યાં
કોઈ પણ કહેતું નથી કે ચાલ, સેતુ બાંધીએ. (પૃ.૮૪)

ભવિષ્યમાં પણ કવિ કિરણ ચૌહાણ આપણને નિતનવા ગઝલ ઉત્સવો ઉજવવાનો લ્હાવો આપે એવી આશા રાખીને આવો 'સ્મરણોત્સવ'ને વધાવીએ. - અશોક ચાવડા

[સ્મરણોત્સવ (ગઝલસંગ્રહ) : લે. કિરણ ચૌહાણ, ડિમાઇ સાઇઝ, કાચું પૂંઠું, પ્ર. સંકેત પ્રકાશન, ૧૦૦, શાંતિકુંજ સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત - ૩૯૫૦૦૯, પૃ. ૮૮, કિં. રૂ. ૬૫]

'સાંજનો સમય' : વાર્તારચનાનો મધ્યાહ્નકાળ



'સાંજનો સમય' વાર્તાસંગ્રહ હિમાંશી શેલતના સર્જનની સંધ્યા નથી, કદાચ મધ્યાહ્નનો સુવર્ણકાળ છે. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' અરુણ પ્રભાત હતું, એ પછી 'એ લોકો', 'પ્લૅટફૉર્મ નં. ચાર', 'વિક્ટર' જેવા સંચયો વસ્તુવિષય-પ્રતિબદ્ધતાનાં ધ્યાનાર્હ સોપાનો હતાં. એમ તો 'એ લોકો'નાં વાર્તાવસ્તુ આ સંગ્રહમાં પણ છલકાઈ આવેલાં જોઈ શકાશે.

'મોત', 'મુઠ્ઠીમાં, 'વરસી', 'આક્રમણ', 'તણખો', 'જાગીર', 'ભૂકંપ' જેવી રચનાઓ રૂપજીવિનીઓ અને ઉત્પીડિતોની જીવનની વિષમ ગલીકૂચીઓ પર ફોક્સ ફેંકે છે. 'એ લોકો' સંગ્રહની કૃતિઓના ગોત્રનું જ આ વિસ્તરણ અને પ્રસારણ છે. એનો અર્થ એવો નથી કે લેખિકાનો વૈયક્તિક સૂર તારસપ્તકે પહોંચી વસ્તુલક્ષી નિરીક્ષણો પર વિસ્તરી તદ્દન આરૂઢ થઈ જાય છે.

સામગ્રી ડોકું બહાર કાઢી સાહિત્યસ્વરૂપની વિશેષતાને વટાવી ના જાય એવી આંતરશિસ્ત સાથે વાર્તારચનાનાં દૃષ્ટાંતો પ્રસ્તુત સંગ્રહમાં પણ સુલભ છે.

જેના ઉપરથી પુસ્તકનું અભિધાન થયું તે વાર્તા 'સાંજનો સમય' કથનકેન્દ્રની માવજતનું પ્રાતિનિધીક પ્રસ્થાન છે. કાકુની દીકરી નિન્નીને ધીમેધીમે પોતાની મમ્મા ઉપરાંત સાઇકોલૉજી ભણાવતાં ડૉ. વિદુલા દવેનો કોકુ સાથે પણ લગ્નેતર સંબંધ હતો એની સભાનતાનો ઉઘાડ દર્શાવવામાં લેખિની નિષ્કંપપણે પ્રવર્તી છે. નિન્ની-નંદિનીના સ્વપ્નમાં વિદુલા આગળો ઠોકતી નિન્નીને ધમકાવે, કાકુ વાચાશૂન્ય થઈ જોયા કરે વિદુલા કાકુને ભેટી પડે ! - અને બીજી બાજુ મમ્મા સાવ અટુલી એના ટાપુ પર બેસી રહી હોય ત્યારે એને સરસ સાડીમાં તૈયાર કરી બગીચામાં ફરવા લઈ જાય ત્યારે મમ્માનો હાથ તો પકડી રાખે છે સાથે સાથે બીજા હાથમાં કાકુની આંગળી પણ જકડી હતી એ 'ક્લોઝઅપ'માં ચરિત્રની સંકુલતા આબાદ ઊપસી છે.

'એ નામ'માં પરણિત પુરુષ સાથેના સંગાથ અને સંધ્યાવિહારનું મધુર સ્મરણ કંડારાયું છે. રસ્તાનું નામ સહપ્રવાસી સાથે જોડાયું છે. પૂર્વે વરસાદી સાંજે આ રસ્તે જ સુંવાળો (સર્પ ?) સ્પર્શ થતાં ચોંકીને એમનો હાથ પકડી લીધેલો. (નિન્નીની વાર્તામાં પણ હાથ-આંગળીના આધારની સૂચક વિગત છે. 'મુઠ્ઠીમાં' પરભુના-ગિરજુના હાથની હાથાપાઈ ઝડપાઈ છે.) અહીં કોઈ જોરદાર ઘટના નામે ય નથી. નાયિકાની મનોઘટનામાં ઝળકતું આ દૃશ્ય ભાવક માટે પણ

સ્મરણીય બને છે : 'પેલો પથ્થર દેખાતો બંધ થઈ ગયો. સમૂળગો ઓગળી જ ગયો હોય તેમ... થીજી જવાયું ત્યાં ને ત્યાં જ.' આવા અમૂર્ત નિકટના 'ફ્રીઝ શૉટ' વ્યંજનાની સમજ સિદ્ધ કરે.

બાવન વર્ષની કુંવારી પ્રૌઢા-સ્પિન્સ્ટરની માનસિક ગૂંચોની સાચી ભાત અને ભાળ 'કોઈ એક દિવસ'માં કેવળ, નાયિકાની બાને જ હતી. બા એક એવી સહેલી છે જે દીકરીને જ્યારે જ્યારે 'જબ ગમે ઇશ્ક સતાતા હૈ' (તો હંસ લેતી હૂઁ?) જેવા સં-યોગ થયા ત્યારે ત્યારે નાકામયાબીઓની મજાર પર આશ્વાસનનું રેશમી વત્સલ વસન ઓઢાડવામાં પાછી પડી નહોતી! મા-દીકરીની વાતોય કેવી? 'હવામાં ફરફરતા આસોપાલવના તોરણ જેવી, હાથ પર આલેખેલી ફૂલવેલની ભાત જેવી!' મ. - બિરાદર બીજી કોમની દીકરીના મુદ્દે અને પછીથી એ બે દીકરીનો બાપ ઇલેક્શનમાં ખડો રહેલો તેથી નાજાયજ જેવી નાયિકાને પાછલા બારણે જતા રહેવાનું સૂચવે ત્યારે બાને હાર્ટઅટૅક આવી ગયેલો. બા હજુ ઍંસીએ પહોંચ્યાં છતાં એ નહિ હોય ત્યારે પણ એકલા એમની આંખમાં જ સચવાયેલો રહેશે નાયિકાનો 'ચહેરો - પ્રેમ કરી શકેલી એક સ્ત્રીનો પ્રેમ આપ્યા-લીધાનાં સંતોષથી ભરેલો.'

ગુજરાતી ભાષા-સાહિત્યમાં મા-દીકરીના આવા સખીસંબંધની, આટલી આત્મીય ઉષ્માની મહેક રેલાવતી વાર્તા અદ્યાપિ વાંચવા મળી નથી.

પુરુષો સ્ત્રીસંબંધિત લખે ત્યારે એમને 'પરકાયાપ્રવેશ'નો પુરુષાર્થ કરવો પડે જ્યારે લેખિકાઓ એ દિશામાં સહજપણે પ્રવર્તી શકે. 'હાથતાળી' આનું હાથવગું ઉદાહરણ ગણાય. હિમાંશીની ઘણીબધી કૃતિઓમાં વિવિધ નારી-પાત્રોનું રેખાંકન તંતુએ તંતુમાં વિશિષ્ટ રહ્યું છે. બાના પાત્રની પેઠે 'હાથતાળી'નાં ફોઈ-બા, યોગેશ અને ખાસ તો મહેશને હાથતાળી દઈ કેવી રીતે મૃત્યુના આશ્લેષમાં સરકી ગયાં તેની કાળગતિનો ગ્રાફ બારીકીથી કંડારાયો છે. કથાન્તે મહેશની ભોંઠપ ટાઇમ જ નહિ સ્પેસની રીતે એક લસરકામાં પ્રત્યક્ષ થઈ છે : 'પણ હું તો અહીં આટલે જ, સાવ સામે જ હતો ને...' ઘટના સૌના અનુભવની, રોજિંદી છતાં રચનાનિર્મિતિ સ્થૂલ અંશોને પ્રવેશવા દેતી નથી.

પતિ દેવકાન્તને 'વો દૂસરી નારી' શોભના આખો ને આખો ચોરી ગઈ એનો બેવડાયેલો 'થાક', એ નામની વાર્તામાં વણાયો છે. ત્યાં દેવકાન્ત પરના શોભનાના કાર્ડની ધાર કાચ પર અજાણતાં આંગળી ફરી જાય તેવી અને એક ફોટામાં શોભનાના ફરફરાટ વાળ દેવકાન્તના ગાલને અડકતા દર્શાવીને કામ કાઢ્યું છે.

'પ્રેમપત્રો'માં પણ એક ગૃહિણી, પતિ રાકેશના નીરસ સાથથી વાજ આવી ગુલાબી સૃષ્ટિના કાગળ મોકલનારને મળવા પહોંચે છે ત્યાં એ પત્ર-સર્જક 'કાગજ કે ફૂલ' જેવો નીકળે છે. કોઈ સુંદર સ્ત્રીને પત્રથી જીતી, દેખાડો કરવાની શરત બકેલો માણસવાળો અંત ફિલ્મી-સીરિઅલનો વધુ લાગે છે. 'ગાઇડ' વાર્તાના શરવનકુમારની ચાલાકી પણ કર્તાની ચતુરાઈની ચાડી ખાય છે! 'શરમ વિનાનો'નો પુરુષ ગાડીમાં નિરુપાયે સ્ત્રીઓના ડબ્બામાં ચઢી જાય છે પણ એને ગુંડો જ ધારી બોલકી બાનુઓ સળિયો છોડાવી ટ્રેન નીચે ચગદાઈ જવા દે છે ત્યારે મરનારને એક ચહેરો 'પંદર-સત્તરની સુની કે ચમેલી' જેવો અંતે ભળાય છે. તેનું કથન હિચકૉકના 'ધ રૉન્ગ મૅન' જેટલું તીવ્ર લાગે.

નંદિનીનું પાત્ર 'ચાલી નીકળવું'માં જેમ્સ જોયસની એવલિનના કુળનું કળાય, જે છેલ્લી ક્ષણે જતું જતું, પાછું જ્યાં છે ત્યાં જ, સંયોગાધીન રહી જાય.

કથનકેન્દ્રના મુદ્દે 'સાંજનો સમય'ની નિત્રીના વ્યૂ પૉઇન્ટ જેમ 'તટસ્થ'માં ભાવિ પત્ની કુસુમનો એના છૂપા પ્રેમી સાથેના આપઘાતની વજનદાર ઘટનાનિમિત્તે જયેશનો દૃષ્ટિકોણ પણ રસપ્રદ છે.

'સામેવાળી સ્ત્રી'માં ટ્રેનના ડબ્બામાં બેઠેલી માયા દસ વરસથી કૅલિફૉર્નિયામાં વસતી ઇન્ડિયા આવેલી અમેરિકન લાઇફ સ્ટાઇલની વાતો જૂઠા વટથી વેરતી આધુનિકામાં રસ લે છે એ તો સમજ્યા, પણ વાર્તાનો અંત - તારકચિહ્ન પછી - લેખિકાના રીતિવિશેષથી અણધાર્યો વળાંક લે છે. એ જ રીતે 'ઘરે, પડેલાં ને ઊભેલાં'માં ભૂકંપગ્રસ્તોને મોંઘી ભેટો દાનમાં મળેલી તે જાણી અભાવત્વનો પ્રતિનિધિ બાળક નયન 'આપણે અહીં કેમ ભોંય હલી નહિ...?' જેવું પૂછે છે ત્યારે વિધિની વક્રતા વાગ્યા વિના રહેતી નથી. 'નબળો માટી બૈયર પર શૂરો'ની પ્રતિ-છવિ સમી 'મુઠ્ઠીમાં'ના હીરો પરભુની ભાષામાં, પાત્રાનુરૂપ વાક્સામર્થ્ય માણવા મળે છે.


'ભાઈજી'માં લોકેશનની અધિકૃતતા સાથે ખાડો અને ખાસ તો 'તોતિંગ ઝાડ'ની પ્રતીકક્ષમતાનો અનાયાસ કસ કાઢી શકાયો છે. પૃ. ૧૦૧ પર નાયિકાની સંવેદનાને છતી કરતી હિમાંશીની ઉપમા અભિનંદનીય રૂપ વહી લાવી છે :


'સ્પર્શથી પ્રાણીની ચામડી જેમ થરકે તેવું ભીંતને ય થાય એમ માનીને આંખોને ભીની થવા દીધેલી...'

- રાધેશ્યામ શર્મા

['સાંજનો સમય' લે. હિમાંશી શેલત, પ્રકાશક : અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કોમ્પ્લેક્ષ, ગાંધી રોડ, પાડા પોળ સામે, અમદાવાદ - ૩૮૦૦૦૧, પૃ. ૧૪૮, કિં.રૂ. ૫૫]

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





અંગુલિનિર્દેશ

પસંદગી



કવિ દિલહર સંઘવીકૃત 'પસંદગી' કાવ્યસંગ્રહ તેના નામ પ્રમાણે તેમના કાવ્યસંગ્રહો 'ગૌતમી', 'કસ્તૂરી' અને 'દિશા'માંથી તેમજ અન્ય અપ્રકટ કાવ્યોમાંથી પસંદગી કરાયેલ ગીત-ગઝલોનો સમનવ્ય છે. 'દિલહર' ઉપનામ ધરાવતા કવિનું મૂળ નામ છે હરિપ્રસાદ મોહનલાલ સંઘવી. પુસ્તકની પ્રસ્તાવનામાં શોભિત દેસાઈ નોંધે છે કે દિલહર શેરની સંખ્યામાં થોડાક ઈન્તખાબી બન્યા હોત તો હજુ વધુ માર્મિકતા સિદ્ધ કરી શકત.

'પસંદગી' સૌ કાવ્યરસિકોની પસંદગી બને એવી શુભેચ્છા સાથે એકાદ શે'ર માણીએ :

કોઈ જરા જઈને શિલ્પીનું ધ્યાન દોરો,
હૈયું નથી મૂક્યું એ મૂર્તિમાં રહી છે ખામી.

['પસંદગી' (કાવ્યસંગ્રહ) લે. દિલહર સંઘવી, પ્ર. ચી. ના. સંઘવી, વત્સ હાઉસ, બીજે માળ, જન્મભૂમિ માર્ગ, મુંબઈ-૧, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૧૦૦]

શબ્દનગર



સાહિત્ય અને પત્રકારત્વક્ષેત્રે રજનીકુમાર પંડ્યાનું નામ સ્હેજે અજાણ્યું નહીં હોય. તાજેતરમાં જ એમને 'ફિલ્માકાશ' લેખમાળા માટે ૨૦૦૩ના વર્ષનો 'કુમાર સુવર્ણચંદ્રક'ની પણ જાહેરાત થઈ છે. 'શબ્દનગર'માં રજનીકુમાર પંડ્યાએ પોતાના વિવેચના- ત્મક લેખોને ગ્રંથસ્થ કર્યા છે. પુસ્તકને અભ્યાસલેખો, અવલોકન, શબ્દનગરની નિજ ગલીમાં અને થોડું છૂટુંછવાયું એમ ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું છે. અભ્યાસલેખોમાં ગુજરાતી ટૂંકી વાર્તા, ધારાવાહી નવલકથા અને ચરિત્રાત્મક સાહિત્ય વિશેના લેખો છે. જ્યારે અવલોકનમાં પુસ્તક-વિવેચન છે. શબ્દનગરની નિજ ગલીમાં લેખકે પોતાની કેફિયત નિરૂપી છે.

અભ્યાસ, અવલોકન, કેફિયત અને થોડું છૂટુંછવાયું સર્જન સમાવતા આ 'શબ્દનગરો'માં સાહિત્યરસિકોએ એકાદ લટાર **અવશ્ય મારવી જોઈએ.** ['શબ્દનગર' (વિવેચનાત્મક લેખો) લે. રજનીકુમાર પંડ્યા, પ્ર. આર. આર. શેઠની કંપની, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૨, કિં.રૂ.૧૫૦]

કલાવાર્તા

બંગાળી સમકાલીન કલાકાર
જોગેન ચૌધરી




૧૯૩૯માં હાલના બાંગ્લાદેશના ફરિદપુરમાં જન્મેલા જોગેન ચૌધરી ૧૯૬૦માં ગર્વમેન્ટ કૉલેજ ઑવ્ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ કલકત્તામાંથી ગ્રેડ્યુએટ થયા. ૧૯૬૫માં ફ્રેન્ચ સરકારની સ્કૉલરશિપ મેળવી તેઓ પૅરિસ ગયા અને ત્યાંની ઇકોલ દ બોઉ આર્ટ્સ અને એતલિયર ૧૭માં કલા-વિષયક અભ્યાસ કર્યો. ૧૯૬૬થી ૧૯૬૮ સુધીમાં તેમણે ફ્રાંસ, ઇટલી, યુ.કે., વેસ્ટ જર્મની, હૉલૅન્ડ, સ્વિટ્ઝરલૅન્ડ, ગ્રીસ અને ઇજિપ્તના મ્યૂઝીઅમો અને કલા-સંસ્થાઓની મુલાકાત લીધી. ૧૯૬૮માં ભારત પાછા ફરી મદ્રાસમાં ટેક્સટાઇલ ડિઝાઇનર તરીકે તેમણે સેવાઓ આપી. ૧૯૭૨માં રાષ્ટ્રપતિભવન, ન્યૂ દિલ્હીમાં ક્યૂરેટર તરીકે દાખલ થયા. ૧૯૮૨માં પશ્ચિમ જર્મની અને ઇટલીમાં ભારતીય અને જર્મન કલાકારોની કલાશિબિરમાં ભાગ લીધો. ૧૯૭૦મા 'કલકત્તા પેન્ટર્સ ગ્રૂપ'ના સભ્ય બન્યા. ૧૯૮૫-૮૬માં યુ.એસ.એ.માં ભરાયેલા ફેસ્ટિવલ ઑવ્ ઇન્ડિયામાં 'ભારતીય આધુનિક અને સમકાલીન ચિત્રો'ના પ્રદર્શનમાં તેમનાં ચિત્રો પ્રદર્શિત થયાં. ૧૯૯૬નાં સોથબીના લિલામમાં પણ તેમનાં ચિત્રો પસંદ કરાયાં. હાલમાં તેઓ શાંતિનિકેતનમાં રહે છે અને ત્યાં જ ચિત્રસર્જન કરી રહ્યા છે. ૧૯૬૫થી ૨૦૦૦ની સાલ સુધીમાં તેમના કેટલાક વન-મૅન શૉ તથા ગ્રૂપ શૉ થઈ ચૂક્યાં છે. પૅરિસ, કલકત્તા, મદ્રાસ, ન્યૂ દિલ્હી, વડોદરા, અમદાવાદ, બ્રાઝિલ, જપાન, વેસ્ટ જર્મની, સ્વિટ્ઝરલૅન્ડ, ભોપાલ, મુંબઈ જેવાં વિવિધ સ્થળોએ તેમનાં ચિત્રો- પ્રદર્શનોમાં મુકાયાં હતાં. અનેક ગૌરવપ્રદ ઇનામો ભારતમાં અને પરદેશમાં તેમણે મેળવ્યાં છે. ૧૯૬૬માં ચિત્રકલાનું શ્રેષ્ઠ ઇનામ તેમણે પૅરિસમાં મેળવ્યું. તેમનાં ચિત્રો નૅશનલ ગૅલરિ ઑવ્ મૉડર્ન આર્ટ, લલિત કલા અકાદમી દિલ્હી, ભારતભવન, ભોપાલ, વિક્ટોરિયા ઍન્ડ આલબર્ટ મ્યૂઝીઅમ લંડન, પૅરિસની ગૅલરિ હાન્ત, ચંદીગઢનું પંજાબ સ્ટેટ મ્યૂઝીઅમ, મદ્રાસની રાજ્ય લલિતકલા અકાદમી, પંજાબ યુનિવર્સિટી મ્યૂઝીઅમ તથા ભારતનાં અને પરદેશનાં ઘણાં ખાનગી સંગ્રહાલયોમાં સચવાયાં છે. જાણીતા ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાના સંગ્રહમાં તેમનાં સર્જનાત્મક ડ્રૉઇંગ્સ સચવાયાં છે.


જોગેન ચૌધરીએ તેમનું બાળપણ ગરીબાઈમાં પસાર કર્યું. કેટલાક વિવેચકોને મતે તેમના બાળપણના દુઃખદ અનુભવોએ જ તેમનાં ચિત્રોનાં ચરિત્રને કે પ્રધાન લક્ષણોને આકાર આપ્યો છે. જોગેનનો તેના માહોલ પરત્વેનો અભિગમ હંમેશાં એક ત્રાસ પામેલા વ્યક્તિત્વ જેવો છે. ચિત્રકલા વિશે વધુ જાણકારી તેમણે પૅરિસમાં મેળવી છે.

જોગેને તેમનાં ચિત્રોમાં રોજિંદા જીવનમાં મળતા ઘણાં પાત્રો પર કટાક્ષ કર્યો છે, તેમનો ઉપહાસ કર્યો છે. વળી તેમણે બંગાળી બુદ્ધિજીવીઓને પણ તેમના કટાક્ષપ્રહારમાંથી મુક્ત રાખ્યા નથી, છતાં ખૂબ ઝીણવટભરી દૃષ્ટિથી તેમનાં ચિત્રોને તપાસીએ તો આપણને સ્પષ્ટ થશે કે જોગેને એક કૅરિકેચરિસ્ટની પદ્ધતિ વાપરી લોકોની કરુણા અને તીવ્ર વેદનાને તેઓ બહાર લાવ્યા છે. એક સાચા ચિત્રકારની માફક જોગેન તેના અંતરાત્મા અને અનુકંપા દ્વારા તેમના કૅનવાસ પરનાં પાત્રોને નિરૂપે છે, પરંતુ આ પ્રકારનું સંવેદનશીલ પાત્રાલેખન કે માનવા-કૃતિસર્જન તો પોતે જે કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેનો એક ભાગ માત્ર છે. તેઓ 'દુરિત'ના પ્રશ્નથી પણ ચિંતિત છે અને તેથી જ તેમનો કેટલીક કરોડરજ્જુવિહીન, લબડતી ચામડીવાળી આકૃતિઓ આપણને એવી લાગે છે કે તેઓ સેતાનના આદેશથી જ કામ કરે છે !

જોગેનનાં ચિત્રોમાં સૌથી પ્રભાવિત કરનારી બે વસ્તુઓ છે : પ્રથમ છે તેમની રંગદર્શી સંવેદનશીલતા કે જેનું સૂક્ષ્મ મિશ્રણ સંપૂર્ણ છે. બીજું છે તેમના કેનવાસ પર તેમણે સર્જેલાં આકારો અને પદાર્થોનું દક્ષતાપૂર્ણ પોત તથા તેમની સપાકાર રેખાઓ. કોઈ વાર કોઈ પતંગિયાના કે વૃક્ષના આલેખનવાળા ચિત્રમાં પણ હંમેશાં જે જોવા મળે છે તે રમૂજી લાગતા માનવો કે જેઓ જાણે રક્તપિત્ત કે એવા જ કોઈ ચામડીના રોગ કે દર્દથી પિડાઈ ન રહ્યાં હોય. તેમનાં ચિત્રોમાંની માનવાકૃતિઓની રૂપરેખાઓ કે બાહ્યરેખાઓ પણ હંમેશાં અંદરથી દોરાયેલી હોય એવી લાગે છે અને તેથી જ ત્રિપાર્શ્વીય આકૃતિઓમાં જોવા મળતી વિસ્તૃતતા અહીં ગેરહાજર છે. આ સર્જનકાર્ય જોગેને જાણીબૂઝીને તથા ખૂબ હોંશિયારીથી કર્યું છે. તેમનાં ચિત્રોમાં આપણે ધ્યાનપૂર્વક જોઈશું તો રેખાઓ અન્ય રેખાઓની આજુબાજુ ગૂંથાયેલી છે અને એકબીજાને સામસામે કાપતી નથી. બારીક જાળી જેવું પોત કેટલીક વાર વધુ ઘેરું દેખાય છે તો કેટલીક વાર સુકુમારપણે પારદર્શી વસ્ત્ર જેવું પાતળું. આ ધ્યાન-પાત્ર લક્ષણો જ જોગેનના પ્રશંસકોને તેને માટે અભિમાન તથા આદર ઉત્પન્ન કરે છે અને ખરેખર તો ખુદ કલાકાર જોગેન પણ તેનાથી ગૌરવ-ન્વિત બને છે. - *બંસીલાલ દલાલ*




યુગલ


સ્ત્રી

કલાવૃત્ત

રૂપદા કલાપ્રદર્શન ૨૦૦૪

દક્ષિણ ગુજરાત અમલસાડ, કલા મહાવિદ્યાલયના આદ્ય સ્થાપક આચાર્ય શ્રી જસુભાઈ નાયકે 'રૂપદા' કલાવર્તુળ ઊભું કર્યું. અમલસાડ કલા મહાવિદ્યાલયના અનેક વિદ્યાર્થીઓ અને દક્ષિણ ગુજરાતના કલાકારો દ્વારા કલાપ્રવૃત્તિએ વેગ પકડ્યો. શ્રી જસુભાઈ શિક્ષા ને દીક્ષાગુરુ બન્યા.



આદિવાસી કન્યા : કમલ રાણા

રૂપદાની સ્થાપનાને આજે ૨૫ વર્ષ થયાં. સ્થાપનાકાળથી નિયમિત રીતે આજ સુધી કલા-પ્રદર્શનો ને કાર્યશિબિરો થતાં રહ્યાં છે. તેના પ્રમુખ તરીકે નિવૃત્ત આચાર્યશ્રી રમેશભાઈ નાયક (અમલસાડ) છે ને મંત્રી તરીકે શ્રી હરિભાઈ ટંડેલ.



રતનવાડી : હરિભાઈ ટંડેલ

ગુજરાત રાજ્યના સ્થાપના દિને, ગૌરવ દિને, રૂપદા દ્વારા સુરતમાં એક ભવ્ય પ્રદર્શનની યોજના થઈ. ૧લી મે ૨૦૦૪થી પાંચ દિવસ માટે ૭૦ જેટલાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું. ચિત્ર, શિલ્પ, ગ્રાફ્સ અને સુંદર ફોટોગ્રાફ મુકાયાં. ગૅલરિનું વાતાવરણ રંગમય રહ્યું. કલારસિકોથી ગૅલરિ છલકાઈ. ભૂમિગત લૅન્ડસ્કેપ સૌથી ધ્યાનાકર્ષક રહ્યા. ચિત્રોમાં નવા પ્રવાહો દેખાયા. પોઈન્ટાલિસ્ટ શૈલીના લૅન્ડસ્કેપ ખૂબ કલાત્મક હતા. વૂડ સ્કલ્પચરની ભાઈ રજનીકાન્ત ચૌહાણની કૃતિઓ મોટા કદની ને નાવીન્યપૂર્ણ હતી. શ્રી ડી. ટી. પાટેકરનું વેજિટેબલ પોર્ટ્રેટ પૂરી પકવતા ધરાવતું હતું. સમગ્ર પ્રદર્શન પ્રયોગ-શીલતા તરફ ગતિમંત હતું. આ પ્રદર્શન એટલે કલાકાર-મિલન અને કલારસિકોનો લોક-મેળો. – *નટુ પરીખ*



યુગલ : રજનીકાન્ત સી. ચૌહાણ (વુડનશિલ્પ)



પોર્ટ્રેટ : ડી. ટી. પાટેકર

સી.એન.એ.ટી.ડી. વિદ્યાર્થીઓનું ચિત્રપ્રદર્શન

શેઠ સી.એન.ફાઈન આર્ટ્સ આંબાવાડી અમદવાદ એ.ટી.ડી. વિભાગનાં વિદ્યાર્થીઓનું એક સુંદર ચિત્રપ્રદર્શનનું આયોજન 'આર્ટ પૅલેસ'નામક આર્ટ ગૅલરિ ગુજરાત કૉલેજ પાસે તા.૧૨.૭.૨૦૦૪ થી ૧૮.૭.૨૦૦૪ સુધી યોજાઈ ગયું.


આ પ્રદર્શનમાં કુલ ૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ લખનારે જણાવ્યું કે, 'આ ચિત્રપ્રદર્શનમાં કુલ ૧૫ પેઇન્ટિંગો વિદ્યાર્થીઓએ બનાવ્યાં છે. જેમાં બ્લૅક ઇન્ક, ડ્રાઇ પેસ્ટલ અને ચારકોલનો વધુ ઉપયોગ કરેલ છે. પ્રજાપતિ વંદનાએ બ્લૅક ઇન્કને કિત્તા વડે ભીના પેપર ઉપર સ્પ્રેડ કરીને માનવઆકૃતિઓ અને છત્રી સાથે વર્ષાઋતુનું પેઇન્ટિંગ કરેલ છે. ઇન્કમાં પાણીનું વધુ-ઓછું પ્રમાણ કરી વિવિધ ટોન પણ સુંદર રીતે ઊભા કરેલ છે. ઇન્ક ઉપરની પકડ વંદનાના પેઇન્ટિંગમાં જોવા મળે છે. ઇન્કથી લાઇટ-ડાર્કનો ઉપયોગ કરી પર્સ્પેક્ટિવ ઊભું પણ કર્યું છે. જ્યારે કેટલાંક ચિત્રમાં રંગીન શાહી, માનવઆકૃતિ જોડે મૂકી આકૃતિને બહાર લાવવાની કોશિશ કરી છે.'


પટેલ ભાવિકે ગ્રામ ઘરો અને શેરીને પોતાના ચિત્રમાં દોર્યાં છે મૂળ ગ્રામ જીવનમાં ઉછરેલ ભાવિકને ગ્રામજીવન ખૂબ ગમે છે. તેણે પોતાના ઘરને સુંદર બ્લૅક ઇન્ક પેનમાં બતાવેલ છે. બ્લૅક ઇન્કમાં લીલી શાહી ઉમેરીને ચિત્રમાં ક્યાંક મૂકીને ઘરના કોઈ ભાગને અંદર તો કોઈ ભાગને બહાર દેખાડ્યો છે. પેઇન્ટિંગ જોવાથી તેની નિરીક્ષણ શક્તિ પણ દેખાય છે.

આ વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પ્રયત્નોથી આ પ્રદર્શન થયું હતું. નેહા ગુર્જરને તેના ઘરનો બગીચો બહુ ગમે છે. લીલાં પાંદડાં અને ચકલીઓને જોવી ખૂબ ગમે છે. તેણે કલર્સ ઇન્કનો પેઇન્ટ કર્યા પછી ઉપર ઑઇલ પેસ્ટલ ઘસીને ટેક્ષ્ચર ઊભું કર્યું છે અને પછી કલર્સ ઇન્ક ટ્રાન્સપરન્ટ રીતે વાપરી છે. વહેલી સવારે દાણા ખાતી ચકલીઓ, ઊડતી ચકલીઓ ખૂબ જ ફ્રેશ લાગે છે.

'આર્ટપૅલેસ' આર્ટ ગૅલરિમાં ટૂંક સમયમાં વધુ કલાકારો ત્યાં ચિત્રપ્રદર્શન આયોજન કરી શકે તે માટે એ.સી.ગૅલરિ સિવાય નૉન એ.સી. ગૅલરિ અને બહાર સ્ટૅન્ડ ઉપર પેઇન્ટિંગ લટકાવીને પણ પ્રદર્શન કલાકારો કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવનાર છે. – *બિરેન ભાવસાર*

નેહા ગુર્જર





પ્રજાપતિ વંદના


કલ્યાણી મહેતાની ચિત્રસૃષ્ટિ


૧૯૫૦માં ભાવનગરમાં જન્મેલાં કલ્યાણી મહેતાએ ચિત્રકલાની તાલીમ અમદાવાદની સી. એન. કૉલેજ ઑવ્ ફાઈન આર્ટ્સમાં લીધી. ૧૯૭૩માં ચિત્રકલામાં ડિપ્લોમા મેળવ્યો. ૧૯૭૫માં ગુજરાત રાજ્ય તરફથી આર્ટ માસ્ટરની પદવી મેળવી. ૧૯૭૨થી ૧૯૮૪ સુધીમાં દિલ્હી, જયપુર, સુરેન્દ્રનગર, મુંબઈ, અમદાવાદ જેવાં સ્થળોએ યોજાયેલાં જૂથ પ્રદર્શનોમાં ભાગ લીધો. તેમનાં વૈયક્તિક પ્રદર્શનો અમદાવાદમાં, ન્યૂ જર્સી, યુ. એસ. એ.માં, રાજકોટની શ્યામાપ્રસાદ મુકર્જી આર્ટ ગૅલરિમાં તથા ૨૦૦૪માં મુંબઈની જહાંગીર આર્ટ ગૅલરિમાં યોજાયાં. તેમનાં ચિત્રો વિવિધ જાહેર અને ખાનગી સંગ્રહોમાં સચવાયાં છે. ૧૯૭૭માં ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા કુલુમનાલિમાં આયોજિત કલાકારોની શિબિરમાં ભાગ લીધો. વિશ્વગુર્જરી દ્વારા યોજિત પ્રદર્શનમાં તેમનાં બે ચિત્રો પસંદગી પામ્યાં. તેઓ 'વિબગ્યોર' કલાગ્રૂપના સભ્ય હતાં. વર્તમાનમાં તેઓ ફ્રીલૅન્સર કલાકાર છે અને અલકાપુરી વડોદરા સ્કૂલ સાથે સંકળાયેલા છે. નાનાં ભૂલકાંઓને ચિત્રકલાનું શિક્ષણ આપવામાં તેઓ ખાસ રસ લે છે.


કલ્યાણી મહેતા પ્રધાનપણે આકૃતિપ્રધાન કલાકાર છે. તેમનાં સર્જનાત્મક ચિત્રોમાં તેમની કલ્પના-શીલતા, સર્જનાત્મકતા ઉપરાંત મનો-વૈજ્ઞાનિક અભિગમ અભિવ્યક્ત થયા છે. તેમના શબ્દોમાં જ કહીએ તો 'આ ચિત્રો મારી પોતાની જ અનુભૂતિની અભિવ્યક્તિ છે. આ સમગ્ર સર્જનપ્રક્રિયા દરમિયાન હું અનુભવું છું કે મારા અંતઃસ્તલમાં ઊંડે ઊંડે ઢબૂરાયેલી અજ્ઞાત સ્ત્રી જાણે અંતરીક્ષને ચીરીને પ્રકટ થવા તલસી રહી છે, અને મુક્ત પંખીની જેમ ગગને વિહરવા ઝંખી રહી છે.' પરંપરાગત ખયાલોની શૃંખલાને તોડીને બહાર આવવા મથતી સ્ત્રીને પોતાનાં ચિત્રોમાં મૂર્તિમંત સ્વરૂપ આપી કલ્યાણીએ પોતાના ક્રાંતિકારી, સ્વતંત્ર વિચારો દર્શાવી જગતને સ્ત્રીશક્તિનો પરિચય આપ્યો છે, પરંતુ ઉગ્ર નારીવાદી બનીને નહિ. તેમનાં સ્ત્રી-પાત્રચિત્રણમાં ઋજુતા છે, લાલિત્ય છે, લાગણીશીલતા છે. ઊડતાં પંખીઓ તથા વૃક્ષોના સાંનિધ્યમાં તેમની રૂપાયિત સ્ત્રીઓ પ્રતીકાત્મકપણે મુક્તિની ઝંખના વ્યક્ત કરે છે. કેટલાંક ચિત્રોમાં ડુંગરો સ્વયં સ્ત્રીઆકાર ધારણ કરે છે. પંખીઓ અને વૃક્ષોની હાજરીમાં આ પ્રકારનું રૂપાંતરણ સ્ત્રી અને પ્રકૃતિના ઐક્યનું સૂચક બને છે. તેમણે સ્વતંત્ર દૃશ્યચિત્રો પણ સર્જ્યાં છે.

કલ્યાણીનાં ચિત્રોમાં એકલતાની તીવ્રતમ અનુભૂતિ ઘની-ભૂત થઈને સમગ્ર ચિત્રોમાં વ્યાપ્ત થઈ છે. તેમણે શુદ્ધ રંગોથી ઋજુ પોત સર્જીને, મૃદુ ટોનમાં સ્ટ્રોક્સ અને ટપકાં-શૈલીનો વિનિયોગ કરી સપાટ આકારોને જીવંત કરી દીધા છે. તેમનાં ચિત્રોમાં સાદગી છતાં તાજગી અનુભવાય છે. કલ્યાણીના ભાવાત્મક, પ્રતીકાત્મક સ્ત્રીપ્રધાન ચિત્રો તેમને એક આશાસ્પદ યુવા સ્ત્રી-કલાકાર તરીકે સ્થાપે છે. *- બંસીલાલ દલાલ*


પ્રતીકાત્મક, ભાવવાહી પ્રકૃતિ અને માનવ(સ્ત્રી)નું ઐક્ય વ્યક્ત કરતું ચિત્ર







કલાવૈભવ



શોભાનો પંખો, લૅમ્પ

અત્રે રજૂ કરેલ પંખો માત્ર શોભામાં રાખવા માટેનો ડેકોરેટિવ નમૂનો માત્ર છે. કાશ્મીરના કલાકારો અખરોટના લાકડામાંથી કેવી સુંદર કોતરણી કરે છે તેનો અદ્ભુત નમૂનો કહી શકાય. ઉતારેલા પાયાના ભાગની વચ્ચે ચોરસ આકારમાં કોતરણી છે આપેલા આકારમાં નાનો બલ્બ હોવાથી રાત્રે આછો પ્રકાશ ઝીણી જાળીમાંથી આવતો હોય ત્યારે આકર્ષક લાગે છે. પંખો અને થાંભલો -બેઝ બે છૂટા થઈ શકે છે. જેથી સરળતાથી લઈ-લાવી શકાય.

- ગજેન્દ્ર શાહ

કલાસ્મૃતિ

ડિઝાઈનર માર્સલ બ્રુએર



જગતભરમાં વધતી જતી સમૃદ્ધિ સાથે વિજ્ઞાનની નવી શોધખોળ મનોરંજન અને એશઆરામ માટેની નવીનતમ સુખસગવડોનું નિર્માણકાર્ય ચાલુ જ રહેલ છે. દૈનિક કારોબાર, રાત્રિના આરામ માટે સગવડદાયક ફર્નિચરની જરૂરિયાત ઊભી થતી ગઈ. તેમ તે માટેની વિવિધ રચનાઓ પણ પ્રકાશમાં આવતી ગઈ. દેશમાં આવેલા મુઘલો, ફિરંગીઓ, પોર્ટુગીઝો અને કંપની સરકારના અમલદારો પોતાને અનુકૂળ ફર્નિચરના નમૂના લાવ્યા અને ભારતીય કારીગરો પાસે બનાવડાવ્યા. આમ નવા જમાનાની હવા શરૂ થઈ.

સમય જતાં જગતભરમાં સ્થાપત્ય અને બાંધકામ ઉદ્યોગનો જમાનો પૂર-જોશમાં ફૂલ્યોફાલ્યો. નકશ હુકમ નગરો, મહાલયો, કૉલોનીઓ, અપાર્ટમેન્ટ્સ બંધાવાં લાગ્યાં. નવી જાતની સાધન સામગ્રી આવવા લાગી. પરદેશની ફર્નિચર કંપનીઓનું ભારતમાં આગમન થયું. આ સમયકાળ સન ૧૯૫૦ આસપાસનો ગણાય છે. બીજા વિશ્વયુદ્ધની શરૂઆતમાં વૉલ્ટર ગ્રોપીયસ નામના સ્થપતિએ 'બાઉ હાઉસ'નામે એક 'ડિઝાઈન શાળા' સંસ્થા શરૂ કરી હતી, જેમાં ખૂબ જ પ્રતિભાશાળી પ્રાધ્યાપકો હતા અને અવનવી શોધ કરતા હતા. તેમાં સ્થપતિ ડિઝાઈનર માર્સલ બ્રુએરે સન ૧૯૨૮માં 'લા સેસ્કા'નામની એક ખુરશી ડિઝાઈન કરી, જેણે જગતભરમાં ફર્નિચર ડિઝાઈનની વ્યાખ્યા જ બદલી નાખી. ડિઝાઈનરો અવાક થઈ ગયા, કારણ કે તે જમાનામાં ફર્નિચર ખુરશી, ટેબલ, બધું લાકડામાંથી જ બનતું હતું. જ્યારે આ નવી ખુરશી, જેને આપણે કૉન્ડયૂટ પાઈપ તરીકે ઓળખીએ છીએ તે પોલા પાઈપને વાળીને તૈયાર કરવામાં આવેલ. તેની સીટ અને પીઠને લાકડાની ફ્રેમમાં સીંગાપુરી નેતર ભરીને પ્રમાણસરના માપતાલ સાથે પૂર્ણ કરવામાં આવેલ. પાઈપના સ્હેજ જમ્પિંગ ઍક્શનને લીધે, બેસનારને આનંદ થતો. આ ચેર લાકડાની ચેર કરતાં ખૂબ જ ઓછી કિંમતમાં ઉપલબ્ધ થવાથી વધારે પ્રચલિત થઈ. ઉપરાંત ફૅક્ટરીઓ દ્વારા જથ્થાબંધ ઉત્પાદન પણ શક્ય બન્યું.

આપણા દેશમાં ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે કે જે આ ખુરશીમાં બેઠી નહીં હોય. દરેક સરકારી-બિનસરકારી કાર્યાલયોમાં આ ચેર જોવા મળે છે. આપણા દેશની આ ચેરની અનુકૃતિ કરતી કંપનીઓએ તેમાં પોતાની સગવડ ખાતર ફેરફારો કર્યા છે. આ ખુરશીનાં આર્મરેસ્ટ-હૅન્ડલ કાઢી નાખવામાં આવ્યાં, જેથી વધારે સ્ટેકિંગ થઈ શકે. વર્ષો પહેલાં સન ૧૯૬૦માં અમદાવાદમાં 'અમેરિકન ડિઝાઈન' નામનું એક મોટું પ્રદર્શન 'ડોમ' સ્વરૂપે સંસ્કાર કેન્દ્રના પટાંગણમાં યોજાયેલું, જેમાં ઘણાબધા પ્રસિદ્ધ ફર્નિચરના નમૂના જોવા મળેલા. આજે ભેટ સ્વરૂપે નૅશનલ ડિઝાઈન સંસ્થા પાસે સચવાયેલા છે. પાછળથી પ્રદર્શનનો ઉપરોક્ત 'ડોમ' નાના સ્વરૂપે રિલીફ રોડ ઉપર 'કેલિકોડોમ' તરીકે જાણીતો થયો હતો. કોઈ પણ ચીજ વસ્તુનો આકાર અને સૂઝબૂઝ સાથેની ડિઝાઈન આકૃતિ સમાજમાં કેટલી જબરદસ્ત અસર ધરાવે છે તેનું આ 'લા સેસ્કા' ચેર ઉદાહરણ કહી શકાય. વાચક અત્રે રજૂ કરેલ ખુરશીનું ચિત્ર જોતાં કહેશે કે, અરે ! આ તો ગોદરેજ, ખીરા કે ચંદન કંપનીની ચેર છે !



પણ ના, આ બધી તો અનુકૃતિ કરનાર સેકન્ડ હૅન્ડ કંપનીઓ છે. આ ચેરની મૂળ ડિઝાઈન તો વર્ષો પહેલાં સન ૧૯૦૨માં હંગેરીમાં જન્મેલા દાદુ ડિઝાઈનરે સન ૧૯૨૮માં જર્મનીની 'બાઉ હાઉસ' સંસ્થામાં ડિઝાઈન કરીને ઑફિસ ચેર માટેનો એક નવો જ ઈતિહાસ સર્જ્યો હતો. આ સ્થપતિ ડિઝાઈનર માર્સલ બ્રુએર, 'બાઉ હાઉસ' આક્રમણ બાદ અમેરિકા ચાલ્યા આવ્યા. અહીં તેમણે વૉલ્ટર ગ્રોપીયસ સાથે સ્થાપત્યના કામકાજનો વ્યવસાય કર્યો, પણ ફાવટ આવી નહીં. બંને છૂટા પડ્યા. બ્રુએરને સ્થાપત્યનું કામકાજ ન મળતા નાનામોટા રિનોવેશન અને ઈન્ટીરિઅર ડેકોરેશનનું કામ કરવા માંડ્યું. ફર્નિચર ડિઝાઈન કરવામાં વધારે ફાવટ આવી. તેમણે ડિઝાઈન કરેલા ફર્નિચરના ઘણા નમૂનાઓ જાણીતા થયા. પણ તેમનું નામ જગતભરમાં જાણીતું થયું 'લા સેસ્કા ચેર'થી.

સન ૧૯૭૬માં તેઓ વ્યવસાયમાંથી નિવૃત્ત થયા. સન ૧૯૮૧માં ૭૯ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. જગતને નવા જ પ્રકારની ખૂબ જ અનુકૂળ ખુરશીની ડિઝાઈન આપનાર ડિઝાઈનર સ્થપતિ માર્સલ બ્રુએરને સલામ.

– ગજેન્દ્ર શાહ



દિલ્હીથી ૨૨૨ કિમી દૂર આવેલું હરદ્વાર ગંગા નદીના જમણા તટ પર વસેલું છે. ઉત્તરાખંડની યાત્રાનો પ્રારંભ અહીંથી થાય છે એટલે હરદ્વાર એ હિમાલયનું પ્રવેશદ્વાર ગણાય છે. હર-કેદારનાથની યાત્રાનો આરંભ અહીંથી થાય છે એટલે એ હરદ્વાર કહેવાય છે. હરિ-બદરીનાથની યાત્રાનો આરંભ અહીંથી થાય છે એટલે એ હરિદ્વાર પણ છે. ઉપરાંત અહીંથી ગંગામૈયા મેદાનમાં પ્રવેશે છે એટલે ગંગાદ્વાર પણ છે.

હરદ્વાર એ પ્રાચીન ધર્મનગર છે. એમાં અનેક મંદિરો, આશ્રમો, અન્નક્ષેત્રો, ધર્મસ્થાનો અને આવાસસ્થાનો આવેલાં છે. હરદ્વારમાં દર બાર વર્ષે કુંભમેળો ભરાય છે. એમાં વિરાટ માનવમેદની એકત્ર થાય છે. દેવોના અમૃતકુંભમાંથી પડેલાં અમીછાંટણાં પ્રયાગ, ઉજ્જૈન, નાસિક અને હરદ્વારમાં પડ્યાં હતાં, એટલે એ સ્થળોની જેમ જ બાર વર્ષે અહીં પણ કુંભમેળો ભરાય છે અને મહામાનવમેળો એકઠો થાય છે. કુંભપર્વ સમયે હજારો સાધુ, સંતો, સંન્યાસીઓ, નાગા બાવાઓ, દશનામી સાધુઓ, જગદ્દગુરુઓ, મહામંડલેશ્વરો અને ગૃહસ્થો પર્વસ્નાન માટે એકત્રિત થાય છે. લગભગ વીસ લાખ સ્ત્રીપુરુષો હરદ્વારમાં ગંગાસ્નાન કરે છે. કુંભમેળા સમયે ભારતના બહુરંગી સમાજનું દર્શન થાય છે.



હે જી બેઉ તે બાજુએ સરખો મેલીએ
ડાબા-જમણાનો ભાર,
કાંઈ રે ઊંચું ન નીચું ત્રાજવે
રાખી સમતલ ધાર,
સઘળો વહેવાર ખાંતે કીજીએ.

('પ્રેમનો પર્યાય'માંથી) -રાજેન્દ્ર શાહ

સદ્દગત ચીનુભાઈ નાયક



કેળવણી ક્ષેત્રે કાર્યરત એવા ડૉ. ચીનુભાઈ જગન્નાથભાઈ નાયકનો જન્મ ૨૩ મે ૧૯૩૩ના રોજ અમદાવાદમાં સરખેજ મુકામે થયો હતો. સામાન્ય કુટુંબમાં જન્મ્યા હોવાથી તેમણે ખૂબ જ પરિશ્રમ કરીને પોતાની શૈક્ષણિક કારકિર્દી જમાવી હતી. એમ.એ. પૂર્ણ કર્યા બાદ રસિકલાલ પરીખના માર્ગદર્શન હેઠળ નાટકના અભિનય વિશે મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી હાંસલ કરી હતી. કિડનીની બીમારીને લીધે ૨૮ જૂન ૨૦૦૪ના રોજ અમદાવાદ ખાતે તેમનું દુ:ખદ અવસાન થયું છે.

વ્યવસાયિક કારકિર્દીનો આરંભ કેળવણી ખાતામાં કારકુન તરીકે કરી અભ્યાસ બાદ પ્રૉફેસર અને પછી આચાર્યપદ સુધી પહોંચનાર ડૉ. ચીનુભાઈ નાયક અમદાવાદની જાણીતી એચ.કે.આર્ટ્સ કૉલેજના પૂર્વ-આચાર્ય હતા. ૧૧ વર્ષ સુધી તેઓ આચાર્ય તરીકે કાર્યરત રહ્યા અને ૪૮ વર્ષ સુધી ગુજરાત વિદ્યાસભાના માનાર્હ મંત્રી તરીકે તેમણે સેવા આપી હતી. ભવાઈ અને જૂની રંગભૂમિના ચાહક હોવાના નાતે તેઓ ગુજરાત ભવાઈ કલાકાર સંઘના પ્રમુખ પણ રહી ચૂક્યા હતા.

ડૉ. ચીનુભાઈ નાયક ભરતમુનિરચિત નાટ્યશાસ્ત્રના પ્રખર નિષ્ણાત અને ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સંગીત, નાટક, નૃત્ય, શિલ્પ તથા સ્થાપત્ય કલાના તજ્જ્ઞ હતા. ગુજરાત રાજ્ય નાટ્યસંગીત અકાદમીના ઉપાધ્યક્ષ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. તેઓ 'બુદ્ધિપ્રકાશ' માસિકના સંપાદક તરીકે પણ કાર્યરત હતા.

'નાચીજ' ઉપનામ ધરાવતા ડૉ. ચીનુભાઈ નાયકે 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ'- ૪,૫,૬ (૧૯૭૬,૭૭,૭૮) ઉપરાંત 'અભિનયકલા રસ દર્શન' (૧૯૭૭), 'જગતના ધર્મો' (૧૯૭૯), 'ધર્મમંગલ' (૧૯૮૭) જેવાં પુસ્તકો પણ લખ્યાં છે. છેલ્લાં વીસેક વર્ષોથી 'ગુજરાત સમાચાર'ની બુધવારની 'શતદલ' પૂર્તિમાં 'ધર્મમંગલ' નામની કટાર લખતાં હતાં. સ્વભાવે તેઓ વિનમ્ર અને મિલનસાર હતા.

*

માર્લોન બ્રાન્ડો ઊર્ફે 'ગૉડફાધર'નું નિધન



તા. ૩જી એપ્રિલ ૧૯૨૪ના રોજ અમેરિકાના નેબ્રાસ્કા પરગણાના ઓમહા નગરમાં જન્મેલ માર્લોન બ્રાન્ડોનું તા. ૧ જુલાઈ ૨૦૦૪ના રોજ ૮૦ વર્ષની વયે ફેફસાની બીમારીને લીધે અવસાન થયું. બ્રાન્ડોના પિતા સેલ્સમૅન હતા અને માતા રંગમંચની શિખાઉ તારિકા. ગરીબ અને પછાત પરિવારમાંથી આ વતો હોવાને લીધે બ્રાન્ડોને મિલિટરી શાળામાંથી બરતરફ કરવામાં આવ્યો હતો. માતાએ બ્રાન્ડોને ન્યૂ યૉર્કમાં નાટ્યઅભિનયની તાલીમ માટે મોકલ્યો અને ત્યાર બાદ બ્રાન્ડો 'આશાસ્પદ અદાકાર' તરીકે નીખરી ઊઠ્યા.

૧૯૪૭માં 'અ સ્ટ્રીટકાર નૅમ્ડ ડિઝાયર' તેમની પહેલી ફિલ્મથી લોકોને હૈયે વસી ગયેલ બ્રાન્ડોને ૧૯૫૯ની 'ઑન ધ વૉટર ફ્રન્ટ' ફિલ્મે ઑસ્કાર અવૉર્ડ અપાવ્યો. હોલિવુડના સર્વશ્રેષ્ઠ અદાકરાના ખિતાબથી નવાજ્યો. ફ્રાન્સિસ ફોર્ડ કોપોલા નિર્દેશિત આ ફિલ્મ માટે બ્રાન્ડોને ઑસ્કાર અવૉર્ડ એનાયત થયો. અમેરિકામાં રહેતા મૂળ અમેરિકન રેડ ઇન્ડિયનોને થતા અન્યાયના વિરોધમાં તેઓ ઑસ્કાર અવૉર્ડ સ્વીકારવા જાતે ન ગયા અને પોતાના પ્રતિનિધિ તરીકે રેડ ઇન્ડિયન પ્રવક્તા સેવિન લિટરફાધરને મોકલ્યા અને અમેરિકન સરકારની રેડ ઇન્ડિયન વિરોધી નીતિઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. 'ધ ગૉડફાધર'માં બ્રાન્ડો અભિનિત ડૉન વિટો કૉરલિયોન નામનું પાત્ર એટલું વખાણાયું કે બ્રાન્ડોને 'ગૉડફાધર' નામથી જ લોકો નવાજવાં લાગ્યાં.

બે ઑસ્કાર મેળવી ચૂકેલ બ્રાન્ડો 'ઝપાટા', 'જૂલિઅસ સીઝર', 'સાયોનારા' અને 'લાસ્ટ ટૅગો ઇન પૅરિસ' ઇત્યાદિ ફિલ્મોથી ચર્ચામાં રહ્યા હતા.

બ્રાન્ડો પોતાની શરતે જ ફિલ્મોમાં કામ કરતા. એમનો અવાજ સહેજ ગૂંગો પણ એ જ એમના અભિનયની મૂડી હતી. 'સુપરમૅન'માં માત્ર દસ મિનિટની મહેમાન કલાકારની ભૂમિકા બદલ પણ તેમણે ૨૦ લાખ ડૉલર રળ્યા હતા. એક ઇન્ટર્વ્યૂમાં બ્રાન્ડોએ અભિનયને 'રહસ્યમય કૌશલ્ય' ગણાવ્યું હતું. તે કહેતાં 'જે આપણે નથી તેવા હોવાનો ઢોંગ કરવો અને જે છીએ તે છુપાવવું તે અભિનય છે. મેં તો પૈસા માટે જ અભિનય કર્યો છે બાકી અભિનય એક નકામો વ્યવસાય છે.'

અભિનયવિશ્વમાં 'ગૉડફાધર' તરીકે નામના મેળવનાર બ્રાન્ડો તેમની પાછળની જિંદગીમાં સામાજિક અને આર્થિક રીતે ભાંગી પડ્યા હતા. તેમણે ત્રણ લગ્નો કર્યાં હતાં અને નવ સંતાનોના પિતા બન્યા હતા. ૧૯૯૦માં તેમના એક પુત્ર ક્રિશ્ચિયનને જેલની સજા થઈ હતી. ૧૯૯૫માં તેમની એક પુત્રી ચેયને આત્મહત્યા કરી હતી. વધુમાં, મારિયા ક્રિસ્ટોના રૂઇઝ (જેની સાથે બ્રાન્ડો વિના લગ્ને ૧૪ વર્ષ રહ્યા હતા અને ત્રણ સંતાનોના પિતા બન્યા હતા) સાથેના કેસના સમાધાન દરમિયાન બ્રાન્ડો આર્થિક રીતે કંગાળ થઈ ગયા. સરકાર તરફથી અપાતા સામાજિક સુરક્ષાનાં નાણાં અને હોલિવુડની ફિલ્મ ગીલ્ડ તરફથી મળતા પેન્શન પર નભતા આ ગૉડફાધરને તેમની પત્ની તારીતાએ આ કઠિન પરિસ્થિતિમાં ખૂબ સાથ-સહકાર આપ્યો.

'સૉન્ગઝ માઈ મધર ટૉટ મી' શીર્ષક હેઠળ બ્રાન્ડોએ આત્મકથા લખી છે. પોતાના જીવન પરથી 'બ્રાન્ડો ઍન્ડ બ્રાન્ડો' નામની ફિલ્મ બનાવવાની તૈયારી કરતા બ્રાન્ડો ફિલ્મ બનાવે તે પહેલાં જ તેમના જીવન પર પડદો પડી ગયો. અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ બુશે પણ બ્રાન્ડોને ૨૦મી સદીના શ્રેષ્ઠ કલાકાર ગણાવ્યા હતાં. બ્રાન્ડોના નિધનના બે-ત્રણ દિવસ પછી એવી હકીકત બહાર આવી કે તે કંગાળ નહોતા પણ ઘણી સંપત્તિના માલિક હતા.

*

આંતરરાષ્ટ્રિય પક્ષીબજાર

તમે જાણો છો કે વિશ્વમાં જે ગેરકાયદે વેપારધંધાઓ ચાલે છે તેમાં ડ્રગ્સ અને શસ્ત્રો પછી કઈ ચીજનો નંબર આવે છે ? વિશ્વમાં પક્ષી શૉખીનોની સંખ્યા વધતી જાય છે તેમ પક્ષીઓની વસતી ઘટતી જાય છે.

વિશ્વમાં પક્ષીઓની કુલ ૧૨૦૦ પ્રજાતિઓ વસતી હોવાનો અંદાજ છે. તે પૈકી ૩૦૦ પ્રજાતિઓ એવી છે જેનો ગેરકાયદે વેપાર થાય છે. આ વેપાર કરવા પાછળ અનેક કારણો જવાબદાર છે. વિશ્વભરના હજારો શૉખીનો પક્ષીઓ પાળે છે. આ શૉખને પોષવા માટે લાખો પક્ષીઓ શિકારીની જાળનો ભોગ બને છે. બીજાં કેટલાંક લોકો જીભના સ્વાદને પોષવા માટે પક્ષીઓનો ઉપયોગ કરે છે. તેઓ પરંપરાગત રીતે મરઘાં કે બતકાંનાં માંસને બદલે મોર કે પોપટ કે સારસનું માંસ વધુ પસંદ કરે છે. આવાં ક્રૂર લોકોની ભૂખ ભાંગવા માટે પણ પક્ષીઓનો શિકાર થાય છે. કેટલાંક લોકો પોતાના ઘરમાં જ પ્રાણી-સંગ્રહસ્થાન બનાવે છે. કેટલાક વિજ્ઞાનીઓને પ્રયોગો કરવા માટે કે દવા બનાવવા માટે પક્ષીઓની જરૂર પડે છે. આ બધાં કાર્યો માટે દર વર્ષે કરોડો પક્ષીઓનો ક્રૂરતાપૂર્વક સંહાર કરવામાં આવે છે.

યુરોપ અને અમેરિકાના દેશોમાં એશિયા અને આફ્રિકાના દુર્લભ પક્ષીઓની મોટી બજાર છે. બ્રિટન દર વર્ષે હજારો

પક્ષીઓની આયાત કરે છે. બ્રિટનનો કાયદો એવો છે કે વન્ય પક્ષીઓનો જો પાંજરામાં ઉછેર કરવામાં આવ્યો હોય તો તેની આયાત કરી શકાય છે. કોઈ પક્ષી ખરેખર જંગલમાંથી પકડવામાં આવ્યું છે કે તેનો પાંજરામાં ઉછેર કરવામાં આવ્યો હોય તો તે પારખવું ખૂબ મુશ્કેલ છે. બ્રિટને ઈ.સ. ૧૯૯૫ અને ૨૦૦૦ની સાલ વચ્ચે ૨૩,૯૨૦ પક્ષીઓની આયાત કરી હતી. બ્રિટનમાં જે દેશોમાંથી પક્ષીઓની આયાત થાય છે તેમાં ભારત, ચીન અને આફ્રિકા મુખ્ય છે. એક અંદાજ મુજબ બ્રિટન જેટલાં પક્ષીઓની આયાત કરે છે, તે પૈકી ૮૮ ટકા જંગલમાંથી શિકારીઓ દ્વારા પકડવામાં આવતાં હોય છે. આખા યુરોપમાં જેટલાં પક્ષીઓની આયાત કરવામાં આવે છે તેના કરતાં બ્રિટનની આયાત વધી જાય છે.

વિશ્વબજારમાં નિકાસ માટે જે પક્ષીઓને ફેવરિટ માનવામાં આવે છે તેમાં બુલબુલ, મેના, પોપટ, બાજ વગેરેનો સમાવેશ થાય છે. પક્ષી પાળનારાઓમાં લવ બર્ડ્ઝ ખૂબ જ માનીતાં છે. પક્ષી જેટલું સુંદર હોય તેટલી તેની હત્યા થવાની સંભાવના વધી જાય છે. ઉત્તર ભારતનાં અનેક શહેરોમાં પાણીનાં પક્ષીઓ જેવા કે હંસ, બતક, ફ્લૅમિંગો વગેરેની અલગ જ બજાર ભરાય છે. આવી એક બજારમાં ચાર મહિનાની સીઝનમાં ૨,૦૦૦ પક્ષીઓની લે-વેચ થાય છે. ભારતમાં પક્ષી પકડવાની સીઝન જાન્યુઆરીથી જૂન સુધી ગણાય છે. ચોમાસામાં અને ઠંડીના દિવસોમાં પક્ષી પકડવાનું શિકારીઓને અનુકૂળ નથી આવતું. આસામમાં ગૌહાટીમાં બ્રહ્મપુત્રા નદીના કિનારે પક્ષીઓની મોટી બજાર ભરાય છે. આ ગુજરીમાં વેચાયેલાં પક્ષીઓ છેક મુંબઈ પહોંચાડવામાં આવે છે.

પક્ષીઓની આંતરરાષ્ટ્રિય દાણચોરીને રોકવા માટે ઈ.સ. ૧૯૭૩માં અમેરિકાના વૉશિંગ્ટન ખાતે વિશ્વના ૮૦ દેશોના પ્રતિનિધિઓની એક બેઠક મળી હતી. આ બેઠકમાં આ પ્રકારની પ્રવૃત્તિઓને ડામવા માટે કેટલાંક નીતિનિયમો નક્કી કરવામાં આવ્યાં હતાં. ભારતે પણ આ સંમેલનમાં મુસદ્દામાં સહી કરે છે, જે કન્વેન્શન ઑવ્ ઈન્ટનૅશનલ ટ્રેડ ઇન એન્ડેન્જર્ડ સ્પીસીઝ (સીઆઈટીઈએસ) તરીકે ઓળખાય છે. આ સંસ્થા દ્વારા વિશ્વમાં ૩૬ દુર્લભ પક્ષીઓની જાતિઓની યાદી બહાર પાડવામાં આવી છે, જેમાંની ૧૬ જાતિઓ ભારતમાં આવી છે. આ સંસ્થા દ્વારા ૬ પક્ષીઓની જાતિઓ રેડ ડેટા લિસ્ટમાં મૂકવામાં આવી છે. રેડ ડેટા લિસ્ટનો અર્થ થાય છે કે આ જાતિઓ હવે ગમે ત્યારે નષ્ટ થઈ જવાની તૈયારીમાં છે. આ સંસ્થાના આંકડાઓ મુજબ વિશ્વમાં દર વર્ષે આ રીતે આશરે બે કરોડ પક્ષીઓ પકડવામાં આવે છે, જે પૈકી ૩૫ લાખ બજાર સુધી પહોંચે છે અને બાકીનાં મરી જાય છે. પક્ષીઓના ગેરકાયદે વેપારનો આંકડો દર વર્ષે ૨૫ અબજ અમેરિકન ડૉલરનો હોવાનું જાણકારો માને છે.

ભારતમાં પક્ષીઓને પકડવાની પ્રવૃત્તિમાં સાંસ્કૃતિક રીતરિવાજો અને ધાર્મિક માન્યતાને કારણે પણ ઉછાળો આવ્યો છે. લખનઊના નવાબ એવી માન્યતા ધરાવતા હતા કે કાગડાના પગમાં દોરો બાંધીને તેને છોડી મૂકવાથી શુકન થાય છે. આ કારણે આજે લખનઊમાં અમુક દિવસે કાગડાઓની બજાર ભરાય છે. કેટલાક તાંત્રિકો પોતાની વિધિ માટે ઘુવડને અનિવાર્ય માને છે. આ કારણે શિકારીઓ ઘુવડ પકડીને તાંત્રિકને વેચે છે. અમુક તાંત્રિક વિધિઓમાં પક્ષીઓના લોહીનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

- અપૂર્વ આશર

('સમસ્ત મહાજન ફીચર્સ'માંથી ટૂંકાવીને)

'કુમાર'ના જૂના અંકો

નીચે જણાવેલ અંકોની જૂજ નકલો સિલકમાં છે.
વહેલો તે પહેલો એ ધોરણે તે અપાશે.

સળંગ અંક : ૭૪૧-૭૪૨, ૭૪૩-૭૪૪, ,૭૪૬, ૭૪૯-૭૫૦, ૭૫૨, ૭૫૩, ૭૫૪, ૭૬૩, ૭૬૬, ૭૬૭, ૭૭૪, ૭૭૫, ૭૮૦-૭૮૧, ૭૮૨, ૮૧૦, ૮૪૨, ૮૪૩, ૮૪૪, ૮૪૫, ૮૪૬, ૮૪૭, ૮૪૯, ૮૫૦, ૮૫૧, ૮૫૨, ૮૫૩, ૮૫૪, ૮૫૫, ૮૬૭, ૮૬૬, ૮૭૧, ૮૭૨, ૮૭૩, ૮૭૫, ૮૭૬, ૮૭૭, ૮૭૮, ૮૯૦.

પ્રત્યેક અંકની કિંમત રૂ. ૧૫ (રવાનગી ખર્ચ માફ)

બચુભાઈ રાવત જન્મશતાબ્દી વિશેષાંક :
સળંગ અંક ૮૪૧, રવાનગી ખર્ચ સાથે રૂ. ૬૦.

સ્વાતંત્ર્યની સુવર્ણજયન્તી (૧૯૪૭-૧૯૯૭) વિશેષાંક :
સળંગ અંક : ૮૩૫, રવાનગી ખર્ચ સાથે ૫૦ રૂ.

નર્મ-મર્મ વિશેષાંક :
સળંગ અંક : ૯૦૦, રવાનગી ખર્ચ સાથે રૂ. ૫૦.

રકમ માત્ર મનિઑર્ડરથી 'કુમાર ટ્રસ્ટ'ના સરનામે મોકલવી. રૂબરૂમાં અંક લેવા આવનારને ૧૧થી ૫ દરમિયાન કાર્યાલયમાંથી તે મળી શકશે.

જાણે છે સૌ ગરીબ કે વસ્તુ ઘણી 'મરીઝ'
ઈશ્વરથીયે વિશેષ નિરાકાર હોય છે.

મરીઝ

બંગાળના વિજ્ઞાની સત્યેન બોઝ પ્રકાશના કણો - ફોટોન્સ- કેવી રીતે વર્તે છે તેની શોધથી વિશ્વવિખ્યાત બન્યા અને તે શોધ આજે બોઝ-આઈન્સ્ટાઈન સ્ટેટિસ્ટિક્સ તરીકે જાણીતી છે. તેમણે આ શોધલેખ આઈન્સ્ટાઈનને મોકલ્યો અને તે એટલા ખુશ થઈ ગયા કે તેનો જર્મન ભાષામાં તેમણે અનુવાદ કર્યો અને બોઝ રાતોરાત જગવિખ્યાત બની ગયા. છતાં એમને પીએચ.ડી.ની ઉપાધિ ના મળી; પણ નિરાશ થયા વગર તેમણે તેમનું સંશોધનકાર્ય તો આગળ ધપાવ્યું જ.

*

સાશ્યા નામનો જર્મન પોતાના વાળની લટોથી ૧૪૦ રતલનું પીપ અને ૧૭૬ રતલ રેતી ભરેલા બે થેલા ઉપાડી શકતો હતો.

*

ફ્રાંસના રાજા ચૌદમા લૂઈએ એક માણસની છીંક ખાવાની અદા પર ફિદા થઈને 'સરદાર'નો ઈલકાબ આપ્યો હતો.

*


'માણસ' અક્ષરાંકનમાં 'માણસ' (શિરીષ પરમાર)

દાહોદ જિલ્લાના એક અભયારણ્યમાં પહેલી વાર ઊડતી ગરોળી જોવા મળી, જેની લંબાઈ ૨૫ ઈંચ અને જાડાઈ ૧૫ ઈંચ છે. આ દુલર્ભ ગરોળીને સંરક્ષિત રાખવા અને વિશેષજ્ઞો તેનો અભ્યાસ કરી શકે તે માટે વનાધિકારીઓ પ્રયત્નશીલ છે.

न जातु कामान्न भयान्न लोभात्
धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये
जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥

એકાદ ઇચ્છા તૃપ્ત થાય એ માટે, (અથવા) ભય લોભ કે પ્રાણનું રક્ષણ કરવા માટે પણ ધર્મ છોડવો નહિ; (કારણ) ધર્મ એ નિત્ય છે અને સુખદુઃખ થોડો વખત ટકવાવાળાં છે. આત્મા નિત્ય છે, પણ (તેને બંધનમાં નાખવા) કારણભૂત શરીર નાશવંત છે.

*

ડુંગળીનો રસ કાઢી તેનાં ત્રણ-ચાર ટીપાં નાકમાં નાખવાથી હેડકી શાંત થઈ શકે છે.

*

ગૂમડા ઉપર માખણ લગાડી રૂનો પાટો બાંધી રાખવાથી ગૂમડું ફૂટી જાય છે.

*

ફૂદીનાનો રસ અને આદુનો રસ કે ઉકાળો પીવાથી રોજ આવતા તાવમાં રાહત થાય છે.

*

મધ્ય અમેરિકાનું ૧૬મી સદીમાં નાશ પામેલાં, જૂના શહેર માયાનું ઉત્ખનન કરતાં એવા અવશેષો મળ્યા કે ત્યાં ૧૪૫ મી.ની ઊંચાઈ ઉપર મહેલો અને અંતરિક્ષ વેધશાળાઓ હતી.

*

કાટ લાગેલા ચપ્પુ-છરી-કાતર પર કાંદાનો રસ લગાડવાથી કાટ દૂર થઈ જશે.

*

વાંદા વધુ હોય તેવી જગાએ કળીચૂનો રાખવાથી વાંદાઓ નાસી જાય છે.

*


'ફૂલછાબ'માંથી સાભાર

શિક્ષક : મારા વર્ગમાં તારાથી સૂઈ નહિ શકાય ?

વિદ્યાર્થી : આટલું મોટેથી બોલો તો પછી કેવી રીતે સૂઈ શકાય ?

*

તબીબીશાસ્ત્રની શરૂઆત થઈ તે પહેલાં યુરોપના ડૉક્ટરો રોગનું નિદાન નાકની તપાસ કરીને કરતા હતા.

*

પ્રતિવર્ષ દુનિયામાં ૪૦ મિલ્યનથી વધુ લોકો મલેરિયાથી મૃત્યુ પામે છે.

*

કલાકણિકા : ઇજિપ્તના ઈ.સ.ની છઠ્ઠી સદીના સાતે અને પ્રૉલિમૅક શાસનકાળ દરમિયાન બનાવેલ એક ડિશના નાના તાડપત્રાકારિત સુવર્ણહૅન્ડલ રંગીન નંગ કે લૂગદીથી સુશોભિત કરવામાં આવ્યાં છે.

